# રક્તવર્ણી ગુલમહોર



રંગબેરંગી ગુલાબોની મહેકંતી પાંખડીઓ

વીણેલાં પુષ્પો

* 'ખ્રિસ્તી બંધુ'
* 'માર્ગસંગિની'
* 'બાલવાડી'

**સહુ વસંતને વધાવીએ વહાલથી જી રે!**

કૃતિ સર્જક : ગાયસભાઇ કે. પરમાર(મઢીવાલા) બોરસદ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

SBGR1

# રક્તવર્ણી ગુલમહોર

## રંગબેરંગી ગુલાબોની મહેકતી પાંખડીઓ

<u>*વીણેલાં પુષ્પો*</u>

'ખ્રિસ્તીબંધુ'

'બાલવાડી'

'માર્ગસંગિની'

*સહુ વસંતને વધાવીએ વહાલથી જી રે!*

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.

કૃતિ સર્જક :
ગાયસભાઇ કે. પરમાર(મટીવાલા) બોરસદ

પ્રકાશક :

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવાસદન,

એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : ૦૭૯-૨૬૪૪૫૨૮૧

❄

પ્રથમ આવૃત્તિ: જુલાઈ, ૨૦૦૬

❄

**નકલ :** ૧૦૦૦

❄

**કિંમત રૂા. ૨૫/-**

❄

મુદ્રક :

**સ્ક્રીન ડોટ પ્રિન્ટર્સ**

૪, દિવ્ય વસુંધરા કોમ્પલેક્ષ,

મિરઝાપુર કોર્ટ સામે,

મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન : ૦૭૯-૬૫૪૪૬૬૨૯



## વિનમ્ર નિવેદન

સને ૧૯૬૪ના પદવીદાન સમારંભ પ્રસંગે

ગુજરાત યુનિવર્સિટી તરફથી મને M.A.(Hindi)ની ડીગ્રી પ્રાપ્ત થઇ

તેની સ્મૃતિમાં આ તસ્વીર લીધેલી છે.

**નામ : ગાયસ કાળીદાસ પરમાર**

M.A.(Hindi) ગુજરાત યુનિવર્સિટી

અમદાવાદ

## બે બોલ

રક્તવર્ણી ગુલમહોરના પ્રકાશનના અવસરે માનનીય ગાયસ કે. પરમાર સાહેબને ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી પરિવાર તરફથી અભિનંદન પાઠવું છું.

શ્રી ગાયસ કે. પરમાર સાહેબે ખ્રિસ્તીબંધુ અને બાલવાડીમાં સમયાંતરે લેખો અને કાવ્યો લખ્યા હતા. સમયે સમયે તેમણે લખેલ લેખો અને કાવ્યો હૃદયસ્પર્શી રહ્યા હતા. તેઓ સાહેબ વિધ્વાન છે. તેઓના તમામ લેખો અને કાવ્યોમાં તેમના જ્ઞાનનો નિચોડ દેખાય છે.

શાંત અને સૌમ્ય સ્વભાવના પરંતુ પરમાર સાહેબ તેમના લખાણમાં ખૂબ ઊંડા જણાય છે. તેઓ સાહેબે ઘણા વિષયોમાં ખેડાણ કર્યું છે. તેઓ સાહેબે વિષયને હંમેશાં ન્યાય આપવાનો પ્રયાસ કર્યો છે. શ્રી ગાયસ સાહેબના લેખો અને કાવ્યોથી તેના વાંચકો જરૂર આશિષ પામ્યા છે.

હવે જ્યારે તેઓના લેખો અને કાવ્યોને વધુ સારી રીતે પુસ્તકના સ્વરૂપમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે. ત્યારે તેમના આ પ્રયાસને બિરદાવીએ છીએ.

શ્રી ગાયસ કે. પરમાર સાહેબનું આ પુસ્તક તેના વાચકોને માટે અવશ્ય આશિષ લાવનારું બની રહેશે એમાં કોઈ શંકા નથી.

આ પુસ્તકના પ્રકાશન પેટે પૌત્ર જીમી જોસફ જયકર ક્રિશ્ચિયન અને પૌત્રવધુ ક્રિના જીમી ક્રિશ્ચિન (ન્યુયોર્ક) તરફથી વહાલા દાદી એલિઝાબેથબહેનની સ્મૃતિમાં પુસ્તક પ્રકાશનના ખર્ચ પેટે રૂા. ૧૮૦૦૦/- (રૂા. અઢાર હજાર પુરા.) આપેલ છે માટે તેઓનો આ સમયે આભાર માનું છું.

પ્રેમભાવથી,

**રેવ. હેમંતકુમાર જે. પરમાર**
(સેક્રેટરી)

સાહિત્ય સેવા સદન
એલીસબ્રીજ, અમદાવાદ.
જૂલાઈ-૨૦૦૬

# અનુક્રમણિકા


પૃષ્ઠ

- વિનમ્ર નિવેદન...
- અગત્યની તવારીખ.....

★ **પવિત્ર શાસ્ત્ર**

- બાઈબલ નવીનતાને પંથે..........................૨
- બાઈબલ-મારું છે..........................૨
- પૃથ્વી પર પાણી ક્યાંથી આવ્યું ? ..........................૩
- પવિત્રશાસ્ત્રમાંની લગ્નોત્તર સમસ્યાઓ..........................૪
- પ્રાર્થના કરો, લાંબુ જીવો..........................૬

★ **જીવનચરિત્રો**

- મહાવિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈન ..........................૮
- કેપ્ટન વેલેરી ..........................૧૦
- આજીવન મિશનરી - ગ્રેની બ્રાન્ડ ..........................૧૨
- સુધારાવાદી નર્સ- ફલોરેન્સ નાઈટિંગેલ..........................૧૪
- સેવામયી દંપતી-લારી ગ્વાન..........................૧૫
- પંડિતા રમાબાઈ ..........................૧૭
- અંધત્વની આધારશિલા - ડૉ.તુલસી..........................૧૯
- પડકારયુક્ત પારદર્શકતા મધર ટેરેસા ..........................૨૨
- હેલન કેલર - બ્રેઈલ લિપિનાં શોધક..........................૨૪
- આઈસીસ જોન્સ..........................૨૬
- મફીબોશેથ - સીમા સ્તંભ ..........................૨૭
- ભલા મિશનેરીઓ..........................૨૮
- જોસેફ મુસાકા - સહનશીલતાનો શૂરવીર..........................૩૦
- આઈઝેક ન્યૂટન - વિનમ્રતાનો - ગૌરવપથ..........................૩૨
- થોમસ આલ્વા એડિસન ..........................૩૩
- પ્રેરિત પાઉલ ..........................૩૫

★ ખ્રિસ્તજયંતી - નૂતન વર્ષ

- નાતાલની ઐતિહાસિક ભૂમિકા ....................... ૩૭
- નાતાલે આટલું વિચારશો ....................... ૩૮
- હેલી - તેજસ્વી તારલો ....................... ૩૯
- કેનેથે ક્રિસ્મસ કેક કાપી ....................... ૪૧
- નાતાલ ભેટ ....................... ૪૩
- એકવીસમી સદીની પડકારયુક્ત સમસ્યા ....................... ૪૫
- નૂતન વર્ષે સ્તુતિગીતો ....................... ૪૬
- જાગ્યા ત્યારથી સવાર ....................... ૪૭

★ સ્વતંત્રતા

- આઝાદદિને અંતરતમ ઇચ્છા કઇ હોવી જોઇએ ? ....................... ૪૯
- પ્રભુ ઈસુમાં સર્વાંગી સ્વતંત્રતા ....................... ૫૨
- ચાચાજીને ગમતાં બાળકો ....................... ૫૩

★ લેખ

- પવિત્ર આત્માના ભરપૂરીપણામાંથી ....................... ૫૬
- શું તમારી પ્રાર્થના ઈશ્વરની હાજરીને આકર્ષે છે ? ....................... ૫૭
- મહાવિનાશક સુનામી ....................... ૫૮
- વિજ્ઞાનની પાંખે ....................... ૬૦
- સમૂહ પ્રસાર માધ્યમો ....................... ૬૧
- લંડન - દુનિયાનું સૌથી અજાયબ શહેર ....................... ૬૩
- મારા આકાશમાંના બાપનું ઘર ....................... ૬૩

★ કાવ્ય વિભાગ

- ખ્રિસ્તજયંતીને અનુરૂપ કાવ્યો
- બેથલેહેમની શુભ યાત્રાએ ....................... ૬૬
- ચાલો, બાળ ઈસુ દર્શન કાજે ....................... ૬૬
- નાતાલ આવી ....................... ૬૭

- નાતાલ ગીત ....................................૬૮
- પ્રીતમનો સાદ ....................................૬૮
- નૂતન વર્ષની અનંત આશ ..........................૬૯
- નાતાલ વૃક્ષ ....................................૬૯
- અમો આવિયાં આજ ................................૭૦
- **અન્ય સ્તુતિગીતો**
- ન્યાયી નૂહ ......................................૭૦
- દિવ્ય લગ્નોત્સવ ..................................૭૧
- વિશ્વાસનો અગ્રણી ................................૭૨
- ભક્તિગીત ......................................૭૨
- ખ્રિસ્તની પ્રીત ....................................૭૩
- પ્રભુ પ્રીતિ જડી છે ................................૭૪
- મૃત્યુજંય ........................................૭૪
- વંદન હોજો ......................................૭૫
- Prayer for my country ............................૭૬
- આઝાદીની યાદમાં ..................................૭૬
- સ્તુતિગીત ........................................૭૭
- જીવન વસંત ......................................૭૭
- રક્તવર્ણી ગુલમહોર ................................૭૮
- ખ્રિસ્તની સુંદરતા ..................................૭૮
- Most Wonderful ..................................૭૯
- Silvery Night ......................................૮૦
- Jesus is Gone for me ..............................૮૦
- Blind But Happy ..................................૮૦
- Jesus is Born for me ..............................૮૧

★ **હાસ્યેન સમાપયેન**

- સીનિયર સીટીઝન

- આશ્ચર્યકારક ચિઠ્ઠી ........................................ ૮૩
- ચિકન દાણ ........................................ ૮૪

★ **ટૂંકી વાર્તાઓ**

- તેના સલામત હાથોમાં ........................................ ૮૬
- અવિચળ પ્રેમ ........................................ ૮૭
- મમ્મીને અંધારામાં રાખ્યાં ........................................ ૮૯
- રોબર્ટનું હૃદયપરિવર્તન ........................................ ૯૧
- કાંઈક સારું કરવામાં લાગુ રહો ........................................ ૯૨
- અણગમતો મિત્ર ........................................ ૯૩
- ખ્રિસ્તનો વધસ્તંભ દુશ્મનાવટ દૂર કરે છે ........................................ ૯૬
- ટાઈફૂનની ભયસૂચક આકાશવાણી ........................................ ૯૭
- ઈશ્વરના ઘરની શોધ ........................................ ૯૯

## વિનમ્ર નિવેદન

**ત્રિવિધ ઋણાનુંબંધ મુક્તિને સ્મરણીય પથે.....**

(૧) **માતૃપિતૃ ઋણ મુક્તિ :** પુરાણા રાણીપુરના મૂળ વતની મારાં સ્વ. માતુશ્રી રાહેલબાઇ ગિરધર ઉચ્ચ ગરાસ કોમના કુટુંબોમાંથી ઊતરી આવેલાં. તેઓ મિલનસાર, ઉદ્યમી, સ્વાવલંબી પરંતુ ખૂબ જ સ્વાવલંબી હતાં. તે જમાનામાં મિશન કામદાર (શિક્ષક કે સુવાર્તિક)ને માત્ર માસિક પગાર તરીકે રૂા. ૫/૭ મળતા એટલે નિર્વાહ માટે પૂરક આવકની જરૂર રહેતી. મારાં માતુશ્રીને એનો પૂરેપૂરો ખ્યાલ હતો. તેઓ ઉદ્યમી તો હતાં જ. કિન્તુ એમને સીવણકામ તેમજ ભરતગૂંથણનો ભારે શોખ હોવાથી અમારાં પહેરવાનાં કપડાં જાતે સીવતાં અને તે પણ લાંબી બાંયવાળા કે જેથી હાલની જેમ અંગપ્રદર્શન બિલકુલ ના થાય! ઉપરાંત, બાહ્ય આવક મેળવવા, ભરતગૂંથણ કામની ચીજવસ્તુઓ કદરદાન ને ખમતા ગૃહસ્થો અને ગૃહિણીઓને સારી એવી કિંમતે વેચતાં. એવામાં, એક યુરોપીઅન(અંગ્રેજ)લેડી સુપ્રિન્ટેન્ડેન્ટે(સાહેબા)મઢી ગામની મિશન શાળાની ઓચિંતિ મુલાકાત લીધી. એમણે મારાં માતુશ્રીની અંગત પ્રવૃત્તિઓથી ખૂબ જ ખુશ, અરે, પ્રભાવિત થઇને મુંબઇ જઇને માતુશ્રી માટે ભેટ તરીકે હાથ પગવાળો સિલાઇ સંચો- 'સિંગર મશીન' મોકલી આપ્યો.

મારાં સ્વ.માતુશ્રીનાં શુભ લગ્ન મારા અનાથ પિતાશ્રી કાળીદાસ પ્રેમચંદ સાથે પુરાણા હિંમતપુરના પ્રભુમંદિરમાં થયાં હતાં. એમ કહેવાય છે કે કોઇક ભલા આયરીશ મિશનરીએ માત-પિતા દંપતી સાથે બીજાં નવ(૯) લગ્નો વિધિસર કરાવેલાં અને આશીર્વાદ પણ આપેલો ! ગુજરાતમાંના તે સમયમાં દુષ્કાળ જેવી ભયંકર પરિસ્થિતિમાં એવી દયા(અનાથો પ્રત્યે)દર્શાવનાર મિશનેરીઓને ધન્ય છે !

મારો જન્મ હાલના 'જીવનદ્વાર' પંથકમાં, પ્રાંતિજમાં તા.૧૬-૧-૧૯૧૯માં થયેલો. હું મારા વહાલાં માતપિતાનો સદાનો એકમાત્ર પુત્ર હતો. સને ૧૯૨૦માં જ્યારે હું ફક્ત નવ(૯)માસનો થયો ત્યારે મારાં માતપિતાની (શિક્ષક-સુવાતિક) તરીકે પહેલાં કીકવાડમાં અને ત્યાર પછી બારડોલી પાસેના વાણિયા, બ્રાહ્મણ, પારસી જેવી સમૃદ્ધ વસ્તીવાળા મઢી(ગામ)સુવાર્તિક કેન્દ્રમાં થયેલી. મારું બાળપણ દશ(૧૦) વર્ષ સુધીમાં આ જ ગામમાં વિતેલું. મારા આઇ.પી.મિશનના ધાર્મિક, નિઃસ્વાર્થી કામદાર માતપિતાના સર્વ, ખ્રિસ્તી સંસ્કારો મારા પર ઘ્યાં જ પડ્યા હતા. જેથી હાલમાં મેં મારી ઉપ-અટક 'મઢીવાલા'રાખી છે. જ્યારે હું આ લખી રહ્યો છું ત્યારે મારાં માતપિતા પ્રત્યેની એમના પ્રેમની અભિવ્યક્તિ કરતાં, ઋણ સ્વીકારતાં ઇશ્વરપિતાની સ્તુતિ કરું છું.

(૨) **આયર્લેન્ડની માતુશ્રી મંડળીના મિશનેરી પ્રત્યેની ઋણ મુક્તિ :** હું મારા માતપિતાનો એકનો એક પુત્ર હોવાથી ભલા આયરીશ મિશનેરીઓની નિશ્રામાં મુગલીસરાની સૂરતની બોર્ડિંગમાં રહીને ભણ્યો છું. મિશન હાઈસ્કૂલમાં મેટ્રિક સુધી, ત્યાર પછી બે વર્ષ (૧૯૪૧-૪૨) સૂરત મિશન પ્રેસમાં પ્રૂફ રિડર તરીકેની સેવા આપેલી. માનનીય રેવ.જે.રોજર્સ સાહેબ તેમ જ રેવ.ડૉ.હિંમતલાલ આશીર્વાદ સાથે રહીને પ્રથમ જૂના બાઈબલ રિવિઝન કામમાં એમને મદદ પણ કરેલી. આજે પવિત્રશાસ્ત્રના અભ્યાસમાં તેમ જ ખ્રિસ્તી સાહિત્ય ક્ષેત્રે મારી ઉત્તરોત્તર વૃદ્ધિ રહી છે તે સૂરત મિશન પ્રેસ અને ભલા મિશનેરીઓના પ્રતાપે છે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. તે સમયમાં બીજા તત્કાલીન મિશનેરીઓ રેવ.આર. એસ. ડીકી સાહેબ, રેવ. ડૉ. લાયલ સાહેબ, રેવ. બ્રોલી સાહેબ, રેવ. કર્કપેટ્રિક સાહેબ વગેરેનો હું સદાનો ઋણી છું.

(૩) **અમેરિકન ચર્ચ ઓફ ધ બ્રધરન** ( ભાઈઓની મંડળી જે યુ.એસ.ના પેન્સિલેવિનિયા ખાતે હતી ત્યાંથી આવેલા (અંકલેશ્વરમાં)મિશનેરી સાહેબો તથા બાનુઓનો પણ હું સદાનો આભારી છું. તેઓએ મારી અધ્યાપક તરીકેની (વોકેશનલ ટ્રેનીંગ કોલેજ અંકલેશ્વર) સર્વિસ દરમિયાન બી.ટી.ની તાલીમ માટે વડોદરા યુનિ. કોલેજમાં પૂરા પગારે મોકલી આપ્યો હતો, એટલું જ નહિ પણ ત્યાર પછી બેઝિક શિક્ષણની તાલીમ માટે મહારાષ્ટ્રમાં પૂજ્ય ગાંધીજીના વિશ્વ વિદ્યાલયમાં સેવાગ્રામમાં નયી તાલીમ પણ અપાવી હતી. તે માટે ઉપરોક્ત મિશનેરી સાહેબો (રેવ.જે.બ્રુક્સ સાહેબ, રેવ.બોલિન્જર સાહેબનો , ભાઈઓની મંડળીના પાળકો તેમજ વડીલોનો ઋણી છું.)અત્રે તૈયાર થતું મારું પુસ્તક **'રક્તવર્ણી ગુલમહોરમાં'** માર્ગદર્શન સૂચનો આપનાર માનનીય શ્રીમતી જયવંતીબહેન ચૌહાનનો તેમજ માનનીય W.F.C.S.નાં પ્રમુખ શ્રીમતી અલીગાઈલબહેન ડી. ક્રિશ્ચિયનનો તેમ જ 'બાલવાડી'ના સ્વ. તંત્રીશ્રી જશવંત જોસેફ ક્રિસ્ટીનો અત્યંત ઋણી છું.

જો આ પુસ્તક પ્રસિદ્ધ કરવાની ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટી(ના સૌજન્યથી)વતી મારા જયેષ્ઠ પુત્ર રેવ.ડૉ.નિકોલસ જી.પરમાર પાસેથી અનુમતિ અરે, પરવાનગી ના મળી હોત તો પુસ્તક પ્રકાશનનું મારું અંતિમ સ્વપ્ન સાકાર થઈ શક્યું ન હોત એટલે મોટા દીકરાનો તો હું ઋણી છું જ; સાથો સાથ એમનાં વહાલસોયાં સ્વ.માતુશ્રી મારાં સ્વ.ધર્મપત્ની ઇલીઝાબેથ જી. પરમારની મધુર સ્મૃતિમાં આ પુસ્તક ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીને સાભાર સમર્પિત કરું છું. પ્રભુમાં આશા, અભિલાષા તથા પ્રાર્થના છે કે, આ પુસ્તક દ્વારા 'ખ્રિસ્તીબંધુ', 'બાલવાડી' તથા 'માર્ગસંગિની' જેવા ગુજરાતી સામયિક સાહિત્યનો મહિમા સુજ્ઞવાચક વૃન્દ મધ્યે નિરંતર વધતો જશે !!

*- ગાયસભાઈ કે. પરમાર(મઢીવાલા)*

*બોરસદ*

## અગત્યની તવારીખ

નામ : ગાયસભાઇ કાળીદાસ પરમાર

જન્મ સ્થળ : પ્રાંતિજ. જન્મ તારીખ : ૧૬, જાન્યુઆરી ૧૯૧૯

૧૯૩૯ : સૂરતની આઇ પી. મિશન હાઇસ્કૂલમાંથી મેટ્રિકની પરીક્ષા પાસ કરી

૧૯૪૪-૪૫ : મુંબઇની સ્કોટીશ મિશનની વિલ્સન કોલેજમાંથી અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ અને રાજકારણશાસ્ત્ર (Politics)ના વિષયો સાથે બી.એ.ની પદવી પ્રાપ્ત કરી.

૧૯૪૫-૪૬ : અમદાવાદની સરકારી આર.ટી.ઓ.ની ઓફિસમાં મોટર લાયસન્સ વિભાગમાં કલાર્ક તરીકે સર્વિસ કરી.

૧૯૪૬-૬૨ : અંકલેશ્વરની અમેરિકન બ્રધરન ચર્ચ(ભાઇઓની મંડળી)ની વોકેશનલ ટ્રેનિંગ કોલેજ ફોર મેનમાં અધ્યાપક/આચાર્ય તરીકે ૧૬ વર્ષની સર્વિસ કરી. દરમિયાન વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાંથી બી.ટી.ની ડીગ્રી પ્રાપ્ત કરી.

દરમિયાન બેઝિક ટ્રેનિંગની અધ્યાપક તરીકેની નયી તાલીમ મહારાષ્ટ્રની પૂજ્યગાંધીજીના સેવાગ્રામ વિશ્વવિદ્યાલયમાંથી Basic B.ed. નો સર્ટીફાઇડ કોર્સ પૂરો કર્યો. જેથી બુનિયાદી અધ્યાપકની લાયકાત પ્રાપ્ત કરી.

૧૯૬૩-૭૮ : આયરીશ પ્રેસબિટેરીઅન ટ્રસ્ટમાં એમ.બી.એમ. ટ્રેનિંગ કોલેજ (P.T.C) ફોર વિમેન, બોરસદમાં અધ્યાપક તેમજ પ્રિન્સિપાલ તરીકેની ૧૬ વર્ષની સર્વિસ પૂરી કરી.

૧૯૭૮ : આજ લગી એટલે નિવૃત્ત થયા પછી સમાજ તેમજ મંડળીની વિવિધ સેવાઓ આપી છે. વિશેષે કરીને 'ખ્રિસ્તીબંધુ', 'બાલવાડી', 'માર્ગસંગિની', 'જીવનસન્માર્ગ', 'પથદર્શન' જેવાં સામયિકોમાં લેખો, કાવ્યો, ચિંતનો, મનન, જીવન ચરિત્રો વગેરેનું યોગદાન આપ્યું. હાલમાં હું ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટીના પ્રમુખ મારા જયેષ્ઠ પુત્ર રેવ.ડૉ.નિકોલસ જી. પરમારના સૌજન્યથી એમનાં વહાલાં માતુશ્રી ઈલિઝાબેથ જી. પરમારની યાદગીરીમાં એક પુસ્તક "રક્તવર્ણી ગુલમહોર" તૈયાર કરી રહ્યો છું, જે ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીને સમર્પિત કરવાની ખ્વાહિશ ધરાવું છું. તે માટે આપ સૌ મારે માટે પ્રાર્થના કરશો. એ જ વિનંતી સહ વિરમું છું.

લિ.

ખ્રિસ્તમાં આપનો સાથી સેવક,

**ગાયસભાઇ કે. પરમાર(મઢીવાલા), બોરસદ**



'પ્રીતમનો સાદ' ગીત રજૂ કરવામાં આવ્યું

ત્યારે ..... ઉપરની તસ્વીરમાં C.N.I.ચર્ચ બોરસદના
પ્રમુખસ્થાને બિરાજમાન રેવ.ન્યુટન સિંગાડા પાળક સાહેબ
તેમજ કાવ્યકાર વ.શ્રી ગાયસભાઇ કે. પરમાર દેખાય છે.
આ ગીત પર પ્રવચન આપનાર શ્રી સુધીરભાઇ ક્રિશ્ચિયન હતા.



## 'ન્યાયી નૂહને શ્રદ્ધાંજલિ' ગીત

C.N.I.ચર્ચ બોરસદમાં રજૂ કરવામાં આવ્યું ત્યારે .....

ઉપરની તસ્વીરમાં પ્રમુખ સ્થાને સ્થાનિક મંડળીના પાળક

રેવ.ન્યુટન સિંગાડા સાહેબ,

કાવ્યકાર વ.શ્રી.ગાયસભાઇ કે. પરમાર

તેમજ ગીત પર પ્રવચન આપનાર

ડીકન કુ.સોનલબહેન સુધીરભાઇ ક્રિશ્ચિયન દેખાય છે.



# ગાયસભાઈ કે. પરમાર (મઢીવાલા)

ઉપરોક્ત તસવીર એમ.બી.એમ ટ્રેનિંગ કોલેજ, બોરસદમાં
સને ૧૯૭૮ના નિવૃત્તિકાળ પછી લીધેલ છે.

**'રક્તવર્ણી ગુલમહોરની'** યાદગીરીમાં

# પવિત્ર શાસ્ત્ર

## બાઇબલ : નવીનતાને પંથે

**સૌથી નાનકડું બાઈબલ :** એક નાનકડું એટલે કે દીવાસળીની પેટી જેવડું ૩¹/₄ ઇંચ પહોળું અને ¹³/₁₆ ઇંચ જાડું બાઈબલ ઇંગ્લેન્ડમાં છપાયું છે, વળી પાનાં, સાતસો ઈઠ્ઠોત્તેર (૭૭૮)પૃષ્ઠોનું છે. એમાં ઘણાં ચિત્રો પણ છે. સૂક્ષ્મદર્શક કાચ વડે એમાંના અક્ષરો સારી રીતે વાંચી શકાય છે. આ બાઈબલનું વજન માત્ર વીસ(૨૦)ગ્રામ જેટલું છે.

**સૌથી મોટું બાઈબલ :** એકસો ઓગણીસ વર્ષ જૂનું અને સાત(૭)કિલોગ્રામ વજનનું અમેરિકામાં છપાયું છે. એશિયા ખંડ ખાતેના સૌથી મોટા ઓ.એમ.ટીમના મોટા સ્ટોલમાં (ક્રિશ્ચિયન)વિતરણ માટે પ્રદર્શનમાં ચેન્નાઇ (મદ્રાસ)ના પુસ્તક મેળામાં ઓકટોબર ૨૦૦૩થી મુકાયું હતું. મુલાકાતીઓ માટે ભારે આશ્ચર્યનું કેન્દ્ર બન્યું છે.

**સંશોધનાત્મક બાઈબલ :** 'ઉત્પત્તિ'ના સમયથી માંડીને નવા-જૂના કરારના પુસ્તકો અંગે જે જે સંશોધનો બાઈબલના વિદ્વાન અભ્યાસીઓએ તૈયાર કરેલાં છે તે (વિશ્વભરની બાઈબલ સોસાયટીઓને લક્ષમાં રાખીને Reader's Digest જેવી નામાંકિત કંપનીએ છપાવ્યાં છે. પુરાતત્વ ખાતાંઓના સહયોગથી આવું બાઈબલ અસ્તિત્વમાં આવ્યું છે.

**બાઈબલનાં જીવનચરિત્રો પર આધારિત :** Who's Who? અંગ્રેજી બાઈબલ Reader's Digest કંપનીએ છપાવ્યું છે જે બાઈબલ ડીક્ષનેરીની ગરજ સારે છે!

**બાઈબલ અગ્નિ અને હથોડા સમાન છે :** "વળી યહોવા કહે છે કે,શું મારું વચન અગ્નિ સરખું, તથા ખડકને ફોડનાર હથોડા સરખું નથી?"(યિર્મિયા ૨૩:૨૯)

**બાઈબલ પ્રકાશમાન છે :** "મારા પગોને સારુ તારું વચન દીવારૂપ છે; તે મારા માર્ગને સારુ અજવાળારૂપ છે." (ગીતશાસ્ત્ર ૧૧૯:૧૦૫)

**બાઈબલ શુદ્ધ અને તાજા દૂધ જેવું પૌષ્ટિક છે.** "નવા જન્મેલા બાળકની પેઠે નહિ પણ આત્મિક દૂધની ઇચ્છા રાખો (૧ પીતર : ૨:૨)

ઘણાં વર્ષો પહેલાં મારા પ્રિય સ્વ.ધર્મગુરૂ રેવ.ડૉ.આર.એમ.રાઠોડ સાહેબ તરફથી "Old Testaments Times" નામક અતિ સંશોધનાત્મક અણમોલ પુસ્તક સપ્રેમ ભેટમાં મળેલ છે.

## બાઇબલ- આ.......મારું છે!

- ★ મારો સૂર્યપ્રકાશ છે જે કદીયે આથમતો નથી.
- ★ મને અભિમાન છે કેમ કે સર્વ લોક મારી અદેખાઇ કરશે.
- ★ મારું અત્યુ-તમ સુમધુર ગીત છે જે ઘણા સાંભળી શકતા નથી.
- ★ આ મને સોનારૂપા કરતાં વધારે કિંમતી લાગે છે.
- ★ એને મૂલ્યવાન મોતી તેમ જ માણેક કરતાં શ્રેષ્ઠ ગણું છું.
- ★ આ મારું સુગંધીદાર મઘમઘતું ફૂલ છે.

★ આ મારું શારોનનું ગુલાબ અને ખીણની ગુલછડી છે.

★ આ મારી મમ્મીનો ખોળો અને મારા પપ્પાનો ખભો છે.

★ આ મારી સ્વાદિષ્ટ ભોજનની થાળી અને મિષ્ટ મધ છે.

★ આ મારું વહાલસોયું બાળક છે જેને હું ચુંબન કર્યા જ કરું છું.

★ આ મારો ઉભરાતો આનંદ છે.

★ આ મારી સુમધુર સુરાવલી છે જે જગત મને આપી શકતું નથી.

★ આ મારી શક્તિ છે, જે સર્વ સમજશક્તિની બહાર છે.

★ આ મારા સામર્થ્યને નિત નવું બનાવે છે!

★ આ મારો અખૂટ દ્રવ્ય ભંડાર છે.

★ આ મારી ઢાલ તથા તલવાર છે.

★ કોઇ મારી એટલી નજીક કદી આવ્યું નથી! અરે, નિકટનો સંબંધ રાખી શક્યું નથી!!

★ આ મારો અંતિમ શ્વાસોશ્વાસ છે.

★ આ મારું અનંતજીવન છે !

★ ઓ! જે આત્માને તે મળ્યું છે તેને ધન્ય છે.

## પૃથ્વી પર પાણી ક્યાંથી આવ્યું ?

જ્યારે હાલના વૈજ્ઞાનિકો દૂર દૂરના આકાશી પદાર્થો પર જીવસૃષ્ટિના નિર્માણ અંગેનું સંશોધનકાર્ય ખંતથી કરી રહ્યા છે ત્યારે, સૌ પ્રથમ પાણીનો પ્રશ્ન સહજ ઉપસ્થિત થાય છે. કારણ? પાણી વિના માનવી વસાહતનું સ્વપ્ન સરખુંય સેવી શકાતું નથી!

“અને પૃથ્વી પર પાણી ઘણું ચઢ્યું અને આખા આકાશ તળેના સર્વ ઊંચા પર્વતો ઢંકાઇ ગયા.”(ઉત્પત્તિ ૭:૧૯)

ઇ.સ. ૧૮૦૦ના આરંભમાં કેટલાક તજજ્ઞો, વૈજ્ઞાનિકો, સાંપ્રદાયિક સંસ્થાઓના ધર્મોપદેશકો, અધ્યાપકો, શિક્ષકો વગેરે ઘમંડી મહાનુભવો બાઇબલમાંથી વિશ્વવ્યાપી જળપ્રલયની ઘટનાને સમૂળગી નકારી કાઢે છે. અરે, ‘જૂના કરાર’ના ઉત્પત્તિકાળના સિદ્ધાંતોને, નિયમો, તેમ જ માન્યતાઓને તોડી પાડે છે, જે આસ્તિકોને માટે આઘાતજનક બની રહે છે.

તમને જાણીને નવાઇ લાગશે કે, વિશ્વવ્યાપી જળપ્રલય પહેલાંની દુનિયા જુદા જ પ્રકારની હતી! “અને દેવે કહ્યું કે, ” પાણીની વચ્ચે અંતરિક્ષ થાઓ અને તેવું થયું અને દેવે તે અંતરિક્ષને આકાશ કહ્યું.....અને સાંજ થઇ, સવાર થઇ, બીજો દિવસ. અને દેવે કહ્યું કે, આકાશ તળેનાં પાણી એકઠાં થાઓ, ને કોરી ભૂમિ દેખાઓ અને તેવું થયું. અને એમ થયું કે સાત(૭) દહાડા પછી પૃથ્વી પર જળપ્રલય થયો. નૂહના આયુષ્યના છસો(૬૦૦)મા વર્ષના બીજા

મહિનાના સત્તર(૧૭)મે દહાડે મોટા જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા અને આકાશનાં દ્વારો ઊઘડી ગયાં અને ચાલીસ(૪૦)દહાડા અને ચાલીસ(૪૦) રાત પૃથ્વી પર વરસાદ વરસ્યો(ઉત્પત્તિ ૭:૧૦-૧૧). આકાશની(heaven)બારીઓ ખૂલી ગઇ. જે ઝરાઓ દરિયાના ઊંડાણમાં ફૂટ્યા હતા તેની સાથે પહાડો પણ તૂટી ગયા અને જમીનની સપાટી ઉપર આવી ગયાં. ત્યારે તો પૃથ્વી પર સિત્તેર(૭૦%)પાણીથી એ ઢંકાઇ ગયા અધધધ!... આશરે સાત હજાર પાંચસો(૭,૫૦૦)ફૂટની ઊંડાઇ સુધી!!

આ રીતે આપણે અનુમાન કરી શકીએ અરે આ લેખનું સમાપન કરી શકીએ કે 'જૂના કરાર'માંની નૂહના સમયની આ અલૌકિક વાર્તા વાસ્તવિક અને પ્રમાણભૂત(reasonable) છે. એમાં શંકાને જરાયે સ્થાન નથી !!!

## પવિત્રશાસ્ત્રમાંની ચિરંતન લગ્નોત્તર સમસ્યાઓ

***ઊગ્યો 'ઉત્પત્તિ'કાળ જો, દેવે કીધી બહુ રે'મ;***
***આદમ હવા ગઠબંધને, વંશવૃદ્ધિ હેમ ખેમ.***

વિશ્વભરની લગ્નોત્તર સમસ્યાઓ ચિરંતન છે. સાથોસાથ જટિલ તેમજ રહસ્યમય છે. એને ઇશ્વર સિવાય બીજું કોણ ઉકેલી શકે?!

આજના આપણા સમાજના ખમતીધર, ધર્મનિષ્ઠ ને પ્રતિષ્ઠિત કેટલાંક કુટુંબોમાં લગ્નવાંચ્છુક યુવકયુવતીઓને ધામધૂમથી પરણાવવામાં આવે છે. કિન્તુ, પ્રભુમંદિરમાં ઇશ્વર તથા મંડળી સમક્ષ લીધેલ ગંભીર પ્રતિજ્ઞારૂપે પ્રાપ્ત કરેલ લગ્ન સર્ટીફીકેટો હજી તો તિજોરીમાં સચવાઇ રહ્યાં નથી તે પહેલાં લગ્નવિચ્છેદ થઇ જાય છે! એટલે કે કન્યા પિયર ભેગી અને વરરાજા માતપિતા ભાઇભાંડુઓનો વહાલસોયો અરે, માનીતો બની જાય છે. કદીક એથી ઊલટું પણ બને છે. આવી સમસ્યાને માટે કોણ જવાબદાર હોઇ શકે?! પ્રશ્ન અનુત્તર અને ચિરંતન બની રહે છે!

સંત પ્રેરિત પાઉલ કોલોસી મંડળીના લોકોને શુદ્ધ ઉપદેશ આપતાં કહે છે કે, 'વચનથી કે કાર્યથી જે કંઇ તમે કરો તે સર્વ પ્રભુ ઇસુને નામે કરો અને તે દ્વારા દેવબાપની આભારસ્તુતિ કરો' (કોલોસી ૩:૧૭) આમ ખ્રિસ્તી લગ્ન હંમેશા મહાન (High Calling) તેડારૂપ રહેલું છે. એ સર્વ સંસ્કારોમાં માનયોગ્ય ગણાય છે.ઉત્પત્તિ ૧:૨૮ પ્રમાણે, 'દેવે તેઓને આશીર્વાદ દીધો અને કહ્યું કે, સફળ થાઓ અને વધો ને પૃથ્વીને ભરપૂર કરો. જેથી પુરુષને અકળાવતી એકલતા જીવનભરને માટે દૂર થાય! વળી, એ જ અધ્યાયની ૩૧મી કલમમાં દેવનું વચન સ્પષ્ટ રીતે કહે છે કે, અને દેવે જે સર્વે ઉત્પન્ન કર્યું તેથી (એને અને એનાં સંતાનો પર ભારે અસર થઇ)અને જુઓ, તે ઉત્તમોત્તમ અને સાંજ થઇ, સવાર થઇ, છઠ્ઠો દિવસ.

કિન્તુ, આદમે ઈશ્વર સામે બંડ કર્યું તેથી એને અને એનાં સંતાનો પર વિશ્વવ્યાપી કોપ આવી પડ્યો. તેમાંથી એક નવો જ લગ્નોત્તર સંબંધ(સગપણ)બંધાયો, જે અંતરગત સમસ્યાઓથી ભરપૂર હતો. કારણ કે, 'દેવે સ્ત્રીને કહ્યું કે હું તારો શોક અને ગરોદરપણાનું દુઃખ ઘણું જ વધારીશ. તું દુઃખે બાળક જણશે અને તું તારા ધણીને આધીન થશે. તે તારા પર ધણીપણું કરશે.'(ઉત્પત્તિ ૩:૧૬) એટલે આટલું જ કહેવું બસ (safe) છે કે લગ્નની બે પરસ્પર વિરોધી બાબતો જે આપણે આજે જોઈએ છીએ એ તો આદિ માતાપિતા તરફથી મળેલો પાપનો (legacy)વારસો છે.

ઈશ્વરે આરંભમાં આપેલા શ્રાપથી જ લગ્નો પર કાંઇ વિપરિત અસર થયેલી નથી. જગતનો વેરી શેતાન પણ લગ્નસંબંધને બદનામ કરવામાં આનંદ માને છે. વિશેષે કરીને એ નવલોહિયાં લગ્નોત્સુક યુવક-યુવતીઓને રંજાડવામાં વધુ રચ્યો પચ્યો રહેતો હોય એમ લાગે છે. હવે આપણે જોઈશું કે ઈશ્વરે આદમને શાપ દીધા પછી પણ જૂના કરાર (Old Testament)માંના સારાં અને ભક્તિશીલ પાત્રોમાં લગ્નસંબંધોમાં અનિચ્છનીય અને અઘટિત બાબતો પેસી ગયેલી છે જે યોગ્ય (proper) લગ્ન માટે ખતરનાક નીવડેલી છે.

જેમ કે, કાઈનની અધર્મી વંશાવળીમાં બહુપત્નીત્વનો સ્વચ્છંદી રિવાજ શરૂ થયો; "અને લામેખે પોતાને સારુ બે સ્ત્રી લીધી : એકનું નામ આદાહ અને બીજીનું નામ સિલ્લાહ હતું (ઉત્પત્તિ ૪:૧૯). "અને મથુશેલ્લાહનો જન્મ થયો, પછી હનોખ ત્રણસો વર્ષ દેવની સંઘાતે ચાલ્યો. તેને દીકરા-દીકરીઓ થયાં (ઉત્પત્તિ ૯:૨૨) અરે! જુઓને, ઈબ્રાહીમ ઇશ્વરભક્ત, દેવનો મિત્ર, બહુપત્નીઓ કરવા લાગ્યો !! જો કે ત્યારે એ જમાનાના લોકોએ એને તુચ્છ ગણ્યો નહોતો અને નાતબહાર મૂક્યો નહોતો. તોપણ, આદર્શ લગ્ન સંબંધોને (વાંચો ઉત્પત્તિ ૧૬:૧-૩) ભારે નુકસાન થયું હતું.

ઉપરોક્ત બનાવો પછી તરત જ આપણે વાંચીએ છીએ કે (ઉત્પત્તિ અધ્યાય ૧૯) સદોમ અને ગમોરાહમાં સજાતીય સંબંધ, અપહરણ અને અધર્મીઓની માફક ભ્રષ્ટાચાર ને વેશ્યાવૃત્તિ જેવાં દૂષણો પેઠાં.

આમ પુરાતન કાળમાં યુગોના યુગ સુધી લગ્નવિષયક શુદ્ધ કૌટુંબિક ભાવના પર જે હુમલાઓ થયા એવી જટિલ સમસ્યાઓનો ઉકેલ ક્યો અને કેવી રીતે હોઇ શકે?! ગમે તેમ હોય પણ આપણે તો ખરા ખ્રિસ્તીઓ તરીકે પવિત્રશાસ્ત્રમાં દર્શાવેલ માર્ગદર્શિકા (Guide Lines) પ્રમાણે યુવક યુવતીઓએ એમનાં લગ્ન સંબંધો બાંધવા કે ગોઠવવા જોઇએ. એટલું જ નહિ પણ સંત પાઉલના 'કોલોસી'૩:૧૭ પ્રમાણેના ઉપદેશને વળગી રહીને આદર્શ ખ્રિસ્તી કુટુંબોની સ્થાપના કરવી જોઇએ. એ જ ઇચ્છનીય અને હિતાવહ છે.

# પ્રાર્થના કરો, લાંબુ જીવો...!!

"યહોવાનું મંદિર મારી જિંદગીના સર્વ દિવસો પર્યંત મારું નિવાસસ્થાન થાય, જેથી તેના સૌંદર્યનું અવલોકન કર્યા કરું, અને તેના પવિત્રસ્થાનમાં તેનું ધ્યાન ધરું.

(ગીતશાસ્ત્ર ૨૬:૪)

એક રિસર્ચ એટલે સર્વેક્ષણ પ્રમાણે એવું તથ્ય બહાર આવ્યું છે કે, ચર્ચમાં નિયમિત જનાર વ્યક્તિ વર્ષે એકવાર જનાર કરતાં વધુ લાંબુ આયુષ્ય ભોગવે છે.

છેલ્લાં બાર(૧૨)વર્ષના રિસર્ચ પ્રમાણે એવું પણ તથ્ય ઉપસી આવ્યું છે કે (મૃત્યુ આંકના આંકડા પરથી )ચર્ચમાં નિયમિતપણે જનાર પાંસઠ(૬૫)વર્ષની ઉપરના વયસ્કો જેઓ નિયમિત રીતે અઠવાડિયે એકવાર ચર્ચમાં જાય છે તેઓનું આયુષ્ય, જેઓ ચર્ચમાં જતા જ નથી તેઓ કરતાં પાંત્રીસ(૩૫%)ટકા વધુ લાંબુ હોય છે.

રિસર્ચ કહે છે કે, જૈફ વયના લોકો જેઓ ચર્ચમાં નિયમિત જાય છે.(તેઓનું આયુષ્ય)તેઓની રોગ પ્રતિકાર શક્તિ વધે છે, અને તેઓની રક્તવાહિનીઓમાં હાઈબ્લડપ્રેશરની ફરિયાદ ઓછી જોવા મળે છે. લોવા યુનિવર્સિટીના સાયકોલોજી(મનો વિજ્ઞાન)ના પ્રોફેસર સુસાન લેકટેનજોફે એક અભ્યાસ પછી જણાવ્યું કે ધાર્મિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવા પાછળ કોઈ એક કારણ રહેલું છે. જેથી તેઓ લાંબુ જીવન વિતાવી શકે છે. પછી ભલે તે એકબીજાની સાથેની વાતચીત હોય કે શારીરિક કસરત કે પછી માત્ર ઘરની બહાર જવા માટેનું બહાનું, તે ઉપયોગી સાબિત થયું છે.

આ રિપાર્ટ લખનાર સહયોગી લેખકના કહેવા પ્રમાણે, ચર્ચમાં નિયમિત હાજરી આપવા માટે ડૉકટરો તેમના દર્દીઓના ભલા માટે પ્રિસ્ક્રીપશન પણ આપી શકે છે. મને ખુશી છે કે આ એક મહત્વપૂર્ણ અને પ્રોત્સાહિત કરવા જેવી શોધ છે.

હવે આપણે ચર્ચમાં જવાથી થતા અનુભવો એકઠાં કરી ચિકિત્સા જગત સાથે જોડી એક સશક્ત શોધ બહાર પાડી શકીશું. રિસર્ચ દ્વારા જાણવા મળ્યું છે કે જેઓ નિયમિતરૂપે ચર્ચમાં જતા નથી તેઓના આયુષ્ય ઘટવાનો ખતરો ૫૨% વધી જાય છે. જેઓ અઠવાડિયામાં એકથી વધુ વાર ધાર્મિક કાર્યક્રમોમાં સામેલ થયા તેઓનું આયુષ્ય ઉપરના કરતાં ૧૭% વધી ગયું.

ચોસઠ(૬૪) નાસ્તિક વ્યક્તિઓનો સર્વે કરતાં જાણવા મળ્યું કે તેમના ૩૫% લોકો સર્વે પૂરો થતાં પહેલાંજ અવસાન પામ્યા. આ સર્વે દરમિયાન ૮૫.૫ ટકા વ્યક્તિઓ હજુ પણ હયાત છે જેઓ અઠવાડિયામાં બે કે વધુ વાર ચર્ચમાં ગયાં.

આ સર્વેદ્વારા એક વાત ચોક્કસ થઈ છે કે, જેઓ ધાર્મિક વૃત્તિના છે તેઓ સ્વસ્થ અને લાંબુ જીવન જીવી શકે છે. પોપ જોન બીજાએ તેમની ૮૪(ચોર્યાસી)મી વર્ષગાંઠ ઉજવી છે અને હજુપણ યાત્રા અને રોજબરોજના વ્યસ્તપણાના ભર્યા ભર્યા દિવસો (સંપૂર્ણ ધાર્મિક જીવનમાં) પસાર કરી રહ્યા છે.

ધ ચેપ્લેઈનીસ કાઉન્સીલ હોસ્પિટલના ચીફ એક્ઝીક્યુટીવ એડવર્ડ લ્યુસીનના કહેવા પ્રમાણે રિસર્ચ ઘણો રસપ્રદ રહ્યો છે, પરંતુ માત્ર ચર્ચમાં જવાથી ભયંકર રોગોમાંથી મુક્તિ મળતી નથી પણ તેની સામે ઝઝૂમવાની આંતરિક શક્તિ મળે છે.!!!

# જીવન ચરિત્રો

# મહાવિજ્ઞાની આલ્બર્ટ આઇનસ્ટાઇન

યહૂદી ધર્મપંથી આલ્બર્ટ આઇનસ્ટાઇન તો એક મોટા ગજાના સાચા વિજ્ઞાની હતા. એમણે પોતાની પ્રયોગશાળામાં સતત સંશોધન કરીને સમગ્ર માનવજાતના કલ્યાણને સારુ અણુબોમ્બની અજબની શોધદ્વારા જગતનું ધ્યાન ખેંચ્યુ હતું!

પરંતુ જાણીને નવાઇ લાગશે કે આવા બુદ્ધિશાળી અને તેજસ્વી આલ્બર્ટસાહેબ બાળપણમાં કેટલા બધા નિષ્ક્રીય હતા. એટલું જ નહિ પણ બીજા વિદ્યાર્થીઓ કરતાં ભણવામાં તદ્દન બેદરકાર હતા.એ વિશેનો એમનાં જ માતપિતા તેમજ કાકા વચ્ચેનો વાર્તાલાપ આપણે ધ્યાનથી સાંભળીએ.

"અરેરે! હું તો આ બબુચકથી સાવ કંટાળી ગઇ છું. ભણવા બેસાડું છું તો ભણતો જ નથી. એનું ચિત્ત ક્યાંક બહાર ભટકતું ફરે છે. ભણવામાં ભમરડો ફેરવવાનો છે! એને શીખવવું એટલે પથ્થર પર પાણી. હવે એનાથી થાકી ગઇ છું. તમારે ભણાવવો હોય તો એને ભણાવો." નાનકડા આઇનસ્ટાઇનની માતા અંતરની અકળામણ ઠાલવતાં બોલ્યાં. એ કિશોરનું નામ હતું આલ્બર્ટ, પણ અટક હતી આઇનસ્ટાઇન.

સને ૧૮૭૯માં દક્ષિણ જર્મનીમાં જન્મેલા કિશોરે યુવાનવયે જગતમાં તેજસ્વી સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આલ્બર્ટના પિતા હર્મન પણ પત્નીના સૂરમાં સૂર પુરાવતા બોલ્યા "હા, તારી વાત સાવ સાચી છે. ભણવાના નામ માત્રથી એને ટાઢિયો તાવ ચઢી જાય છે. આપણો આ કુંવર ભણીગણીને હોશિયાર થાય અને આપણું દળદર ફીટે એવાં કોઇ લક્ષણ મને તો દેખાતાં નથી."

પિતાશ્રીના નાનાભાઇ એટલે આલ્બર્ટ આઇનસ્ટાઇનના કાકાશ્રી સારા એન્જિનિયર હતા. વળી તેઓ બાળમાનસના અચ્છા પારખુ હતા. એટલે ભત્રીજાનો બચાવ કરતાં તરત બોલ્યાઃ "ભાઇ, તમે અને ભાભી એક જ માળાના મણકા જેવા છો તમને તમારા દીકરાના ગુણો દેખાતા જ નથી?

"જોજો ને, આલ્બર્ટ તો મોટો થશે ને ત્યારે આપણા આખા, પરિવારનું નામ ઉજાળશે. પેલી કહેવત છે ને કે, 'પુત્રના લક્ષણ પારણામાં અને વહુનાં લક્ષણ બારણામાં' મેં તો એને જોયો ત્યારથી જ ઓળખી, બરાબર પારખી લીધો હતો."

"ક્યે દિવસે?" આલ્બર્ટની માતાએ પૂછ્યું "કેમ? તે દિવસે મોટાભાઇએ આલ્બર્ટને કંપાસ બતાવ્યો ત્યારે એના ચહેરા પર કેવી આતુરતા તરવરી રહી હતી. ત્યારે તો એણે પ્રશ્નો પૂછી પૂછીને એમને કેવા મુંઝવી નાખેલા!"

પિતાશ્રીએ પણ માથું હલાવતા/ધુણાવતાં ભાઇની વાતને અનુમોદન આપ્યું ત્યારે માતાને પણ એના પ્રત્યે વહાલ ઉપજયું. બાળક છે એટલે ભલે રમતો. અત્યારે તો એના રમવાના દહાડા છે. પછી તો સંસારમાં એવો તો અટવાઇ જશે કે રમતગમતનો આનંદ કેવો છે તે સાવ ભુલાઇ જશે." જો કે માતા આ પ્રમાણેનું સાંત્વન લઇ રહ્યા હતાં પણ જયારે આલ્બર્ટ

(૮) વર્ષનો થયો તોય શાળાએ જવાનું નામ લેતાની સાથે ભડક અનુભવવા લાગ્યો, ત્યારે એમનાથી ના રહેવાયું. આલ્બર્ટને પોતાની પાસે બોલાવીને પ્રેમપૂર્વક કહ્યું,

"બેટા, હવે તો રમવાનું મૂકી દે. આમ, તો તારું જીવન બગડી જશે. ભણીશ નહિ તો તારું ગાડું કેમ ચાલશે? ગબડશે શી રીતે?...! જિંદગી આખી મજૂરી જ કરવી પડશે." ત્યારે પિતાની દાઢી પકડી મોઢું ઊંચું કરતાં દીકરો કહેતોઃ પિતાજી ભણવાની શી જરૂર છે? આ જગતમાં ભણે છે એય મરી જાય છે અને નથી ભણતો એય મરી જાય છે; તો પછી ભણતરનો ભાર ભેજા પર શા માટે નાખવો?...!"

આ બધું આલ્બર્ટની માતા સાંભળી રહી હતી. એ તરતજ એમની પાસે દોડી આવી અને આલ્બર્ટને ગોદમાં લેતાં બોલી, "બેટા, તારા નાના કાકાશ્રી સાથે આવો સવાલજવાબ ના કરાય"આલ્બર્ટ તરત જ બોલી ઊઠ્યોં :"પણ તે દિવસે તું એમ કેમ કહેતી હતી કે પ્રશ્નો પૂછવાથી જ જિજ્ઞાસા સંતોષાય છે. પ્રશ્નો પૂછવાથી જ જ્ઞાન મળે છે. અને આજે કેમ ઊંધું કહે છે?...!

ગણિત શિખવાડતી વખતે મહાવિજ્ઞાની આઇનસ્ટાઇન એ કિશોરી સાથે બીજી ઘણી વાતો કરતા હતા. એ હાજરજવાબી અને ચાલાક હોવાથી એને શીખવવામાં આઇનસ્ટાઇન સાહેબને ખૂબ રસ પડવા લાગ્યો.

હવે એવું બન્યુ કે, લેસન કરવાનું નામ લઇને પેલી કિશોરી વારંવાર બહાર જવા લાગી એટલે એની માતાએ સહજ એક દિવસ પૂછ્યું : 'અલી, તું રોજ રોજ કઇ બહેનપણીને ત્યાં લેસન કરવા જાય છે?''અમને કહીને જતી હોય તો, તારે મોડુંવહેલું થાય તો તને લેવાય આવીએ.'

પેલી બટકબોલી કિશોરી ખડખડાટ હસી પડીને બોલીઃ 'મમ્મી, તુંય ખરી છે હોં! મારી બધી જ બહેનપણીઓ પાસે લેસન કરવા જાઉંને તો અત્યાર સુધી શીખી છું એય ભૂલી જાઉં !'

'તો પછી આંતરે ને એકાંતરે કોને ત્યાં લેસન કરવા જાય છે?'

કિશોરી માતાને રવેશમાં હાથ પકડીને લઇ ગઇ પછી જમણી દિશામાં હાથ લાંબો કરીને, એક ભવ્ય ઇમારત બતાવતાં બોલીઃ 'મમ્મી! પેલા ૧૧૨નંબરના ફ્લેટમાં એક ખૂબ જ સ્નેહાળ સજ્જન રહે છે. મને તો એ સજ્જન સ્નેહી સમાન લાગે છે એમની વાત તું કરે છે ને? અરે, એ તો વિશ્વવિખ્યાત વિજ્ઞાની છે !'

પેલી કિશોરી બોલીઃ 'એ તો જે હોય તે પણ ખૂબ મજાના માણસ છે. એ ગમ્મત કરાવતા કરાવતા ગણિતના અઘરા દાખલા એવી સરળતાથી સમજાવી શિખવાડી દે છે કે, એમની પાસે ભણતાં લગાર કંટાળો નથી આવતો. એમની શિખવાડેલી રીત મુજબ પછી તો હું પોતે પણ સ્વતંત્ર રીતે બીજા અઘરા દાખલાઓ ગણી શકું છું !

પેલી કિશોરીનો હાથ પકડતાં માતા બોલીઃ 'અરે! તું તો સાવ ગાંડી છે; ગાંડી ! આવડા મોટા માણસ પાસે દાખલા શીખવા જઇને એમનો અમૂલ્ય વખત વેડફી દેતા શરમ નથી

આવતી ? ચાલ, અત્યારે ને અત્યારે માફી માગી આવીએ.'

પેલી કિશોરી તો બિચારી ડઘાઇ જ ગઇ, જાણે મહા અપરાધ કરી નાખ્યો હોય એવું દયામણું મોં કરી માતાની પાછળ પાછળ ઘસડાતી એ આઇનસ્ટાઇનને ત્યાં આવી.

આઇનસ્ટાઇન એ વખતે પ્રેમાળ શિષ્યાની રાહ જોઇને જ બેઠા હતા. વિજ્ઞાનના પ્રયોગો દરમિયાન આવું શિક્ષણકાર્ય એમને મનનો થાક ઉતારવા સમું લાગતું હતું એટલે તો શિષ્યા કરતા ગુરૂને ગણિતના અભ્યાસમાં વધુ રસ પડવા લાગ્યો હતો.

મા દીકરીને આવકારતાં આઇનસ્ટાઇને કહ્યું, 'આવો, આવો, તમે આજે અહીં ક્યાંથી ભૂલાં પડી ગયાં? તમારી આ બેટીએ તો મારા મનનો કબજો પૂરેપૂરો લઇ લીધો છે.'

ઠાવકું હાસ્ય કરતાં માતા બોલી 'ક્ષમા કરજો સાહેબ, આપના જેવા મહાન પુરુષને મારી દીકરી સામાન્ય શિક્ષણ જેવા કામમાં તકલીફ આપી રહી છે. એ વાત જાણીને તો હું ખૂબ શરમીંદી બની ગઇ છું. એટલે તો માફી માગવા દોડી આવી છું.

'તમારી દીકરીને શિખવાડવામાં હું કાંઇ ઉપકારનું કાર્ય કરતો નથી. આઇનસ્ટાઇને ક્ષોભ પામતાં કહ્યું. તમારી દીકરી ખૂબ વિવેકી છે. આવી સુશીલ ને ચબરાક દીકરીની મા બનવાનું સદ્ભાગ્ય સાંપડ્યું છે એ જાણી ખૂબ આનંદ થાય છે. ખરું પૂછો તો, જયારે એને શીખવવા બેસતો.. ત્યારે મારું ગણિતનું જ્ઞાન તાજુ થતું જતું હતું !

આઇનસ્ટાઇનની વિવેકવાણીને વહાલભરી વંદના કરી પોતાની પુત્રી સાથે એ માતા ઘેર પાછી ફરી.

## હેલીકોપ્ટરીય માર્ગદર્શિનીઃ કેપ્ટન વેલેરી

*Lives of Risky Persons all remind us,*
*We can make our life Sublime.....*

મતલબ, અદમ્ય ઉત્સાહ તથા ઉગ્ર સાહસ વૃત્તિવાળાં સ્ત્રીપુરુષોની મીઠી મધુરી યાદ આપણા શુષ્ક જીવનોને સાચે જ ઉન્નત અને સેવાભાવી બનાવે છે!

કાળી આંખોવાળી અને અતિશય નાજુક કેપ્ટન વેલેરી માત્ર પાંચ(૫)ફુટ અને ત્રણ(૩)ઇંચ ઊંચી છે. પણ એના રોમેરોમમાં હિંમત છલકાય છે. એ હેલીકોપ્ટર પાયલોટ તો છે જ સાથો સાથ દાક્તરી સર્જન પણ છે. અગાઉ જ્યાં ખૂનખાર યુદ્ધ ચાલતું હતુ એવા હિન્દી ચીનમાં હેલીકોપ્ટર ઉડાડે છે. સામાન્ય સ્ત્રીઓ હેલીકોપ્ટરોમાં બેસવાનો વિચાર ના કરે તો એ રમકડાંની માફક ફેરવે છે!

જયાંથી ખબર મળે કે સૈનિકો ઘાયલ થઇને પડ્યા છે ત્યાં હેલીકોપ્ટર લઇને પહોંચી જાય. જરૂર પડે તો સેવા પણ આપે. અતિશય ઘવાયેલાઓને હેલીકોપ્ટરમાં બેસાડીને હોસ્પિટલમાં લઇ જાય. આણે આજ સુધીમાં કેટલાય ઘાયલ સૈનિકોને બચાવ્યા એનો હિસાબ નથી !

એક સવારે હેનોઇ ટાપુ પરથી સંદેશો મળ્યો કે, 'હેલીકોપ્ટર લઇને પહોંચી જાઓ અને

જરૂર પડે તો સેવા પણ આપો' એને સંદેશો મળ્યો કે, 'કેપ્ટન વેલેરી જલદી તૈયાર થઇ જાઓ;હનિમેકની ભૂમિ પર બે સૈનિકો ઘવાયેલા પડ્યા છે. તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જાવ.' સંદેશો મળતાંની સાથે એ હેલિકોપ્ટર લઇને ઉપડી. પોતાના સંરક્ષણ માટે બે લશ્કરી વિમાનોનો સંપર્ક સાધ્યો. ત્રણ જ મિનિટમાં પેલા વિમાનની સાથે થઇ જઇને હેલીકોપ્ટર ઉતાર્યું. એ સાથે જ દુશ્મન વિમાનો આકાશમાં ઘુમરાવા લાગ્યાં. કિન્તુ બે ફ્રેન્ચ વિમાનોના આંટાફેરા જોઇને છૂ થઇ ગયા !!!

આવા ભયંકર વાતાવરણ વચ્ચે બન્ને ઘાયલ સૈનિકોને તપાસ્યા. એક સૈનિકને તો જાંઘમાં ઊંડો ઘા થયેલો હતો; પીડાથી કરાંજતો હતો. વેલેરીએ ઘેનનું ઇન્જેકશન આપી દીધું. બીજા સૈનિકનો આખો ખભો ચીરાઇ ગયો હતો. એનેય ઘેનનું ઇન્જેકશન આપી પાટો બાંધી દીધો પછી હેલીકોપ્ટરની બન્ને બાજુમાં રાખેલા ખાનામાં સ્ટ્રેચર સરકાવી દેવામાં આવ્યું.

આ બધા સમય દરમિયાન દુશ્મનોના હુમલા ચાલુ જ હતા-ભારે જોખમ હતું. હેલીકોપ્ટર ઉપાડવાની તૈયારી કરી ત્યારે માત્ર આઠ(૮)જ મિનિટ હતી. એવામાં, એક સ્થાનિક સેનાપતિએ ટપાલનો થોકડો લઇને અરે, બંડલ આપતાં કહ્યું, આ ટપાલ યોગ્ય જગાએ રવાના કરશો ? જવાબ : 'જરૂર, એમાં શો વાંધો હોય ?' કેપ્ટન વેલેરીએ થોકડો લઇ લીધો અને સેનાપતિને ટાટા કરીને હેલીકોપ્ટર ઉપાડ્યું. દુશ્મન વિમાનોની ગર્જના થવા માંડી પણ પેલા બે રક્ષક વિમાનો હતાં એટલે દુશ્મન વિમાનો પાછાં વળી ગયાં !

થોડા જ સમયમાં એ હેનોઇ ટાપુ પર ધીરેથી ઉતરી પેલા બે ઘવાયેલા સૈનિકોને હોસ્પિટલમાં દાખલ કરી દીધા. જો સમયસૂચકતા વાપરી આવું સાહસ ના કર્યું હોત તો એ બે અને એના જેવા કેટલાય સૈનિકો માર્યા ગયા હોત.

આમ તો આ તરવરતી યુવતી સાવ ઠીંગણી છે. પણ એનામાં (હાથમાં) વજ્ર સમું બળ છે ! એ ખૂબ જ સંવેદનશીલ એટલે કે લાગણીવશ છે. કિન્તુ અતિશય ચપળ છે, સ્માર્ટ છે. પતંગિયાની પેઠે એ ઊડ્યા કરે, ત્યારે જોનારને એમ લાગે આવી નાજુક કાયામાં આટલું બધું બળ ક્યાંથી આવ્યું હશે?! હોઠ હંમેશા હસતા જ હોય. અડધી રાત્રે હેલીકોપ્ટર લઇને ઉડવાની હોય તોય કંટાળ્યા વગર તે તૈયાર થઇ જાય. બોલો બહેનો, આ તે કેવી કાચી માટીની કાયા !??!

એ એટલો બધો રસ દાખવતી, એવા પ્રશ્નો પૂછતી કે અમારે જવાબ શોધવા માટે માફી માંગવી પડતી.

એક વખત બધા સૈનિકો સાથે વિમાનમાં બેસવાની તૈયારી કરતી હતી ત્યાં એક સેનાપતિ અચાનક જ આવી ચડ્યા, વેલેરીને જોઇને પૂછ્યુ. હાજી, આમ તો એ ડૉકટર છે ને વિમાનમાંથી કૂદવાની તૈયારી કરે છે. રજા લીધી છે? રજા તો નથી લીધી પણ... તો પછી કૂદવાનો સવાલ જ ક્યાં આવે છે? આપણા કાયદાની વિરુધ્ધ વ્યવહાર તમારાથી થાય જ રીતે ?

'એમણે અમારી એટલી બધી સારવાર કરી છે કે બદલામાં અમે એમનું મનોરંજન કરાવીએ છીએ.' એ તો સમજ્યા, પણ એમ કરતાં, હાડકાં ભાગશે તો? એ માટે જવાબદાર કોણ? એમણે બેચાર ડઝન વખત કૂદકા માર્યા છે. 'તો તો એમને લાયસન્સ આપી દો.'ને...

આ રીતે એ છત્રીદળની વિધિસરની સૈનિક બની એટલે હવે ચોરીછૂપીથી છત્રીદળમાં જવાનું ના રહ્યું.

ઇચ્છે ત્યારે એ છત્રીદળમાં જતી અને નિજ પરાક્રમોથી સૌને છક કરી દેતી. જ્યારે ફ્રેન્ચ સૈન્યને હિંદીચીનમાં ડૉક્ટરની જરૂર પડી ત્યારે વેલેરીએ ત્યાં જવાની ઇચ્છા દર્શાવી. એટલે ૧૯૪૯માં એ સાઇગોન પહોંચી. ત્યાં કોસ્ટારિકા હોસ્પિટલમાં મગજની સર્જરીના વિભાગમાં કામ કરવાનું આવ્યું. આખા દેશમાં એ માટેનાં સાધનોથી સજ્જ આ એકમાત્ર હોસ્પિટલ હતી. વેલેરીએ અહીં અનેક ઓપરેશનો કર્યા.

એક સવારે સર્જન એન્ટ્રી રોબર્ટે એને બોલાવી: અને કહ્યું, સલામ. તમને એક ખાસ કામ માટે બોલાવ્યા છે; 'હુકમ' ફરમાવો ને બિલકુલ તૈયાર છું. 'એક અગત્યનો અફસર દૂર દૂર ફસાઇ ગયો છે; એને લાવવા માટે હેલીકોપ્ટર લઇ જવાનું છે ! ફાવશે ? કોઇ સવાલ જ નથી. જવાબ મળ્યા. ત્રણ અઠવાડિયાં ત્યાં ગાળ્યાં. આ સમય દરમિયાન કેટલા બધા રોગીઓને એણે સાજા કર્યા ?

અહીં ઓપરેશન માટેની કોઇ પણ પ્રકારની સગવડ નહોતી છતાં બધાને સારવાર આપી મરતાં બચાવી લીધા. આ બધાને બચાવીને લઇ જવાનું કામ ખૂબ જ -એકદમ કપરું હતું પણ એને ડર ક્યાંથી લાગે ?! ઘનઘોર જંગલમાં લાઇન સર ચાલવા માંડ્યું !!!

## આજીવન મિશનરી: ગ્રેની બ્રાન્ડ

લગની લાગી રે, મને ઇસુ નાથની;
કેમ રે, વિસારું , કીધી ભક્તિ ભાવની,
આવ્યા દેવકુંવર! બન્દી બની પ્રીતની;
રહીશ હું તો સદા, દાસી ખ્રિસ્તની!!

ગ્રેની બ્રાન્ડના હુલામણા નામથી ઓળખાતા મિશનરી બાનુને પ્રભુપિતાએ સને ૧૯૭૪માં એમના બાણું(૯૨)વર્ષના દીર્ઘાયુષ્યમાં સ્વર્ગીય ધામમાં પોતાની પાસે બોલાવી લીધાં હતાં ! મિસિસ ગ્રેની બ્રાન્ડે મરણપર્યંત મિશનરી તરીકેની ફરજ વિશ્વાસુપણે બજાવી હતી.

આ આદર્શ મિશનરી સેવિકાનો જન્મ તથા ઉછેર લંડન મહાનગરની મિશનરી સોસાયટીમાં થયો હતો. મિસિસ બ્રાન્ડ જ્યારે ભારતમાં આવ્યાં ત્યારે કિશોરાવસ્થામાંથી પાંગરેલ તાજા યુવતી હતાં. એમના લગ્ન ચુસ્ત બેપ્ટિસ્ટ મિશનના રેવ.બ્રાન્ડ પાળક સાહેબ સાથે થયું હતું. રેવ.બ્રાન્ડ દક્ષિણ ભારતની કોલ્લ નામની ટેકરી મધ્યે મિશનરી તરીકેનું કામ કરતા હતા. આ યુવાન નવદંપતીએ પોતાનો લગ્નદિન સૌ પ્રથમ ઉપરોક્ત ટેકરી પર ઉજવ્યો હતો !

સૌથી દુઃખદ બીના તો એ હતી કે રેવ.બ્રાન્ડનું મૃત્યુ બહુ વહેલું થયેલું. તેઓ પોતાની પાછળ જીવનસંગિની ગ્રેની અને બે બાળકોને મિશનરી ભાવિ સેવા માટે મૂકતા ગયા. મિસિસ ગ્રેની બ્રાન્ડ કોલ્લીની ટેકરીઓમાં ગરીબ તેમ જ જરૂરિયાતમંદ પછાત લોકો મધ્યે પોતાના સ્વર્ગસ્થ પ્રિય પતિનું કાર્ય ચાલુ રાખ્યું, જ્યાં અગાઉ કોઇપણ મિશનેરીએ પગ સરખોય મૂક્યો નહોતો! 'કોલ્લી'નો અર્થ થાય છે 'મનુષ્યઘાતક ટેકરીઓ'

મિસિસ બ્રાન્ડ જ્યારે અગણોસિત્તેર(૬૯) વર્ષના થયાં ત્યારે લંડન મિશનરી સોસાયટીએ એમને નિવૃત્ત કર્યાં. કિન્તુ તોપણ એમણે ઈસુ ખ્રિસ્તનું સેવાકાર્ય ચાલુ રાખ્યું. રેવ.બ્રાન્ડ જ્યાં રહેતા ત્યાં ગ્રેની બ્રાન્ડ બાળકો સાથે રહેવા જતાં રહ્યાં. અહીં તેમણે પતરાં અને લાકડાંનું નાનું સરખું ઘર બનાવ્યું. તેમાં નિશ્ચિતપણે રહેવા લાગ્યાં અને છવ્વીસ(૨૬)વર્ષ સુધી ત્યાંનાં રહેવાસીઓની સેવા કરી. નવાઇની વાત તો એ છે કે, આ અણગમતી વસાહતમાં કોઈપણ મિશનરી કદી આવ્યા જ નહોતા!

આવી એકલવાયી સેવામય જીવનમાં પણ પોતાની અંગત બાબતોની દરકાર કરી નહિ; અરે પોતાનો બાહ્ય દેખાવ અને રહેણીકરણી પ્રત્યે પણ સભાન રહ્યાં નહિ, એટલે સુધી સેવાકાર્યમાં કાર્યરત રહ્યાં...! જો કે એમને કમરે ફ્રેકચર થયું હતું અને લકવાગ્રસ્ત હતાં, તોપણ બે વાંસની લાકડીઓના ટેકાથી પથરાળ ભૂમિ પર ચાલતાં હતાં, ખાસ તો એમણે પાળેલા પ્રેમાળ પ્રાણી-ખચ્ચરની પીઠ પર બેલ્ટ બાંધીને મુસાફરી કરતાં હતાં. આ રીતે તેઓ તજાયેલાં, નિરાધાર, માંદાં તેમજ જરૂરિયાત મંદોની મુલાકાત લેતાં હતાં અને એમ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પ્રત્યેનો પ્રેમ પ્રકટ કરતાં રહ્યાં !! રોગિષ્ટ દર્દીઓને મેડીકલ ટ્રીટમેન્ટ પણ આપતાં. જરૂર જણાય ત્યાં નાનાં નાનાં ખાદ્ય પેકેટો વહેંચી મિશનેરી સેવાનો આનંદ લૂંટતાં હતાં.

સ્વમાની વૃધ્ધ ગ્રેનીબહેન ભાગ્યે જ નીચે મેદાનમાં ઊતરતાં. ટેકરી પરના ઘણા લોકો એમને આરામ કરવાનું કહેતાં. તો પણ એમનો એક દીકરો ડૉ.પૉલ બ્રાન્ડ સર્જરી માટે તેમજ નિરાશ્રિત રક્તપિત્તિયાઓની સારવાર માટે વિશ્વવિખ્યાત હતો. બ્રિટીશ મહારાણી ઈલિઝાબેથ તરફથી એમને આલ્બર્ટ લાસ્કર એવાર્ડ મળ્યો હતો; એટલું જ નહિ પણ ડૉ.બ્રાન્ડને કમાન્ડર ઓફ ધ બ્રિટીશ એમ્પાયર જેવું અતિ માનવંતુ પદ આપવામાં આવ્યું હતું. એમ કહેવાય છે કે જયારે મિસિસ બ્રાન્ડના સુપુત્ર ડૉ.પોલ ભારતની મુલાકાતે આવ્યા ત્યારે વેલોર ખાતે પોતાના જૂના મિત્રોને એમ કહ્યું હતું કે જો મારાં માતુશ્રી નીચે આવે તો તેઓ એમના વહાલસોયા પુત્રને જોઇ મળી શકશે! કિન્તુ માતુશ્રી ગ્રેની બ્રાન્ડનો જવાબ એ હતો કે, 'જો કોઇને મારી જરૂર જણાય તો તે ઉપર આવે! પણ હું કદી નીચે આવવાની નથી' એવી હતી મિસિસ બ્રાન્ડની પ્રભુ પ્રત્યેની આસ્થા ને નિર્મળ સેવાભાવના. એટલે સુપુત્ર ડૉ.પૉલ જયારે પોતાના મિત્રોને મજાકમાં કહેતા કે મમ્મી નીચે, આપણી પાસે આવવાનાં નથી પણ ઊંચે ઉપર આકાશમાં ઊડી જશે! ઈસુ ખ્રિસ્તનાં આ, અતિ વિશ્વાસુ સેવિકાએ પંચાણું (૯૫)વર્ષની ઉંમર સુધી મિશનેરી સેવાકાર્ય કર્યું ને પ્રભુમાં ઊંઘી ગયાં !! ત્રાતા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સેવામાં કદીયે નિવૃત્તિ નથી !!!

# અત્યુત્તમ સુધારાવાદી નર્સઃ ફ્લોરેન્સ નાઇટિંગલ

(સેવા સમર્પિત તરુણીની ભવ્યગાથા)

*Life lived so beautifully, is more precious than even your exhistence.* એટલે કે સુંદર રીતે ગુજારેલું જીવન તમારી હસ્તી કરતાંય અધિક કિંમતી છે.

પછી તો ફલોરેન્સ જર્મનીની કેઇઝવર્થ હોસ્પિટલમાં નર્સીંગ તાલીમ લેવા ઉપડી. ત્યાં પહોંચતાં જ તેના જીવનમાં અનેરો આનંદ અને ઉત્સાહ વ્યાપ્યો! સ્વદેશ પાછા ફર્યા બાદ ત્યાંની જ હોસ્પિટલની સુધારણા કરવાનો દૃઢ નિશ્ચય કર્યો. કિન્તુ તે પહેલાં તેણીએ પેરિસ તથા જર્મનીની સંખ્યાબંધ હોસ્પિટલોની મુલાકાત લીધી અને રિપોર્ટ તૈયાર કર્યો. જ્યારે સ્વદેશ પાછી ફરી અને નર્સની કામગીરી શરૂ કરી ત્યારે તેની ઉંમર ત્રીસ(૩૦)વર્ષની હતી. તોપણ તેનાં માતાપિતા તેણીને નિશાળે જતી છોકરી સમાન ગણતાં! તેના પ્રત્યેક કાર્યને તેઓ શકની દૃષ્ટિએ જોતાં હતાં.

સ્કુટારિની હોસ્પિટલમાં વધારે ને વધારે ઘાયલો આવતા જતા હતા. એવામાં, આગથી તારાજ થઇ ગયેલા એક ભાગને ફલોરેન્સે પોતાના ખર્ચે સમારાવ્યો. સૈનિકો માટે સ્વચ્છ પથારીઓ પાથરી. આખરે યુદ્ધ ખાતાએ જાતે ખર્ચેલા પૈસા પાછા આપી તેની ભારોભાર કદર કરી !

મહારાણી વિકટોરિયાએ ઘાયલ સૈનિકો માટે ભેટ સોગાદોનાં પાર્સલો મોકલ્યા, જેનો ઉપયોગ ફલોરેન્સ પોતાની મરજી મુજબ કરશે એવી જાહેરાત કરી, પ્રબળ લોકમતને લીધે. યુદ્ધ ખાતાએ જરૂરી એવો સામાન તથા ખોરાક ચીજવસ્તુઓ મોકલી આપ્યાં. માનવસ્વભાવ પ્રમાણે ફલોરેન્સના હાથમાં વધ્યો ઘટ્યો જ માલ આવ્યો. તેમાંય સરકાર તરફથી પૂરતા હુકમો ન હોવાથી મોટો ગોટાળો થયો. આમ સમગ્ર વહીવટમાં અંધેર ચાલ્યું. ઉપરોક્ત હકીકતની જાણ થતાં યુદ્ધ ખાતાના વડા હર્બટ સિડનીએ ફલોરેન્સને સર્વ સત્તાઓ આપી અને ખાનગી રિપોર્ટો હોવાનું લાગ્યું. સરકારે એક કમિશન સ્કુટારિ મોકલ્યું.

ફલોરેન્સે આપેલા રિપોર્ટથી સરકાર ચોંકી ઊઠી. ઝડપથી પગલાં લેવાયાં. એમણે લોકોને ચેતવ્યા કે, વહીવટીતંત્રના અંધેરને લીધે યુદ્ધમોરચે વીરતાથી લડતું લશ્કર અરે, સૈનિકો હાર ખાઇને પીછેહઠ કરે છે! આથી સૈનિકોની સ્વસ્થતા પ્રત્યે ધ્યાન આપવું જરૂરી છે.

નાઈટિંગેલે લશ્કરી સુધારણાના મુખ્ય મુદ્દાઓ મંજૂર કરાવ્યા. તેણીએ અનુભવ્યું કે સૈનિકોમાં જે બગાડ પેઠેલો હવે તેનું કારણ યોગ્ય શિક્ષણનો અભાવ હતો એટલું જ નહિ પણ અફસરો તેને માટે જવાબદાર હતા. ફલોરેન્સ સારી પેઠે જાણતી હતી કે શિસ્ત અને સંયમ વગરની સૈનિકોની વીરતા નકામી છે. એટલે સૈનિકોને સુધારાના માર્ગે વાળવા માટે તેણીએ પુસ્તકાલયો ખોલાવ્યાં અને હોકી તથા ફૂટબોલ જેવી રમતો શરૂ કરાવી. ફલોરેન્સ હંમેશાં કહેતી કે, "સૈનિક એ રાષ્ટ્રની તાકાત છે. જો સૈનિક નબળો હોય તો રાષ્ટ્ર પણ નબળું થાય." આ વાતની પ્રતીતિ ફલોરેન્સે લશ્કરના વડાઓને પણ કરાવી.

એપ્રિલની ૨૯મીએ યુદ્ધબંધી જાહેર કરવામાં આવી. લશ્કરનું કામ પૂરું થવાની સાથો સાથ ફ્લોરેન્સની મોટા ભાગની કામગીરી પૂરી થઇ. તેણીએ હવે સ્વદેશ પાછા ફરવાની તૈયારીઓ કરવા માંડી. એટલે લોકોએ તેણીના ભવ્ય સ્વાગતની તૈયારીઓ કરવાની શરૂ કરી. કિન્તુ ફ્લોરેન્સને એવો દમામ પસંદ નહોતો. તેણીએ તે વખતે પોતાની ડાયરીમાં લખ્યું : 'પ્યારાં બાળકો, તમને ક્યાં જાણ છે કે, ક્રિમીયાના ભયંકર યુદ્ધમાંના લશ્કરી રેજિમેન્ટમાંથી તોંતેર(૭૩%) જેટલા સૈનિકો ફક્ત રોગચાળાથી મરી ગયા છે!

આ ઉપરાંત સહેજે ખ્યાલ આવી શકે છે કે સ્કુટારિની હોસ્પિટલની સ્થિતિ કેટલી ખરાબ હશે ?!!

ફ્લોરેન્સ તેની કાકી સાથે પુરુષવેશે ઇંગ્લેન્ડ પહોંચી ગઇ અને લોકોને જાણ કર્યા વગર પોતાને ઘરે ચાલી ગઇ. ત્યારે તો એક વખત એની બહેન તેમજ માતાને કબૂલ કરવું પડ્યું કે, 'માત્ર સેવા અને ત્યાગ મનુષ્યને મહાન બનાવે છે.' લોકોએ ફ્લોરેન્સની આવી સરળતાને સહર્ષ વધાવી લીધી!

ક્રિમીયાની લડાઇએ બ્રિટીશ રાષ્ટ્રને તેમ જ જગતને નવીનપંથ બતાવ્યો : 'સૈનિક રાષ્ટ્રનો પ્રાણ છે અને નર્સ એ રાષ્ટ્રની મિલકત છે.' એટલે જો બન્નેને પૂરતી કેળવણી આપવામાં આવે તો રાષ્ટ્ર પોતાનું મસ્તક ઊંચું કરી શકે છે.

ઇંગ્લેન્ડના ડર્બીશાયર પરગણામાં લીહર્સ્ટ નામનું એક નાનકડું ઘર છે. આ ઘરના વરંડામાં એક સાદી કબર લીલાંછમ વૃક્ષોને વીંટળાઇને ફ્લોરેન્સ સોડ તાણીને સૂઇ ગઇ છે. એના પર એક તકતી જડેલી છે, જેમાં કોતરેલું છે. જન્મ ૧૮૨૦, મૃત્યુ ૧૯૧૦. ચારે તરફ ફેલાયેલા વૃક્ષોની ડાળી પર ઝૂલતાં ફૂલોની સુવાસ જેવી એ નારીની સૌરભ આજે પણ લોકોના હૃદયને પ્રફુલ્લિત કરી રહી છે!! સૌ એને 'દયાની દેવી' તરીકે ઓળખે છે, જેણે પોતાનું સમગ્ર જીવન અન્યનાં દુઃખોને દૂર કરવા માટે ખર્ચી નાખ્યું છે. પ્રાણાર્પણ કરતા સૈનિકોની સેવા કરતાં કરતાં તેમના જીવનોમાંથી પ્રેરણા મેળવીને ફ્લોરેન્સે જગતને એક નવો માર્ગ દેખાવ્યો. આવી સન્નારીઓની આપણે કેવી રીતે કદર કરી શકીએ ?

ફ્લોરેન્સના જેવું સુંદર જીવન જીવીને !!!

## પ્રિય પતિની સેવામયી છાયામાં.....

સને ૧૯૪૬ની એક લબ્ધપ્રતિષ્ઠિત મશહૂર અમેરિકન મેલન કુટુંબની આ વાત છે.

કરોડોપતિ પિતાના ધનમાં આળોટતા એકના એક દીકરા લારીએ ગ્વાન રોબસન નામની એક સુશીલ અને સુંદર યુવતી સાથે લગ્ન કર્યા. ગ્વાન પણ લારીની જેમ શહેરી વાતાવરણથી અકળાઇ જઇને જંગલજીવન જીવવા ઓરિઝોનના જંગલમાં આવી ગઇ હતી.

લગ્ન પછી, બન્ને જણાં ઉન્મુક્ત પંખીઓની પેઠે વનમાં હસતાં-રમતાં જીવતાં હતાં. પણ એક દિવસ લારીએ બહાર આવીને કહ્યું, "ગ્વાન ડીયર મારે તબીબી(Medical) શિક્ષણ લઇ દાક્તર બનવું છે. દાક્તર થઇને મિશનરી બનવું છે!" એકી શ્વાસે આટલું કહીને લારીએ અમેરિકાના વિશ્વવિખ્યાત મેગેઝીન('Life') પત્રની નકલ ગ્વાનના હાથમાં મૂકી.

'Life' પત્રમાં વિશ્વમાં મહાન વિભૂતિ શીર્ષક હેઠળ ડૉ.આલ્બર્ટ શ્વાઇત્ઝરનું જીવન પ્રગટ થયેલું હતું. એ તો મહાન ચિંતક, પ્રખર પંડિત, ધુરંધર ધર્મશાસ્ત્રી અને સર્વોત્તમ સંગીતકાર એવા મેધાવી પુરુષ હતા. આફ્રિકાના અઘોર જંગલમાં એ શ્યામવર્ણી આદિમ જાતિની સેવા કરતા હતા. એમણે એકવાર કહેલું, "મારા જેવા થોડાક માનવીઓનો દાખલો (નમૂનો) કદાચ બીજાઓને આધ્યાત્મિક બાબતો પર વિચાર કરવા પ્રેરશે અને એ જ રીતે વિનાશ તરફ વળી રહેલો આજની સંસ્કૃતિનો ભૌતિક ધસારો અસરકારક રીતે ખાળી શકાશે !"

અત્યંત ધનિક પિતાના પુત્ર લારીના દિલમાં અને દિમાગમાં આ મહાનપુરુષનું કથન સોંસરું ઊતરી ગયું; પણ જ્યારે લાગણીશીલ પત્ની ગ્વાનને લાગ્યું કે પોતાના પતિનું ચિત્ત હવે દુનિયાદારીમાંથી ઊઠી ગયું છે અને પ્રતિષ્ઠિત મેલન કુટુંબની કરોડો ડૉલરોની દોલત એને જકડી રાખી શકે તેમ નથી. ત્યારે ગ્વાને પણ પતિની છાયા બની રહેવાનો નિર્ણય કર્યો. એ ધન્ય દિવસ હતો સને ૧૯૫૪ના ડિસેમ્બરની ૧૧મી તારીખ !

આ યાદગાર દિવસે પત્ની અને ચાર(૪) બાળકો સાથે એ હાઇતી ટાપુ પર ગયો અને ત્યાં એણે સેવાની જે અખંડ જ્યોત પ્રગટાવી એ આજે સંપૂર્ણપણે ઝળહળી રહી છે!

લારીએ જ્યારે હાઇતી ટાપુ પર પગ મૂક્યો ત્યારે ત્યાંના લોકો અનેક પ્રકારના રોગોથી પીડાતા હતા; સારવારનું કાંઇ ઠેકાણું નહોતું અને આરોગ્ય વિશેનું અજ્ઞાન પણ ભારે.

હાઇતી ટાપુની પ્રતિકૂળ પરિસ્થિતિને ધ્યાનમાં લઇને મોટી ઉંમર હોવા છતાં પણ સૌ પ્રથમ પતિપત્નીએ તબીબી (Medical) શિક્ષણ લીધું અને કંગાલિયત જીવન જીવવાની તૈયારી કરી.

તબીબી કોલેજના પહેલા વર્ષને અંતે તેના પત્ની હાઇતી ગયાં ત્યારે તેમને ત્યાંની ભાવિ હોસ્પિટલ માટેનું એક સ્થળ પસંદ પડી ગયું.

તરત જ તેમણે ત્યાં જ સો(૧૦૦)એકર જમીન ખરીદી લીધી અને ત્યાંના પ્રેસિડેન્ટ સાથે મળીને 'ગ્રાન્ટ ફાઉન્ડેશન'(લારીની પત્નીનું નામ પણ ગ્રાન્ટ છે)કરારનામુ કર્યું. પરિણામે આજે જંગલમાં કરોડો રૂપિયાની અદ્યતન હૉસ્પિટલ ઊભી થવા પામી છે. એનો વાર્ષિક ખર્ચ કરોડો ડોલરોનો છે ! હૉસ્પિટલ સાથે સો(૧૦૦)એકરનું ફાર્મ પણ ચાલે છે; જેમાં શાકભાજી, ફળો, મકાઇ, ચોખા વગેરે ઉત્પન્ન થાય છે. સાથો સાથ ઢોર અને મરઘાં - બતક પણ ઉછેરવામાં આવે છે. હાઇતીની સરકારે અને લોકોએ દિલ દઇને લારી-ગ્વાનને સહકાર આપ્યો છે.

તદ્ઉપરાંત ગરીબ દર્દીઓનાં લાભાર્થે દેશભરનાં ખેડૂતો ફળ-ફળાદિ, શાકભાજી વગેરે મોકલે છે. હવે લારીને બીજે કોઇ ખોજ કરવાની જરૂર નથી. અને જે જોઇતું હતું તે હાથ લાગી ગયું છે!!!

આજે એ વિનમ્રપણે કહે છે કે, "માનવજાતની સેવા કરવામાં અને બંધુત્વ કેળવવામાં અમે જો થોડોઘણોય સમય આપીશુ. અથવા આપી શકીશું તો જીવનને ધન્ય લેખીશું."

# સોહામણાં પંડિતા રમાબાઇનાં.....

## સુવાસિત સેવાકાર્યો

Lives of Great Women all remind us, We can make our lives sublime; And departing leave behind us, Foot-steps on the sands of time:- અર્થાત્ મહાન સ્ત્રીઓના જીવનચરિતની મધુરી યાદ આપણાં જીવનોને ઉન્નત તેમ જ ઉપયોગી બનાવે છે, કારણ...કે તેઓ આપણી પાછળ અનંત સમયરૂપી વિશાળ રેતાળ પટ પર એમનાં પુનિત પગલાંની છાપ કાયમને માટે મૂકી ગયેલાં છે!!!

એમ કહેવાય છે કે, પંડિતા રમાબાઇ સોહામણાં હતાં! જીવન દરમિયાન (૧૮૫૮ થી ૧૯૨૨)એવા રૂઢિચુસ્ત હિંદુ સમાજમાં એ જમાનામાં પણ તેઓ જ્યાં કંઇ ગયાં(દેશ-પરદેશ)ત્યાં એમના સુંદર મુખારવિંદ અને છટાથી ઉચ્ચારાયેલી ખ્રિસ્ત વિશેની સાક્ષી, અરે, મહેકતી ફૂલઝરતી વાણી શ્રોતાજનોને મંત્રમુગ્ધ કરી દેતી હતી! એટલે જ ઇંગ્લાંડના મિષ્ટ કવિ જોન (અંધ)મિલ્ટને સાચે જ એક જ પંક્તિમાં કહી નાખ્યું છે કે...'A thing of beauty is joy forever' પંડિતા રમાબાઇના સંબંધમાં આ ઉક્તિ સાચી ઠરી છે, એમ કહેવું અતિશયોક્તિ તો નથી જ!

વળી, કોઇકે અંગ્રેજીમાં સુંદરતાને સમજાવવા માટે વૈજ્ઞાનિક ઢબે કહ્યું છે કે, Beauty is only skin-deep but there is a loving Heart within કે જે સુંદર વ્યક્તિને સુંદર કાર્યો કરવા પ્રેરે છે! તો હવે પછી આપણે પંડિતા રમાબાઇને એ રીતે ઓળખીશું!!!

મહાન ભારતના ઇતિહાસમાં એક એવો જમાનો હતો કે જેમાં સમાજ(હિન્દુ) કુરિવાજો અને અંધશ્રદ્ધાથી ખદબદતો હતો, ત્યારે જુઓને, પંડિતા રમાબાઇનું (૧૮૫૮)આગમન થયું. એમાં ખૂબ જ ધૃણાજનક રિવાજ તો 'સતી' થવાની પ્રથા હતી. ઉચ્ચ હિંદુ સમાજમાં બાળલગ્નો થતાં હતાં. ગૃહિણીઓને ગુલામ ગણવામાં આવતી પતિઓના મરણબાદ પત્નીઓને જીવવાનો પણ હક્ક નહોતો. આવા નિષ્ઠુર ને નિર્દય હિંદુ(બ્રાહ્મણ)સમાજમાં પંડિતા રમાબાઇ જન્મ્યાં હતાં. એમનું આખુંયે કુટુંબ હિંદુ દેવ દેવીઓ પ્રત્યેની આસ્થા અને દાનધર્મ માટે જાણીતું હતું. તેઓ પોતાના કુંટુંબ કબીલાસહિત ભારતભરની તીર્થયાત્રાઓ કરતું; પવિત્ર નદીઓમાં સ્નાન કરવાની એમની પ્રણાલિકા હતી. પિતાશ્રી આનંદશાસ્ત્રી સંસ્કૃત ભાષાના પ્રકાંડ પંડિત હતા. એટલું જ નહિ પણ વેદશાસ્ત્રોમાં પારંગતતા મેળવેલી હતી! કદાચ આવું જ વારસાગત દાન એમની સુપુત્રી રમાબાઇને પણ મળેલું, જેથી, એમ કહેવાય છે કે એમને વેદશાસ્ત્રોનાં ત્રણ હજાર(૩,૦૦૦) જેટલાં સૂત્રો કંઠસ્થ હતા!!! જેમ પિતાશ્રી હિંદુ ધર્મનાં રહસ્યો પોતાના અનુયાયીઓને સમજાવતા અરે, ચર્ચાસભા ભરતા તેમ પંડિતા રમાબાઇ પણ(હવે આપણે આગળ જોઇશું) કરવામાં કુશળ હતાં.

પિતાશ્રી આનંદશાસ્ત્રીએ પોતાની પત્ની તેમ જ વહાલસોયી નાની દીકરીને વેદોનું શિક્ષણ આપ્યું હતું. કિન્તુ રમાબાઇની જ્ઞાન પ્રાપ્ત કરવાની મનીષા (Learning process) અજબ ગજબની હતી !!

**મુક્તિ મિશન :** નિરાધારો તેમ જ ત્યક્તાઓથી આખું શારદા સદન ઉભરાઇ ગયું. શરૂઆતમાં બે યુવતીઓએ પ્રભુ ઇસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો અને બાપ્તિસ્મા પણ લીધું. જ્યારે અન્ય ધર્મીઓએ આ વિશે સાંભળ્યું ત્યારે તેઓએ સદનને આર્થિક મદદ આપવાનું બંધ કર્યું. કિન્તુ ત્યારે રમાબાઇએ સદનની સર્વ જરૂરિયાત માટે ઇશ્વર પર આધાર રાખ્યો. આવું ઉત્તમ આધ્યાત્મિક શિક્ષણ તેમને મળ્યું. આવા વિપરિત સંજોગોમાં એમણે મહાન મિશનરીઓનાં જીવનચરિત્રોનો અભ્યાસ કર્યો. એ હતા **હડસન ટેલર** અને **જ્યોર્જ મુલર** જેમણે રમાબાઇને મિશનરી પ્રવૃત્તિમાં રોકી રાખ્યાં. ઇશ્વરે સદનને પ્રત્યેક દિવસે માન્ના પૂરું પાડ્યું.

ઇ.સ.૧૮૯૫-૯૬ દરમિયાન મહારાષ્ટ્ર પ્રદેશ પર કારમો દુકાળ છવાઇ ગયો. અતિ ઘણા લોકો ભૂખમરાથી મરણ પામ્યા. તોપણ, દયાસાગર રમાબાઇએ ત્રણસો(૩૦૦)બાળકોની સંભાળ લીધી. આટલાં બધાં બાળકોને હોમમાં રહેવાનું મુશ્કેલ બન્યું. તેથી એમણે પૂણેથી ૪૮ કિલોમીટર દૂર નવું હોમ બંધાવ્યું. એની પ્રતિષ્ઠા મુક્તિમિશનને નામે કરી. હવે બન્ને સદનોનો વિકાસ ઝડપથી થયો અને જુઓ તો ખરા, થોડા જ સમયમાં બે હજાર(૨,૦૦૦)બાળકો સુપેરે ઉછરવા લાગ્યાં!! આ બાળકોને સીવણકામ, વણાટ કામ, દૂધ ઉત્પાદક કામ, રસોઇ કામ, બાગબગીચા, શાકભાજીની વાડી વિગેરેનું કામ શીખવાડ્યું. આ બે બાળગૃહોએ બે(૨) યુવાન વિધવાઓનાં સગાંવહાલાં તરફથી હેરાનગતિ પણ થતી. કિન્તુ બધી સમસ્યાઓ ઇશ્વરની દોરવણી વડે હલ થઇ જતી. રમાબાઇએ મુક્તિ મિશનનું સંચાલન કરવા માટે સો (૧૦૦)વ્યક્તિઓની નિમણૂક કરી, જેથી સદનનું કામકાજ સફળતાપૂર્વક ચાલવા લાગ્યું. રમાબાઇએ એક વખત કહ્યું હતું કે, 'આ તો પ્રભુ ઇસુ ખ્રિસ્તનો આશીર્વાદ મને મળ્યો છે અને મારી બધી જરૂરિયાતો માટે તેના પર આધાર રાખવાનો અધિકાર મને પ્રાપ્ત થયો છે !'

**હિન્દી બનો :** પંડિતા રમાબાઇ સદનના બધા વોર્ડોમાં ખ્રિસ્તી સંસ્કૃતિ દાખલ કરી. અને બધાં આશ્રિતો સાદગીભર્યા જીવનો જીવતા થાય એવી લાઇફ લાઇન દોરી બતાવી. બિશપ નીલે કહ્યું કે, મુક્તિ મિશન તો ભારતીય સ્ત્રીનું બાળ-મગજ (Brain Child) છે, જે ભારતીય સ્ત્રીના વિશ્વાસ પર ચાલે છે. આમ મુક્તિ મિશને સ્ત્રી સ્વાતંત્ર્યની જ્યોત જલાવી અને અન્ય સ્ત્રીઓ માટે કેળવણીનાં દ્વારો ખોલી નાખ્યાં છે.

ઇ.સ.૧૯૨૨માં પંડિત રમાબાઇ સ્વર્ગવાસી થયાં. એમનું જીવન એક મીણબત્તી સમાન હતુ, જે બીજાંઓને માટે સળગી ચૂક્યું હતું! પંડિતા રમાબાઇના છેલ્લા શબ્દો આ હતા: 'જેણે મને તેની સેવાને માટે વાપરી છે તે તમને પણ વાપરી શકે છે!!!

# અંધત્વની આધારશિલા : ડૉ. તુલસી.......

*'ચાલો, થોડું માણસ માણસ રમીએ;*
*નમીએ ખમીએ, એકબીજાને ગમીએ.'*

દક્ષિણ ભારતમાં આવેલ પ્રાચીનોમાંયે પ્રાચીન મહાનગરી મદુરા યાને મદુરાઇ છે. હજારો વર્ષોથી દેશ વિદેશના પ્રવાસીઓ, યાત્રીઓ તથા પર્યટકોનો પ્રવાહ અસ્ખલિત વહેતો રહ્યો છે. નવાઇની વાત તો એ છે કે, મદુરાઇમાં હિન્દુ તેમજ ખ્રિસ્તી સાધુસંતો પોતપોતાનાં મંદિરોનું દર્શન કરીને કૃતાર્થ થાય છે. મદુરાઇનું જગપ્રસિધ્ધ મીનાક્ષી ટેમ્પલ છે.(આ લેખકે જાતે અન્ય મારાં ભૂતપૂર્વ તાલીમાર્થીઓની સંગાથે મનભર રીતે જોયેલું છે, નિરીક્ષણ કર્યું છે; એટલે અહીં તેનું પ્રસ્તુત વર્ણન પ્રાપ્ત છે.) એની સ્થાપત્યકળા ને શિલ્પકૃતિઓ અદ્ભુત છે. આ ભવ્યતા ભવ્ય મંદિરના વિશાળ પ્રાંગણમાંથી પસાર થયા બાદ તમે ભીતરની કળા કારીગરી જોઈને દંગ થઇ જાવ છો ! કેટલીયે નકશીકામવાળી રાતા આરસપહાણવાળી સુંદર થાંભલીઓમાંથી (એને ઠપકારતાં)સંગીતના મધુર સ્વરો નીકળે છે. આ ભવ્ય મંદિરમાંના ભક્તજનો એમાં ભજનકીર્તન કરી ભાવ વિભોર થઇ જાય છે.

બીજી તરફ પ્રાચીન ખ્રિસ્તી મંદિરો પ્રભુ ઇસુ ખ્રિસ્તના વફાદાર શિષ્ય સંત થોમા, આ જ પ્રદેશમાં શહીદ થયેલા એટલે સેંકડો વર્ષોથી અહીં જ માર્થોમા ચર્ચ, સિરિયન ચર્ચ હજીયે ચુસ્ત ખ્રિસ્તી મંડળીઓમાં મધુરાં સ્મરણો કરાવે છે. તદ્ઉપરાંત, અન્ય પરદેશી સ્થાપિત મંડળીઓ, મિશનેરીઓ દ્વારા ઊભા કરાયેલા ગ્રીકસ્થાપત્ય કળાના ભજનસ્થાનો મદુરાઇમાં મોજુદ છે; જેવાં કે સેંટ પિટર્સ ચર્ચ;(કેથેડ્રલ), સેંટ એન્ડ્રુઝ ચર્ચ, એન્ગ્લીકન ચર્ચની સાથોસાથ મેથોડિસ્ટ ચર્ચ, ચર્ચ ઓફ સાઉથ ઇન્ડીઆ(સી.એસ.આઇ.) ચર્ચ, ચર્ચ ઓફ ધ બ્રધરન, અમેરિકન મિશન, પેન્ટીકોસ્ટલ ચર્ચ, ઇવેન્જલિકલ મિશન ચર્ચ વગેરે પ્રભુ ઇસુ ખ્રિસ્તની મંડળીઓનું પ્રતિનિધિત્વ ધરાવે છે. આમ મદુરાઇ મહાનગરી હિંદુ તેમ જ ખ્રિસ્તી ધર્મની ઉદ્દાત ભાવનાઓનું સુભગ સામ્ય અને સુમેળ સાધે છે. ઇસુ ખ્રિસ્તની કરૂણામય સંસ્થાઓ અહીં જ પાંગરી છે. શું આ આશ્ચર્યજનક નથી ? - જયખ્રિસ્ત

જો તમારા ચિત્તમાં ઇસુ ખ્રિસ્તની કરૂણા ઉભરાતી હોય અને અંધજનો માટે કશુંક કરવાની તાલાવેલી જન્મી હોય તો તમે દક્ષિણ ભારતમાં મદુરાઇ સ્થિત અરવિંદ આઇ. હોસ્પિટલમાં પહોંચી જાઓ. જો તમારે આ હૉસ્પિટલમાં સ્વયંસેવક તરીકે સેવા આપવી હોય તો સંસ્થાને જણાવો. એક અઠવાડિયું ત્યાં કામ કરી જુઓ અને ત્યાંનાં અગ્રગણ્ય ડૉ.તુલસી તમારે માટે કામ કરવાની જગ્યા શોધી કાઢશે. ડૉ.તુલસીને લોકો 'ડૉ.વી' કહે છે.

સવારના છ(૬) વાગે તો તમે જોશો તો સેંકડો ગ્રામવાસીઓ ખૂબ જ સસ્તા અને નહિવત ખર્ચે આંખની સારવાર કરાવવા માટે કતારમાં ઊભા હશે. હૉસ્પિટલની બાજુના વિભાગમાં અંધજનો કે અંધતાને આરે આવી ચૂકેલા દર્દીઓની લાંબી કતાર લાગેલી હોય છે; સાથે હોય છે એમનાં મિત્રો, સગાવહાલાં, સર્જરીની માત્ર દશ(૧૦) મિનિટ લાગે અને ઑપરેશન પછી દૃષ્ટિ મળી જાય!

ડૉ.તુલસીનાં બહેન પણ એક તેજસ્વી સફળ આંખના સર્જન છે. છ(૬) કલાકની રોજની સર્જરી પછી તેઓ નર્સોને સંગીત અને ધ્યાન(યોગ)શીખવે છે. ડૉ.વી.નું એક સુંદર સંસ્કારી કુટુંબ છે. તેઓ પ્રેમથી ચર્ચા વિચારણા કરે છે. ડો.વી. એમના પરિવારની આદરણીય વ્યક્તિ છે. અંધત્વ નિવારણ માટે દુનિયાનું સૌથી મોટું માન ડૉ.વી.ને મળ્યું છે!

અહીંના ગ્રામવાસીઓ માટે તેઓ મુખી અને અગ્રણી છે. તો હૉસ્પિટલ માટે 'ચીફ' છે ! આખીયે સંસ્થાનું તેઓ સંચાલન કરે છે. કરૂણાથી ભર્યાભર્યા હૃદયથી, એમના સ્મિતથી, એમના પ્રેમભર્યા શબ્દોથી અને એમની મૌન હાજરી સુદ્ધાં !!!

ડૉ.વી. કહે છે કે આજે આપણા દેશમાં એકસોત્રીસ લાખ (૧,૩૦,૦૦,૦૦૦) અધ..ધ..ધ! લોકો વિનાકારણ અંધ છે!!! ડૉ.વી દૃઢતાપૂર્વક કહે છે કે, અરે, માને છે કે, 'પ્રશ્નોના નિરાકરણ માટે માત્ર બુધ્ધિ અને શક્તિ પૂરતાં નથી.' એની સાથે કંઇક રચનાત્મક કાર્યનો આનંદ આવશ્યક છે. તમે તમારી અંદરની વિશુધ્ધ પ્રેરણાને એવી રીતે વહેવા દો છો તો, તમારી કલ્પના કરતાંય વિશેષ કાર્યસિદ્ધિ તમે સાધી શકશો.

ડૉ.વી. અને એમનો સ્ટાફ વર્ષના બાણુ બજાર(૯૨,૦૦૦)મોતિયાનાં ઓપરેશનો કરે છે. અને આઠ લાખ પચાસ હજાર (૮,૫૦,૦૦૦) બહારથી આવનારા દર્દીઓને સારવાર આપે છે. એનો અર્થ એ થયો કે, રોજના ત્રણસો (૩૦૦)ઓપરેશન્સ અને બે હજાર આઠસો(૨,૮૦૦) દર્દીઓને તપાસવાના !

શું આપણે ડૉ.વી. પાસેથી આવી ઉદાત ભાવના ન ઝીલી શકીએ ? ધન્ય ધન્ય છે ભારતની એ સુપ્રસિદ્ધ કલ્યાણકારી મહાનગરી મદુરાઇને!!

## સંતની પ્રાર્થનાનું અદ્ભુત પરાક્રમ

પંજાબના રહીશ સાધુ સુંદરસિંગ એક મહાન સંત થઇ ગયા. એક વખત તેઓ હિમાલયના શીત પ્રદેશમાં થઇને એકલા મુસાફરી કરી રહ્યા હતા, ત્યારે એક ભયંકર લુટારુ સામે મળ્યો. એ તો સાધુ સુંદરસિંગને પોતાના રહેઠાણ(ગુફા) આગળ લઇ ગયો. રાત્રે લુટારુ જાણે કે ઢોંગ કરતો હોય એમ એમની પાસે સૂઇ ગયો. સાધુ સુંદરસિંગને આવી વિપરીત પરિસ્થિતિમાં ઊંઘ ક્યાંથી આવે?! એટલે તેઓ તો ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરવા લાગ્યા. કારણ, એમને ઇસુ ખ્રિસ્તની સંગત મળી હતી!

સવાર થઇ અટલે લુટારુએ સાધુ સુંદરસિંગને પૂછયું :"રાત્રે તમે કોની સાથે વાત કરતા હતા" ? પછી એમણે જવાબ આપ્યો : "હું મારા પ્રભુ ઇસુ ખ્રિસ્ત સાથે વાત કરી રહ્યો હતો!" આથી લુટારુને નવાઇ લાગી ને પૂછી જોયું, "તમારો પ્રભુ કોણ છે?" લુટારુને પ્રભુ વિશે જાણવાની ઇંતેજારી થઇ.

પછી સાધુ સુંદરસિંગે ઇસુ ખ્રિસ્તના બોધ વિશે, ચમત્કારો વિશે અને ક્રૂર વધસ્તંભ પર માનવજાતના કલ્યાણ તથા પ્રેમ વિશે ખૂબ જ સ્વસ્થતાથી સમજાવ્યું. સાધુએ વધુમાં કહ્યું કે, "ઇસુ ખ્રિસ્તે જ મારું આખું જીવન બદલી નાખ્યું છે !"

હવે, લુટારા સાધુ સુંદરસિંગને પોતાની અંગત જગા-ગુફા આગળ લઇ ગયો. એણે સાધુજીને એક ઊંડો ખાડો બતાવ્યો. અરે, એમાં એમણે શું જોયું ? ખાડામાં તો ઢગલાબંધ હાડકાં અને માનવીની ખોપડીઓ વેરવિખેર પડયાં હતાં. લુટારુની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો જેવાં આંસુ નીકળી પડયાં અને ગદ્ ગદ્ કંઠે કહ્યું, "સાહેબ, આ બધાં હાડકાં ને ખોપડીઓ તમે જુઓ છો ! એ તો મેં મારી નાખેલા માનવીઓનાં છે. તમારો પ્રભુ મને મારાં અપકૃત્યો માટે માફી આપશે ?" સાધુ સુંદરસિંગે લુટારુ પ્રત્યે સહાનુભૂતિ અને પ્રેમ દર્શાવ્યો. એમણે કહ્યું. "મારા પ્રિય મિત્ર, હિંમત રાખો.....હું તમને સૂચના આપું છું તે પ્રમાણે કરી મહેરબાની કરીને પ્રભુબાપને વિનંતી કરો અને કહો કે, "અરે મારા સ્વામી! હું સાચું કહું છું કે આ બધાં પુરુષો તથા સ્ત્રીઓને મેં મારી નાખ્યાં છે. મહેરબાની કરીને આવા મારા ગાંડપણ અને હત્યારા આત્મામાંથી મને છોડાવો. મનુષ્યોને મારી નાખવાનો વિચાર મારામાંથી દૂર કરો. ઓ પ્રભુ મને નવું હૃદય, પ્રેમાળ અને નમ્ર દિલ આપો અને મને આ મહાપાતકમાંથી મુક્ત કરો. હવે મેં જાણ્યું છે કે પ્રભુ ઇસુ ખ્રિસ્ત મારે માટે પણ મરણ પામ્યા છે; મારું હૃદય તમારી પરમ શાંતિથી ભરપૂર કરો, હવે મેં જાણ્યું છે કે પ્રભુ ઇસુ ખ્રિસ્ત મારે માટે પણ મરણ પામ્યા છે."આમ કહીને પશ્ચાતાપી લુટારો નાના બાળકની માફક રડવા લાગ્યો. તે જ દિવસથી એનું જીવન બદલાઇ ગયું !!!

બીજે દિવસે એણે પોતાનો પોષાક ફેંકી દઇને સુઘડ અને સ્વચ્છ કપડાં પહેર્યાં અને ટેકરી પરથી ખીણમાં સાધુ સુંદરસિંગ સાથે નીચે ઊતરી આવ્યો. ગામના લોકોએ એને તરત જ ઓળખી કાઢયો કે એ તો ભયંકર ત્રાસવાદી, લુટારો ને ખૂની છે. એક મોટુંમસ ટોળું એની આસપાસ ફરી વળ્યું. બીજાઓએ પથ્થરમારો શરૂ કર્યો. તરેહ તરેહના લોકો એકીસાથે બૂમ પાડી ઊઠયા, "સાહેબ, આ માણસે મારા બાપને મારી નાખ્યો છે, મારી દીકરીને ઘાતકી રીતે છૂંદીને મારી નાખી છે. હવે અમે એને છોડવાના નથી. અમે એનો બદલો પૂરેપૂરો લઇશું."

કિન્તુ લુટારો શાંત રહ્યો. પ્રાર્થનાવાદી સાધુ સુંદરસિંગે વચમાં પડીને એને મહામહેનતે બચાવી લીધો. જ્યારે તે ટોળામાંથી બહાર આવ્યો અને રસ્તે ચાલવા લાગ્યો ત્યારે સાધુ સુંદરસિંગે પૂછયું, કે લોકો તમને શાપ આપતા હતા તોયે તમે કેમ ગુસ્સે ના થયા? એ તો બહુ નવાઇની વાત કહેવાય!" લુટારાએ જવાબ આપ્યો , "સાહેબ મને પણ સમજાતું નથી કે હું શા માટે શાંત રહ્યો. જો મારામાં ઘાતકીપણાનો આત્મા આવ્યો હોત તો મેં બધા જ વિરોધીઓને મારી નાખી એમનો નાશ કર્યો હોત. હું સમજી શકતો નથી કે મારામાં શાંતિ, સહનશીલતા, અને ધીરજ ક્યાંથી આવ્યાં ?"

પ્રભુ ઇસુ ખ્રિસ્ત એ માટે જગતમાં આવ્યા કે તે પેલા ભયંકર લુટારા જેવા નિર્દય ને નાસ્તિક લોકોનાં જીવનો સંપૂર્ણપણે બદલી નાખે; એમને પ્રભુ ઇસુ ખ્રિસ્ત જેવા પ્રેમાળ, ઉપયોગી ને આશીર્વાદિત પાત્રો બનાવે.

# મધર ટેરેસા : પડકારયુક્ત પારદર્શકતા

"The Love a Person shows towards man, is the measure of His Love for God." મતલબ, જે કોઈ વ્યક્તિ અન્ય પુરુષ કે સ્ત્રી પ્રત્યે જે પ્રેમ દર્શાવે છે એ તો ઈશ્વર પ્રત્યેના પ્રેમનો માપદંડ (Measure) છે.

**એક મહાન સાધ્વી સંતશ્રીનો અરૂણોદય :** આલ્બેનિયામાં જન્મેલી આગ્નેસ (Agnes) એક સુંદર છોકરી હતી, ઈ.સ.૧૯૧૦ માત્ર દસ(૧૦)વર્ષની વયે પિતાશ્રીનું પિતૃત્વ ગુમાવ્યું. તો બીજી તરફ એનાં વહાલસોયાં માતુશ્રીએ પ્રભુબાપની બીકમાં ઉછેરી. એટલું જ નહિ પણ જનકલ્યાણ પ્રત્યેના વિશ્વાસની વૃદ્ધિ કરી; સામાન્ય તેમ જ દરિદ્રી લોકોને હૃદય સ્પર્શ કર્યો !

જ્યારે જ્યારે કિશોર વયની આગ્નેસને ભારતમાંથી સ્કોપ જે (Skop Je) ચર્ચના સેવાકાર્યો વિશેના રિપોર્ટો વાંચવા મળતા ત્યારે એને ભારતમાં રહીને જ જનસેવા કરવાની તીવ્ર ઉત્કંઠા થતી !

જેઓ એક નક્કી કરેલા દેશમાં રહીને ત્યાંના લોકોની સેવા કરવા ઈચ્છે છે તેઓને ઈશ્વર તેમના તારણ માટે પ્રાર્થના કરવાની દોરવણી પણ આપે છે. તેનું મધર ટેરેસા એક જવલંત ઉદાહરણ છે ! માત્ર બાર(૧૨)વર્ષની કુમળી વયે એણે ઈશ્વરસેવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું! અને લોરેટો (Loreto) રોમન કેથોલિક ચર્ચમાં સિસ્ટર તરીકેની દીક્ષા લીધી. ત્યાર પછી એમને આયર્લેન્ડના રાટબર્નહામ(Ratburnham) ની કેથોલિક સંસ્થામાં વિશિષ્ટ તાલીમ માટે મોકલી આપવામાં આવ્યા, નવેમ્બર ૧૯૨૮.

બીજે જ વર્ષે તેઓ ભારતના સૌંદર્યધામ દાર્જિલિંગની શાળાના ભૂગોળ વિષયના શિક્ષિકા બન્યાં. તેમના સાચા અને ખુશમિજાજી શિક્ષણકાર્યની વિદ્યાર્થીઓ પર કાયમી સુંદર છાપ પાડી. ઈ.સ.૧૯૪૪માં તેમને શાળાનાં આચાર્યપદે મૂકવામાં આવ્યાં. શિક્ષણકાર્યમાં એમને સતત પ્રેરણા આપનાર મિશનરી વાને હતાં. એમણે જ સિસ્ટર ટેરેસાને ઈશ્વરની ઈચ્છા શોધવામાં મદદ કરી. આખરે રોમન કેથોલિક ચર્ચની પ્રણાલિકા(રિવાજ) પ્રમાણે ૧૬મી સદીના એક સાધ્વીસંતના નામ ઉપરથી એમનું નામ ટેરેસા પાડવામાં આવ્યું.

મધર ટેરેસાને સંત ફ્રાંસિસ ઓફ અસિસીએ શીખવેલી પ્રાર્થના ખૂબ જ ગમતી અરે ફેવરીટ હતી !

કિન્તુ કેથોલિક સાધ્વીઓના મઠમાં શાંતિપૂર્વક અને સલામતીથી રહેવાનું ટાળીને તેઓ એમાંથી બહાર નીકળી આવ્યાં અને જેઓ તજાયેલાં હતા તેઓ પ્રત્યે અનુકંપા દર્શાવી !

**કેટલીક હૃદયસ્પર્શી ઘટનાઓ :** એક દિવસ એક માણસને જીવનમરણની સ્થિતિમાં ઝોલાં ખાતો દીઠો. એ જીવવા માટે ભારે સંઘર્ષ કરી રહ્યો હતો એટલે દયાસાગર ટેરેસા એને હૉસ્પિટલમાં લઈ ગયાં. એમણે ડૉક્ટરોને આગ્રહપૂર્વક વિનંતી કરતાં કહ્યું, "જ્યારે એ જીવતો હતો ત્યારે એના જીવનમાં આનંદ નહોતો.... તો હવે આપ સાહેબો એને સુખમાં મરવા દો !"

બીજે પ્રસંગે, એમણે એક અતિશય વૃદ્ધ બાઇ જોઇ. એ તો મરણની અણી પર આવી ગયેલી હતી; શરીર કીડાઓથી ખદબદતું હતું અને બેન્ડીકુટસ (Bandicuts) ના રોગથી પીડાતી હતી એટલે મધર ટેરેસા એ વૃદ્ધાને ઘરડાઘરમાં લઇ ગયાં અને તાત્કાલિક સઘન સારવાર કરી!

**આખું જગત મધર ટેરેસાની કદર કરે છે :** અમેરિકા (U.S.A.)ના અગાઉના પ્રમુખ જોન એફ. કેનેડીએ એક વખત કહ્યું હતું કે મેં જ્યારે, મધર ટેરેસાને નજરો નજર જોયાં ત્યારે હું ધ્રૂજી ઊઠ્યો !! યેમન અખાતના આરબ અગ્રગણીએ જ્યારે મધર ટેરેસાનાં સેવામય કાર્યો જોયાં ત્યારે એમણે અખાતી રાજ્ય પરત્વે છસો(૬૦૦)વર્ષ જૂનો પ્રતિબંધ(ખ્રિસ્તી સેવા પરનો) ઉઠાવી લીધો અને મધરને પોતાના વર્ચસ્વ હેઠળ સેવાકાર્ય કરવાની પરવાનગી આપી !!!

જ્યારે ઇથોપિયાને મુસ્લિમ રાષ્ટ્ર તરીકે જાહેર કરવામા આવ્યું ત્યારે ત્યાંની સરકારે બીજી બધી ખ્રિસ્તી સેવાઓ ઉપર અંકુશ મુકીને માત્ર મધર ટેરેસા સિવાય બીજાં ખ્રિસ્તી સેવક સેવિકાઓને દેશમાંથી હાંકી કાઢ્યાં. નવાઇની વાત તો એ છે કે, આવાં અનેક સેવાકાર્યોને લીધે એમને પચાસ(૫૦)જેટલા મંજૂરીપત્રો, એવોર્ડો અને પ્રશસ્તીઓ મળ્યાં જેનો હિસાબ નથી!!

મધર ટેરેસા કહે છે કે, 'જે સેવાકાર્યો ઇશ્વરથી મુદ્રિત થયેલાં છે તેને માટે સાધનોમાં કાંઇ કમી નથી રહેતી.' અને આ તો એમણે ૧૬૯ શાળાઓ, ૧૩૬૯ સ્વાસ્થ્ય કેન્દ્રો (Health Care Centres) અને ૭૫૫ આશ્રમો (homes) સ્થાપિત કરીને કરી બતાવ્યું ! જ્યારે પત્રકારો એમને પૂછે છે કે, આટલી બધી આશ્ચર્યકારક વૃદ્ધિ કેવી રીતે થઇ ? એમનો ચોટદાર જવાબ એ હતો કે, **"ઈસુ."** જ્યારે ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત નહેરૂએ કોલકતાના મધર ટેરેસાના આશ્રમની મુલાકાત લીધી ત્યારે મધરે એમને ઇસુ ખ્રિસ્તનું લોહી નીગળતું વધસ્તંભનું ચિત્ર બતાવીને કહ્યું, **"મારા સ્વામી, મારા પ્રભુ છે !** એમના મુખમાંથી વારંવાર નીકળતો શબ્દ **"ઇસુ"** હતો !!!

મધર ટેરેસા તો ભારત દેશને આપેલો પ્રકાશ છે. જ્યોતિ છે ! આ સાધ્વી સંત બાઇ એવાં હતાં કે એમણે પોતાના મુલાકાતીઓને કદી'ના' કહી નથી; એટલું જ નહિ પણ એમના પોતાના હસ્તે લખેલા નિમંત્રણપત્રોમાં એમની એક જ નેમ (desire) હતી કે, **ગરીબો ઇશ્વરને જુએ !!!**

આ મહાન સન્નારીને માટે આપણે ઇશ્વરનો એટલા માટે આભાર માનીએ છીએ કે એમણે ઇસુ ખ્રિસ્તના વધસ્તંભને ઊંચો કરવાની કિંમત ચૂકવી દીધી છે. જ્યારે આખું જગત વિલાસ અને દુર્ગતિમાં ડૂબી ગયું હતું ત્યારે.

ચાલો, આપણે આપણાં મસ્તકો નીચાં નમાવીએ, એમના પડકારયુક્ત જીવન માટે, એમનાં સેવાકાર્યોની સંપૂર્ણતા માટે અને આપણે પણ એમના જેવું જીવન સાર્થક સમર્પિત જીવન જીવીએ !!!

# પ્રજ્ઞાચક્ષુ- બધિર હેલન કેલરની આશ્ચર્યકારક ચેતાશક્તિ!

અમેરિકાના આલ્બામા રાજ્યના તસ્કીમ્બિઆ શહેરમાં કેપ્ટન આર્થર અને કેથેરાઇન દંપતીને ત્યાં એક બાળિકાનો જન્મ થયો; નામ પાડ્યું હેલન.

હેલન ૧૮માસની થઇ ત્યારે તેના પર બ્રેઇન ફીવરનો હુમલો થયો, જેથી તેની આંખ, કાન અને જીભની શક્તિઓ છીનવાઇ ગઇ. કુટુંબ પર દુઃખનાં વાદળ ઘેરાઇ આવ્યાં. માતપિતાનું કાળજું કકળી ઊઠયું. માતા તો લગભગ બેહોશીની સ્થિતિમાં હતી, પણ પિતાએ ધૈર્ય ધર્યું. પત્નીને પ્રેમથી પાસે બેસાડીને કહ્યું : 'કેથરીન! ઇશ્વરે આપણી કસોટી કરી છે એમ માનીને પ્રાર્થના કરીએ અને બળ મેળવીએ. પરિસ્થિતિનો સ્વીકાર કરી લઇએ. અમથું કલ્પાંત કરવા કરતાં જરા વિચારીએ. હાથ જોડીને બેસી કેમ રહેવાય?!' ફૂલ જેવી કુંવરી હેલન માટે પૈસાનાં પાણી કર્યા એને પગનાં તળિયાં ઘસી નાખ્યાં. અરે કેપ્ટન આર્થર મટીને માત્ર પિતા જ રહી ગયા!!આખરે એમને એમની વ્યથાનો ઉત્તર બોસ્ટન શહેરમાંથી સાંપડયો.

બોસ્ટનમાંના પરકિન્સ ઇન્સ્ટીટયુટ ઑફ બ્લાઇન્ડમાં અધ્યાપિકા કુ.એન.સુલિવાનની સારવાર હેઠળ દુઃખિત (કુટુંબ) દંપતીએ હેલનને મૂકી દીધી. આ દિવસ હતો ૩, માર્ચ ૧૮૮૭; કુ. હેલનનો બીજો જન્મદિવસ ! કુ.સુલિવાને અસીમ મમતા અને અપાર સહાનુભૂતિ પૂર્વક હેલનને તાજી શોધાયેલી બ્રેઇલ લિપિ શીખવી. હવે એને બ્રેઇલલિપિ પારખતાં અને અંગ્રેજી મૂળાક્ષરો લખતાં આવડી ગયું. કિન્તુ બહેરાશને કારણે 'વૉટર'(Water)શબ્દ બોલતાં જ તેણીને ત્રણ વર્ષની તપશ્ચર્યા કરવી પડી. એને બોલતી કરવા માટે બહેરા-મૂંગાની શાળાનાં આચાર્યા કુ. સારા કુલરે પણ મદદ કરી. શબ્દોચ્ચારની તાલીમ લઇ ધીમે ધીમે નાનાં નાનાં વાક્યો બોલવાના પ્રયત્નો કરીને વાતચીત કરવાનું પણ શીખી લીધું !

વળી ચોમાસાની સુંદર સૃષ્ટિનો પ્રત્યક્ષ સ્પર્શ કરીને એને તેની અનુભૂતિ કરાવવા હેલનને બોસ્ટન લઇ જવામાં આવી. ત્યાંની સમ દુઃખી છોકરીઓ સાથે ઇતિહાસનું શિક્ષણ આપતાં કુ. સુલિવાને કહેલું. "મેં ઘણાં આનંદી બાળકો જોયાં છે, પરંતુ આ હેલનના જેવો તેજોમય ચહેરો કદી જોયો નથી !!"

સોળમે વર્ષે હેલનને કોલેજનું શિક્ષણ મેળવવા માટે હાવર્ડની એક સંસ્થામાં પાયાનું જ્ઞાન અપાવ્યું. અરે, મેળવ્યું પણ ખરું. વીસમે વર્ષે તેણીએ રેડફિલક કોલેજમાં પ્રવેશ મેળવ્યો. અદભુત સ્મરણશક્તિને કારણે આ નેત્ર વિનાની નેત્રીએ અન્ય વિદ્યાર્થીઓ કરતાં વધુ ગુણ મેળવી બી.એ.ની ડીગ્રી પ્રાપ્ત કરી ! તેનો યશ તેને સમજાવનાર અને શીખવનાર કુ.સુલિવાનની જહેમત અને નિષ્ઠાને પણ છે.

વિખ્યાત અમેરિકી લેખક માર્ક ટવેઇને ૧૯૧૦માં એક એવું વિધાન કર્યું હતું કે, '૧૯મી સદીના નેપોલિયન પછી હેલન કેલર' અસાધારણ તાકાત ધરાવતા અસામાન્ય બીજી વ્યક્તિ છે. બોલવાની, જોવાની અને સાંભળવાની શરીરની ત્રણેય મહત્વની ઇન્દ્રિયોથી વંચિત આ

દુર્બળ કન્યાની હિંમત, ધ્યેય તેમ જ નિશ્ચલ બળના પરાક્રમી જીવનની એક **મહાન યશોગાથા** એટલે હેલન કેલર !!!

ટેલિફોનના શોધક ગ્રેહામ બેલ સાથે તેણીને ઓળખાણ કરાવનાર એક ડૉક્ટરે એનાં માતપિતાને કહલું કે "હજાર હાથવાળો ઈશ્વર માનવીઓની શક્તિઓ ઝૂંટવી લે છે, અને બીજી બાજુ એથી સવાયું આપે છે પણ ખરા !" આ વિધાન હેલન માટે સાચું પડયું. પોતાની સુંવાળી ચામડીને પોતાનાં આંખ-કાન બનાવી કુ. હેલન કેલરે સ્વપ્રયાસે અદ્‌ભુત શક્તિઓ સંપાદન કરી હતી. એ કહેતી હતી કે : "ચહેરા કરતાં પણ માણસ હાથથી ઓળખાય છે."થોડી મુલાકાત પછી માત્ર હસ્તધૂનનથી તે આ વ્યક્તિને ઓળખી શકતી નથી; પરંતુ જ્યારે તેમના મોં પર એક આંગળી અને ગાલ પર અંગૂઠો રાખી તેમનું કથન સમજી હેલન તેમની સાથે વાતો કરી શકતી ! કુ. હેલનને અંગ્રેજી ઉપરાંત, લેટિન અને ફ્રેન્ચ ભાષાનું જ્ઞાન પણ હતું. સાહિત્ય, નાટક, સિનેમામાં પણ રસ હતો. તેમણે પોતાની માર્ગદર્શિકા સુલિવાનની જીવનકથા ટીચન એન. સુલિવાન મેકી, આઉટ ફેર ડાર્ડ, 'માય રીલિજીયન, મીસ ટીમ, લેટસ હેવ ફેઈથ અને પોતાની આત્મકથા' 'ધ સ્ટોરી ઓફ માય લાઈફ' એન્ડ 'ધ વર્લ્ડ આઈ લીવ ઈન' જેવા ગ્રંથો લખ્યા હતા. આ પુસ્તકોની માંગ ઘણી રહેતી. એટલું જ નહિ પણ તેણીનાં પુસ્તકોના અનુવાદ(ભાષાંતર) વિશ્વની અનેક ભાષામાં થયેલાં છે.

કુ. હેલન કેલરે પોતાનું સમગ્ર જીવન(આયુષ્ય)અપંગોની સેવામાં સમર્પિત કર્યું હતું. પોતાના જીવનદ્વારા નિરાશા અને દુર્બળતા અનુભવતા લેખો લખી અપંગોને પ્રેરણા આપી હતી. એમાં તેઓને મદદરૂપ પણ થયાં હતાં. અમેરિકાની કોંગ્રેસની ધારાસભામાં અપંગોને ખાસ સગવડો આપવાના ખાસ કાયદાઓનો અમલ કરાવ્યો હતો. આવી વિશિષ્ટ સેવાઓ અમેરિકા સિવાય બીજે ક્યાંય નથી. આ પ્રવૃત્તિ માટે નાણાં એકઠાં કરવા એમણે વખતોવખત પ્રયાસો અને પ્રવચનો કર્યા હતા. અંધો માટેના ફાઉન્ડેશન સ્થાપવા માટે દશ(૧૦)લાખ ડૉલરનો ફાળો એકત્ર કરવા બદલ ઈ.સ.૧૮૩૧માં કુ. હેલનનું વિકટોરિયન રિવ્યુનું 'એચિવમેન્ટ પ્રાઈઝ' મળ્યું હતું ! પોતે શ્રીમંત ન હોવા છતાં પાંચ હજાર(૫૦૦૦)ડૉલરની રકમ એમણે દાનમાં આપી દીધી હતી. પોતાના જીવન પર આધારિત ફિલ્મ તૈયાર થવા દેવા માટે પણ તેમણે આ જ પ્રકારની સંમતિ આપી દીધી હતી. આમ તેમણે અપંગોમાં રહેલી અખૂટશક્તિ અને પ્રવૃત્તિ ક્ષમતાનો પ્રચાર દુનિયાની પ્રદક્ષિણા દ્વારા કર્યો હતો! છેલ્લો પ્રવાસ તેમણે ૭૪વર્ષે કર્યો હતો !

કુ.હેલન કેલર અપંગોની દયા ખાવાની વૃત્તિને મોટો શત્રુ ગણતાં હતાં. તેઓ કહેતાં 'મારો જીવન માર્ગ ભલે અપંગોને કે બીજાઓને અંધકારમય લાગે, પરંતુ મારા હૃદયમાં જે અજબનો પ્રકાશ છે, તેથી જ મારો માર્ગ પ્રકાશિત બને છે!!' તેમની અદ્‌ભુત જીવનની સિદ્ધિનું રહસ્ય તેમના આ સત્ય કથનમાં રહેલું છે. તેઓ આગળ એમ પણ કહે છે કે, 'મારું જીવન સુખમાં પસાર થયું છે કારણ કે મને વિશ્વના મહાન પુરુષોની મૈત્રી મળી છે. મારી

મર્યાદાઓથી હું કદી નિરાશ થઇ નથી. એંશી(૮૦) વર્ષની વયે તેઓ રોજ દસ કલાક કામ કરતાં. પત્રોના જવાબો બ્રેઇલ લિપિમાં આપતાં, માસિકો પ્રસિધ્ધ કરતાં. એમને સરકારોનાં ચંદ્રકો ને પારિતોષિકો મળ્યાં હતાં. પાછળથી તેમની ફિલ્મનું બ્રોડવેમાં રજૂ થયું હતું. (ધ મિરેકલ વર્કર). એ નાટક હતું.

## નાનકડી બાલિકાનું મોટું પગલું..........!

ચાર વર્ષની વયે આઇસીસ જોન્સને એક મોટું પગલું ભર્યું, અને એણે એના ખ્રિસ્તી સમાજ પર મોટો પ્રભાવ પાડયો! એક દિવસ ટી.વી. પર ઇથોપિયાનાં ભૂખ્યાં બાળકોનું દશ્ય જોયું. જોતાં જ એનું હૃદય ભરાઇ આવ્યું.

'દાદીમા, આપણી પાસે ગઇ કાલે બચેલુ એક ચીકન છે. આપણે એ બાળકોને મોકલી શકીએ'?

'બેટી આઇસીસ, ઇથોપિયા તો ઘણું દૂર છે આપણે એમને ચિકન કેવી રીતે મોકલી શકીએ? એ તો બગડી જાય!'

'તો પણ દાદીમા, ન્યૂઓર્લિયન્સમાં પણ ભૂખ્યાં બાળકો હશે જ,' 'હા, બેટી છે જ.' 'તો પછી ગઇ કાલનું ચિકન એમને મોકલી આપીએ તો?' આઇસીસે દાદીમાને કહ્યું.

પછી તો એનો વિચાર સુવાસની માફક ફેલાઇ ગયો! દાદીમાએ અને પૌત્રીએ આ વાત એમના પડોશીને કરી અને ભૂખ્યાં બાળકો માટે ખાવાનું એકઠું કરવા માંડયું. ઘરની બારીમાં એક બોર્ડ મૂક્યું અને ભૂખ્યા લોકોને માટે ખાવાનું આપવા જણાવ્યું. લોકોએ એમને ખાદ્ય પદાર્થો આપવા માંડયા અને જોતજોતામાં આઈસીસનું ઘર ખાવાની વસ્તુઓનું ગોડાઉન બની ગયું. આઇસીસ અને એનાં દાદીમાએ નાતાલ પહેલાં/અગાઉના શનિવારે એ બધું ખાવાનું આપી દેવાનું નક્કી કર્યુ.

સાલ્વેશન(મુક્તિફોજ) આર્મીએ એ બધું લઇ જરૂરત કુટુંબોને પહોંચતું કરવા વિનંતી કરી. હજારેક (૧૦૦૦) જેટલી સામગ્રી ભેગી થઇ હતી જે એમણે સેંકડો માણસોમાં વહેંચી દીધી.

આમ વાત ફેલાતી ચાલી અને ટી.વી.ની એન.બી.સી. ચેનલના નાઇટ ન્યૂઝમાં બતાવવામાં આવ્યું. લોકોને નવાઇ લાગી. ચાર વર્ષની બાલિકાને આવા વિચાર આવે અને આટલું બધુ કરી શકે?! ઠેર ઠેરથી આઇસીસ અને એનાં દાદીમા પર ફોન આવવા લાગ્યા. સાચે જ લોકોને મદદરૂપ થવું હતું. કેટલીક ચીજ વસ્તુઓ ખરીદવા માટે પૈસા પણ આવ્યા.

બીજે વર્ષે આઇસીસને નાની મોટી તેરસો(૧૩૦૦) સામગ્રી મળી; અને સાલ્વેશન આર્મીના સાત(૭) માણસો એ બધું ટ્રકમાં ભરવા માટે મોકલવા પડયા. દર વર્ષે વધુ ને વધુ મળતું ગયું.

લુઝિયાનામાં વાવાઝોડું થયુ ત્યારે આઇસીસે સોળસો(૧૬૦૦)થી વધુ કપડાં રેડક્રોસની સંસ્થાને વહેંચવા માટે એકઠાં કરી આપ્યાં હતાં.

આઈસીસ હવે મોટી થઈ છે. એની અંતરની ઈચ્છા ડૉક્ટર કે શિક્ષક બની લોકોને મદદરૂપ થવાની છે.

એ કહે છે : "તમે કોણ છો અને ક્યાંથી આવો છો તેનું કાંઇ મહત્વ નથી. બસ, માત્ર કોઈની કાળજી લેવાનું શરૂ કરો અને એમ જરૂરિયાત મંદોની સંભાળ લેવાથી આપો આપ પરિવર્તન શરૂ થશે!!!"

## વિકલાંગ મફીબોશેથ પ્રત્યે અમીદૃષ્ટિ!

હરકોઇ વ્યક્તિ જે અંગત-સાચા મિત્ર (True Friend) થી વંચિત રહી જાય છે. તેનું સમગ્ર જીવન ચોતરફથી મુશ્કેલીઓ વડે નિતાંત ઘેરાઇ જાય છે. આ હેરતભર્યા કથનની પૂર્તિમાં અરે!સાબિતીરૂપે હિબ્રૂભાષામાંથી એક મજેદાર કિન્તુ વિચારયુક્ત કહેવત (Proverb) અંગ્રેજીમાં ઊતરી આવી છે તે, આ નૂતન વર્ષે આપણને ઘણું બધું કહી જાય છે : 'A man without his right hand is most miserable even though his left' hand has remained intact; મતલબ, મિત્ર વિનાનો માણસ જમણા હાથ વિનાના ડાબા હાથ જેવો છે!

ખુમારીભરી પણ સર્વ રીતે આશીર્વાદિત ઈઝરાયેલ પ્રજાના ઈતિહાસમાં વિકલાંગ મફીબોશેથની કહાની આરંભનો એક યાદગાર સીમાસ્તંભ (mile stone)ઊભો કરી દે છે.

પવિત્રશાસ્ત્રમાં ૧ શમૂએલ ૧૮:૩માં દર્શાવેલી મહાન દાઊદ રાજાની મૈત્રી (friendly relationship) વિશેની વાત આપણ સૌને એક ગૌરવભર્યુ અનુકરણીય ઉદાહરણ પૂરું પાડે છે : 'પછી યોનાથાને તથા દાઊદે કોલકરાર કર્યા કેમકે તે (દાઊદ)તેના પર પોતાના પ્રાણસમાન પ્રીતિ રાખતો હતો!' આવો કોલકરાર કર્યા પછી યોનાથાન વચ્ચેની દિલોજાન દોસ્તી બરાબર જામી ગઇ. ત્યારે તો દાઊદ ઈર્ષાખોર શાઊલ રાજા તરફથી આવતી ક્રૂર સતાવણીનું કેન્દ્ર બની ચૂક્યો હતો. એટલી હદે કે દાઊદને દેશનિકાલ થવાના સમાચાર સાંપડયા. મગરૂબી શાઊલ રાજા અને મિત્ર યોનાથાન ઈઝરાયેલ સામેના યુદ્ધમાં માર્યા ગયા. (૨ શમૂએલ ૧)

પરંતુ જયારે દાઊદ રાજાનો અભિષેક થયો ત્યારે તેણે યોનાથાન સાથે કરેલો કરાર સંપૂર્ણ રીતે લક્ષમાં લીધો અને દાઊદે કહ્યું, 'શું શાઊલના કુટુંબનું હજી કોઇ રહ્યું છે? કે યોનાથાનની ખાતર હું તેના પર કૃપા દેખાડું?'(૨ શમૂએલ ૯:૭)

હવે, દાઊદના દુશ્મનોમાંથી બચી ગયેલો કેવળ યોનાથાનનો પુત્ર મફીબોશેથ હતો કે જે લોદ-બારની ગુફામાં સંતાઇ ગયો હતો અને બીકનો માર્યો (રાજા દાઊદથી)સંતાતો ફરતો હતો એટલું જ નહિ પણ જયારે દાઊદ તેને ચાકરોની મારફતે પોતાના વૈભવી મહેલમાં તેડી મંગાવ્યો ત્યારે મફીબોશેથ રાજાની હજૂરમાં થર થર કાંપતો હતો! રખેને, રાજા દુશ્મનાવટનો બદલો લઈને તેને મારી નાખે!!

કિન્તુ, દેવથી અભિષિક્ત થયેલ રાજા દાઊદની ઉદારતા અદ્‌ભુત હતી. દાઊદે મફીબોશેયને કહ્યુ કે, 'બી મા, કેમકે તારા બાપ યોનાથાનની ખાતર હું નક્કી તારા પર કૃપા

કરીશ અને તારા દાદા શાઉલની સઘળી જાગીર હું તને પાછી આપીશ અને તું હંમેશા મારી મેજ પર ભોજન કરજે.' (૨ શમૂએલ ૯:૧)

એમ મફીબોશેથ યરૂશાલેમમાં રહ્યો. કેમકે તે (હંમેશાં)હવે રાજાની મેજ પર જમતો હતો અને તે બંને પગે લંગડો હતો!!(૨ શમૂએલ ૯:૧૩)

શું આપણે આપણા સતાવનારાઓ પર અરે, પૂર્વગ્રહો રાખનારા પર મહાન રાજા દાઊદની જેમ નિસ્વાર્થ પ્રેમ દાખવી શકવા શક્તિમાન થયા છીએ ?!!? તો ચાલો, આપણે આજે મર્હૂમ ગીતકર્તા જોસેફ સ્ક્રીવન તેમજ ભાષાંતર કરનાર સૂર્યપ્રકાશ સાથે ઉમળકાભેર ગાઈએ : - (ભ.સં.નં.૨૦૫)

"ઈસુ જેવો મિત્ર કોણ છે?
જેને કહીએ શોક ને પાપ;
કેવો મોટો હક કે આપણે
કરીએ અરજ પ્રભુ બાપ,
આહા! કેટલી શાંતિ ખોઈએ,
વળી વેઠીએ અમથા ત્રાસ!
કેમકે બધી ચિંતા લઈને,
જતાં નથી ઈસુ પાસ"

## એક ભલા- નમ્ર આયરીશ મિશનરી

જેઓ માત્ર તરેહતરેહનાં ગુલાબોની ખેતી કરે છે તેઓનાં શરીરો સુદ્ધાં સૌંદર્ય તેમજ સુગંધથી ચકચકિત થઈને મહેંકી ઊઠે છે! એટલે જ ઈશ્વરભક્ત દાઊદે સાચે જ ગાયું છે કે, 'જેઓ તેનો કરાર તથા આજ્ઞા પાળે છે, તેઓને માટે તેઓના સર્વે માર્ગો કૃપા તથા સત્યતાથી ભરેલા છે.'(ગીતશાસ્ત્ર ૨૫: ૧૦)

ઈશ્વરપિતાની મહાન કૃપા તથા તેના અગમ્ય ઈરાદાઓ પ્રમાણે મારા સર્વાંગીણ ખ્રિસ્તમય જીવનનું ઘડતર જે મંડળીમાં થયું તે તો એ **સૂરત સોનાની મૂરત મધ્યેની મૂગલીસરાની આયરીશ પ્રેસબિટેરિયન મંડળી હતી!** આધારભુત માહિતી અનુસાર ઇ.સ.૧૮૧૫માં લંડન મિશનરી સાહેબોઃ કલાર્કસન અને ફાઈવી સૂરત આવી પહોચ્યા. એમની તનતોડ મહેનત, સાહસ અને પ્રાર્થનાઓના પ્રત્યુત્તરરૂપે મુગલીસરાનું પ્રભુમંદિર અને મિશન સ્કૂલની શરૂઆત થઈ. લંડન મિશનરી સોસાયટી દ્વારા તેમનું કાર્યક્ષેત્ર સૂરત ખાતે આયલૉન્ડની આયરીશ પ્રેસબિટેરિયન મંડળીને સુપ્રત કરવામાં આવ્યુ. તે સમયે બંગલો, છાપખાનું, ભવ્ય પ્રભુમંદિર, હાઈસ્કૂલ અને ખાસીવાડી હતી. સૂરત મિશન પ્રેસને કારણે સૂરત મધ્યે સુવાર્તા તેમ જ મંડળીનું કાર્યક્ષેત્ર ખૂબ પ્રસિદ્ધિ પામ્યું.

આ જ સુવર્ણકાળ દરમિયાન આ લેખકને ચાર મિશનરી મહાનુભાવોનું સાનિધ્ય આરક્ષણ (મિશન હૉસ્ટેલમાં)અને કેળવણી વિષયક લાભો પ્રાપ્ત થયા; જેમનો હું આજીવન ઋણી છે! :

(૧) રેવ.જે. રોજર્સ સાહેબ : સારાયે પ્રેસને પ્રગતિને પંથે દોરનાર. સૂરતની મંડળીના સૌમ્ય સંચાલક હતા (૨) રેવ. આર.એસ.ડીકીસાહેબ : સૂરત-ભરૂચ જિલ્લાના સુવાર્તિક કેન્દ્રોના ઉંચેરા વિધાયક હતા. (૩) રેવ.એચ.પી.ક્રોમી સાહેબ : ખૂબ જ મિલનસાર, ઉદાર અને સમાજમાંની ગમે તેવી વ્યક્તિ સાથે આત્મીયતા સ્થાપી શકે એવા. (૪) રેવ.ડબ્લ્યુ. ઈ.કર્કપેટ્રિક સાહેબ : જેમનું લખાણ મોતીના દાણા સમાન તો ખરું પણ ઘણું જ આકર્ષક હતું! સ્વભાવે ખેલદિલીવાળા, રમૂજી હોવાથી મંડળીમાં નાનાં-મોટાંને ક્રિકેટ, ફૂટબોલ જેવી વિલાયતી રમતો રમાડતા. તેઓએ અવનવી આશ્ચર્યકારક યોજનાઓ અમલમાં મૂકેલી જેમકે, મારી જન્મભૂમિ પ્રાંતિજમાંનું હાલનું ધર્મનિષ્ઠ ને સંનિષ્ઠ પાળક રેવ.આલ્બર્ટ કાર્પેન્ટર સાહેબની નિશ્રા હેઠળ ચાલતું 'જીવન દ્વાર'એમની મિશનરી કાર્યસિદ્ધિનું સંસ્મરણીય પ્રતીક છે.

ઉપરોક્ત તેમજ ત્યાર પછીના ગુજરાત કાઠીઆવાડ, ભૂજમાં આવતા તમામ મિશનેરીઓ આયર્લાન્ડ ખાતેની બેલફાસ્ટની ઈશ્વરવિદ્યાશાળામાં સઘન તાલીમ લેતા. અને ત્યાર પછી જ તેમની નિમણૂક મુખ્ય સુવાર્તિક કેન્દ્રોમાં થતી. વળી બ્રિટીશ સત્તા હેઠળ મિશનેરીઓને સુવિધાજનક બંગલો, નોકર ચાકર, ઘોડાગાડી, વાહનો વગેરે પૂરા પાડવામાં આવતાં. તેઓનું સ્થાન બ્રિટીશ ગોરા અમલદારો જેવું જ માનવંતુ હતુ! દિલ્હી, મુંબઇ, મદ્રાસ, કલકત્તા જેવાં મહાનગરોમાં રાજકીય ઉત્સવો પ્રસંગે મિશનેરીઓને ગવર્નર, કલેકટર, ન્યાયાધીશ સાથે પરેડમાં તેમ જ ભોજન સમારંભમાં અગ્રસ્થાન આપવામાં આવતું. મતલબ, પ્રત્યેક મિશનરી વૈભવી જીવન જીવી શકતા.

ઇ.સ.૧૯૪૦માં સૂરતની મંડળીમાં એક નૂતન જીવનશૈલીવાળા અપરિણીત યુવાન મિશનરીની નિમણૂક થઇ. તેઓ ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, આયર્લાંડ અને વેલ્સના ભક્તિશીલ ખ્રિસ્તી યુવાનોમાં ચાલતી ઝુંબેશ(ક્રુઝેડ)ના સભ્યો હતા. આ સંસ્થા નૈતિક શસ્ત્રસજ્જતા તરીકે ઓળખાતી, જેનો મુખ્ય કાર્યક્રમ શાંતસમય અને સિદ્ધાંતો નીચે મુજબના હતા. (1) Absolute : Purity : સંપૂર્ણ શુદ્ધતા (2) Absolute Love : સંપૂર્ણ પ્રેમ (3) Absolute unselfishness : સંપૂર્ણ નિઃસ્વાર્થીપણું અને (4) Absolute Honesty : સંપૂર્ણ પ્રામાણિકતા.

એ નવા નક્કોર આવેલા મિશનરી સાહેબને સુવિધાજનક બંગલામાં રહેવાનું હોવા છતાં નોકર ચાકર વગર પણ ચલાવી લેતા. મતલબ, અંગત કામ પણ એકલા હાથે કરતા. પ્રત્યેક દિને વહેલી સવારે મંડળીના ઉત્સુક યુવાનો કે મંડળીના સભ્યો સાથે શાંત સમયની સભા ભરતા અને બાઇબલ વાચનના સંદર્ભમાં ઉપરોક્ત ચાર(૪) સિદ્ધાંતો-નિયમો અનુસાર પ્રાર્થનામાં આવતા આત્મસંયમી વિચારોની નોંધ પોતપોતાની ડાયરીમાં લખી લેવાનું કહેતા. આ રીતે દરેકને આધ્યાત્મિક આનંદ મળતો. ઇસુ ખ્રિસ્તના વિચારોને-વચનોને મોકળો માર્ગ મળતો. કેવો અનેરો આનંદ ? કેવી મનની શાંતિ ?

સભા પૂરી થયા બાદ ચા-પાણી નાસ્તાની વ્યવસ્થા જાતે કરતા. વિદાય વખતે ખુલ્લા દિલથી સભ્યોને બીજે દિવસે અન્ય મિત્રોને સાથે લાવવાનું નિમંત્રણ આપતા. ઉપરાંત, જરૂરિયાતમંદોને યોગ્ય માર્ગદર્શન તેમ જ મદદ આપવા હમેશાં તૈયાર રહેતા. આ મિશનરી સાહેબની આવી અતિશય નમ્રતાવાળી ઉદાર રહેણી કરણી નીતિરીતિને લીધે બીજે જ વર્ષે આયર્લાંડની માતુશ્રી મંડળીએ એમને પાછા બોલાવી લીધા.

## સહનશીલતાનો શૂરવીર : જોસેફ મુસાકા

*સહનશીલતા રે, ઘણેરાં કષ્ટની કાર્યકારી,*
*થંભે જડિયા ખ્રિસ્ત ઈસુને, પાપની ભીંસ ભારી.*

The Blood of a Martyr is the Foundation Stone of the Christian Church at large; એટલે કે, ખ્રિસ્તી શહીદનું રક્ત સર્વાંશે ખ્રિસ્તની મંડળીનો પાયારૂપ પથ્થર બની જાય છે.

પ્રાચીનોમાંયે પ્રાચીન અંધારિયો આફ્રિકા ખંડ. હાલનો યુગાન્ડા પ્રદેશ. ચિત્રવિચિત્ર પ્રકૃતિ ને રીતરિવાજવાળા લોકો એમાં વસે. ઈ.સ.૧૯૬૪માં નામદાર પોપ છઠ્ઠાએ યુગાન્ડાના ૪૦(ચાલીસ)શહીદોએ ખ્રિસ્તની ખાતર કરેલી કુરબાનીને લીધે એ બધાને ખ્રિસ્તી સંતો તરીકે જાહેર કર્યા હતા. એટલું જ નહિ પણ તેઓને પ્રભુ ઈસુ ખ્રિસ્તે અરણ્યમાં ૪૦(ચાલીસ)વર્ષના એમાંના દીર્ઘ પ્રવાસ સાથે સરખાવ્યા હતા. એમાંનો એક જોસેફ મુસાકા હતો. આજે આપણ સહુને માટે એનું જીવન વૃત્તાંત પ્રેરણાદાયી ને અનુકરણીય છે. એ હકીકત છે.

વર્ષો પહેલાં, યુગાન્ડાની બુગાન્ડા પ્રજા પર કાબોકો નામનો ઘણો જ આપખુદ અશ્વેત રાજા રાજ કરતો હતો. સમગ્ર યુગાન્ડાની પ્રજાને એ પોતાનું શરીર અને આત્મા ગણતો. બુગાન્ડા જાતિના લોકોમાં બહુ પત્નીત્વનો રિવાજ હોવાથી રાજા કાબોકોને પણ ઘણી સ્ત્રીઓ હતી. કિન્તુ યુરોપીઅન મિશનેરીઓના આગમન પછી એ સુધર્યા ખરો અને ફક્ત એક સ્ત્રી રાખી; પોતાની બહેનોને એણે રાજકુમારીઓનું અલાહિદું પવિત્ર સ્થાન આપ્યું.

આ બુગાન્ડા પ્રજાએ મિશનેરીઓ તેમ જ પાદરીઓ પાસેથી ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ સાહજિક રીતે લીધું. પરંતુ કાબોકાના મરણ બાદ વારસદાર તરીકે નાની વયના રાજકુમાર માવાન્ગા ગાદીએ આવ્યો. એના દરબારમાં અગાઉ નીમાયેલો અંગત મદદનીશ જોસેફ મુસાકા ઉચ્ચ હોદ્દા પર ચાલુ રહ્યો. જોસેફે બાપ્તિસ્મા લીધેલ એટલે માવાન્ગાએ પણ એની સલાહ લેવા માંડી. એટલું જ નહિ પણ અન્ય ધર્મસેવકો પ્રત્યે સહિષ્ણુતા ને ઉદારતા દાખવી.

એવામાં એક નવા બિશપ ઇન્ગાન્ડથી (એંગ્લીકન) માવાન્ગાના દરબારમાં આવ્યા. આથી રાજાને ભય પેઠો કે મારી મુગાન્ડા પ્રજા પરની સર્વ સત્તા છીનવી લેશે અને અમને બ્રિટીશ ગોરી પ્રજાના ગુલામ બનાવશે. જોસેફ મુસાકાએ જયારે એ જાણ્યું ત્યારે એણે યુવાન રાજકુમાર માવાન્ગાને કહ્યું. "આપના પિતાશ્રી મુનુસાએ ગોરા મિશનેરીને કદી

પણ મારી નંખાવ્યો નથી તો પછી આપ નવા પધારેલ એન્ગ્લીકન બિશપને શા સારુ મારી નાખવા ચાહો છો?" કિન્તુ આ સ્વચ્છંદી અને દુરાગ્રહી રાજાએ અંગત સેવક જોસેફ મુસાકાની સલાહ ધ્યાનમાં લીધી નહિ. અને બીજે જ દિવસે એ બિશપની ક્રૂરહત્યા કરાવી નાખી.

કેટલોક સમય વીત્યા બાદ રાજાએ જોસેફને અદાલતમાં રૂબરૂ બોલાવ્યો. અને એના પર બેફામ આક્ષેપો મૂક્યા. ઉલટાનું કહ્યું, 'મેં તને વારંવાર મના કર્યા છતાં તેં મારા લોકોને ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ આપવાનું ચાલુ રાખ્યુ છે. વળી પાદરીઓને મારી વિરુધ્ધ ઉશ્કેર્યા છે." આટલું કહી રાજાએ મુસાકાને બંદીખાનામાં પુરાવ્યો એટલું જ નહિ પણ મૃત્યુદંડ દેવાનો ઓર્ડર આપી દીધો.

જોસેફ મુસાકાને બહાર લઇ જવામાં આવ્યો, કતલ કરનારાઓ એમની રીત પ્રમાણે કતલનાં શસ્ત્રો તૈયાર કરવામાં મશગૂલ રહ્યા. આ કરૂણાંતિક પ્રસંગે જોસેફની આસપાસ મોં પર ચિત્રવિચિત્ર રંગો લગાવી ભયાનક જંગલી નૃત્ય કરવા લાગ્યા. કારણ કે, બંદીવાનને બાળી નાખવાની આ રીત હતી. અગ્નિદાહની જગાએ મોટી મશાલ સળગાવવામાં આવી. કતલ કરનારનું નામ મુકાજાન્ગા હતું. ઘણો જ ઘરડો પણ અત્યાર સુધીમાં કેટકેટલાની કતલ એણે કરી નાંખી હતી. કિન્તુ જોસેફ પ્રત્યે માન ને દયાભાવ રાખતો હોવાથી કતલ પ્રક્રિયામાં જરા વિલંબ કર્યો; રખેને અસ્થિર મગજનો રાજકુમાર જોસેફ મુસાકાને છોડી પણ દે!

આવી દિલ કંપાવનારી સ્થિતિમાં પણ જોસેફ શાંત અને ગોરવવંત દેખાયો. એણે રાજવી કાબોકો પર છેલ્લો સંદેશો મોકલ્યો : "નામદાર રાજાને કહેજો કે, એમણે મને અન્યાયપણે દેહાંતદંડની સજા ફરમાવી છે. પણ મેં એમને માફી આપી છે. કિન્તુ એ જાણતા નથી કે હું ન્યાયકાળે એમને દેવના ન્યાયાસન આગળ અપરાધી ઠરાવીશ." કોઇ પણ જાતની કડવાશ વગર પૂરી ગંભીરતાથી જોસેફે આ શબ્દો ઉચ્ચાર્યા જે જોનાર સાથીઓને બરાબર યાદ રહી ગયા !

વયોવૃદ્ધ અનુભવી કતલ કરનારા બંદીવાનને અગ્નિદાહની જગ્યાએ લઇ ગયા અને આગ સળગાવી. મદદનીશને ઈશારો કરતાંની સાથે એક વક્ર ધારદાર છરા વડે જોસેફનું મસ્તક ધડથી જુદું કરી નાખવામાં આવ્યું અને ત્યાં જ એના જીવનનો કરુણ અંજામ આવી ગયો. આમ કેથોલિક ખ્રિસ્તી ધર્મ માટે શહીદ થનાર યુગાન્ડાનો અશ્વેત વતની સૌ પ્રથમ જોસેફ મુસાકા હતો! જ્યારે જોસેફના બળેલા મૃતદેહમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા હતા ત્યારે સારાયે રાજ દરબાર પર ગમગીનીનું વાદળ છવાઈ ગયું. જ્યારે કાબોકાને છેલ્લો સંદેશો મળ્યો ત્યારે તરત જ એણે એક બીજા એન્ગ્લીકન મિશનેરી મેકેની ક્રૂર હત્યા કરી નાખી. આ શહીદના મરણનું કારણ એ હતું કે જોસેફે એને ન્યાયકાળે દોષિત ઠરાવ્યો હતો. આ બે શહીદોની રાખને મિશ્રિત કરી કાબોકા એવી આશા રાખતો હતો કે સર્વસત્તાધીશ ને પરાક્રમી ઈશ્વર એના ન્યાયાસન આગળ મને અપરાધી ઠરાવે નહિ.

કિન્તુ જોસેફ મુસાકા યુગાન્ડાની ખ્રિસ્તી પ્રજાનો આગેવાન બની ચૂક્યો હતો! એટલે જ એનો સંદેશો શૂરવીરતા તેમજ પ્રભુ પરના વિશ્વાસથી ભરપૂર હતો. સહનશીલતાની કેવી કરુણાન્તિક પરાકાષ્ટા ?

# વિનમ્રતાના ગૌરવી પંથે..........

પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું, કે "હું તમને ખચીત કહું છું કે જો તમે નહિ ફરો, ને બાળકોના જેવા નહિ થાઓ, તો, આકાશના રાજ્યમાં તમે નહિ જ પેસશો. માટે જે કોઈ પોતાને બાળકના જેવું દીન કરશે તે જ આકાશના રાજ્યમાં સૌથી મોટું છે." (માત્થી ૧૮:૪-૫)

એ મહાન વૈજ્ઞાનિકની માંદગી લંબાયે જતી હતી. માંદગીના બિછાને પણ તેઓ હંમેશાં ખુશમિજાજી જ રહ્યા હતા.

એમને મળવા, ખબર અંતર લેનારા, એમને આશ્વાસન આપવાને બદલે, એમની પાસેથી પ્રેરણા લઈને પાછા ફરતા હતા. વાતવાતમાં પ્રશંસાનાં ફૂલ વેરતાં એક મિત્ર બોલ્યા, "ભાઈ, તમે તો ગજબના નીકળ્યા હોં? કુદરતના વિવિધ નિયમોને અને જ્ઞાનમાં તમે તો એટલા ઊંડા ઊતરીને જગતને ચરણે સિદ્ધાંતોરૂપી અમૂલ રત્નો ધર્યાં છે!! સાચે જ જગતના ઈતિહાસમાં તમારું કાર્ય અરે, સંશોધન અતિ ગૌરવવંતુ લેખાશે!"

મિત્રના આવા અતિશયોક્તિભર્યાં વખાણ સાંભળી એ વૈજ્ઞાનિક જરાયે ફુલાયા નહિ. ખૂબ માંદા હોવા છતાં, સ્વસ્થ ચિત્તે ને સ્વરે જવાબ આપતા બોલ્યા, "ભાઈ, મે જે કંઈ કર્યું છે એમાં ગૌરવની શી વાત!? દરિયા કિનારે રેતીનાં ઘર બાંધીને તોડી દેનારો બાળક કયું ગૌરવભર્યું કામ કરી રહ્યો હોય છે? એ તો ઘર બાંધે છે અને મીઠી નજરે જોઈ રહ્યા પછી તરત જ પોતે બનાવેલું ઘર તોડી ફોડી નાખે છે. વળી પાછો નવા ઘરના નિર્માણ કાર્યમાં ઉત્સાહપૂર્વક કામે લાગી જાય છે. શું એમાં તમને કંઈ પણ ગૌરવ જેવું લાગે છે ખરું ?"

"અરે, મારા વહાલા મિત્ર, આ તો બાળરમત છે. રમતને અને આપના કાર્યને શું લાગેવળગે છે? આપે તો કુદરતના ઘણાબધા નિયમોનું જગત સમક્ષ ઉદ્‌ઘાટન કરેલું છે જેનો જોટો જગતમાં જડવો મુશ્કેલ છે!"

"ભાઈ, હું પણ દરિયા કિનારે રમતા બાળક જેવો છું. મારી જિજ્ઞાસુ દૃષ્ટિ સમક્ષ વૈજ્ઞાનિક સત્યોનો અસીમ અગોચર દરિયો ઘૂઘવી રહ્યો છે, જેમાંથી નાનકડી અંજલિ પણ ભરી શક્યો નથી. પેલા બાળકની માફક હું યે દરિયા કિનારે રમ્યા કરું છું ! ભરતી સાથે ઘસડાઈને કિનારે છુટા છવાયાં વેરાયેલાં રંગીન શંખ-છીપલાં શોધીને હું એકઠાં કરી રહ્યો છું. આ નાના કામને ગૌરવભર્યું કઈ રીતે કહી શકાય ?"

એ મહાન વૈજ્ઞાનિકે આપેલો જવાબ સાંભળીને મિત્ર તો આશ્ચર્યચકિત્ત થઈ ગયા.

મતલબ, એ વૈજ્ઞાનિકની મહાનતા એમના એ નિરાભિમાની જવાબથી અનેકગણી વધી ગઈ હતી.

મહાન વૈજ્ઞાનિક સામે માનભરી દૃષ્ટિ કરીને એ બોલ્યા : 'ભાઈ, અત્યાર સુધી તો તમે શોધેલા નવા નવા સિદ્ધાંતોનો જ એમને અનુભવ થયો હતો. પણ એ સિદ્ધાંતોની શોધ કરતાંય મહાન શોધ મને તમારા દયાસાગર દિલમાંથી સાંપડી છે.એટલે ઈશ્વરે તમને આપેલી સિદ્ધિને ન ગણતાં એમની અપાર દયા તરીકે વિનમ્ર બનીને સ્વીકારી છે. ખરેખર, તમારા

જેવા નિરાભિમાની પુનિત પુરુષ મારા જીવનમાં તેં કોઇ જોયા નથી!' એ મહાન વૈજ્ઞાનિક તરત જ બોલી ઊઠયા : 'મારા પરમ મિત્ર, હવે આપણે વાતનો વિષય બદલીએ તો સારું. કારણ કે, આવી અર્થ વગરની વાતો પાછળ વખત બગાડવાને બદલે કંઇ કામની વાત કરીએ.'

મૃત્યુ પથારીએ પડેલા એ મહાન વૈજ્ઞાનિક હતા સર આઇઝેક ન્યૂટન !!!

## મૂંગી વેદનાનો વાચક

પર્યાવરણનાં પ્રેમીઓને..........

'રે પંખીડાં સુખથી ચણજો,
ગીત વા કાંઇ ગાજો !!' - કલાપી

એ મહાન વૈજ્ઞાનિક રોજ સાંજે ફરવા નીકળતા. એમની સાથે રોજ કોઇ ને કોઇ મિત્ર કે સ્નેહી અવશ્ય જોવા મળતા. એક દિવસ એમના નિકટના મિત્ર સાથે ફરવા નીકળ્યા હતા. આસપાસનું સુંદર વાતાવરણ ને પંખીઓના મધુર કલરવમાં ખોવાઇ ગયા હતા, ત્યાં જ ચાલતાં ચાલતાં એમના પગ થંભી ગયા. રસ્તાની એક તરફ એમણે કોઇ પંખી પડેલું જોયું. ઘાયલ થઇને ડચકાં ખાઇ રહ્યું હતું. એની કરુણ સ્થિતિ જોઇને વૈજ્ઞાનિકનું હૈયું કકળી ઊઠયું! એ પંખીની પાસે જ બેસી ગયા અને એને પંપાળવા લાગ્યા. પંખી સાવ અશક્ત સ્થિતિમાં હતું. ક્યાંક અથડાવાથી ઘાયલ થયું હોય એવું લાગતું હતું.

'મહાશય, આ વળી કયું પંખી છે?! અહીં બહુ જોવામાં આવતું નથી. મિત્રે વૈજ્ઞાનિક પાસે બેસીને પૂછયું. વૈજ્ઞાનિકે ખોબામાં મૂકેલા પંખીને આમ તેમ ફેરવી જોતાં કહ્યું.' તમારી વાત સાચી છે. આ સ્થાનિક પંખી નથી પણ યાયાવર જાતનું પરદેશી પંખી છે, દક્ષિણ અમેરિકાનું પ્રવાસી પંખી હોય એવું લાગે છે! આમ તો આપણે ત્યાં એવાં હજારો પંખી અહીં આવે છે.પણ પાનખર આવતાં પહેલાં પોતાને વતન પાછાં ચાલ્યાં જાય છે.

એમનું પંખી વિશેનું જ્ઞાન જોઇને મિત્ર તો સ્તબ્ધ બની ગયો; નવાઇ ભર્યા સ્વરે પૂછયું, 'પણ પાનખર તો ક્યારનીય બેસી ગઇ છે હજી આ પંખીના........ એક તો ઘાયલ છે ને તેય વળી અશક્ત. મારું અનુમાન છે કે અન્ય પંખીઓની સાથે એ પાછું જઇ શક્યું નહિ હોય. સાથી પંખીઓ ચાલ્યાં ગયાં છે. એટલે એ એકલું પડી અહીં અટવાઇ ગયું છે.' આમ કહીને એ પંખીને લઇને ઊભા થયા ને આગળ ફરવાનો કાર્યક્રમ રદ કરીને ઘર તરફ પાછા વળ્યા. એટલે મિત્રે પૂછ્યું, 'આ પંખીનું શું કરશો? ઘેર લઇ જશો? 'હાસ્તો, એને આમ રસ્તા ઉપર મરવા થોડું જ છોડી દેવાય?' વૈજ્ઞાનિકે એને પંપાળતાં જવાબ આપ્યો. 'એને ઘેર લઇ જઇને પાળવાનો ઇરાદો છે કે શું?' મિત્રે હસતાં હસતાં પૂછ્યું.

વૈજ્ઞાનિક મહાશય મલકાયા અને બોલ્યા : 'ના ભાઇ એને પાળવામાં વાંધો નથી પણ એનો દેશ છોડાવીને અહીં પરદેશી-પરતંત્ર બનાવવાનો પણ શો અર્થ? અત્યારે તો એની

સારવાર પહેલાં કરવાની જરૂર છે. બન્ને મિત્રો વાતો કરતાં કરતાં ઊતાવળે પગલે ઘેર આવ્યા. વૈજ્ઞાનિક મહાશયે પંખીના ઘા ગરમ પાણીથી ધોયા, એના પર દવા લગાડી દીધી પછી ચણવા માટે દાણા નાખ્યા.

આ બધું જોઇ રહેલા મિત્રને ભારે વિસ્મય થતું હતું. એ આ ધૂની વૈજ્ઞાનિકને સમજી શક્યા નહિ. એક બાજુ કહે છે કે, એને પાળવું નથી. બીજી બાજુ એ પ્રેમથી એ પંખીની સેવા સુશ્રુષા કરે છે. એણે મૂંઝવણભર્યા સ્વરે પૂછ્યું : 'આ પંખીને સાજા થતાં ઓછામાં ઓછા બે ત્રણ દિવસ તો નીકળી જશે. એ દરમિયાન બીજાં પંખીઓ ચાલ્યાં ગયાં હશે. પછી એ એકલું અટુલું વતનમાં પાછું જઇ શકશે ખરું ?!'

વૈજ્ઞાનિક બોલ્યા, 'ખરું પૂછો તો સારું થયા પછી પણ એ સાથી પંખીઓ સાથે એ છેક દક્ષિણ અમેરિકા સુધી ઊડીને પહોંચી શકે એવું લાગતું નથી; કારણ કે, એ ઊડીને આટલું લાંબું અંતર કાપવાની શક્તિ હવે એનામાં જણાતી નથી હવે એનું શું કરવું એ વિચારવું પડશે.' આમ થોડીવાર સુધી વાતો કરીને બંને મિત્રો છુટા પડ્યા. ચોથે દિવસે પેલો મિત્ર આવી પહોંચ્યોં. આવતાં જ એને પેલુ યાયાવર પંખી યાદ આવી ગયું. એણે પંખીને શોધવા આમતેમ નજર ફેરવી, પંખી ક્યાંયે દેખાયું નહિ એટલે આવતાં જ ઉત્સુકતાથી પૂછયું, 'મિત્ર, પેલુ પંખી કેમ દેખાતું નથી ? ઉડાડી મેલ્યુ કે શું?' 'ના ભાઇ, એ સાજું થઇ ગયું હતુ; પણ મેં તમને પહેલાં જ કહેલું કે ઊડીને પોતાને વતન પહોંચવાની પાકી સલામત વ્યવસ્થા મેં કરી દીધી છે. અત્યારે એ પોતાના વતનમાં મુક્ત ગગનમાં વિહાર કરતું હશે?!' આટલું કહીને વૈજ્ઞાનિકે એ પંખીને એક છિદ્રવાળી પેટીમાં પૂરીને એના ઉપર દક્ષિણ અમેરિકાના એક ગામનું નામ લખી દીધું હતું ! પેટી એમણે એક એક્સપ્રેસ કંપનીને સોંપી દીધી હતી, જેથી નિશ્ચિત સ્થળે પહોંચીને પેટીમાં પૂરેલા પંખીને મુક્ત કરી દેવામાં આવે.

આમ, દુનિયાને મહાન શોધો આપીને ઉપકૃત કરનાર એ મહાપુરુષ હતા થોમસ આલ્વા એડિસન !!! અને .....આ સાથે નીચેનાં સુવર્ણ સૂત્રો પણ વાંચી જવા સુજ્ઞ વાચકોને વિનંતી છે.

ઘણાં માણસો એમ માને છે કે, શાણપણનો ઇજારો પોતાની પાસે છે. માનવીઓનો આ મોટો ઘમંડ છે અને એ મિથ્યા છે. માણસ વિનમ્ર બનીને જિંદગીમાં પાછળ નજર નાખીને જુએ તો ભૂલોનો ભંગાર વેરાયેલો પડ્યો હશે; જે દિવસે તમે શાણા બનો છો, જે દિવસે તમે તમારી ભૂલ જોઇને હાંસી કરી શકો તે દિવસ જાણી લેજો. તમે નિખાલસ, વિનમ્ર અને વધુ શાણા બન્યા છો.

સજ્જન માણસો રમતમાં પણ જે કાંઇ બોલે છે તે પથ્થર પર લખેલ અક્ષર જેવું છે, એટલે કે કદી ન ફરે તેવું હોય છે, જ્યારે દુર્જન માણસો સોગન ખાઇને બોલે તે પાણીમાં લખેલ અક્ષર જેવુ ક્ષણજીવી ને નિરર્થક છે.

# સુવાર્તિક સંત શિરોમણિ : પ્રેરિત પાઉલ

આશરે ઇસવીસન ૨૦૦૦ વર્ષ પૂર્વે પાલેસ્ટાઇનની પવિત્રભૂમિમાં પ્રભુ ઇસુ ખ્રિસ્તની સાથોસાથ એક રૂપકડું જલ-કમલ પાંગર્યું; જેને આપણે સર્વથા પ્રેરિત પાઉલના સન્માનનીય નામથી ઓળખીશું :-

ઇસુ ખ્રિસ્તના વધસ્તંભે જડાયાના ત્રણેક વર્ષો બાદ એક ઉન્માદી યહૂદી ધર્મચુસ્ત નવયુવાન શાઉલ, વૈભવી દાઉદ નગર- યરૂશાલેમથી પ્રાચીન દમાસ્કસ શહેરના નિર્જન રસ્તા પર જઇ રહ્યો હતો. ત્યારે, એને દિવ્ય દર્શન થયું! એને એવી આશ્ચર્યકારક ગેબી વાણી સંભળાઇ કે, "શાઉલ, શાઉલ, તું મને કેમ સતાવે છે?" (પ્રેરિતોનાં કૃત્યો ૯:૪). આથી આ યુવાન હેબતાઇ ગયા અને સંપૂર્ણ અંધ બનવાથી સાથીદારો એને દોરીને શહેરમાં લઇ ગયા. ત્રણ દિવસ પછી જયારે એ શુદ્ધિમાં આવ્યો અને એની સર્વ ચેતનાશક્તિ ફરીથી જાગૃત થઇ ત્યારે તો શાઉલ નવું માણસ! અહીં! પ્રભુનું પસંદ થયેલ (The chosen Vessel) પાત્ર બની ચૂક્યો હતો !!

આમ, શાઉલની આધ્યાત્મિક ઊથલપાથલથી ખ્રિસ્તી મંડળીના ઇતિહાસમાં ખ્રિસ્તના વિશ્વાસી તરીકે એક મહાન હસ્તીનું યશસ્વી નામ સુવર્ણ અક્ષરે લખાયું! હવે, એણે તરત જ પોતાનું યહૂદી શાઉલ નામ તજી દીધું અને જાહેરમાં લાટિન નામ - પાઉલ જાહેર કર્યું. એણે વિદેશીઓના પ્રેરિત તરીકે ભૂમદય સમૂદ્રની આસપાસના પ્રદેશોમાં ખ્રિસ્તની સુવાર્તાનો જોરશોરથી અરે, બેધડક પ્રચાર કર્યો. જ્યાં કંઇ એ સંચર્યો ત્યાં બધે જ એણે નાની સરખી ગણાતી હિબ્રૂ જાતિને બદલાણ પમાડીને ખ્રિસ્તી ધર્મને વિશ્વધર્મ બનાવ્યો. આજે, પ્રેરિત પાઉલના ખ્રિસ્તમય આદર્શો ઇસુ ખ્રિસ્તના શિક્ષણના પાયારૂપ સિદ્ધાંતો ગણાય છે.

આવો બદલાણ પામેલો પાઉલ એશિયામાઇનોરના તાર્સસ શહેરમાં ઇ.સ. ૫માં જન્મ્યો હતો. આ તુર્કી તાર્સસ શહેર શાંતિપ્રિય હોઇને દુનિયાનું સમૃદ્ધ શહેર ગણાતું, એમાં સુસંસ્કારી શિક્ષણનાં કેન્દ્રો હતાં; વેપાર ઉદ્યોગ અને વિનયન વિકસેલાં હતાં; એમાં યહૂદીઓની ખાનદાન વસાહત હતી, જેના સભ્યો રોમન સામ્રાજયના માનવંતા નાગરિકો હતા.

કિશોર વયનો શાઉલ શરૂઆતથીજ તંબૂ બનાવવાનો ઉદ્યોગ શીખેલો, કુશળ કારીગર હતો. તદ્ઉપરાંત, તેજસ્વી બુદ્ધિવાળો વ્યવહાર કુશળ આગેવાનીભર્યું વિચક્ષણ વલણ ધરાવતો હતો. તેથી એને બાપિકા વેપાર ધંધામાં બિલકુલ રસ નહોતો. હજી તો એ નાની ઉંમરે પહોંચેલો હતો છતાં, એનાં માબાપે એને બેગ બિસ્તરા સાથે યરૂશાલેમના પ્રખ્યાત વિશ્વવિદ્યાલયમાં મોકલી દીધો. ત્યાં એને નામાંકિત ધર્મગુરૂ ગમાલીએલ મળ્યો. તેમ જ તેના ઉપદેશથી ખૂબ જ ઉશ્કેરાઇ ગયેલ કારણ કે ઇસુના અનુયાયીઓ નાઝારી પંથના હોઇને પ્રબોધક મુસાના નિયમ શાસ્ત્રનો છડેચોક ભંગ કરતા હતા. પરિણામે શાઉલ ઇસુપંથીઓનો કટ્ટર દુશ્મન બન્યો. ભારે ધર્મઝનૂનના પ્રતાપે શાઉલે ખ્રિસ્તીઓની સતાવણી કરવાની આગેવાની લીધી. એટલું જ નહિ પણ એમની ધરપકડ કરીને કેદખાનામાં ધકેલી દીધા. અને આપણે અગાઉ જોઇ ગયા તેમ, જયારે દમસ્કના રસ્તા પર નાઝીરીઓને ઘેરી લેવા માટે તૈયારી કરી ત્યારે એનું અજાયબ જેવું બદલાણ થયું !!!

# નાતાલ મહોત્સવ

# નાતાલ મહોત્સવની ઐતિહાસિક ભૂમિકા

વિશ્વ હતું તવ શુષ્ક જો, માનવ મનડું મુંઝાય,
ઈસુ ખ્રિસ્ત અવતર્યા ! આનંદ, આનંદ થાય,
અહા ! હર્ષ રૂદિયે ઉભરાય !!!...વિશ્વ...

તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત ૨૫મી ડિસેમ્બરે નહોતા જન્મ્યા તોપણ, આ તારીખ નાતાલ મહોત્સવના ઉદ્દ્ભવ વિનાની તો નથી જ !

નાતાલનો પ્રારંભિક ઈતિહાસ શોધવા માટે આપણે ઠેઠ 'ઉત્પત્તિ' ના પુસ્તક (અધ્યાય ૧૦-૧૧) સુધીની મજલ કાપવી પડશે. આ શાસ્ત્રોક્ત યાત્રા જેટલી રોમાંચક છે એટલી અર્થપૂર્ણ પણ છે, એટલે કે...

આદમની વંશાવળીમાં તેના દીકરા હામનો પૌત્ર નિમ્રોદ યહોવાની આગળ બળવાન શિકારી હતો, એણે પૃથ્વી પર શિનઆરમાં બાબેલનો બુરજ બાંધવાની શરૂઆત કરી, (ઉત્પત્તિ ૧૦:૯) જોસેફસ નામનો તે સમયનો નામાંકિત યહૂદી ઈતિહાસકાર લખે છે કે નિમ્રોદે યહોવાની સામે બંડ ઉઠાવવાની તીવ્ર ઉત્કંઠાથી બાબેલનો બુરજ બાંધવાનું બીડું ઝડપ્યું. એટલું જ નહિ પણ એને ઈશ્વરભક્ત નૂહ સાથે કરેલા કરાર (મેઘ ધનુષ્ય દ્વારા જળપ્રલયથી દુનિયા-પૃથ્વીનો નાશ હવે પછી થવાનો નથી નો ભંગ કરનારની કુબુદ્ધિ સૂઝી. પરંતુ ઈશ્વરે નિમ્રોદના માણસોને બુરજ બાંધતા અટકાવ્યા અને તેઓને ત્યાંથી વિખેરી નાખ્યા; અને તેઓએ નગર બાંધવાનું મૂકી દીધુ. (ઉત્પત્તિ ૧૧:૮,૯).

નિમ્રોદની મહત્ત્વાકાંક્ષી યોજના વિશ્વની સઘળી પ્રજાને પોતાની હકૂમત હેઠળ લાવવાની હતી. જેમ જેમ તેનું સામ્રાજ્ય વિસ્તાર પામતું ગયુ તેમ તેમ ઈશ્વરભક્ત નૂહ તેમ જ શેમના વંશજો નિકંદનના ભયમાં આવી પડ્યા, તેથી શેમના સંબંધમાં એવું કહેવાય છે કે, તેણે નિમ્રોદની હત્યા કરી નાખી. એના મૃતદેહના ટુકડા આખાયે રાજ્યમાંના મોટા મોટાં નગરોમાં મોકલી આપ્યા. એ માટે કે તેની રહસ્યમય નાસ્તિક બાબેલોનિયન સંસ્કૃતિ (Mystery Religion) અરે, ધર્મપંથો ને રિવાજોનો સદંતર નાશ થાય.

નિમ્રોદના કરુણાંતિક મૃત્યુના થોડા સમય બાદ તેની બિનવારસી પુત્રી (જે પોતાની જ માતા સાથેના લગ્ન સંબંધથી જન્મી હતી) સિરામિસે એક ગેરલાયક ( illegitimate) બાળકને જન્મ આપ્યો (નિમ્રોદના પુનર્જન્મરૂપે) એટલે આ 'માતા અને બાળક' તરત જ વિશ્વના સમગ્ર લોકોમાં આરાધના (ભક્તિ) નું મુખ્ય કેન્દ્ર બન્યાં, આજે આપણે 'કુવારી મરિયમ' અને 'ઈસુ ખ્રિસ્ત' બાળકને નાતાલ પ્રસંગે તરેહ તરેહના ચિત્રોમાં આકર્ષક આકૃતિ કે ડીઝાઈનમાં ક્રિસમસ કાર્ડોમાં સુપેરે નિહાળીએ છીએ. માતા મરિયમ સાથે બાળકના નાનાં મોટાં શિલ્પો અને પ્રતિમાઓ મંદિર કે આંગણાના શણગાર વગેરે રૂપોમાં દશ્યમાન થતાં જોઈએ છીએ ! અને આ તો પુરાતન બાબેલની સંસ્કૃતિ હતી, કહોને કે ધર્મભાવના હતી.

ચીન, જાપાન, તિબેટ જેવા દેશોમાં પણ મેડોના (Medona) ની ઉપાસના ચાલુ હતી, એમ કહેવાય છે કે, નિમ્રોદ પોતાની જન્મજયંતી (તિથિ) દર વર્ષે ઠાઠમાઠથી ઉજવતો. એટલું જ નહિ પણ હરિયાળાં વૃક્ષોનાં લીલાં લીલાં પાદડાંથી પોતાને શણગારતો ! અને જુઓ તો ખરા, આજે આપણે પણ નાતાલના આગમનની સાથોસાથ (૨૫ ડિસેમ્બરે) આપણાં મોંઘાદાટ મકાનો ફ્લેટોમાં અન્ય રાચરચીલાની માયાજાળમાં એવા તો ફસાઈ ગયાં છીએ કે નાતાલ વૃક્ષને (Christmas tree) સારીય નાતાલ ઉજવણીનું અરે, શણગારનું અનોખું સ્થાન બની જાય છે !!

કિન્તુ યાદ રહે, કે ખ્રિસ્તી મંડળીના પ્રાચીન (મૂળ) ઈતિહાસ અનુસાર ઈસુ ખ્રિસ્તના મરણના ત્રણસો વર્ષ બાદ ખ્રિસ્તીધર્મી લોકોની સંખ્યા જૂજ હતી ત્યારે તો એવા નામધારીઓની રોમન સલ્તનત તરફથી ભારે સતાવણી થઈ હતી કે ન પૂછો વાત. એટલામાં એવું બન્યુ કે, ઈસવીસન ૩૧૩માં ઉત્સવો પ્રિય કોન્સ્ટેન્ટાઈન બાદશાહ રોમન રાજ્યની ગાદી પર આવ્યો. તેણે બાપ્તિસ્મા લઈને ખ્રિસ્તી ધર્મનો જાહેરમાં સ્વીકાર કર્યો. (એમ કહેવાય છે કે આ બાદશાહે બાપ્તિસ્મા ઈ. સ. ૩૩૭માં મૃત્યુ સમયે લીધું હતું !. તેણે ડિસેમ્બર માસની ૧૭-૨૩ દરમ્યાન રોમન પ્રજામાં જે આનંદોત્સવો થતા હતા તેમાં આશ્ચર્યકારક સુધારો કર્યો; ઈરાનીઅન રહસ્યમય દેવ મિદ્રા જે ન્યાયનો સૂરજ કહેવાતો હતો તેની ઉજવણીને બદલે ૨૫મી ડિસેમ્બરે ઈસુ ખ્રિસ્તના જન્મદિનની ઉજવણી કરવી. (Christmas) ની શાનદાર ઉજવણી કરવાનો હુકમ પણ બહાર પાડ્યો. જાન્યુઆરી ૧ લી એ (રોમન નૂતન વર્ષ) બાદશાહ કોન્સ્ટેન્ટાઈને સારાયે સામ્રાજ્યમાં નૂતન વર્ષનો જાહેર તહેવાર દાખલ કર્યો. પ્રજાનાં મકાનો લીલાં પાંદડાં અને રોશનીથી શણગારાયાં. બાળકોને તેમ જ ગરીબોને તરેહ તરેહની ભેટો અપાઈ !

શું આ બધા (ખ્રિસ્તી) રિવાજો આજે નાતાલ સાથે સંકળાયેલા નથી ! પરંતુ ઈશ્વર અવશ્ય ઈસુ ખ્રિસ્તને ખાસ મહિમાવંત રીતે યાદ કરાવવા માગે છે. પવિત્ર શાસ્ત્ર સ્પષ્ટ કહે છે કે, 'એ જ પ્રમાણે ભોજન કર્યા પછી "તેણે પ્યાલો લીધો, અને કહ્યું કે એ મારું શરીર છે, મારી યાદગીરીને સારુ એ કરો," (૧ કોરીંથી ૧૧:૪-૨૭)

આમ ઈશ્વર આપણને પ્રભુ ઈસુ ખ્રિસ્તના મરણ (શુભ શુક્રવાર Good Friday) ને ગંભીરપણે યાદ કરવાનું કહે છે, નહિ કે પુરાતન બેબિલોનિયન દેવદેવીઓની આરાધનાના ઉત્સવો પ્રમાણે ૨૫ મી ડિસેમ્બરે જ. જૂના કરારમાં લેવીયના પુસ્તકનો ૨૩ મો અધ્યાય અવશ્ય વાંચશો.

## નાતાલે આટલું વિચારશો ?

(જેઓ પ્રાર્થના કરતા નથી તેઓ માટે)

એક ગ્રામ્ય મંડળીના પૈસાદાર ખેડૂતને કોઈક પ્રતિષ્ઠિત શહેરી ગૃહસ્થ તરફથી મિજબાનીમાં આવવાનું આમંત્રણ મળ્યું. મિજબાનીના વિશાળ ડાઈનિંગ ટેબલ પર ભોજન શરૂ કરતાં પહેલાં બંને હાથ જોડીને આકાશમાંના પિતા સાથે પ્રાર્થના કરવા માટે બધાની વચ્ચે ઊભા થયા.આથી અન્ય મહેમાનોને ખેડૂતની આવી વર્તણૂકમાં નવાઈ લાગી. પધારેલા

મહેમાનોમાંથી એક શહેરી નાગરિકથી ના રહેવાયું એટલે અભિમાનભર્યા અવાજે ખેડૂતની ટીકા કરતા કહ્યું, વહાલા મિત્ર, આપણા નગરજનોમાં તમે જ એકલા એવા છો કે હજુ તમે પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું છે !"

"ના જી," ખેડૂતે નમ્રતાથી જવાબ વાળ્યો, "હું એમ કહેવા નથી માગતો."

"વારુ," પેલા શહેરી સદ્‌ગૃહસ્થ જાણે વિજય પામતો હોય એવા ઘમંડી સ્વરે કહ્યુ, "હા, બની શકે; કદાચ ઘરડા અને પછાત લોકો જ તમારી જેમ પ્રાર્થના કરી શકે !"

"નાજી, એમ પણ નથી," પ્રત્યુત્તર મળ્યો : "જુઓ મારા ઢોરના તબેલામાં એક ગાયને સાત (૭) વાછરડાં છે અને તેઓ પણ પ્રાર્થના નથી કરતાં. માત્ર જાનવરો સિવાય દરેક ખ્રિસ્તી વ્યક્તિ એને દરરોજ મળતા ખોરાક સારુ ઈશ્વરપિતાનો આભાર માને છે અને મારી માફક હાથ જોડીને પ્રાર્થના કરે છે તે જ ઘડીએ પેલો શહેરી ઘમંડી નાગરિક ચૂપ થઈ ગયો !

## હેલી બેથલેહેમનો તેજસ્વી તારલો !!!

આકાશમાંનાં એક નાનકડા તારલાને એવું જાણવા મળે છે કે, ઈશ્વર કોઈક મોટામાં મોટા પ્રકાશિત તારાની પસંદગી કરતા નથી પણ જેઓ તેનામાં સંપૂર્ણ વિશ્વાસ રાખે છે અને તેઓનાં જીવનોમાં કાર્ય કરે છે, તેમને પોતાનું આશ્ચર્યકારક કામ કરવા માટે તેડે છે. આમ હેલી બેથલેહેમના નાતાલની વાત રજૂ કરે છે. આ નાનકડો તારો ઈસુના જન્મની જાહેરાત કરે છે. એટલું જ નહિ પણ પૂર્વના જ્ઞાનીઓને ઈસુનું દર્શન કરવા દોરીને લઈ જાય છે !

"અને દેવે કહ્યું કે, અજવાળું થાઓ ને અજવાળું થયું, અને દેવે તે અજવાળું જોયું કે તે સારું છે." (ઉત્પત્તિ ૧:૩) અને તેના વચન (શબ્દ) પ્રમાણે સૂર્ય, ચંદ્ર અને તારાઓ આકાશમાં ઉત્પન્ન કરવામાં આવ્યા.

દેવ દરેક તારા પર પ્રેમ કરતા હતા અને તે વારંવાર પોતાની હજૂરમાં આમંત્રણ આપતા હતા અને તેઓ જે કાર્ય આકાશમાં કરતા હતા અરે કરી રહ્યા હતા એની વાત તે ધ્યાન દઈને સાંભળતા હતા.

અને ત્યાર પછી એક દિવસે દેવે બધા તારાઓને જાહેરાત કરી અને પોતાની સમક્ષ બોલાવ્યા. એ માટે કે તેઓમાંથી એકને પોતાની ખાસ યોજના માટે પસંદ કરે.

હવે, આતુરતાથી બધા તારાઓ દેવના સિંહાસનની બાજુની એક રૂમમાં એકઠા થયા.

જ્યારે તેઓ દેવને મળવાની રાહ જોતા હતા ત્યારે કેટલાક તારાઓએ આકાશગંગામાં એમેન્ડા નામની તારિકાને જોઈ. બીજા તારાઓની સરખામણીમાં એ તો સૌથી નાની હતી !

"હું ચોક્કસપણે માનું છું કે દેવ તને કદી પણ પસંદ કરશે નહિ, તારાઓમાંના એક સૌથી મોટા તારા તારિકે કહ્યું.

"અને વળી તારી પાંસે દેવને અર્પણ કરવાનું શું હોય ?!" વેડાર નામના બીજા પ્રસિદ્ધ તારાએ કહ્યું.

"હુ હ્યાં એટલા માટે ઉપસ્થિત થયો છું કે એમાં દેવની ઈચ્છા છે, એની મરજી છે." એમેન્ડાએ કહ્યું.

એમેન્ડા દેવના સિંહાસનની બાજુના રૂમમાં ગઈ. તારાઓ કેવી રજૂઆત કરે છે તે જોવા જાણવા માટે.

દેવ રૂમમાં દાખલ થયા એટલે બધા તારાઓ તેનું (ભજન કરવા લાગ્યા)

અને દેવે કહ્યું, "હું મારા એકના એક પુત્રને જગતમાં મોકલું છું. હું તમારામાંથી એક તારાને તેના જન્મની જાહેરાત માટે પસંદ કરીશ.

સિંહાસન પાસેની રૂમમાં જ્યાં બધા તારાઓ ભેગા મળ્યા હતા ત્યાં ભારે ઉત્તેજના વ્યાપી રહી. દેવ તરફથી જે માન અપાવવાનું તે કોને મળશે ?!? એટલે તારાઓમાંનો પ્રત્યેક પોતાની લાયકાત દેવને કહી બતાવવા માટે આગળ આવ્યો.

"હું સારીયે આકાશગંગામાં સૌથી મોટો તારો છું" તારિકે ગર્વથી કહ્યું. "હું પંદર (૧૫) ગ્રહોને તેમ જ સત્તાવીશ ચંદ્રોને મારું અજવાળું આપું છું. હું આપના પુત્રની જન્મની જાહેરાત ખૂબ જ ઉત્સાહપૂર્વક આપીશ."

"ઓહ ! એ તો ઘણી જ અસરકારક વાત કહેવાય !"

દેવે કહ્યું,

પૃથ્વી પરનાં મનુષ્યો મને ઉત્તર ધ્રુવના તારા તરીકે ઓળખે છે. મેં ઘણાં બધા નાવિકોને તેમના નિશ્ચિત સ્થળોએ દોર્યા છે. અને હું બધા મુસાફરોને માટે દીવાદાંડીરૂપ બન્યો છું. તો હવે કહોને કે આપના પુત્રના જન્મસ્થળને નિશાનીરૂપ કોણ બનશે ?!" પોલારિસ નામના તારાએ કહ્યું.

"શાબાશ," દેવે કહ્યું.

"હું સઘળા તારાઓમાં, સૌથી વધુ પ્રકાશિત છું. મારું અજવાળું સારીયે આકાશગંગામાં ફરી વળે છે, આ અતિ અદ્‌ભુત વાત હું માનું છું તેમ ભારે ગર્વથી કહી રહ્યો છું. "સારિસ નામના તારાએ કહ્યું.

"તારી કામગીરી પ્રશંસાને પાત્ર છે." દેવે કહ્યું,

આમ મોટાથી વધુમાં વધુ પ્રકાશિત તારાઓએ દેવની આગળ પોતપોતાની રીતે મક્કમતાથી રજૂ કરી. તેઓ જે આશ્ચર્યકારક કામો સફળતાથી કર્યા હતાં તે કહી બતાવ્યું. "મારા પ્રભુ ને મારા દેવ ! જરા મારી વાત તો સાંભળો." એમેન્ડાએ કહ્યું. એમ કહીને નમ્રતાથી, વિનયપૂર્વક સિંહાસન નજીક પહોંચી ગઈ અને નમન કર્યું !

"મારી આસપાસ આકાશમાંના કોઈ પણ ગ્રહો અથવા તો ચંદ્રો ભ્રમણ કરતા નથી, અને હું કોઈ પણ નાવિકોને તેમને ઘરે પહોંચાડતી નથી. મારાથી અતિઘણા મોટા ને પ્રકાશિત બંધુઓ મારા પ્રકાશને ઢાંકી દે છે. કિન્તુ હું તો આનંદસહિત આપની ઈચ્છાને અનુસરું છું અરે, આધીન થાઉં છું. મારી સર્વશ્રેષ્ઠ શક્તિઓનો ઉપયોગ કરીને, આપ જેવી મને કહો છો

તેવી હું છું અને આપ જે કાંઈ કહેશો તેવી રહીશ.'' એમેન્ડાએ કહ્યું આમ કહીને તેણી નીચા નમીને નમન કર્યું અને સિંહાસનની પાછળના રૂમમાં જતી રહી.

અને જુઓ તો ખરા, સિંહાસનના રૂમની અંદર મહામોટી શાંતિ પથરાઈ ગઈ ! કારણ કે પ્રત્યેક તારાએ એમેન્ડાના શબ્દોને સંપૂર્ણપણે સ્વીકાર્યા હતા.

લાંબા સમયની પ્રશાંતિ પછી આસ્દ્રા કે જે તારાઓમાં સૌથી બુદ્ધિશાળી હતો તે આગળ આવ્યો. તેણે કહ્યું, ''પ્રભુ ! હું આવા એમેન્ડાના માનને, યોગ્ય નથી. મહેરબાની કરીને કોઈ બીજાને પસંદ કરો''

ત્યાર પછી પ્રત્યેક તારો આગળ આવ્યો પરંતુ એમેન્ડા તો શાંત જ રહ્યો !

દેવે કહ્યું, ''એ બધા તારાઓ તો માત્ર પોતાની શક્તિ વિશેની જાહેરાત કરવા આવ્યા. ત્યારે તું તો એમેન્ડા સાચે જ સૌથી મોટો તારલો છે !!!''

''બહુ મહેરબાની, મારા પ્રભુ ને મારા સ્વામી !'' એમેન્ડાએ કહ્યું.

દેવે કહ્યું, ''હવેથી એમેન્ડા, તું હેલી કહેવાશે. તું મારો મહિમા તારો પ્રકાશ પમાડીને રાત્રે આકાશમાં સહુ પૃથ્વી પરના લોકો ઈસુના જન્મને લીધે જય જયકાર કરીને પ્રગટ કરી શકે એવું અભય વચન હું તને આપું છું.

હેલીએ, ખૂબ જ પ્રસન્નતાથી બેથલેહેમની ઉપરના આકાશમાં પોતાનું સ્થાન લઈ લીધું, અને તેણી તો દુનિયાએ કદીપણ દીઠો નહિ હોય એવો સૌથી સુંદર તારલો બની ગઈ !! કારણ કે તેણી દેવને સંપૂર્ણપણે આધીન થઈ હતી. આજે પણ આ એમેન્ડા તારો સૌથી મોટો તારો ગણાય છે !!!

## કેનેથે ક્રિસમસ, કેક કાપી !!

(ચિતરંજન લઘુ વાર્તા) (નામો સદંતર કાલ્પનિક છે)

લંડનથી ફોનની લાંબી રીંગ આવી ! રિસીવર કાને ધરીને માર્ગારિટબહેને કહ્યું, 'હલ્લો.....શુભપ્રભાત ! કેથરીનબહેન !! માર્ગારિટબહેનને પણ કહેવું પડ્યું. માર્ગારિટબહેનને આશ્ચર્ય થયું ! હું હ્યાંના સેટેલાઈટ વિસ્તારમાંથી બોલું છું અને હેલ્લો શબ્દ પ્રયોગ કરું છું... અને તેઓ લંડનથી શુભપ્રભાત કહીને અભિવાદન કરે છે !''

લંડનવાસી જેટલાં પણ ભારતીય, અરે, અમદાવાદી કુટુંબો સાથે પરિચય કેળવાયો એ સૌના અભિનંદનનો પ્રથમ શબ્દ : 'ગુડ મોર્નિંગ નહિ પણ શુભ પ્રભાત હોય છે. ત્યાર પછી જે દૂર દૂરથી ટ્રેઈનમાં, લકઝરી બસમાં કે વિમાનમાં પ્રવાસમાં હોઈએ ત્યારે અથવા તો અમે એમના ઘરે જઈએ ત્યારે આવકારમાં પણ 'શુભ પ્રભાત અને વિદાયમાં' પણ 'આવજો' કહેવાય છે. અને આ તો આપણી ભારતીય સંસ્કૃતિની રીત છે.'

'ચાલો ત્યારે આવજો ગુડનાઈટ, એન્ડ 'શુભરાત્રિ.' આદતવશ માર્ગારિટબહેને કહ્યું.'

'શુભ પ્રભાત !' આમાં વિનય કે રિસપેક્ટની વાત નથી.'

માર્ગરિટબહેને અમને વિગતે સમજાવ્યું, 'અર્થ વગરનું હેલ્લો' બોલવા કરતાં 'માય

ગોડ' શબ્દ હોઠે આવે તો તેમાં શો વાંધો છે ?! આદત પડી ગઈ છે અને પડવા દીધી છે એ જ સારી છે માટે પડવા દીધી છે !'

દર વર્ષે કેથરીનબહેન અને શ્રી ક્રોમવેલભાઈ ભારતમાં એક મહિનો રોકાઈને હમણાં જ લંડન ગયાં, આમ કેથરીનબહેન ધાર્મિક પ્રવૃત્તિનાં તો ખરાં જ. ખાસ કરીને ભજનસંગ્રહમાંનાં ભજનો-ગીતો ગાવાનો અને ગવડાવવાનો ભારે શોખ. પોતે ગાય અને ગવડાવે પણ ખરાં, દર વર્ષે કુટુંબમાં નાતાલ હોંશથી ઉજવીએ. પ્રસંગની એક, કેસેટ જતાં જતાં માર્ગરેટબહેન આપી ગયેલાં ! કેસેટ જોતાં ને સાંભળતાં આનંદી નાતાલના ઉત્સવની ઘણી વાતો અમને સ્પર્શી ગયેલી. પાશ્ચાત્ય ખ્રિસ્તી રહેણી કરણીનું કાંઈક નવું ન અપનાવવા જેવું પણ લાગ્યું !'

આપણે અહીં જેમ કૃષ્ણ જન્માષ્ટમીની જાહેર રજા હોય છે કિંતુ ત્યાં તો રજાઓ મેળવવા જન્મોત્સવ ઉજવવાનો. ત્યાં શનિવારની રજા હોય તેથી શનિવારે રાત્રે જ તે પ્રસંગની ઉજવણી લોકો કરે. ભારત કરતાં બ્રિટનમાં કૃષ્ણકાનુડો ચાર દિવસ પહેલાં જન્મે ? અને કોઈક વાર ચાર દિવસ મોડો પણ જન્મે !

આપણાં ખ્રિસ્તી પ્રભુમંદિરોમાં કે ઘરમાં જાત જાતના કૃત્રિમ ક્રિસમસ તારાઓ વિદ્યુતબલ્બોથી ઝગમગે અને ઝુમ્મરો લટકે, નાતાલવૃક્ષો પણ રોશનીથી શોભી ઊઠે ! આનંદની વાત તો એ કે આ બધાં શણગારનું આયોજન અગાઉથી કરવામાં આવે છે. તેઓ અહીંથી લંડન જતાં પહેલાં નાતાલ ઉજવણીની કેટલીય ચીજવસ્તુઓ ત્યાં લઈ ગયાં છે. નાતાલ ઉજવણીનો કેવો ઉત્સાહ ?!

નાતાલ ઉત્સવ ઉજવે છે એવું મૂળ ગુજરાતીઓનાં કુટુંબો જોડે એક ઊભાં રહે છે. એમને ત્યાંના જ ઈંગ્લીશમેન દીકરી સ્મિતા સાથે પરણ્યો છે અને દીકરો આર્થર ભારતની કેરાલિયન કુડી સાથે પરણ્યો છે ? સૌ સાથે મળીને બે ત્રણ મહિના અગાઉથી નાતાલની તૈયારી કરે.

અમારા કુટુંબમાં તો વિશેષ તૈયારી મિ. એરિકને શિરે ! એમનું કામ પ્રભુમંદિરમાં શણગાર કરવો, લાઈટનીંગની વ્યવસ્થા, આંગણીએ આબેહૂબ નાતાલ દૃશ્ય ઊભું કરવું વગેરે બધી જ જહેમત મિ. એરિકની. એ પણ જોબ પરથી ઘેર આવીને, મોડી રાત સુધી જાગીને તૈયારી કરે. આ પ્રસંગે સસરાજીએ ભેટ આપેલ ફેશનેબલ વસ્ત્રો પહેરે. મિ. એરિકનો એ નાનકડો છોકરો નાતાલ ઉજવાય ત્યારે બધાંને હેપી બર્થ ડે કે હેપ્પી લોર્ડ જીસસ ક્રાઈસ્ટ કહીને ખડખડાટ હસાવે ! એટલે હવે નાનકડા કેનેથે બર્થ ડે ક્રિસમસ કેક કાપી !

આ નાનકડા કેનેથના મનમાં આવી નાતાલ પ્રસંગની ઉજવણીના ઘણા બધા પ્રશ્નો છે, જે આપણે જાણી શકતા નથી. પણ લોર્ડ જીસસનું નામ તો એ જાણે છે. સમજ આવતાં આગળ જતાં એના પ્રશ્નોનું નિરાકરણ પપ્પા મમ્મી કરશે એવું અમે માનીએ છીએ.

જ્યારે એ નાનકડો કેનેથ નાતાલનું દૃશ્ય, ખાસ કરીને માતા મરિયમના ખોળામાં બાળ ઈસુ સૂતેલા જુએ છે ત્યારે બોલી ઊઠે છે 'ઈઝ હી એ સ્લીપીંગ ગોડ ?!' આ બધું પ્રિન્સ કેનેથ કાલી કાલી અંગ્રેજી ભાષામાં બોલે છે. ત્યાર પછી ઘૂંટણીએ પડીને સૂતેલા બાળ ઈસુને પ્રણામ પણ કરે છે !

# નાતાલ ભેટ

નાતાલ નજીક આવી એટલે માર્ટીન પોતાના મજાના ફલેટનો મનભાવન શણગાર કરવાના કામમાં લાગી ગયો. સાંજે બહાર ફરીને ઘરમાં પ્રવેશતા જોયું તો તેને ચોક્કસ એમ લાગ્યું કે જાત જાતના શણગાર કરવા પાછળ જે મહેનત કરી છે તે નિષ્ફળ ગઈ નથી. એટલું જ નહિ પણ આવતી કાલે ચર્ચની ભક્તિસભામાં જવા સારુ જે નવાં કપડાં તૈયાર કર્યા હતાં તે કબાટમાંથી કાઢીને ખૂબ ખુશ થયો ! વળી દિવાળીના તહેવાર દરમ્યાન દુકાનમાંથી ખરીદેલા ફટાકડા સંઘરી રાખ્યા હતા તે સુકાઈ તો નથી ગયાને, તે તપાસવા લાગ્યો. બધું જ બરાબર ને અપટુડેટ હતું. એટલે નાતાલ ઉજવવામાં કાંઈ કમી રહેશે નહિ એનો સંતોષ માન્યો અને માણ્યો પણ.

ઓહ ! આવતી કાલે નાતાલ છે એના મમ્મીએ એમ પણ કહ્યું હતું કે રાત્રે સાન્તાક્લોઝ નાતાલ બાપા આવીને એને એક સારી ભેટ આપશે ! પછી વિચારવા લાગ્યો કે એ તે કેવી ભેટ હશે ? આથી ખુશી આનંદના વમળો એના હૃદયની આસપાસ ફરી વળ્યા. રાત્રિ થઈ ચૂકી હતી. એ તો પપ્પા મમ્મીને ગુડનાઈટ કહીને સૂઈ ગયો અને શાન્તાક્લોઝના સ્વપ્નમાં સરી પડ્યો. ખાસ તો સાન્તાક્લોઝ તરફથી મળવાની ભેટના વિચારો, મગજમાં ઘુમરાઈ રહ્યા.

'હેલ્લો, માર્ટીન ! અહીં મારા તરફ જો'' જ્યાંથી એ ગેબી અવાજ આવ્યો હતો એ દિશામાં જોતાં માર્ટીનની આંખો આશ્ચર્યચકિત થઈ ગઈ ! પોતે શણગારેલા ક્રિસમસ ટ્રીની બાજુમાં એણે સાન્તાક્લોઝને અરે, નાતાલબાપાને નાનીશી મધુર રણકાર કરતી ઘંટડી સાથે ઊભેલા જોયા !

'ઓહ ! સાન્તાક્લોઝ...નાતાલ બાપા...સાચે જ મારી આંખો માની નથી શકતી કે...ખરેખર તમે જ નાતાલ બાપા છો ? માર્ટીને શંકાશીલ દષ્ટિએ પૂછ્યું.

'હા હું એ જ છું. તને નાતાલની સુંદર ભેટ આપવા આવ્યો છું.

'તમે વહાલા નાતાલ બાપા, મારે માટે શું લાવ્યા છો ?' માર્ટીને જિજ્ઞાસાવૃત્તિ પર બ્રેક લગાવતાં કહ્યું. એટલે સાન્તાક્લોઝે એને એક કિંમતી કાંડા ઘડિયાળ ભેટ ધરી. ઘણા વખતથી એવી જ વસ્તુની એ ઇચ્છા રાખતો હતો. માર્ટીન તો સાન્તાક્લોઝને અત્યંત વહાલથી ભેટી પડ્યો.

નાતાલ બાપાએ એને પૂછ્યું, 'માર્ટીન ! આવતી કાલે ઈસુ ખ્રિસ્તનો જન્મદિવસ છે. શું તું ઉજવવા માટે બરાબર તૈયાર છે ?'

'હાસ્તો વળી, તમે અહીં બધે જોઈ શકો છો..નાતાલ વૃક્ષ, તારો અને સર્વ શણગાર ! એ બધું મેં મારા હાથે બનાવ્યું છે. અને અહીં જરા જુઓ તો ખરા ! નવા ડ્રેસ, નવાં સ્લીપર, બૂટ બધું જ તૈયાર છે.'

કિન્તુ સાન્તાક્લોઝે કાંઈ જવાબ આપ્યો નહિ પણ એની સાથે એકીટસે જોઈ રહ્યા.

'શું નાતાલ બાપા, મારે માટે બીજુ કાંઈ લાવ્યા છો ?' માર્ટીન થોડીવાર વિચારમાં પડી ગયો અને અંદરથી ફટાકડા ભરેલી બૉક્સ લઈ આવ્યો.

વહાલા સાન્તાક્લોઝ દાદા ! જુઓને, મેં સાચવી રાખેલા ફટાકડાના ઝૂમખા ! દુકાનદારે મને એમ પણ કહ્યું હતું કે આ ફટાકડા ત્રણ મિનિટ સુધી ફૂટ્યા જ કરશે ! આવતી કાલે જ્યારે હું ચર્ચ સર્વિસ પછી બહાર આવીશ ત્યારે મજાથી ફોડીશ.'

તો પણ સાન્તાક્લોઝે કાંઈ જવાબ આપ્યો નહિ પણ શાંત જ રહ્યા. માર્ટીનને એમ લાગ્યું કે નાતાલ બાપા મારી બતાવેલી વસ્તુઓથી જરાય ખુશ થયા નથી.

"કેમ દાદા ? કેમ શાંત રહ્યા છો ?! શું મારે નાતાલ ઉજવવા માટે બીજી કશી તૈયારી કરવાની જરૂર છે ?

સાન્તાક્લોઝે પ્રેમભરી દૃષ્ટિ કરીને કહ્યું, 'માર્ટીન આપણે નાતાલ શા માટે ઊજવીએ છીએ ?

'અરે નાતાલ બાપા તમે એટલું ય જાણતા નથી ? નાતાલ તો આપણે ઈસુ ખ્રિસ્તના જન્મના ઉત્સવ તરીકે ઉજવીએ છીએ, 'માર્ટીને પ્રત્યુત્તર વાળ્યો.

'શું આપણે કોઈ વ્યક્તિને તેના જન્મદિને ભેટ નથી આપતા ? આપણે કોની વર્ષગાંઠ ઉજવીએ છીએ ?

'હા, જરૂર, આપણે એને જ ભેટ આપવી જોઈએ' તો પછી તે બાળ, ઈસુ માટે અને આપવા સારુ કાંઈ ભેટ તૈયાર રાખી છે ?

માર્ટીન નાતાલ બાપાની આ ટકોર સાંભળીને આશ્ચર્યચકિત થયો, 'તારી પાસે જે કાંઈ હોય તે આપ' સાન્તાક્લોઝે હૃદયસ્પર્શી ભાવથી એની પરીક્ષા કરતાં કહ્યું જે માર્ટીનની સમજમાં બરાબર આવી ગયું. એને હવે ભાન થયું કે ઈસુને જો કાંઈ ભેટ મારે આપવાની હોય તો તે મારું હૃદય છે. મારું આખું જીવન એને સમર્પિત કરવું જોઈએ, માર્ટીન અશ્રુભર્યા નયનોએ ઘૂંટણે પડ્યો અને બોલ્યો 'વહાલા ઈસુજી ! હું તમને તમારા જન્મદિને મારા જીવનનું સ્વાર્પણ કરું છું.' માર્ટીને આંખો ઉઘાડી અને સાન્તાક્લોઝ નજદીક જવાનો પ્રયત્ન કર્યો પણ તેઓ એને જડ્યા નહિ.

'માર્ટીન હવે ઊઠી જા અને ચર્ચ સર્વિસમાં જવા માટે તૈયાર થઈ જા,' મમ્મીએ જરા મોટેથી કહ્યું, જ્યારે એણે આંખો ઉઘાડી ત્યારે તો એને ખ્યાલ આવ્યો કે પોતે હજી પથારીમાં છે અને સાન્તાક્લોઝ સાથે જે વાતચીત થઈ હતી એ તો માત્ર એક સ્વપ્ન હતું !!

એ તરત જ પ્રભુમંદિરમાં જવા માટે તૈયાર થઈ ગયો. 'માર્ટીન, શું તું તૈયાર છે ?' મમ્મીએ પૂછ્યું.

'હા મારાં વહાલાં મમ્મી, હું તૈયાર છું. નાતાલ બાપાએ જે કાંઈ કહ્યું હતું એનો અર્થ સમજીને માર્ટીને ખાતરીપૂર્વક કહ્યું.

હા ! હવે માર્ટીન ઈસુ ખ્રિસ્તનો જન્મદિન ઉજવવા બધી જ રીતે તૈયાર થઈ ગયો છે.

શુ આપણે ઈશ્વરપિતાને જીવનરૂપીભેટ આપવા તૈયાર છીએ ?

# એકવીસમી સદીની પડકારયુક્ત સમસ્યાઓ....

નૂતન વર્ષ ! ઓ, હર્ષ ઘણો, શુભ ચિંતન કરીએ
ગતકાળતણા ઉપકાર સ્મરી, પ્રભુ, કીર્તન કરીએ;
હોશે કૈ દિન દુઃખ કદા, સુખમાં સંચરીએ,
માફ થશે અપરાધ બધા, ઈસુ ગમ ફરીએ !!

"તમે પરિપક્વ તથા સંપૂર્ણ થાઓ અને કશામાં અપૂર્ણ રહો નહિ, માટે ધીરજને પોતાનુ કામ પૂરેપૂરું કરવા દો' (યાકૂબ ૧:૪) અમારા વિનમ્ર ઘરમાંની દીવાલ પર એક રહસ્યમય જંગલ દૃશ્યનું ચિત્ર લટાકાવેલું છે. ચિત્રકારે નીચે સફેદ અક્ષરોમાં અંગ્રેજી ભાષામાં આ પ્રમાણે લખ્યુ છે : Patience : There is no short cut through the Forest of life. અર્થાત્ આપણાં જીવનરૂપી જંગલમાં થઈને આગળ વધવા માટે ધીરજ સિવાય બીજો કોઈપણ ટૂંકો રસ્તો છે જ નહિ. વળી કાંઈક અનામી કવિએ એમ પણ કહ્યું છે કે જંગલમાં થઈને પસાર થતો મુસાફર સ્વાભાવિક રીતે વચમાં આવતાં મનમોહક દૃશ્યો, નદી, નાળાં, સતત વહેતાં નીરવ ઝરણા વગેરેથી આકર્ષાઈને ખોટે રસ્તે ચઢી જાય છે, અને મંઝિલે હેમખેમ પહોંચી શકતો નથી ત્યારે આપણને ઉપરોક્ત મહાન પ્રાર્થનાવાદી ખ્રિસ્તને માટે શહીદ સંત યાકૂબનું ધીરજ વિષેનું અભય વચન અવશ્ય યાદ આવે છે !

આપણા જીવનરૂપી જંગલની અગમ્ય યાત્રા દરમિયાન ઘણા બધા લલચાવનારા પ્રસંગો આવ્યા છે. હા, ખુદ દેવપુત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્તને પણ ત્રણ પ્રકારનાં પરીક્ષણોમાંથી પસાર થવું પડ્યું હતું : (૧) પેટમાં લાગતી સતત ભૂખને કારણે એટલે હાલનો ભૌતિકવાદ, (૨) સત્તાની ભૂખને કારણે એટલે સર્વસત્તાધીશપણાની લાલસા, (૩) શેતાનની આધીનતા સ્વીકારવાને કારણે એટલે દુન્યવી વાનાંઓનો બેફામ ઉપયોગ, કિન્તુ ઈસુ ખ્રિસ્ત આ ત્રણેય કપરી પરીક્ષામાંથી તે પર સંપૂર્ણ વિજય મેળવ્યો અને કહ્યુ કે, 'માણસ એકલી રોટલીથી જીવતું નથી પણ દેવના મુખમાંથી નીકળતા શબ્દ વડે જીવે છે,' (માત્થી ૪:૭:૧૧). આપણે પ્રાર્થીએ કે ઈશ્વરપિતા આ નૂતન વર્ષે આપણને ધીરજનો ગુણ અને શેતાન શત્રુ પર વિજય પામવાનો આત્મા આપે !

નૂતન વર્ષે આપણી સામે કેટલીક પડકારયુક્ત સમસ્યાઓ મોં ફાડીને ઊભેલી જણાય છે; જેમ સંત યાકૂબે દર્શાવ્યુ છે તેમ આપણામાં ધીરજનો સદ્‌ગુણ કેળવે છે.

### ભારતીય રાષ્ટ્રીય કક્ષાએ ધીરગંભીર સમસ્યા

આપણી નામદાર કેન્દ્રીય સરકાર પ્રતિવર્ષ કરોડો અરે અબજો રૂપિયા (ડોલર) નો શસ્ત્રોસરંજામ વિદેશોમાંથી ઊંચા મૂલ્યે અને વ્યાજે ખરીદે છે કારણ કે આપણાં જૂનાં અને ખખડધજ લડાયક શસ્ત્રો ભંગારમાં જાય છે. આધુનિક શસ્ત્રો તો પરદેશમાંથી જ ખરીદાય છે. દુનિયાના આ અતિ વિકસિત અને સમૃદ્ધ દેશો છે. અમેરિકા, રશિયા, ચીન, જાપાન

તેમ જ કેટલાક આફ્રિકન પ્રદેશો. આપણા દેશનું બાહ્ય આક્રમણોથી અરે, સુરક્ષા માટેનું જંગી ખર્ચ આપણી ગરીબ પ્રજાને ઉઠાવવું પડે છે. એટલું જ નહિ પણ ઉપરોક્ત દેશોના આધુનિક શસ્ત્રો તૈયાર કરતી મલ્ટીનેશનલ કંપનીઓ અને નિગમો આપણા સમગ્ર દેશને મોટું બજાર બનાવે છે ! આજે જ્યારે યુરોપીય સંગઠનને લીધે યુરોનું જે નાણાં વિનિમય ચલણ,અસ્તિત્ત્વમાં આવી રહ્યું છે તેથી અમેરિકન ડૉલરનુ પતન નિશ્ચિત છે. અને એમ માનવું અતિશયોક્તિભર્યું તો નથી જ !?!

**સામાજિક કક્ષાએ વર્ગભેદની નીતિરીતિની જટિલ સમસ્યા**

વિશેષે કરીને સમસ્ત ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડના ખ્રિસ્તી સમાજમાં વર્ગભેદનું દુષણ વ્યાપક રીતે સામાજિક શોષણ માટે કારણભૂત બન્યું છે. બૃહદ ખ્રિસ્તી સમાજમાં ફક્ત ૨૦% જેટલા જ લોકો પ્રતિષ્ઠિત અને સાધનસંપન્ન છે. એમની પાસે ઘરદી ધ્વીચક્રી વાહનો, મોટર ગાડીઓ અને સુવિધાજનક આલિશાન મકાનો અને ફલેટો છે. એમનાં સંતાનો ભણીગણીને પરદેશોમાં ઊંચા હોદ્દાઓવાળી નોકરી કરે છે, માતબર ઉદ્યોગ ધંધા ચલાવે છે. જ્યારે બાકીના ૬૦% લોકો મધ્યમ વર્ગમાં કે ગરીબીની રેખા નીચે જીવે છે. એમનો કોઈએ વિચાર કર્યો ?!? આનું મુખ્ય કારણ વર્ગભેદ છે. ઉપલા ૨૦% વાળા લોકો લગ્નવ્યવહાર દ્વારા નીચલા ૮૦% લોકોમાંથી સુશિક્ષિત તથા આશાસ્પદ યુવક-યુવતીઓ સાથે લગ્ન સંબંધો બાંધે છે. કિન્તુ ત્યાર પછી નીચલા વર્ગનાં કુટુંબો સાથેનો વ્યવહાર સદંતર તજી દે છે. એટલે ગરીબ કુટુંબોનાં સંતાનો પેઢીઓ સુધી ઉપર આવી શકતાં નથી. આ તો દેખીતું સામાજિક શોષણ છે ! આપણે પ્રાર્થીએ કે ૨૧ મી સદીમાં આવો વર્ગ ભેદ સત્વરે નાબૂદ થાય.

# નૂતન વર્ષે સ્તુતિગીત

*ગીતશાસ્ત્ર ૧૪૬ પર આધારિત*

પવિત્રશાસ્ત્રના પ્રખર અભ્યાસીઓએ હાલેલૂયાના પક્ષે કેટલાંક આશ્ચર્યકારક વિધાનો અરે ! તારણો કાઢ્યાં છે, જે આપણ સહુને માટે પ્રસંગોચિત અને ઈચ્છનીય આધ્યાત્મિક લખાણ બની રહે છે !

'ગીતશાસ્ત્ર' પુસ્તકનાં છેલ્લા પાંચ (૫) ગીતો (૧૪૬-૧૫૦) હાલેલૂયા ટેકનાં (Chorus) સૌથી અગત્યનાં સ્તુતિ ગીતો છે. ઈસ્રાએલ પ્રજાના તેમના 'હાલેલ' (Hallel) પુસ્તકમાંના આ ગીતો આશ્ચર્યકારક ગણાય છે. એટલે કે આ પાંચ ગીતોનું જૂથ, એમાનું પ્રત્યેક ગીત 'યહોવાની સ્તુતિ કરો' અથવા હિબ્રૂ ભાષામાં કહીએ તો હાલેલૂયાથી શરૂ થાય છે. અને અંત પણ આ જ શબ્દોથી આવે છે, આ ગીતોની ખૂબી એ છે કે, હિબ્રૂમાં બાવીસ કુલ અક્ષરો આવેલા હોવાથી તે દ્વારા ઈશ્વરનો શબ્દ પ્રગટ થાય છે અને માણસજાત માટેનો તેનો પ્રતિભાવ આભાર દર્શન તથા ઈશ્વરસ્તુતિમાં ફેરવાઈ જાય છે !

તદ્ઉપરાંત ગ્રીક ભાષાનાં મૂળાક્ષરો નવા કરારમાં "Alpha"થી શરૂ થાય છે અને તેનો અંત 'ઓમેગા' 'Omega' થી આવે છે અને એ તો સૂચવે છે કે, પ્રકટીકરણ ૧:૮ અનુસાર પ્રભુ દેવ જે છે, જે હતો અને આવનાર છે, જે સર્વશક્તિમાન છે, તે કહે છે કે 'હું આલ્ફા તથા ઓમેગા છું. ગ્રીક શબ્દ હાલેલૂયા "Alleluya" નવા કરારમાં ચાર વખત વપરાયો છે. (પ્રકટીકરણ ૧૯:૧,૬-૯) પ્રમાણે તે પછી આકાશમાં જનસમૂહના જેવી મેં મોટી વાણી સાંભળી તે બોલી કે હાલેલૂયા. આપણા દેવને તારણ, મહિમા તથા પરાક્રમ છે' આપણે આનંદ કરીએ તથા બહુ હર્ષ પામીએ અને મહિમા આપીએ, કેમ કે હલવાનના લગ્નનો દિવસ આવ્યો છે. અને તેની કન્યાએ પોતાને તૈયાર કરી છે. વળી, હિબ્રૂઓને પત્રમાં એ પ્રમાણે લખવામાં આવ્યું છે કે 'તમે તો પ્રથમ જન્મેલા જેઓનાં નામ આકાશમાં લખેલાં છે તેઓની સાર્વજનિક સભા તથા મંડળીની પાસે...આવ્યા છો' (પ્રકટીકરણ. ૧૨:૨૩-૨૪)

આમ 'ગીતશાસ્ત્ર' નું પુસ્તક, એનો અંત મહામોટી જાહેરાત એટલે કે " શ્વાસોચ્છ્વાસ લેનારાં સર્વ યાહની સ્તુતિ કરો' (ગીતશાસ્ત્ર ૧૫૦:૬) આશ્ચર્યકારક રીતે આવી જાય છે...!!! શું એ અલૌકિક હલવાનના લગ્નોત્સવમાં ઉપસ્થિત થવાની આપણી શિસ્તબદ્ધ તૈયારી છે ?!!?

ચાલો આપણે સાથે ગાઈએ...
ગત વર્ષે મળ્યા છે, ઉપકારો દાનો ખાસ,
હે પ્રભુ ! દીધાં છે, આશિષ ને ઉલ્લાસ
નૂતન વર્ષે સત્સંગે દઈએ મહિમા ને માન,
ગાઈએ ઉન્મુક્તે, હાલેલૂયા, સ્તુત ગાન

## જાગ્યા ત્યારથી સવાર !

નૂતન વર્ષનું ઠંડુંગાર પ્રભાત ! બોલ મારા કુકડા કૂકડે કૂક !!

એન્ની અને હાન્ના બન્ને ચુસ્ત બહેનપણીઓ હતી. બેઉ કૉલેજમાં એક જ કલાસમાં ભણતી હતી. અને આ એમનું કૉલેજની કારકિર્દીનું પ્રથમ વર્ષ હતું. મજાની વાત તો એ હતી કે બન્ને એક જ કેમ્પસમાં રહેતાં હતાં.

ડિસેમ્બર માસનું આખરી અઠવાડિયું એટલે એન્ની અને હાન્ના હવે ગંભીરતાપૂર્વક અભ્યાસ અંગેની ચર્ચા કરવા લાગ્યાં. એન્નીએ હાન્નાને કહ્યું, "ચાલો આપણે આજથી જ નૂતન વર્ષમાં લેવાના અગત્યના નિર્ણયો નક્કી કરીએ." હાન્નાએ કહ્યું, 'એ તો ઠીક, અરે ઘણી સરસ વાત કહેવાય. જરૂર એ પ્રમાણે કરીએ.

એન્નીએ વસ્તુ સ્થિત સમજાવતાં કહ્યું આપણે આ પંથકમાંથી સારામાં સારી બહેનપણીઓ છીએ એમ બધાં માને છે. તો ચાલો આપણે બન્ને જણ એક જ પ્રકારના નિર્ણયો કરીએ, અને આગળ કહેવા લાગી કે, સૌ પ્રથમ આપણે સવારમાં વહેલા ઊઠવાનો નિર્ણય લઈએ/લઈશું, પ્રાર્થનાથી શરૂઆત કરીશુ. બીજું આપણે આખું બાઈબલ પૂરેપુરું વાંચી જઈશું. નવું વર્ષ આવતાં પહેલાં. ત્રીજું આપણે આપણો કૉલેજનો અભ્યાસ દરરોજ વ્યવસ્થિત રીતે કરીશું.'

હાન્નાને આથી ઘણો જ આનંદ થયો. ૩૧ મી ડિસેમ્બરે બન્ને જણાં રાત્રિની જાગૃતિની ભજનસેવા વખતે સાથે સાથે જ બેઠેલાં હતાં. ત્યારે તેઓએ અગાઉ લીધેલા નિર્ણયોનો એકરાર કર્યો. આ પ્રમાણેની કબૂલાત તેઓએ સ્વામી પ્રભુ ઈસુ ખ્રિસ્ત આગળ કરી. પ્રભાત ઊગ્યું તે પહેલાં બન્નેએ સુખદાયક નિર્ણયો લઈ લીધા હતા.

દિવસો વીતી ગયા અરે, પાણીની પેઠે વહેતા થયા...કિન્તુ એન્ની અભ્યાસ નિયમિત રીતે કરવામાં ગલ્લાં તલ્લાં કરવા મંડી. એટલું જ નહિ પણ સવારે વહેલા ઊઠીને પ્રાર્થના કરવાનું પણ પડતું મૂક્યું. જ્યારે હાન્ના પોતાના નિર્ણયોને સહજ રીતે વળગી રહી.

જ્યારે મે માસમાં પરીક્ષાનો સમય આવ્યો ત્યારે બન્ને બહેનપણીઓએ પેપરો લખ્યા તો ખરા અને તેનાં પરિણામો જોત જોતમાં આવી ગયાં. હાન્નાએ સારામાં સારા માર્કસ મેળવ્યા હતા જ્યારે એન્ની માત્ર પાસ ક્લાસમાં આવી હતી.

એન્નીને ભારે આઘાત લાગ્યો કારણ કે, એ તો તેજસ્વી વિદ્યાર્થિની હતી ! અને હમેશાં ફર્સ્ટ કલાસમાં પાસ થતી હતી.

હાન્નાએ એન્નીનું હાર્દ જાણી લીધું એણે એન્નીને કહ્યું, "એન્ની ! શું તમે તે દિવસે લીધેલા નિર્ણયો હજી યાદ છે ? શું તું તે પ્રમાણે કરે છે ?"

આ હતો એન્નીનો પ્રત્યુત્તર, "હાન્ના હું ગમે તેટલા પ્રયત્ન કરું છું પણ નિર્ણયો પાળી શકતી નથી, કોણ જાણે કશુંક મને એમ કરતાં અટકાવે છે.

હાન્નાએ કહ્યું, "એન્ની આપણે ગમે તેટલા સારા નિર્ણયો લઈએ પણ જો પોતાના જ બળ અને હોંશિયારી પર આધાર રાખીને લીધા હશે તો નિષ્ફળ જઈશું. સૌ પ્રથમ જો આપણને પ્રત્યેક દિવસની શરૂઆતમાં ઘૂંટણીએ પડીને પ્રભુ બાપ પાસે જઈને પ્રાર્થના કરીશું તો જરૂર આપણને શ્રેષ્ઠ પ્રકારની સફળતા મળશે. ઈશ્વરને શોધો એટલે તે તમારા સારા નિર્ણયો પાળવામાં અંત સુધી મદદરૂપ થશે."

એન્નીની આંખો હવે બરાબર ઊઘડી ગયેલી જણાઈ. જોકે એની પ્રથમ વર્ષની પરીક્ષા પૂરી થઈ ગઈ હતી તો પણ તેણીને ખ્યાલ આવી ગયો કે ઈશ્વરના બળ વડે નવા વર્ષ માટે લીધેલ નિર્ણયો લીધા હતા તે સુપેરે પાળી શકશે.

હવે ઈશ્વરકૃપાથી બન્નેના જીવનો પ્રકાશવા લાગ્યાં. વર્ષના અંતે એટલે ૩૧ મીના જાગરણની ઉપકારસ્તુતિની ભજનસેવા શરૂ થઈ ત્યારે તેઓ પ્રભુમંદિરમાં સૌથી આગળ બેઠેલાં હતાં ! બન્ને અરસપરસ જોઈને હસ્યાં. છેલ્લે જ્યારે આભારસ્તુતિથી ભજનસેવાનો અંત આવ્યો ત્યાર તેઓએ પણ અગાઉ લીધેલા નિર્ણયો માટે ઈશ્વરનો આભાર મન ભરીને માન્યો.

ધર્મસેવકે, પુલપિટ પરથી સભાજનોને પૂછ્યું, "તમે કેટલાંયે ગતવર્ષથી લીધેલા નિર્ણયો પાળ્યા છે ?" ભજનિકોમાંથી થોડાક હાથો ઊંચા કરાયા હતા તેમાં એન્ની અને હાન્નાના હાથો સૌથી ઉપર હતા !!! બન્ને બહેનપણીઓનું નૂતન વર્ષ (Happy New year) વસંતની જેમ ખીલી ઊઠ્યું હતું !!!

# આઝાદી દિને... અંતરતમ ઇચ્છા કઈ હોવી જોઈએ !!

*અંતરનાં અજવાળેથી...*
*પર્યાવરણ મહીં ગતિશીલતા પવન ઉંચેરું કાર્ય કરે,*
*મનવાંચ્છિત, કુઠિત દેખાવો કેં,*
*ખ્રિસ્ત ઈસુ પરિશુદ્ધ કરે !*
*ઓ,.... અંતરના અજવાળેથી !!*

એક ધન્ય ઘડીએ પવને પ્રાર્થના કરતાં કહ્યું, 'હે પ્રભુ ! આપણા લોકો પાસેથી હું એમના જ શબ્દોમાં એ જાણવા માગું છું, કે એમની અંતરતમ ઇચ્છા શી છે ? જો એમની એ ઇચ્છાઓ પરિપૂર્ણ થયેલી હશે તો મહાઆનંદ થશે !' પ્રભુએ પવનની પ્રાર્થના માન્ય રાખી.

પ્રભાતમાં ઊગતાં, સૂર્યનાં સોનેરી કિરણોથી પથરાયેલા ઘાસના તણખલા પરની ઝાકળ બિંદુઓ મોતી તો શું ? અરે, મૂલ્યવાન રત્નોની જેમ ઝળકી ઊઠ્યાં !!! પવને ખુલ્લા મેદાન સુધી જઈને તણખલાને પૂછ્યું "જો તમે ઈસુ ખ્રિસ્તના (સમકાલીન) જમાનાના હોત તો તમે કેવી ઈચ્છા ધરાવતા ? 'અમે તો ત્યારે યહુદાહ દેશના બેથલેહેમ ગામની ગભાણમાં બાળ ઈસુ જે ઘાસના સુંવાળા પાથરણાં પર પોઢ્યા હતા, એ બનવાની ઈચ્છા રાખત.' ઘાસના તણખલાએ તરત જ જવાબ આપ્યો, કિન્તુ પવનને એમના સુંવાળા શબ્દોની કાંઈ અસર થયેલી જણાઈ નહિ.

પવન આગળ વધ્યો. એ તો થોડેક દૂરની દ્રાક્ષાવાડીએ જઈ પહોંચ્યો. એની ડાળીઓ પર સુહાવની લીલીછમ પાકવા આવેલી લીલેરા તોરણની જેમ ઝૂમી રહી હતી ! અહીં પણ પવને અગાઉ ઘાસના તણખલાને જે પ્રશ્ન પૂછ્યો હતો તેવો જ કહી નાખ્યો. લીલાછમ આસમાની ઝાંયવાળી હસુ હસુ થઈ રહેલી દ્રાક્ષોએ મૃદુ સ્વરે પ્રત્યુત્તર આપ્યો, 'હે અમારા પરમ મિત્ર, આપને યાદ રહે કે કાના ગામના લગ્નજમણમાં પાણીથી ભરેલી પથ્થરની છ બરણીઓને તદ્દન નવા દ્રાક્ષારસથી છલકાવી દીધી. અમને પણ એવો ચમત્કારિક દ્રાક્ષારસ બની જવાની ઈચ્છા થાત !' પરંતુ પવનને દ્રાક્ષોનો આવો ખુશામતિયો જવાબ જરાયે પસંદ પડ્યો નહિ.

પવન હજીયે આગળ ગયો. એ સોનેરી ઘઉંના દાણાવાળું ખેતર જોયું. દાણા પરિપક્વ થઈ ગયેલા હતા. પવને પોતાનો મૂળ પ્રશ્ન ઘઉંના દાણાને જરા ગંભીરતાથી પૂછી જોયો. 'વહાલા મિત્રો !, તમને યાદ હશે કે, જયારે લોકોનાં ટોળે ટોળાં ઈસુ ખ્રિસ્તનાં જીવંત વચનો સાંભળવા સારુ ઊમટી પડ્યાં હતાં ત્યારે શું બન્યુ હતુ ?! શું દયાસાગર ઈસુએ પાંચ હજાર (૫૦૦૦) જેટલા સ્ત્રી પુરુષોને માત્ર (૫) રોટલી અને બે(૨) માછલીથી અમને તૃપ્ત નહોતાં કર્યા ?!! અમે પણ એવી સૌની ભૂખ મટાડનાર રોટલી બની જઈએ એવું સાચે જ ઈચ્છત.' ઘઉંના દાણાઓએ ઉત્સાહપૂર્વક જવાબ આપ્યો. પરંતુ પવન મૌન રહ્યો.

હવે ખરા બપોરે પવન રણ પ્રદેશમાં આવી પહોંચ્યો. આસમાન પરથી ધગધગતા સૂર્યનો કાળઝાળ તાપ તપતો હતો. નીચે ભૂમિ પર રેતીનાં કણો ગરમીથી જાણે કે પીગળી જવાની તૈયારીમાં હતા. તો પણ પવને એમને પેલો જ પ્રશ્ન પૂછવાની હિંમત કરી : ઓ ! પવન અમારા પરમ મિત્ર, અમે તો જે ક્રૂર વધસ્તંભ પર પ્યારા પ્રભુ ઈસુ ખ્રિસ્તને જડ્યા હતા તેની નીચેની અતિશય ગરમ રેતકણો બની જવાની ઇચ્છા ધરાવત. એ માટે કે અમારી સર્વ પ્રકારની મલિનતા (રેતીના કણો રક્તરંજિત થયેલા હતા. તે ધોવાઈ જાય અને અમે સીધા સ્વર્ગે પહોંચી જઈએ !! આ જ અમારી અંતરતમ ઇચ્છા હોત.' રેતીના કણોએ ગર્વથી જવાબ આપ્યો અને...અને....જુઓ તો ખરા, તે જ ઘડીએ ઉના ઉના રેતકણો આકાશમાં ઊંચે ઊડવા લાગ્યા !!!

**મનન : ચિંતન :**

પછી ઈસુએ પોતાના શિષ્યોને કહ્યું કે જો કોઈ મારી પાછળ આવવા ચાહે તો તેણે પોતાનો નકાર કરવો ને પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ આવવું....કેમ કે જો માણસ આખું જગત મેળવે અને પોતાના જીવની હાનિ પામે, તો તેને શો લાભ થશે? અથવા માણસ પોતાના જીવને બદલે શું આપશે?" (માત્થી ૧૬:૨૪-૨૬)

"હે ઈશ્વર મારી પરીક્ષા કર અને મારું અંતઃકરણ ઓળખ, મને પારખ અને મારા વિચારો જાણી લે. મારામાં દુરાચાર હોય તો તે તું જોજે અને મને સનાતન માર્ગમાં ચલાવજે."

*(ગીતશાસ્ત્ર ૧૩૯:૨૩-૨૪)*

# સ્વતંત્રતા

# પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં સર્વાંગી સ્વતંત્રતા

દેશાભિમાન (Patriotism) ખૂબ જ ચેતનવંતો તેમ જ આત્મલક્ષી શબ્દ છે : ઈંગ્લેન્ડના એક પ્રાચીન દેશાભિમાની કવિએ હૃદયંગમ પંક્તિઓ લખી છે. જાણે કે કોઈકના સોફ્ટવેર મોબાઈલ ફોનમાંથી ઝીણાં ઝીણાં તીવ્ર સ્પંદનો રણકી ઊઠ્યાં નહિ હોય ?!? 'Breaths that the man with Soul so dead who hath never himself has said this is not my Native land. અર્થાત્ સ્વદેશમાં જીવંત રહીને હલન ચલન કરતી વ્યક્તિ કે જેનો આત્મા મરી ગયો છે તેજ એમ કહી શકે કે 'આ મારી જન્મભૂમિ નથી.'

મુંબઈ મહાનગરીની સુપ્રસિદ્ધ સ્કોટીશ મિશન સંચાલિત વિલ્સન કૉલેજમાં (૧૯૪૩-૪૪) જ્યારે હું બી.એ.ના છેલ્લા વર્ષમાં હતો ત્યારે મારા ખાસ (Special) વિષયો મેં ઈતિહાસ (History), અર્થશાસ્ત્ર (Economics), અને રાજયતંત્ર (Politics) રાખેલા. એમાંથી મને આકસ્મિક એવું જાણવાનું મળ્યું કે 'Democracy is the development of the Indian Nation,' એટલે કે અંગ્રેજોની પ્રજામાંથી પ્રેરણા મેળવેલ લોકશાહી (Democracy) એ સમગ્ર ભારતીય રાષ્ટ્રની ગૌરવગાથા ઘડી છે !

ભલે ભારતમાંની બ્રિટીશ હકૂમતે આપણને દોઢસો (૧૫૦) વર્ષ સુધી ગુલામીની જંજિરોમાં જકડી રાખ્યા. કિન્તુ આશ્ચર્યની વાત તો એ છે કે આપણા રાષ્ટ્રપિતા સદ્ગત પૂજ્ય ગાંધીજીએ તથા ચુસ્ત મહારાષ્ટ્રીયન વીર સાવરકરે દેશની સ્વતંત્રતા ખાતર શહીદી વહોરી લીધી અને આપણને સ્વરાજ્યનાં મીઠાં ફળ ચખાડ્યાં ! એ બન્ને ભારતના પનોતા સુપુત્રોએ ઈંગ્લેન્ડની પ્રખર યુનિવર્સિટીમાંથી બેરિસ્ટરની ઉચ્ચ કાયદાકીય પદવી પ્રાપ્ત કરીને તેઓએ ભારતમાં આવીને ક્રાંતિકારી (Revolutionary) (પૂજ્ય ગાંધીજીની અહિંસક સત્યાગ્રહની લડત) આંદોલનો જગાડ્યા. પ્રખર કાયદાશાસ્ત્રી વીર સાવરકરે અંગ્રેજોના સીતમ હેઠળ આંદામાન નિકોબારના નિર્જન ટાપુઓમાં ત્રેવીસ (૨૩) વર્ષ સુધી સખત કારાવાસ વેઠ્યો. તો પણ, એ સ્વતંત્રતાના ભેખધારીએ બ્રિટીશ હકૂમતને નમતું નહિ જ આપ્યું અને ભારત દેશને સ્વતંત્રતા આપવા કાજે શહીદ થયા. સર્વાંશે એ બધું બ્રિટનની લોકશાહી (Democracy) પરંપરા, અરે, પ્રણાલિકાને આભારી હતું. એ કેમ ભુલાય ? જયહિન્દ, ભારત મહાન !!!

જ્યારે આપણે પ્યારા ભારતદેશના સ્વાતંત્ર્યદિનની (૧૫ મી ઓગસ્ટ-૨૦૦૬) ઉજવણીમાં પ્રવેશ કરવા માગીએ છીએ ત્યારે, ઈશ્વરે જૂના કરારમાં પ્રથમ પ્રબોધક મુસાને આપેલા ખાતરીદાયક વચનો સુપેરે સંભારીએ : 'તમે, તારો ભાઈ, એટલે કે કોઈ હિબ્રૂ પુરુષ અથવા સ્ત્રી તારે ત્યાં વેચાયા હોય, ને છ (૬) વર્ષ સુધી તારી ચાકરી કરે તો સાતમે વર્ષે તારે તેને છોડી મૂકવો, અને તારે યાદ રાખવું કે મિસર દેશમાં તું પણ દાસ હતો, ને યહોવા દેવે તને છોડાવ્યો." (પુનર્નિયમ ૧૫:૧૨-૧૫).

આમ, સમગ્ર ઈસ્રાએલ પ્રજાને માટે એ વર્ષ **જ્યુબિલી** એટલે એમના **છુટકારાનું મહાપર્વ** હતું. યહોવા દેવે એમને સર્વ પ્રકારનાં ભાવિ અનિષ્ટોમાંથી સદાને માટે મુકત કરવાનું વચન આપ્યું હતુ. પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમનના આ છેલ્લા દિવસો-સમયોમાં આપણે ઈસુ ખ્રિસ્ત દ્વારા વહેવડાવેલા પવિત્ર રક્તની મારફતે સો ટકા (૧૦૦%) સ્વતંત્ર થયા છીએ. કારણ, ઈસુ ખ્રિસ્તે એક વાર પોતાના શિષ્યોને કહ્યું હતુ કે, માટે દીકરો જો તમને મુક્ત કરે તો તમે ખરેખર મુક્ત થશો." (યોહાન ૮:૩૬).

ધન્ય હોજો કે, આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં નીચે મુજબની મુક્તિ પામ્યાં છીએ : (૧) ભૌતિક તથા માનસિક બીક ને ત્રાસમાંથી, (૨) સર્વ પ્રકારની ચિંતાઓમાંથી, (૩) પાપ તેમજ પરીક્ષણોના સંજોગોમાંથી, (૪) હરેક પ્રકારની દુશ્મનોની હરકતોમાંથી અને છેલ્લે (૫) પૃથ્વી પરનાં પર્યાવરણમાંના અગોચર (અદૃશ્ય) પરાક્રમો, ભૂત પિચાશ જેવી તાંત્રિક સાધનાઓ ને કરતૂતોમાંથી મુક્ત કર્યા છે.

તો ચાલો, જ્યારે ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. ખ્રિસ્તનું આગમન નજીક છે, ત્યારે સાંપ્રતકાળની ઘટનાઓથી વાકેફ રહીએ.

## ચાચાજીને (ગમતાં) બાળકો

ભારતનાં તમામ બાળકો ચાચાજીને હમેશા તરવરતા યુવાન ધારતા નથી. તેમ છતાં, એમનું વ્યક્તિત્વ કદી જરાયે ઝાંખુ પડ્યું નથી. વર્ષો વીત્યાં તો પણ ચાચાજી એમનાથી દૂર ગયા છે એવું લાગતું નથી. જાણે કે હજીયે એમના નિકટના મિત્રો રહ્યા નહિ હોય ?!!

ચાચાજી યુવાનીના માંસ ને રક્તથી ભરેલા, લાલચોળ, ગુલાબના ગોટા જેવા એમની દૃષ્ટિ સમક્ષ તરી આવે છે. તેથી જ નાનાં મોટાં સઘળાં બાળકો સહજ બોલી ઊઠે છે. "ચાચાજી !" એવા ચાચા કે જેઓએ આ જગતની સર્વ ભાષાકીય, સાંસ્કૃતિક અને ભૌગોલિક મર્યાદાઓ ઓળંગી દીધી છે. એટલું જ નહિ પણ પ્રત્યેક ભારતીય બાળકના હૃદયમાં એમનુ નામ કોતરાઈ ગયું છે. એટલે જ તેઓ એમને **પંડિત નહેરુ** તરીકે સંબોધે છે. ઓળખે છે ! પંડિતજી તેઓના સાચા મિત્ર છે.

નહેરુ ચાચાજીનો બાળકો પ્રત્યેનો પ્રેમ ઢંકાયેલો નથી. એક વખત તેઓ પાટનગર દિલ્હી ખાતે આવેલા દશમૂર્તિ ભવનના પટાંગણમાં જાહેર રસ્તા પર લટાર મારી રહ્યા હતા. ત્યારે એમણે એક નાના બાળકના રડવાનો કરુણ અવાજ સાંભળ્યો. "ક્યાંથી એ અવાજ આવે છે ?" ચાચાજી થંભી ગયા. તેઓ તો તે સમયના (કાયમી) સૌ પ્રથમ વડા પ્રધાન હતા. એમણે આજુબાજુ જોયું અને એક વૃક્ષની છાયા તરફથી આવતા અવાજની દિશામાં જરા આગળ ચાલ્યા. થોડા જ મહિનાનું એ બાળક ભૂખને લીધે મોટેથી રડતું હતું. ચાચાજી એની પાસે ગયા અને જાણે બાળકને છાનું રાખવા માંગતા હોય તેમ અંતરના ઊંડા ભાવથી બોલી ઊઠ્યા, "આ બિચારા બાળકની માતા ક્યાં છે ? માતા તો ક્યાંય દેખાઈ નહિ. તેથી નહેરુજીએ

એને ધીરેથી ઊંચકી લીધું અને વહાલથી સંભાળપૂર્વક રમાડવા લાગ્યા ! જાણે સચમુચ ગાતાં એને છાનું રાખવાનો પ્રયત્ન કરતા હોય તેમ. અને જુઓ શું બન્યુ ? ચાચાજીના હાથોમાં આવતાની સાથે બાળકનું કરુણ રુદન બંધ થઈ ગયું ! એ બાળકનું બોખું સ્મિત એના મુલાયમ હોઠો પર ફરકી રહ્યું !! એના નિર્મળ, નિર્દોષ હાસ્યથી પંડિતજી આનંદિત બન્યા !!! એમણે બાળકને માતાની જેમ ગલગલિયાં કરી અરે ! હસીખુશીથી ફરીથી એનાં કોમળ અંગો પંપાળવા લાગ્યા. એટલામાં તો એની માતા ક્યાં કંઈ ધૂળથી રંગાયેલી પરસેવાથી રેબઝેબ નહેરુજીની નજીક દોડી આવી. તેણીને આ અદ્‌ભુત દશ્ય સાચુકલું લાગ્યુ નહિ, એનું બાળક તો ચાચાજીના પ્રેમાળ હાથોમાં નિશ્ચિંત ઝૂલી રહ્યું હતુ ! બાળકની માતા ગર્વથી રાજીની રેડ થઈ ગઈ !!

નહેરુજી એક વખત વડાપ્રધાનની હૈસીયતથી તામિલનાડુમાં પ્રવાસ કરી રહ્યા હતા. લોકોનાં ટોળેટોળાં એમના દર્શન માટે ઊમટ્યાં. સેકડો બાળકો ઝાડ પર ચઢી ગયાં અને આખોય રસ્તો લાઈનબંધ રોકી લીધો. એમને હર્ષનાદોથી વધાવી લીધાં. જ્યારે નહેરુજી નજીક આવ્યા ત્યારે એમણે બાળકોનું ભાવભીનું સ્વાગત હર્ષઘેલા થઈ નિહાળ્યું. તરત જ ત્યાં થભી ગયા. ભવ્ય રસાલાને આગળ રોકી ખુલ્લી જીપમાંથી નીચે કૂદી પડ્યા. એમણે ફુગ્ગા વેચવાવાળાને ઈશારાથી પાસે બોલાવ્યા અને નજીકના મિત્રને કહ્યું કે, એની પાસેના બધાય ફુગ્ગા ખરીદી લઈને બાળકોને વહેંચી દો.' બાળકો તો માત્ર ચાચાજીનું સ્વાગત કરવા માગતાં હતાં તેને બદલે તેઓ એટલા બધા હર્ષઘેલાં થઈ ગયાં કે ના પૂછો વાત. તેઓ જોરશોરથી પોકારી ઊઠ્યાં,"Thank you Chacha !!!

પંડિતજી વારંવાર બાળકોને કહેતા હતા કે "મને તમારી સાથે રમવા કરતાં તમને જાત જાતની વાતો કરવાનું બહુ ગમે છે. આ પૃથ્વી જેનાથી વિંટળાઈ વળેલી છે તે વિષે એટલે કે, રંગબેરંગી સુંદર સુવાસિત ફૂલો, પર્વતો, હિમાચ્છાદિત સરોવરો, ઘુઘવતા સમુદ્રો અને મહાસાગરો એમ જે કાંઈ આપણને રોમાંચક લાગે છે એવા આકાશના અગણિત તારાઓ વિષે કહેતાં હું કદીય થાકતો નથી. આ બધું જોવા માણસને ઈશ્વરે આપણને ચકચકિત આંખો, રૂપાળાં કાનો અને ઊંચી ઊંચી કલ્પનાઓ કરતાં મનો અને મગજો આપ્યાં છે. જ્યારે આપણે એ નમ્ર ભાવે પારખીશું ત્યારે આપણી સાથે આ દુનિયાની સુંદરતા અને મહાન માણસોનાં નમૂનેદાર જીવનો પ્રત્યક્ષ થશે !" આમ પંડિત નહેરુજીમાં આ બધું પારખવાની ઈશ્વર દત્ત શક્તિ હતી. એમને રાતાં ગુલાબો ગમતાં. એમને બાળકો અતિ પ્રિય હતાં, એમની ચબરાક આંખોમાં બાળકોને નિર્દોષ આંખોનો અને રાતાં લાલ ગુલાબોની સુંદરતાનો અજબનો સુમેળ સધાયો હતો. એજ ધ્યાનમાં રાખીને એમની પ્રત્યેનો અહોભાવ, પ્રેમ પ્રગટ કરવા માટે આપણે બધાં નવેમ્બર માસની ૧૪મી તારીખે આવતો 'બાળદિન' જરૂર ઉજવીએ.

- જયહિંદ

# લેખ વિભાગ

## પવિત્ર આત્માના ભરપૂરીપણામાંથી....

"મદ્યપાન કરીને મસ્ત ન થાઓ. એ દુર્વ્યસન છે. પણ પવિત્ર આત્માથી ભરપૂર થાઓ. (એફેસી ૫:૧૮)

પવિત્ર આત્માનો કાબૂ (Control) એટલે પવિત્ર આત્માથી ભરપૂર થવાની અદૃશ્ય પ્રક્રિયા. જ્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરનાર વ્યક્તિના જીવનમાં પવિત્ર આત્માનો વાસો થાય છે ત્યારે તે એનાથી ભરપૂર થાય છે. "શું ? તમારામાં જે પવિત્ર આત્મા છે, જે તમને દેવ પાસેથી મળેલો છે, તેનું મંદિર તમારું શરીર છે, એ તમે નથી જાણતા ?" (૧કોરીંથી ૬:૧૯). પવિત્ર આત્માની સીધી અસર તળે આવવા માટે નીચેની ત્રણ બાબતો ખૂબજ જરૂરી છે. જેમાંની પહેલી બે અસર નકારાત્મક છે અને એક હકારાત્મક છે.

(૧) **આત્માને ન હોલવો :** (૧ થેસ્સા. ૫:૧૯) અંગ્રેજી નવા કરારમાં હોલવવા માટે જે (Quench) શબ્દ વાપરવામાં આવ્યો છે તે પવિત્ર આત્માની મંદતા (Diluted) દર્શાવે છે. એનો અર્થ એ નથી થતો કે તે દ્વારા આપણે પવિત્ર આત્મા અથવા તો આપણે પ્રાપ્ત કરેલું તારણ ખોઈ બેસીએ છીએ. કિન્તુ પવિત્ર આત્મા પ્રત્યે શંકાશીલ (daubtful) બનીએ છીએ; તેને દબાવી દઈએ છીએ, અટકાવી દઈએ છીએ, અને પવિત્ર આત્માની પ્રક્રિયાને મંદ પાડી દઈએ છીએ. આત્માને હોલવવો એ તો પવિત્ર આત્માની દોરવણી પ્રમાણે ન ચાલવું જે અનઆજ્ઞાંકિત રહેવા બરાબર છે.

(૨) **પવિત્ર આત્માને ખિન્ન ન કરો :** વળી ઉદ્ધારના દહાડાને સારુ મુદ્રાંકિત કરનાર દેવના પવિત્ર આત્માને તમે ખિન્ન ન કરો." (એફેસી ૪:૩૦), આત્માને હોલવવાનું દેખીતું પરિણામ એ છે કે તે આપણાં હૃદયાંને ખિન્ન, અરે, દુઃખી દુઃખી કરી નાખે છે, કારણ કે, પવિત્ર આત્મા વ્યક્તિ હોવાથી આપણા આત્માને આઘાત પમાડે છે અને એ રીતે આપણે આપણાં પાપો વડે દુઃખ દર્દનો અનુભવ કરીએ છીએ. આવા આત્માને ખિન્ન કરનાર પાપોનું લિસ્ટ આ પ્રમાણે છે : કડવાશ, ક્રોધ, કોપ, ઘોંઘાટ, નિંદા તથા ખુન્નસ (એફેસી ૪:૩૧).

(૩) **આત્માથી ચાલો :** (ગલાતી ૫:૧૬) પવિત્ર આત્માનું ભરપૂરીપણું એટલે તેની હાજરીમાં, તેના પરાક્રમમાં ચાલવું તે. સતત ચાલતા રહો. કારણ કે આપણે આપણાં લક્ષ્ય-મંઝિલ સુધી પહોંચી ગયાં નથી; દોડ પૂરી કરી નથી, જેમ હરીફો સ્પર્ધામાં દોડે છે તેમ.

(૪) **લાઈનમાં ચાલવાનું છે :** આગેકૂચ કરવાની છે. જેઓ આત્માથી ચાલે છે તેઓ પવિત્ર આત્માની દોરવણી પ્રમાણે જ ચાલશે. એમને કદી પણ જગત, દેહ કે શેતાન અવરોધરૂપ થશે નહિ, એ ખાતરીપૂર્વકની વાત છે.

(૫) **પવિત્ર આત્માની શાળા :** The School of Holy Spirit : રેવ. વોલેસ હાફલીન સાંપ્રતકાળના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલ, ઉત્તમ, ક્રિયાશીલ વ્યક્તિત્ત્વવાળા (Dynamic Personality) સુવાર્તિક ધર્મસેવક છે. વર્જિનિયા પ્રાંતમાં આવેલ રિચમન્ડ કેલવરી પેન્ટીકોસ્ટલ ટેબર્નેકલ ચર્ચના માનવંત પાળક છે. સાથોસાથ આશલેન્ડ (Ashland) ખાતેના

કેલ્વરી પેન્ટીકોસ્ટલ કેમ્પ ગ્રાઉન્ડના ડાયરેકટર પણ છે. તેઓએ તેમના સુપ્રસિધ્ધ લેખઃ "The Hand-made Vessels" માં ખ્રિસ્તી વ્યક્તિ વિશેષ પવિત્ર આત્માની અસર તળે રહીને કેવાં કેવાં કાર્યો કરી શકે છે તેનું સુંદર ને સ્વચ્છ આલેખન કર્યું છે. રેવ. વાલેસ સાહેબ એમની રસળતી શૈલીમાં લખે છે કે આપણે બધાં ઈશ્વરનાં હાથે બનાવેલાં પાત્રો છીએ. એટલે જ આપણે કહીએ છીએ કે જેમ કોઈ બે હિમ-ફુલો (Snow Flakes), બે વ્યક્તિઓનાં આંગળાંની છાપ (Finger prints), અવાજ, હસ્તાક્ષરો, બે જોડિયાં બાળકોનાં વર્તન વ્યવહાર, વાણી વિલાસ એક સરખાં હોતાં નથી. તેમ એટલે જ આપણે તેમને અલગ અલગ રીતે ઓળખી શકીએ છીએ. એટલે જ આપણે એમ પણ કહીએ છીએ કે, 'આ તો મારી પત્નીનો અવાજ છે' 'આ તો મારી બેટીનું રુદન છે.' 'અરે, આ તો મારા બાળકની ફરિયાદ છે' વગેરે વગેરે. જયારે ઈશ્વરે આપણને બે આંખો, બે કાન, અને એક નાક, એક મોં આપીને અલગ અલગ વ્યક્તિત્વવાળાં બનાવ્યા છે, ત્યારે ગમે તેવો નાસ્તિક વિજ્ઞાની પણ ઈશ્વરની (Presence) હસ્તી ને તેની અદ્‌ભુત સર્જનશક્તિનો ઈન્કાર કેવી રીતે કરી શકે ?'

"યહોવા કહે છે કે, હે ઈસ્રાએલના વંશજો જુઓ, કુંભારના હાથમાં જેવો ગારો છે તેવાં તમે મારા હાથમાં છો." (યિર્મિયા ૧૮:૬). ઈશ્વર પોતાના પસંદ કરેલા લોકોને થોડી જ વારમાં બદલી શકે છે. ઈશ્વરનું કાર્ય કરવા માટે દસ કે વીસ વર્ષ સુધી રાહ જોવી પડતી નથી; તેમ કરવું આપણને પાલવે તેમ નથી. તમે બાઈબલ સ્કૂલ કે સેમિનારીમાં ત્રણ ચાર વર્ષ અભ્યાસમાં ગાળો છો; એ પણ વ્યાજબી નથી, તમને બધાં માણસોની આત્મિક જરૂરિયાતો પૂરી પાડવા માટે બિલકુલ સમય નથી, એટલે જ તમારે પવિત્ર આત્માની શાળામાં તરત જ જોડાઈ જવાની જરૂર છે. તમે પ્રભુને કહો, 'હું આ રહ્યો મારામાં પવિત્ર આત્મા વડે તમારું કાર્ય કરવા માટે જે સંઘર્ષ ઉત્પન્ન થાય છે, તે ટાળો. આજે જ તેની સંપૂર્ણ ઈચ્છા તમારામાં ફળીભૂત થવા દો.'

પવિત્રશાસ્ત્ર આપણને ફરીથી યાદ દેવડાવે છે કે, **"તમે પવિત્ર આત્માથી ભરપૂર થાઓ."** જેણે આપણામાં સદાનો વાસો કર્યો છે તે આપણો સંપૂર્ણ કબજો લઈ લે. શું આપણાં સમર્પિત જીવનો, તેની સત્તા હેઠળ આવી ગયાં છે !?!

## શુ તમારી પ્રાર્થના ઈશ્વરની હાજરીને આકર્ષે છે ?

એક નાના છોકરાએ એક દેખાવડા ને મજબૂત માણસને નદીમાં તરતો જોયો. એ ભલો માણસ કિનારે આવ્યો ત્યારે છોકરાએ કુતૂહલતાપૂર્વક પૂછ્યું, "સાહેબ, તમે તો ઈશ્વરના એક સારા માણસ જેવા દેખાઓ છો ! મહેરબાની કરીને આપ મને એવી રીતે પ્રાર્થના કરતાં શીખવો કે મને ઈશ્વર તરફથી સારો બદલો (Rewards) મળે !"

પછી આ ઉત્સાહી ભલા માણસે કહ્યું, "ચાલ મારી સાથે પાણીમાં ઊતર, હું તને પ્રાર્થના કરતાં શીખવીશ" જયારે છોકરો પાણીમાં ઊતર્યો એટલે દયાવાન માણસે એનું માથું અને હાથ પકડીને પાણીમાં ડુબાડ્યો. છોકરો બેચેન બન્યો !

શ્વાસ લેવાની ભારે તકલીફ થઈ ! અને જ્યારે પોતાનો જીવ ગુમાવાની અણી પર હતો કે તરત જ એને બહાર કાઢ્યો. છોકરાએ ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું. તમે તો મને નદીના ઊંડા પાણીમાં ડુબાડ્યો અને મને મારી નાખ્યો !"

પછી એ ઈશ્વર પરાયણ માણસે છોકરાને પ્રેમપૂર્વક પૂછ્યું, "જ્યારે તું પાણીમાં હતો ત્યારે હૃદયમાં તને કેવું લાગતું હતુ ? તું શું મેળવવા માગતો હતો ?" ધ્રુજારી સહિત છોકરા તરફથી જવાબ મળ્યો, "અરે, કોઈ મને પાણીમાંથી બહાર ખેંચી કાઢે અને મને શ્વાસ લેતો કરે તો કેવું સારું ?" મારો જીવ બચી જાય એવી મદદની તીવ્ર ઈચ્છા રાખતો હતો !!"

પછી ધીર ગંભીર માયાળુ માણસે કહ્યું, "હા, બેશક, તારી પ્રાર્થના પણ એવી હોવી જોઈએ કે તારો શ્વાસ પણ રૂંધાય જાય. ત્યાર પછી જ તું પ્રાર્થનાનો બદલો ઈશ્વર તરફથી મેળવી શકીશ. 'પ્રભુ, તું મને આ આપ અને તે આપ એમ કહીને ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરવાથી કાંઈ વળવાનું નથી. કિન્તુ જો તું મથામણ (Struggle) કરીને પ્રાર્થના કરીશ તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત તારી પ્રાર્થના સાંભળશે ને તને સારો બદલો આપશે. કારણ કે પવિત્ર શાસ્ત્રમાં લખેલું છે કે, "કેમ કે બદલો (મળવાનો) છે, અને તારી આશા રદ જશે નહિ" (નીતિવચનો ૨૩:૧૮)

## મહાવિનાશક સુનામી "Tsunami'ની કરુણાંતિક કહાની...

આપણી આવડી મોટી દુનિયામાં જાપાન જ એકમાત્ર એવો નાનકડો (ટાપુ) દેશ છે, કે જેના પર સુનામીનો પ્રચંડ કોપ વાંરવાર ત્રાટક્યો છે ! જાપાનીઝ સુનામી 'Tsunami' માં બે અક્ષરો આવેલાં છે; "Tsu" એટલે દરિયાઈ બંદર "(Harbour)" અને બીજો "Nami" એટલે દરિયાઈ મોજું, "Tidal Waves" દરિયાઈ મોજું. મોટે ભાગે સૂર્ય, ચંદ્ર, અને બીજા આકાશી ગ્રહોના ગુરૂત્વાકર્ષણના બળને લીધે થાય છે. એવી માન્યતા ભૂલ ભરેલી છે. એટલે વિજ્ઞાનીઓએ એવાં મોજાંને ધરતીકંપ સાથે સંબંધ છે એવું બતાવ્યું અને દરિયાઈ મોંજાને (Scismic sea waves) તરીકે ઓળખાવ્યા. આ તો અંગ્રેજી ભાષાના શબ્દો છે. પરંતુ નવાઈની વાત તો એ છે કે સુનામી મોજાં ધરતીકંપ થયા વિના પણ દરિયાનાં પેટાળમાં (ઊંડે ઊંડેથી) ઉત્પન્ન થઈ શકે છે...!! આવી ઘટનાનું વિજ્ઞાનીઓએ બંદરીય (Harbour Waves) મોજાંનું નામકરણ આપ્યું, પણ લાંબે ગાળે આવું નામ ઉપયોગમાં કે અમલમાં આવ્યું નહિ. આમ વિજ્ઞાનીઓએ હાંફી જઈને એને આખરે સુનામી (Tsunami) મોજાં કહેવા લાગ્યા !!

પૃથ્વીના સ્તરમાં (Crust) તળિયેથી ઉપર સુધીની જે ઊભી (Vertical) હિલચાલો સતત થયા કરે છે, તેની અસર સપાટી પર પણ વર્તાવે છે. એટલે કે છેક જમીનોની હદ સુધી. એવી જ રીતે દરિયાની નીચે જ જલકંપો થાય છે તેની ઊંડાઈ વીસ (૨૦) અથવા ત્રીસ (૩૦)

કિલોમીટર જેટલી હોય છે. દરિયાના પેટાળમાં પણ જમીન પરના ધરતીકંપોની જેમ તીવ્ર ઊથલપાથલ થાય છે. અને તે ટાપુઓને તો હચમચાવી નાખે છે. આવાં સુનામી મોજાં મધદરિયે ઉત્પન્ન થતાં નથી. દરિયાની સપાટી પર થતાં મોજાંની ઊંડાઈ માત્ર એક કે બે ફૂટની હોય છે. એમની અસરો દરિયા પર સફર કરતાં જહાજો, સ્ટીમરો, કે ડૂબકી મારતી સબમરીન પર થતી નથી, ભલેને તેઓ મધદરિયે હોય.

હાલના સમયો, સુનામી નામે ઓળખાતી ઘટના સને ૧૯૫૮ના જુલાઈ માસમાં આલાસ્કાના લિટ્યુઆના અખાત (Bay) પર થઈ હતી; સુનામી મોજાં કલાકના ૫૦૦ કિલોમીટરથી ૧૦૦૦ કિલોમીટરની ગતિએ ભ્રમણ કરે છે. એટલે જ સૌપ્રથમ ઈન્ડોનેશિયા દેશ પર સુનામી સવારના ૬:૩૦ કલાકે ત્રાટકેલી, જેની અસર આશરે બે હજાર (૨૦૦૦) કિલોમીટરની અંતરેથી તામિલનાડુ પર સવારના ૮:૩૦ કલાકે થઈ !!

પેસિફિક મહાસાગરના દરિયા કાંઠે આવેલા દેશો પણ વારંવાર સુનામીના ભયગ્રસ્ત ક્ષેત્રમાં આવી જાય છે. છેલ્લાં સો (૧૦૦) વર્ષ દરમ્યાન આશરે (૮૦) વખત આમ બન્યું છે. એટલે, પેસિફિકની આસપાસના ૨૬ દેશોએ સુનામીને ચેતવણીનું કેન્દ્ર સ્થાપિત કર્યું છે. જાપાન, અમેરિકા અને ચીન પણ આ ભયગ્રસ્ત સેન્ટરના સભ્યો બન્યા છે.

એમ કહેવાય છે કે, સુનામીએ ભારત દેશ પર ત્રણ વખત હુમલો કર્યો છે. ઈસ. ૧૫૦૯, ૧૮૮૧, અને ૧૯૧૪ માં તો ખાસ. આંદામાન ટાપુ પર સુનામીએ અસર પહોંચાડી છે પણ ત્યાં ભારે જાનહાનિ થઈ નથી.

સુનામીની આગોતરી જાણકારી મેળવવા માટે ડાર્ટ (Dart) નામનું સાધન તૈયાર કરવામાં આવ્યું છે, જે સુનામી આફતો (ઊંડા દરિયામાં) થતી હિલચાલ વિશેની માહિતી આપશે ! એનું અંદાજિત ખર્ચ એક કરોડ ને પચીસ લાખ (૧,૨૫૦૦,૦૦૦) ડોલર થવા સંભવ છે !! આ પ્રકારના સાધનો અમેરિકાએ પેસેફિક મહાસાગર માટે બનાવ્યા છે. દર પચ્ચીસ (૨૫) મિનિટે માહિતી મળી રહે છે તે માટે અવકાશી ઉપગ્રહો દ્વારા પૃથ્વી પર સંદેશા મોકલી શકાય છે. આ સાથે ધરતીકંપ અને માપન સાધન જોડાશે તો વધુ ઉપયોગી નીવડશે.

કુદરતી આફતોની દૃષ્ટિએ સુનામીએ પૃથ્વી પરની ઘણી જ અગત્યની જગાઓ સર કરી છે. એનું એવું એક મોટું મસ લિસ્ટ બનાવી શકાય. કિન્તુ, બાઈબલ આપણને સ્પષ્ટ રીતે કહે છે કે, આવી વિનાશક ઘટનાઓથી પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પુનરાગમન નજીક છે એમ માનવું રહ્યું. ભ્રષ્ટાચારથી ખબબદતી આ દુનિયા નાશના ઓવારે આવી રહી છે. લોકોમાં આધુનિક ફેશનો, રંગ રાગ અને તેને માટે વિજ્ઞાનીઓ દ્વારા સર્જાતા સાધનો એનું સૂચક છે !!

*વાંચો નવા કરારમાંથી : (માત્થી ૨૪:૭, માર્ક ૧૩:૮, લુક ૨૧:૧૧)*

# વિજ્ઞાનની પાંખે

રોઝેલીને અગાઉથી જ પોતાની સહાધ્યાયી ક્લેરા સાથે ઈન્ટરનેટની ગોઠવણ કરી રાખી હતી. તે મુજબ તેઓ પહેલી જ વાર કોમ્પ્યુટર સેન્ટરના મંડળમાં ગયાં, ઈન્ટરનેટ દ્વારા રસિક સમાચાર ને વાર્તાલાપનો લાભ એમને મળવાનો હતો.

રોઝેલીનને તો ઈન્ટરનેટની નવી દુનિયામાં પ્રવેશવાનો હરખ માંતો નહોતો, બન્ને બહેનપણીઓ કોમ્પ્યુટરની એક કેબીનમાં ગયાં અને વેબસાઈટ પર ઈન્ટરનેટની બારી ખોલી નાખી, જેમાંથી અવનવા સંદેશા કે વાર્તાલાપ સાંભળવાના હતા. કિન્તુ એમાંથી એમને ગંદી વાતો સાંભળવાની મળી તેથી તેઓ હેબતાઈ ગયાં. તરત જ તેઓ એ વેબસાઈટ છોડીને બીજે જતાં રહ્યાં. રોઝેલીને ઈન્ટરનેટ પર જે સંદેશા કે વાર્તાલાપ આવે છે તે કેવા છે એ વિશે કદીયે વિચાર કર્યો નહોતો. જો કે તેણીના અગાઉના પ્રસંગને લીધે નિરાશા ઉપજી હતી. પણ આ વખતે તો ઈલિઝાબેથ એને પોતાના ઘરના વેબસાઈટ પર લઈ ગઈ અને ઈન્ટરનેટના ફાયદા ગેરફાયદા વિશે સારી સમજ આપી.

બન્ને જણ વેબસાઈટ પર બેઠાં - એનો કોડ નંબર w.w.w.ictye.org. હતો. ઈન્ટરનેટ ચાલુ કર્યા પછી કેવા સંદેશા આવ્યા છે તે ચેક કરવા લાગી. ભારે આશ્ચર્યચકિત થઈને જોયું તો વેબસાઈટની સંદેશાવાહક બોક્સમાંથી વંચાય નહિ એવા બત્રીસ (૩૨) સંદેશાઓ, અરે વાર્તાલાપ આવવા લાગ્યા. આટલા બધા સંદેશા કોણે મોકલ્યા હશે ?! એમાંનો એકેય સંદેશો પોતાને લાયક-ગમતો ન હોવાથી એ અકળાઈ ઊઠી.

પછી તેણીએ વાર્તાલાપની બીજી શ્રેણી સાથેનો સંપર્ક જોડી આપ્યો. તેમાં સંદેશાવાહકનો અવાજ હતો. "ઓ મારા, ગુલાબ, ! હું જેક બોલી રહ્યો છું. મારી સાથે વાત કરવી છે ને ?" સાંભળતાની સાથે જ એ તો એટલી બધી ઉશ્કેરાઈ ગઈ અને માનવા લાગી કે મારો મિત્ર જેક જ મારી સાથે પ્રેમથી વાત કરી રહ્યો છે. અરે બોલી રહ્યો છે ! તેણીએ પ્રત્યુત્તર વાળ્યો, "ઓ જેક ! તું ક્યાંથી બોલે છે ?" ઈન્ટરનેટની બારી ઉઘડી, "Ash ?" એટલામાં ખરે વખતે ઈલિઝાબેથ રોઝેલીનની મદદે આવી પહોંચી અને એ બધા સંદેશા ક્યાંથી આવે છે એ સમજાવવા લાગી. ઈલિઝાબેથે તેણીને કહ્યું કે 'જે તેની સાથે વાત કરવા માગે છે તે એનો બોય ફ્રેન્ડ જેક નથી પણ કોક દુનિયાના અગમ ખૂણેથી તારી સાથે વાત કરી રહ્યો છે !!' હવે રોઝેલીનને ખબર પડી કે ઈન્ટરનેટની દુનિયામાં આવું વિચિત્ર શું શું બની રહ્યું છે ?! પછી ઈલિઝાબેથે વ્યાપાર વ્યવહારમાં ઈન્ટરનેટ દ્વારા કેવી કેવી યુક્તિઓ અજમાવવામાં આવે છે તેની સ્પષ્ટ સમજ આપી.

વહાલાં બાળમિત્રો, કદાચ તમારાં માલદાર માબાપને ઘેર આવી ઈન્ટરનેટની સંપૂર્ણ વ્યવસ્થા હશે. કિન્તુ જો તમે મારું માનો તો, ઈન્ટરનેટ પરના થોડા જ સંદેશા તમને ઉપયોગી નીવડશે.

આ ઈન્ટરનેટ આપણા બધા માટે અતિ ઉપયોગી વૈજ્ઞાનિક સાધન બન્યુ છે કહો ને કે, આપણા રોજ-બરોજના જીવનમાં એક ભાગ થઈ ચૂક્યો છે. એમાંથી સાધનસંપન્ન લોકો તેમજ યુવાન બાળકો કેમ બાકાત રહી શકે ?! ફાયદાની દૃષ્ટિએ જોતાં આપણાં જીવનો પર ખોટી માનસિક, નૈતિક, લાગણી સભર અસરો કરે છે વિગેરે, વિગેરે. ભારત સરકારે વ્યાપાર ઉદ્યોગમાં ભારે ઉદારનીતિ અપનાવી છે અને તેને કારણે જાપાન, ચીન, તાઈવાન, જેવી કંપનીઓએ આપણા દેશમાં ટી.વી. દ્વારા લોભામણી ચીજવસ્તુઓની જાહેરાતો મૂકે છે. કેટલીકવાર મફત મોટાં મોટાં ઈનામોની લાલચ બતાવે છે ! અને શોખીન ફેશનેબલ યુવક યુવતીઓ એમાં બરાબર ફસાઈ જાય છે અને મજાની વાત તો એ છે કે, હર્ષઘેલાં માબાપો વાલીઓ અને સહૃદયી મિત્રો એમની ઈચ્છાઓ પરિપૂર્ણ કરવામાંથી કદીયે ઊંચા આવતાં નથી. તે તમે અણસમજુ બાળકો મોટાં તથા નાનાં, ઈન્ટરનેટની અનોખી કામગીરીથી કદી પણ છેતરાશો નહિ.

આધુનિક વિજ્ઞાન તો સિક્કાની બે બાજુઓ જેવી છે. એક ઉત્પાદક, સર્જનાત્મક અને બીજી વિનાશાત્મક. તેને બદલે ચાલો, આપણે લોભ લાલચમાં પડી જવા કરતાં ઈન્ટરનેટની ગરમાગરમ વરાળમાંથી નીકળી જઈને ઈશ્વરનાં રાજ્યને શોધવામાં મંડ્યા રહીએ. કેમ કે પવિત્રશાસ્ત્ર (નવા કરારમાં) માં લખ્યું છે કે, "જગત તથા તેની લાલસા જતાં રહે છે, પણ જે દેવની ઈચ્છા પૂર્ણ કરે છે તે સદા રહે છે" (૧ યોહાન ૨:૧૭)

## સમૂહ પ્રસાર માધ્યમોની...ઉત્ક્રાંતિકારી કહાની

**રેડિયો :** ઈ.સ. ૧૯૦૧માં ગુગ્લીએલ્મો (Guglielmo) માર્કોનીએ પોતે સંશોધન કરેલ કોડ દ્વારા આટલાંટિક મહાસાગરની પાર રેડિયો પ્રસારણ કાર્ય કર્યું ! ત્યાર પછી તો દાયકાઓ વીતી જતાં રેડિયો દૈનિક જીવનનું એક મહત્ત્વનું અંગ બની ગયું. આજે આપણે રેડિયો દ્વારા સમાચાર, સંદેશા તેમજ મનોરંજન કાર્યક્રમો જુદા જુદા સ્ટેશનો પરથી સાંભળી શકીએ છીએ. તદ્ઉપરાંત રેડિયોનો ઉપયોગ વિમાનના પાયલોટો, અગ્નિશામક દળો, વ્યૂહાત્મક લશ્કરીદળો અને અવકાશમાં સંશોધન કરતા નિષ્ણાત વિજ્ઞાનીઓ સબમરીનોમાં ડૂબકી મારતા તરવૈયાઓ વગેરે વિપુલ પ્રમાણમાં કરે છે.

અંતરિક્ષમાં વિદ્યુત તરંગો, પ્રકાશ તરંગો તેમ જ ધ્વનિ તરંગો સતત ફરતા રહેતા હોવાથી રેડિયોની મશીનરી ચોવીસે કલાક કાર્યરત રહે છે, જેથી આપણે દુનિયાભરના રેડિયો-આકાશવાણી મથકો પરથી મહત્ત્વના સંદેશા સાંભળી શકીએ છીએ. દા.ત. જ્યારે ભારતના સર્વપ્રથમ મહિલા વડાપ્રધાનની (સ્વ. ઈન્દિરાબહેન ગાંધી) પાટનગર દિલ્હીમાં ક્રૂર હત્યા થઈ ત્યારે (આપણને જાણ થાય તે પહેલાં) એ દુઃખદ સમાચાર B.B.C. બ્રોડ કાસ્ટીંગ આકાશવાણી કેન્દ્ર પરથી પ્રસારિત કરવામાં આવ્યા હતા ! એટલે, વરદાનની દૃષ્ટિએ (૧) પ્રત્યેક રાજ્યના આકાશવાણી કેન્દ્રો ચોવીસે કલાક કાર્યરત રહે છે. તેથી, જ્યારે દૂરદર્શન મથકો પરથી ટી.વી. પર આવતાં દ્રશ્યો કે સમાચારો ખોટકાઈ જાય છે ત્યારે ગમે તે જગાના સમાચાર આપણે સાંભળી શકીએ છીએ. (૨) હવે તો, મોટામસ રેડિયોને સ્થાને નાનાં

ટ્રાન્ઝીસ્ટર રેડિયો, કાર રેડિયો, અને વિમાનમાં ગોઠવેલા રેડિયો જેવાં જ યાંત્રિક સાધનો-ઉપકરણો ગમે ત્યાં અને ગમે ત્યારે સારામાં સારી બ્રાન્ડના રેડિયોની ગરજ સારે છે, (૩) કુદરતી હોનારત, અકસ્માતો, તોફાનો, પ્રસિદ્ધ ને કુશળ સંગીતકારોના તેમ જ નૃત્ય નાટકો વાર્તાલાપો, ભાષણો, રાષ્ટ્રીય ઉત્સવોના કાર્યક્રમો તેમજ વિધાન સભા કે ક્રિકેટ મેચોની કોમેન્ટ્રી વગેરે સાંભળવાનું કોને ના ગમે ?! (૪) મતલબ, જ્યારે વિધૃતપ્રવાહ બંધ થઈ જાય ત્યારે રેડિયો ટ્રાન્ઝિસ્ટરનો ઉપયોગ હરકોઈ હાથવગો કરી શકે છે. (૫) ટાવર રેડિયો મથક પરથી અંતરિક્ષમાં ઘૂમતા ઉપગ્રહો (Settelites)ની મદદથી નીચે ફેંકાતા, પ્રસારિત થતા, સમાચાર સંદેશાઓ આપણને ઘેર બેઠાં સાંભળવાના મળે છે. એ શું આધુનિક રેડિયાનું વરદાન નથી ?!

**અભિશાપની દૃષ્ટિએ,** મોટી સાઈઝના રેડિયો કરતાં નાના ટ્રાન્ઝિસ્ટર રેડિયા વધુ નુકસાનકારક નીવડે છે. હાલના મોબાઈલ ફોન લઈને ફરતા ફેશનેબલ અને ખાનદાન યુવક-યુવતીઓ મોટે ભાગે ટ્રાન્ઝિસ્ટર રેડિયોનો ઉપયોગ પાર્ટીઓમાં, ક્લબોમાં કે સ્ટેડિયમોમાં વધુ પ્રમાણમાં કરે છે. એમાંથી નીકળતા ધ્વનિ સ્પંદનો એમની જાતીય વૃત્તિઓને ઉત્તેજિત કરે છે. આજે કોઈ યુવક-યુવતી ઘરના રેડિયોનો ઉપયોગ નથી કરતું. ટ્રાન્ઝિસ્ટરનો જ કરે છે ! આમ, યુવાધન આકાશવાણીમાં ગુંગળાઈ જાય છે. એટલે જ આપણે તેઓને માટે ખંતથી પ્રાર્થના કરવાની રહી. જેથી તેઓ શેતાનનો નહિ પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તનો મધુર ને પ્રેમી અવાજ સાંભળે !!

**ટેલિવિઝન (T.V) યાને દૂરદર્શન :** ટેલિવિઝન એક એવું સમૂહ પ્રસારણ યંત્ર છે અથવા તો સાધન છે કે જે પ્રકાશ અને ધ્વનિને વિદ્યુત તરંગોમાં ફેરવી નાખે છે. આ વિદ્યુત સંકેતો (Signals) રેડિયોમાંથી નીકળતા તરંગો (Waves) અથવા તો ભૂગર્ભ કે જળગર્ભમાં ધકેલાતાં તરંગો દ્વારા આપણા ટી.વી. સેટ પર આવે છે. અને ટી.વી. એ સંકેતોને દશ્ય (Pictures) અને ધ્વનિ (Sound) માં ફેરવી નાંખે છે.V.D.O. ટેપ અથવા તો ડિસ્ક પર પણ વિશિષ્ટ અવનવી ચેનલો દ્વારા લોકો દેશપરદેશના અજબગજબના કાર્યક્રમોની મોજ માણે છે ! અલબત્ત ખમતા ટી.વી. માલિકે એની વધુ પડતી કિંમત ચૂકવવી પડે છે. એટલે જ અંગ્રેજીમાં એવી કહેવત પ્રચલિત છે કે 'Every pleasure has its Price' વરદાનમાં આપણે એટલું જ કહી શકીએ કે ટી.વી. દ્વારા આપણે દુનિયાભરના સમચારો જાણી શકીએ છીએ અને ઉપર દર્શાવેલા રેડિયોના ફાયદા ઉઠાવી શકીએ છીએ. પરંતુ એથી વિશેષ જે દશ્યો (દૂર દૂરનાં) આપણે જોઈ કે અનુભવી શકતા નથી અને મનુષ્યના, પ્રાણીઓના જે અવાજો સાંભળી શકતા નથી તે ટી.વી. પર પ્રત્યક્ષ થાય છે. અરે આપણને આશ્ચર્યચકિત ને મુગ્ધ કરે છે. વળી, જ્ઞાન, વિજ્ઞાન ને શિક્ષણક્ષેત્રે જે પ્રગતિ હાલ થઈ રહી છે તેની જાણકારી આપણે હાંસલ કરી શકીએ છીએ. કિન્તુ અભિશાપની દૃષ્ટિએ, કુમળાં, બાળકો, યુવક-યુવતીઓ અને નીતિમાન સ્ત્રી-પુરુષો પર એની અસર સાચે જ ખતરનાક થાય છે. ખાસ કરીને હોલીવુડ અને બોલીવુડની ટી.વી. ચેનલોને આત્મિક, દૈહિક અને માનસિક સર્વનાશ સર્જે છે. આપણો જનસમાજ ક્યાં જઈ રહ્યો છે !?!

# દુનિયાનું સૌથી અજાયબ શહેર : લંડન !?!

ભાષાકીય દૃષ્ટિએ લંડન દુનિયાનું સૌથી મોટું આંતરરાષ્ટ્રીય શહેર છે. આવા શહેરને આપણે (International) આંતરરાષ્ટ્રીય શહેર કહીશું એટલે કે ત્યાંના બાળકો ત્રણસો (૩૦૦) કરતાંય વિભિન્ન વધુ ભાષામાં બોલે છે !

લંડન શહેરની કુલ વસ્તીનો ૧/૩ ભાગ અંગ્રેજીને બીજી ભાષા Second Language તરીકે શિક્ષણક્ષેત્રે ઉપયોગમાં લે છે. કારણ શાળા, પાઠશાળાઓમાં અંગ્રેજીનું શિક્ષણ ખર્ચાળ છે. જ્યારે બાળકો, મોટાં કે પુખ્ત વયનાં થાય છે ત્યારે તેઓનું આકર્ષણ જુદી જુદી વિદેશી કંપનીઓની ભાષા તરફ વળે છે.

લંડનની ઘણીખરી સ્કૂલોમાં વિદ્યાર્થીઓ પચાસ કરતાંય વધુ જુદી જુદી ભાષાઓમાં વ્યવહાર કરે છે : દાખલા તરીકે ૭% થી ૮% રાષ્ટ્રીયતાની સરખામણીમાં હેકની એટલે કે પૂર્વ લંડનના પરગણામાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અંગ્રેજીને વધારાની ભાષા તરીકે (Additional) ગણીને શીખે છે. જેની ટકાવારી ૫૩% જેટલી છે. તેની પાછળ પાછળ નાઈજીરીઅન યોરૂબા ભાષા ૮.૩% અને તુર્કી ભાષા ૮% જેટલી થાય છે.

જો કે બાઈબલના જૂના કરારમાં માનનારા લોકોની માન્યતા મુજબ "બાબેલનો બુરજ ફરીથી નથી બંધાવાનો તોપણ લંડનમાં વસતી પ્રજાઓ એક એવી હવા ફેલાવી રહી છે કે આગળ જતાં સમગ્ર લંડન શહેર ભાષાકીય વિવિધતા ધરાવવામાં સૌથી મોખરે રહેશે ! કારણ કે પ્રત્યેક પ્રજાને પોતાનો સાંસ્કૃતિક વારસો જાળવી રાખવો છે. સાંસ્કૃતિક વારસો એ એમનો કિંમતી ખજાનો (Cultural treasure) છે. હવે સમગ્ર ઈંગ્લેન્ડ દેશ પણ લંડન શહેરની ભાષાકીય સર્વોપરિતાનો દરજ્જો પ્રાપ્ત કરવા તલપાપડ થઈ રહ્યો છે !!

# મારા આકાશમાનાં બાપનું ઘર !

હું મારા આકાશમાનાં બાપના ઘરની ઉજવણી કરવાનો છું. આપ સૌને હાર્દિક નિમંત્રણ !!

આકાશમાંના મારા બાપના ઘર સુધી પહોંચવાની તે માટેની કેટલીક સૂચનાઓ :

અહીં આગળ તમારે વિશ્વાસનો પુલ ઓળંગવો પડશે અને ઈસુ ખ્રિસ્ત જે લાલબત્તી સમાન છે તે તરફ વળવું પડશે.

★ વિશ્વાસનો એ પુલ દુ:ખો અને સંકટોરૂપી પાણીની સપાટી પર બાંધેલો છે એનો ખ્યાલ રાખશો.

★ હવે તમે રાજમાર્ગ જે સ્વર્ગીય નગર તરફ લઈ જાય છે ત્યાં આવી પહોંચ્યા છો.

★ હવે ફક્ત ત્રણ માઈલના અંતરે એટલે કે પહેલો માઈલ : પિતાનો, બીજો પુત્રનો : અને ત્રીજો પવિત્ર આત્માનો હશે.

★ જ્યારે તમે હાઈવે પર જઈ રહ્યા છો ત્યારે તમારી પરીક્ષણ એપાર્ટમેન્ટની નજીકના ભયજનક ટ્રાફિકનો સામનો કરવો પડશે. એમાં અટવાઈ જશો તો અકસ્માત સર્જાશે.

★ પછી ઈશ્વરકૃપાની સહાયથી એના સહભાગી થઈને જમણી બાજુની સુવાર્તારૂપી શેરી (Gospel Lane) તરફ વળો; સીધા ચાલ્યા જાઓ અને જમણી તરફના 'પ્રાર્થના માર્ગ' ગમ ફરો.

★ વળી, વચમાં આવતો પાપરૂપી મહોલ્લો જતો કરો કારણ કે એ તો સર્વનાશનો અંતભાગ છે.

★ અદેખાઈના માર્ગ તરફ તમારી નાવડી ના હંકારો અને દુનિયામાંથી બધું જ મેળવવાના માર્ગને તજી દો.

★ બહુ ઝડપથી કપટ તેમજ નિંદા કુથલી કરવાનો માર્ગ પસાર કરી દો.

★ પ્રિય મિત્ર, તેમ છતાંય તમારે દીર્ઘ દુઃખ, સહનશીલતા, પરીક્ષણો ને સતાવણીઓના એપાર્ટમેન્ટમાંથી પસાર થવું પડશે. કિન્તુ એ બધું સુયોગ્ય છે કારણ કે આગળ જતાં વિજયનો મહોલ્લો તમારી સામે જ હશે !

# કાવ્ય વિભાગ

## બેથલેહેમની શુભ યાત્રાએ...!

*રાગરાગિણી પ્રમાણેનું નૃત્યગીત*

મધુર, મધુર, ગીત આકાશી
ગાઈએ આજ ઉમંગે;
બાળ ઈસુના જન્મ પ્રસંગે
ગજવીએ અવનિ સહુ સંગે......મધુર.
યાત્રા ભલે હો, દીર્ઘ અમારી,
જઈશું બેથલેહેમ રંગે ચંગે;
તારક ચમકે નમ્ર ગભાણે,
બાળક, મરિયમ ઉછંગે !......મધુર.
લાવ્યા નથી કૈં બોળ લોબાન ને,
સુવર્ણ મોઘેરું નજરાણે;
દૈશું અમ દિલનાં અર્પણ ટાણે,
ઈશ પિતાજી સ્વીકારે!!.....મધુર.
યાત્રા પૂરી થૌ, સંધ્યા ઢળી છે,
જાશું મંદિરીએ સવારે;
ફેર મળશું, સ્તુતિ ગીત ગાતાં,
ઓ, આવી રહી...! નૂતન સાલે !!! મધુર.

## ચાલો, જઈએ બાળ ઈસુ દર્શન કાજે...!!!

*(રાગ : નૃત્ય ગરબીની ઢાળે)*

*ટેક :* સુભગ (સિયોન સુંદરીની હેલકેરી વેલ રે,
રાતડી વીતી જતી રે લોલ !

બેથલેહેમ ગામ કેરી સીમ શીતલ, શાંતિદાયક, ફોરમ ભરે,
શ્રમિતજનો વિશ્રાંતિ કાજે નિજ ગૃહે ખચીત ફરે,
સનક સનક સૂરજ ડૂબે, તારલા ચમકે, મંદ મંદ હાસ્ય કરે !
અવનિ અંધાર ઓઢી, રૂડી રાતનાં એંધાણ ધરે...સુભગ
ભરવાડો સતર્ક ભલે, નિદ્રામહીં અહા ! સ્વપ્ને સરે !!
સૂણી આકાશી ગાન દૂતોના ! શીઘ્ર સફાળા જાગ્રણ કરે !
દૂતે દીધી વધામણી જો ને, આ જ દાવિદ નગર મહીં જન્મે
બાળ મસીહા અવતરીયા ગભાણે, જોશો માતા મરિયમના ધામે !! ...સુભગ
દોડી રે આવ્યા મેષપાળો એ ધામે, હરખ ના માંય ઉત્સવ સુકાળે
સાષ્ટાંગ દંડવત્ ભજન રે કીધું, દર્શન ! મસીહાના જનમને ટાણે !

આનંદ ! આનંદ ! પ્રીતે સ્તવીશું, બાળ ઈસુને સહુ સંઘાત રે,
ચાલો, જઈએ બેથલેહેમ રે આજે, ઉગિયું અનેરું પ્રભાત રે !!
સુભગ સુંદરીની હેલ કેરી વેલ રે,
રાતડી વીતી ગઈ રે લોલ !

## નાતાલ આવી

*નાતાલ આવી*
*નાતાલ આવી*

કૃત્રિમ તારલો ઝબૂક્યો આંગણીયે
શૃગાર દીપકવૃક્ષ વૈભવ જણાયે,
ચોવીસ ડિસેમ્બર કૈંક શુભ્ર રાતે
કીર્તન રમઝટ નાતાલ ઉત્સવ મનાયે !
યાદોં હજી છે બેથલેહેમ ધામતણી રે,
મેષપાળો સતર્ક ભલે નિદ્રા મહીં રે,
ઝબક્યા બધા દ્યુતિ વિદ્યુત જાણે,
સૂણતા સ્વર્ગીય ગાનો ઈશ જન્મને ટાણે,
દોડે ભરવાડો સૌ ત્વરિત ગભાણે
હરખે માતમરિયમ બાળ દર્શન ! સુકાળે
સાક્ષાત દંડવત પ્રણામ થકી ઈશબાળ ભાળે !
કીર્તન ભજન નાદ સાત્વિક સદાયે
અદ્ભુત તારલો ચમકે પૂર્વ દિશાએ,
દીર્ઘ યાત્રા પંથે માગીઓ રે પ્રયાણે
આવે નિજ મહેલે હેરોદ રાજન પૂછે છે :
"ક્યાં અવતર્યો રાય ઈસુ મુજને કહોને ?"
ગર્વિષ્ઠ હેરોદ મૃદુ સ્વરે જાણે અજાણે.
"શોધો ઈસુને મારે ભજવા નાતાલ ટાણે !"
અખિલ આ વિશ્વમાં આનંદ, આનંદ છાયો !
અવતર્યા ઈસુ ખ્રિસ્ત જનગણમન ભાયો !!
અબાલવૃદ્ધ સૌને સદ્ગતિ ઉદ્ધાર લાવે.
યુગો તણી આશ અભિલાષ આજ રેલાવે !
નાતાલ આવી ! અર્પણ દિલનાં પ્રભુ માન્ય કરશે;
પિછાની પ્રીત, આનંદ ! આનંદ ! આનંદ ! ભરશે !!!

# નાતાલ ગીત

"સ્વર્ગીય સંદેશ"

*"કેમ કે આજ દાવિદના શહેરમાં તમારે સારુ એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યા છે" (લુક ૨:૧૧)*

(રાગ : 'ધન્ય તે દિન, કર્યો જયારે' ૮ સ્વરો ને ટેક ભજન સંગ્રહ ૩૭૬ પ્રમાણે)

*ટેક :* આવ્યો રે, આવ્યો રે, નાતાલ શુભ દિન આવ્યો રે !
લાવ્યો રે, લાવ્યો રે, સ્વર્ગીય સંદેશ બાળ લાવ્યો રે !!
પિતાતણે, પરાક્રમે, અવનિ પરે બાળ અવતરે,
આવ્યો રે, લાવ્યો રે, આનંદ, આનંદ, છાયો રે !!

૧. ઘેટાંપાળો, ઝબકી જુએ, પ્રકાશિત સ્વર્ગીય દૂતોને,
હર્ષે વદે : "બી હો મા રે, સુવાર્તા કહું સહુ લોકને,

૨. દાવિદ શહેરે જોશો તમે, લૂગડે લપેટેલ બાળને,
પોઢચો ગભાણે, નમ્ર એ, જાણે ન કો સુકાળને,

૩. પ્રગટે પ્રભા ! સેના સંગે, દૂતોતણા સુરમ્ય રે
સ્તુતિ કરે, દ્વિધા હરે, ભૂલોકની અગમ્ય રે,

૪. પ્રસન્નતા, ને શાંતતા થાઓ અખિલ આ વિશ્વમાં !!
કીર્તિ વધે, ઈશરાયની મનાયે શ્રેષ્ઠ સર્વમાં !!!

૫. ત્રિધન્ય રાય, ખ્રિસ્તને, ધન્ય હોજો બેથલેહેમ ગામને
સ્મરજો પ્રીતે, આ સુદિને, સુંદર સ્વર્ગીય ધામને
હાલેલૂયા, હાલેલૂયા, હાલેલૂયા.....આમેન

# પ્રીતમનો સાદ

*(રાગ : હું તો પર્વત પર વસું છું. (ભજન સંગ્રહ નં. ૩૭૩ પ્રમાણે)*

૧. જૂનું જગત ચાહે ઘણું, વૈભવ માન ને ક્ષણિક સુખ,
યુદ્ધનાં શસ્ત્રો ઘડે માનવ, નથી શમતી ભૌતિક ભૂખ.
શેતાન શત્રુ જોને વેરે, બીજ વિનાશક આતમ સાથ
દોષિત ઠરે, પાપી મરે, સ્નેહી ના આવે સંઘાત

ટેક : પ્રીતમ મારો મુજને બોલાવે, કેવાં સુંદર ! સાદ મધુર !!
પ્રીતથી દૂ...ર હું રે ફંટાયો, આવવા ચાહું ખ્રિસ્ત હજૂર,

૨. રાત અંધારી દિશ ન સુઝે, નિઃશબ્દ, શૂન્ય ભેંકાર,
જગત માંહે ગીતો ગુંજે, દુન્યવી સંગીત લલકાર.
દૃષ્ટિ થંભ પર હું કરું છું ! જોઉં ઈશ પ્રીતનાં અકથ ઉંડાણ !!
આનંદિત હું થયો ત્યારે, બેઉલાહ દેશનાં શુભ એંધાણ !

૩. ઠેકડા મારતો જો આવે છે !! મ્હારો પ્રીતમ હરણી જેમ,
સ્નેહશૈયા બિછાવું પ્રીતે, વહાલથી કરશે પુષ્કળ રે'મ,
આવો, સ્નેહી મિત્રો બધાં, સુણજો ધ્યાનથી સાદ મધુર !
પ્રીતમાં ના જગાડશો મુજને, તમનેય મળવા બહુ આતુર !!

*(ગીતોનું ગીત અધ્યાય બે (૨) આધારિત)*

## નૂતન વર્ષની અનંત આશ...

## મંદાક્રાંતા (સોનેટ)

નૂતન વર્ષ આ નવલ નવલું આવિયું દોડતું રે !
તન મનનાં અર્પ સઘળાં માન્ય સાર્થક થશે રે !!
નભમાં જુઓ સૂરજ ઉગ્યો ! દિન સારા જશે રે,
વસે શાંતિ, પ્રીતિ સુખદઃ શમણાં નિત્ય આવશે રે !
રસાળાં મિત્રો ને સ્નેહીજનોનાં સ્મિત પ્રત્યક્ષ થાશે;
સકળ જિંદગીનાં દુઃખ વિતકો એમ ભુલાઈ જાશે !
નીમેલાં જે વર્ષો સુખરૂપ તો જવાનાં,
આવ્યાં આજે પ્રભુ ભક્તિ કાજે સિદ્ધ સાચે થવાનાં
શક્તિ, બુદ્ધિ, સહુને મળશે, ચિત્ત શુદ્ધિ સુપેરે.
પૂર્ણ થાશે મનોરથો બધા, દેશ ભક્તિ નિખારે
રીઝે ના પ્રભુ કદી માત્ર સુકૃત્યો કરેલાં
કવન શાસ્ત્ર મહીં પુનિત સંતભક્તોએ લખેલાં !
રક્તે કીધાં શુદ્ધ દિલડાં, ખ્રિસ્તની પ્રીત જાણો !!
જો ને ડૂબે સૂરજ રાતો, સંધ્યાના રંગ માણો !

## નાતાલ વૃક્ષ

નાતાલ વૃક્ષની ઝાકઝમકમાં શું જોઈ રહ્યા છો આજે,
નથી સ્પંદન નથી વંદન, ના ત્યાંયે ઈસુ બિરાજે !
નંદવાયેલાં હૈયાં જોને, અંતર મનડાં દાઝે,
શું જોઈ રહ્યા છો આજે !
બેથલેહેમની સીમ સમીપે ભરવાડો નીંદર માણે,
ઈશ ત્રાતાનાં સ્વપ્નો સેવે, ઓ...આવ્યું આગમન જાણે,
નિમ્ન ધામે નમ્ર ગભાણે, અજબ તારલિયો ચમકે,
બાળ ઈસુનાં દર્શન થાતાં, હૈયાં મુખડાં મલકે,
શું જોઈ રહ્યા છો આજે ?

નાતાલ વૃક્ષની માયા જુદ્ધી, જુદ્ધા જગતની છાંયે,
નાતાલે વિધ વિધ રંગ રેલાયે, હીન સંસ્કૃતિની પરછાંયે,
શું જોઈ રહ્યા છો આજે ?
કિન્તુ મનભર ઈશ જન્મજયંતી, યુગ યુગ તો ઉજવાશે,
મિલેનિયમની પૂર્વ સંધ્યાએ, ઈશ ત્રાતાનો જય થાશે.
નાતાલ વૃક્ષની ઝાકઝમકમાં મિત્રો ! થાઓ ખુશદિલ આજે !!!

## અમો આવિયાં આજ...

*(રાગ : 'અમો આવિયાં આજ સૌ ખ્રિસ્ત નામે' (ભજન સંગ્રહ, ૩૦૬ પ્રમાણે)*



અમો આવિયાં આજ સુભગ નાતાલ ટાણે;
જુઓ, બાળ ઈસુ સુતા છે ગભાણે !!
અને માત મરિયમ વિનમ્ર એ કાળે,
ઉછંગે બાળ ઈસુ, ધરી સ્મિત ભાળે !
રૂડા મેષપાળો ત્વરિત દોડી આવે;
નમે, સાષ્ટાંગ દંડવત ભજે શુદ્ધ ભાવે,
હરખ ના ખૂટે કૈં, બાળઈશ દર્શન થાતા;
વધામણી દૂતોની પરિપૂર્ણ રે થાતાં,
વિસર્જન, નિકંદન અંધારપટનું થાયે,
અખિલ વિશ્વ આજે, જ્યોતિર્મય જણાયે !
અહા ! આબાલવદ્ધો, ઘૂમે દેશવિદેશે
ઊગ્યો, નાતાલ ઉત્સવ ! સુખદ સ્મૃતિ રહેશે.
અમો આવિયાં સૌ બાળ ઈસુ સહારે;
ખુશિયાં મનાઓ, આનંદ રંગ ભારે,
અમો તો શીઘ્ર જઈશું, પ્રભુમંદિર દ્વારે,
મધુર ઘંટનાદે, ઓ, સ્તુતિગાન સદાયે !!!

## ન્યાયી નૂહ

*(રાગ : 'દેવે નરનારીનું જોડું જોડિયું : ભજન સંગ્રહ નં. ૪૩૪ પ્રમાણે)*

ટેક : નૂહે વિશ્વાસે વહાણ કંડારિયું,
એમાં નૂતન વિશ્વ અણસાર,
પ્રભુ ! નૂહને અમે સહુ સંભારીએ,
૧. લેખ લખ્યા, પવિત્ર જ ગ્રંથમાં;
મિથ્યા થાએ ન એકે લગાર...પ્રભુ, (યશા ૪૦:૮)

૨. લોકો ખાતા પીતા ને પરણાવતા;
ફાલ્યો, દુષ્ટો તણો જ વ્યવહાર..પ્રભુ ! (માત્થી ૨૦:૩૮)
૩. દેવે સાંખ્યો નહીં ભાર જગ પાપનો,
કીધો પ્રલય થકી જ સંહાર...પ્રભુ ! (ઉત્પ. ૬:૬-૮)
૪. નૂહે વિશ્વાસે વહાણ હંકારિયું;
ઓ,...કીધાં પાર કૈં જન પરિવાર...પ્રભુ ! (ઉત્પ. ૮:૧૮-૧૯)
૫. ધર્મગ્રન્થ કહે, ખ્રિસ્ત આવશે !'
હા, લેવા, ન્યાયીઓને પળવાર...પ્રભુ ! (૧ થેસ્સા ૪:૧૬-
૧ ૮ )
૬. સ્વર્ગીય મુગટ મળે ઈસુ ખ્રિસ્તમાં;
રે મળે, વિશ્વાસીને મજેદાર !!...પ્રભુ ! (૧ કોરીંથી. ૯:૨૫)
૭. સ્વામી ! નાવિક થૈને ઉગારજો;
કે ડૂબે નૈયા ન હો મઝધાર...પ્રભુ ! (લુક ૮:૨૪)

## દિવ્ય લગ્નોત્સવ

*(રાગ : 'ઈસુ જે બાળનો તારણહાર' ભજન સંગ્રહ : ૪૯૫ પ્રમાણે)*
*અંગ્રેજી સ્વરો : ૧૦, ૧૦, ૬*

દેવ પ્રસ્થાપિત લગ્નો સોહાય ઈસુ પધારે કાના ગામની માંય
મંડપ રચાયે યહૂદી રીતે તત્કાળ, માતા, મરિયમ ભાઈ-બહેન સ્નેહાળ.
દ્રાક્ષારસ ખૂટ્યો ! માલિક બહુ ગભરાય, મહેમાન માનીતા ઊંચા નીચા રે થાય
શાંતિ પ્રવર્તે, ના કોલાહલ થાય, માતા મરિયમ જોને સહજ મુંઝાય
ઈસુ બિરાજે અગ્ર સ્થાને એ રાય ! ચિંતિત મનદુઃખ માલિકને થાય !
ઈશ આજ્ઞા કરે 'ભરજો કુંડા અપાર', શુદ્ધ વારિ તો બનશે દ્રાક્ષારસ સાકાર !
આ પ્રથમ ચમત્કાર ઈસુનો ગણાય, દ્રાક્ષારસ અમૃતસમ જોને પીરસાય !
માલિક કહે 'મેં ના પીધો છે ક્યાંય ?' નાઝારી સ્વામીનો જય જયકાર જ થાય
સંત પૉલે કહ્યું, 'રાખો પત્ની પર પ્રેમ, કીધો ખ્રિસ્તે મહામંડળી પર જેમ
પત્ની રાખે રે પ્રેમ પતિનું સન્માન, કાજે પતિ શિરોમાન્ય છત્ર સમાન.
લગ્નજીવન ભલે દુઃખની છે ખાણ કુંવારા રે'શો ના કાંઈ સુખનાં એંધાણ
પુરુષ શોધે સહારો જીવનભર, હંમેશ, પત્ની દેશે સહારો એને વિશેષ !!

*(યોહાન ૨: ૫ર આધારિત)*

# વિશ્વાસનો અગ્રણી

*(રાગ : 'મુજ પાપ શાપ વિદારવા:..ભજન સંગ્રહ : ૧૧૨ પ્રમાણે)*

*ટેક :* આવો પધારો પ્રેમથી, ઈશ શરણ રજ ધરી,
વિશ્વાસના પ્રતાપથી લો વિશ્વને હરી.
ઈબ્રામ તો હતો ભલો, મૂળ ઉર ધામનો
ન જાણી ભોમ કનાનની સ્વપ્નો ગયાં સરી.
કુટુંબ કબીલા બંધનો, નિજ સ્નેહીઓ સહી,
વિદારિયા સ્વજન બધાં, મુખ ના દીઠાં ફરી,
એક દેવ યહોવાને ભજે; દેવ દેવીઓ તહીં,
'એ દોરશે સદા મને, જ્યાં જાઉં કહીં કહીં;'
સ્થળ સ્થળ તંબૂ ઠોકતો, ગયો વન વન ફરી;
પ્રતિષ્ઠા ઈષ્ટ દેવની, યાદોં ભરી ભરી
એલોન વૃક્ષની તળે યહોવા દર્શને મળે !
જમાડ્યા તુર્ત અતિથિને, ભોજન ભાવે ધરી,
આવો, સહુ વિશ્વાસીઓ, નિત પ્રાર્થના કરી;
ઈબ્રામતણા વિશ્વાસને અગ્રિમતા દઈ.

# ત્રિવિધ ભક્તિગીત ગુંજન

(૧) ટેક : ખ્રિસ્ત અમ પ્યારો, તારણહારો
જીવન પટ પર છાયો રે !
વિશ્વાસે ડગ ભરતાં ભરતાં
કંચન માર્ગ દિખાયો રે !...ખ્રિસ્ત

જીવન પથ પર સંકટ વિધ વિધ, શોક સમીર ફુંકાયો રે !
કંચનના રસ્તા પર ચાલે, નિત્ય પ્રભુના દાસો રે !.....ખ્રિસ્ત
ભક્તો કાજે સિધ્ધ કર્યા છે, સ્વર્ગીય સુખદ આવાસો રે !.....ખ્રિસ્ત
સુષ્ટિ સારી દ્રવિત નિસાસે, દુઃખ સહે સંસારી રે,
પૃથ્વી નવીનતમ પળમાં થાશે ! દુઃખડાં જાયે વિસારી રે !.....ખ્રિસ્ત
ખ્રિસ્તાચારી, પૂર્ણ પ્રકાશે, સ્વરનો એવો ધારો રે,
વતન હિંયાનું નમ્ર જનોને, મળશે બદલો સારો રે !.....ખ્રિસ્ત
આવો, ભક્તજનો શુભ ટાણે, જીવનનાં જળ પીઓ રે,
પ્રાર્થ સકળજન સાર્થક જાણે, ખ્રિસ્તતણું મન લીઓ રે !.....ખ્રિસ્ત

*(૨) ટેક : જીવનદાતા, જીવનદાતા, ઓ...જીવનદાતા...(૨)*

૧. આદમ હવાના પાપથી દુષ્ટો તણા પરિતાપથી,
ઉગાર્યા મૃત્યુ શાપથી...ઓ. જીવનદાતા.
૨. પ્રબોધકોએ ચેતવી વંઠેલ પ્રજાને ફેરવી,
દેવે પસંદ ખરે કરી, ઓ...જીવનદાતા,
૩. યશાયા, દાનિયેલ સંતોની, વાણી પ્રભુના પ્રેમની;
જન્મે મસીહા નેમની, ઓ...જીવનદાતા
૪. નાઝારેથમાંથી શું મળે ? માતા મરિયમ યૂસફ જડે,
દેવ પુત્ર ઈસુ સાંપડે ! ઓ...જીવનદાતા
૫. કીર્તિ ઈશરાયની ઘણી, મુખડું યરૂશાલેમ ભણી;
થંભે જડાયા, કાલવરી !...ઓ...જીવન દાતા..
૬. મૃત્યુંજય ખ્રિસ્તની જય જય હો;
સ્વર્ગે ચઢ્યા, સ્તુતિ કરો...મધ્યસ્થ મુજ નાથ બની રહો,
ઓ...જીવન દાતા..

*(૩) ટેક : દાવિદ, ગીત મધુરાં મને લાગ્યાં રે ! રાજવી ગુણ ઓ તારાં !!*

પાપ ભયંકર, રાજગૃહેથી, મોહિત નાર ને તારા;
દેવ દયાથી ઉગરી ગયો તું, અશ્રુ પશ્ચાત્તાપ દ્વારા રે...રાજવી
શાઊલ સ્નેહી, વેરી સુતો ત્યાં છાવણીએ નીંદ તાણી;
મૈત્રિક ભોગે, દીધેલ પાણી, ઢોળ્યું રે, વહી ગૈ ધારા રે !...રાજવી
ભાલા થકી નવઠાર કર્યો તેં, કોર ઝભાની ફાડી રે !...રાજવી
મિત્ર પુત્ર, અપંગ નિરાશ્રિત, ઝૂરે પિતૃ વિયોગે;
ભોજન મેજે પ્રીતે દીધું તે, ક્ષોભ જનમના ટાળ્યા રે !...રાજવી
પુત્ર સોહામણો, મસ્ત વિદ્રોહે, ઘૂમી વળ્યો રાજ કાજે;
મોત કમોતે વૃક્ષે લટક્યો આક્રંદ ભારી તારાં રે,...રાજવી.

## ખ્રિસ્તની ઊંડેરી પ્રીત !!!

અંગ્રેજી સ્વરો ૭,૬

*(રાગ : 'સજ્જ થાઓ ઈસુના પક્ષમાં !' ભજન સંગ્રહ : ૩૭૯ પ્રમાણે)*

ઈસુજી આવ્યા દિલમાં ને લાગી ઊંડી પ્રીત !
થંભે જડાયા કેવા !!? દેવા શાંતિ અમીટ.
થંભે પ્રીતમ પોકારે; આવો સઘળા શ્રમીત
નીરખી મુજ હાથ પગ વિંધેલ, થાશે શુદ્ધ શ્વેત ખચીત.'
પાપી છો, ઈસુ ચાહે, હો શત્રુ અત્યંત ક્રૂર,

અક્ષય ક્ષમા દિલ દાખે, પ્રેમલ નિગાહ ભરપૂર,
મરતો ચોર થંભે યાચે, ગુનાહિત કાર્યે શૂર
અભય વચન ખ્રિસ્ત ભાખે; હોઈશ આ જ સ્વર્ગે જરૂર !
સૃષ્ટિ નિઃસાસા નાખે, જડ ચેતન સહુ શાપિત;
માનવ મુક્તિ રે, ઝંખે ! થાશે બહુ આનંદિત ?!!
ઓ...! ઉદય દિન મધુરમ, ખ્રિસ્ત પર હો વિશ્વાસ પ્રીત;
હે પુનરુત્થાન પ્રભાતમ્ !! સુણીએ સ્વર્ગીય સંગીત !!!

*વાંચો રોમન : ૮ :૨૨*

## પ્રભુ પ્રીતિ જડી છે !

ગઝલ (સોનેટ)

પ્રીતિ પ્રભુજી આપની સુપેરે અમોને સ્વરેથીં જડી છે,
ખ્રિસ્ત શુદ્ધ રક્તદાનથી, જીવનરસ બની અમોમાં ભળી છે
પાપો અક્ષમ્ય હતાં અમોમાં જે, નિજ આતમને રુંધનારા,
માફી મળી છે, શાંતિ શાશ્વત, ભંગિત હૃદયે સાચે જડી છે.
નિહાળું વિશ્વમાં હરદમ, મુજને નરી નિષ્ઠુરતા નડી છે;
વાચા હરી છે, 'પ્રેમ' શબ્દ કહેવાની આજે કોને પડી છે ?!
સંભારીને પ્રભુ પ્રીતિ તમારી, આસ્થા અમોને તુમ પર ચઢી છે
મંઝિલ ભલે દૂર હો, વિશ્વાસની નૌકા કિનારે જડી છે,
જનકલ્યાણની વાતો અરે, જૂઠી, શોષિતોની લાઈન લાગી છે
નિજ સ્વાર્થ કાજે, સગાંવાદ સાટે, 'ગરીબો હઠાવો' ની હાક જાગી છે,
મહાન આ દેશની સેવા અધૂરી, નિભાવી કોણ અદા કરશે ?
પ્રભુની પ્રીત પરખી તવ, ઓ, આવી ધન્ય ઘડી છે.
વિશ્વ સંકટ, વિશ્વયુદ્ધો શાસ્ત્રોક્ત થાશે, ઈસુના પુનઃઆગમનની સાથે,
વિસારે રે, કોણ પ્રભુજીને ? ઈસુથી મળી, એ પ્રીત ન્યારી છે !!

## મૃત્યુંજય

*(રાગ : 'ઝૂલણા' ભજનસંગ્રહ ૨૯ પ્રમાણે)*

ઈસુના નામની ઝંખના, હું કરું એ ખરો માર્ગ મુજ મિત્ર થાશે,
જિંદગી વિસ્તરે શુષ્ક સંસાર મહીં, હર્ષનાં શ્રોત વહે ખ્રિસ્ત પાસે.
નીતિનાં ધોરણો આજ નીચાં ગયાં, વાણી વિલાસમાં લોક રાચે !
'હું તણાં બીજ વાવ્યાં ભલી જાતમાં ના સરે સ્વાર્થથી સુકાર્ય સાથે.
ઐક્યતા જો રહી પૂર્ણ નિષ્ઠા થકી, ખ્રિસ્તની મંડળી પ્રેમ ગ્રાહી,

રાખવો પ્રેમ અન્ય પરે જાતથી, શુદ્ધભાવો ગ્રહી હિત ચાહી,
સંત રે'તા સદા શાંતિની શોધમાં સંપ ત્યાં જંપ છે એમ જાણી
યુદ્ધ ને ત્રાસનાં કારણો ટાળવાં, ખ્રિસ્ત રે'તા હ્દે એમ માની.
વિશ્વનાં સાધનો આજ ટાંચાં પડ્યાં, કરુણાન્તિકા વિનાશને રોકવાને,
ક્યાં ગઈ ચાવલા સ્પેસ મિશન મહીં ભસ્મયે ના રહી સ્મૃતિ રાખવાને.
સ્થૂળ આ દેહ પરપોટા સમ ફુટિયો શેષ રે' અસ્થિઓ દાટવાને
કોફીનતણી પેટીઓ સુંદર ભલે બને, શણગારી કબ્ર આંસુ સારવાને.
માટીનાં માટીમાં, ધૂળનાં ધૂળમાં, સહુ જાશે મૃત્યુગર્તમાં વિસરાઈ,
કૃત્ય સારાં હશે, બોલશે, વિશ્વમાં, તમો ગુણ તજ્યાં છે. કીધી છે ભલાઈ.
મોં બંધ રાખજો, શૂરાતન દાખવતાં, કોઈ ના વિરલો ઉગારનારો
ખ્રિસ્ત ઊંચે ચઢયા, સંજીવની અર્પવા, સ્વરધામ લેશે મને એજ પ્યારા.

## વંદન હોજો...!!!

આજ આવ્યો આઝાદીનો દિન રે,
ભારત મારી ભોમ રે,
ઉજવીએ સંઘાત રે,

આનંદ ભર્યો માણીએ રે !
વંદન હોજો પૂજય ગાંધી બાપુને,
મુક્તિ અર્પી સૌ દુઃખિત દલિતને,
નિવાર્યા અંગ્રેજોના જુલ્મ રે,
સ્વરાજય સુખ માણીએ રે...આજ.

વંદન હોજો પંડિત નહેરુ ચાચાજીને,
લોકલાડીલા, પ્રિય બાળવૃન્દોને,
ત્રિરંગી ઝંડો ફરકાવ્યો રે;
સમૃદ્ધિ મળી ભાગ્ય મારા દેશને રે...આજ.

વંદન હોજો, વહાલા સરદાર વલ્લભને
ભેદ મિટાવ્યા વળી રાયના રંકને,
કીધાં રાજ રજવાડાં સીધાં દોર રે;
ઐકય સુખ માણીએ રે...આજ.

## PRAYER FOR MY COUNTRY

My years between Country Leaders past;
Around me I behold,
Wherever my memory eyes are cast
The mighty minds of old !!!
My never failing friend were they,
With Whom I convers day by day;
With them I take delight in weal.
And seek relief in woe;
And while I understand I feel
How much to them I owe;
O' I remember Gandhiji's,
Sardar's, Nehru's Part
In giving Freedom sweetest Gift at last.
I now pray to God for 'peace prosperity evermore
And shall live for BHARAT, my promise ever sure !
Weal Joy Happiness.

Woe-Sorrow; grief.

## રાષ્ટ્રગીત : ભારત મહાન!

*(રાગ : "આવો, અવિનાશી આકાશી આતમા," ભજનસંગ્રહ : ૨૧૦ પ્રમાણે)*

*ટેક :* જાગો, જનગણ મન ભારત દેશના, કરો શાંતિભરી સાધના
યુવાશક્તિથી...રે.
ભરો અંતર ઉમંગ દેશ લોકના, મારી નમ્રતાની પ્રાર્થના,
શુદ્ધ ભક્તિથી...રે
આઝાદી ગાંધી બાપુ લાવે, રક્તવિહીન ક્રાન્ત (૨)
અહિંસક જંગ બલિદાન, વિશ્વ વંદે હિંદુસ્તાન !!
સ્વદેશભક્તિથી..રે
પચાસ વર્ષ વિલીન થયાં, આવ્યો ઉત્સવ સ્વર્ણ સમાન (૨)
નૂતન રાષ્ટ્ર નવ નિર્માણ, નહેરુ ચાચા યુગ એંધાણ !!
કાર્યસિદ્ધિથી...રે.
ઉત્તર ભારત, મધ્યભારત, પૂર્વે બંગ સરકાર, (૨)
આવી મોરચા સરકાર, સર્વ પક્ષીય ના સરકાર;
પક્ષાપક્ષીથી...રે.

પ્રાર્થ કરો, રાજ કાજ, ખ્રિસ્ત લે સુકાન ! (૨)
ન્યાય યુક્ત સંવિધાન, ભાવિ ભારત રે' મહાન !!! (૨)
ઈશ કૃપાથી...રે
હાલેલૂયા...હા, હાલેલૂયા...હા, હાલેલૂયા...હાલેલૂયા, આમીન

## ખ્રિસ્ત નિમંત્રિત સ્તુતિ ગીત

*(રાગ : 'દેવને સર્વ લોક વખાણો' ....ભજનસંગ્રહ નં. ૪૯ પ્રમાણે)*

આવો, સંધા લોકો આવો, સ્તુતિ કરો;
પ્રાતઃકાળે દેવને ભજો, સ્તુતિ કરો.
લીલા બીડમાં તે ચરાવે, નિર્મળ પાણી તે પીવાડે,
આત્મિક, દૈહિક ભોજન જમાડે, સ્તુતિ કરો.
આવો બાળો જલ્દી આવો, સ્તુતિ કરો.
માતપિતાની આજ્ઞા પાળો, સ્તુતિ કરો;
ઈસુ બાળકોને ચાહે, બાથમાં લૈને ચૂમે ભાવે,
આજ્ઞાપાલન, શિસ્તની રાહે, સ્તુતિ કરો.
આવો નવ જુવાનો આવો સ્તુતિ કરો;
જોબન જેવું જીવન જીવો ! સ્તુતિ કરો.
શક્તિ, બુદ્ધિ સમજણ આવે, ખ્રિસ્તની સંગત સ્ફૂર્તિ લાવે;
મંડળ, મંદિરને, ઉજાળે ! સ્તુતિ કરો,
આવો વડીલ બંધુ, બહેની સ્તુતિ કરો.
પાનખર ઋતુ પહેલાં તો આવો, સ્તુતિ કરો
આશીર્વાદ નિત નિત ગણીને ખ્રિસ્તની કૃપા પ્રીત સ્મરીને
સ્વર્ગીય મુગટ આશ ધરીને સ્તુતિ કરો.

## ઈસુ ખ્રિસ્તમાં જીવંત વસંત

*(રાગ : ટેક : હું ઈસુને ચાહું (૩) તેની છે મુજ પર પ્રીત ભજનસંગ્રહ નં. ૩૪૮ પ્રમાણે)*

હું ઈસુમાં ખીલું..., હું ઈસુમાં ખી...લું,
હું ઈસુમાં ખી...લું, જીવંત વસંત મુજ માટ,
હું ઈસુમાં ખી...લું, હું ઈસુમાં ખી...લું,
હું ઈસુમાં ખી...લું, સુવાસ દે આખી વાટ !
વસંતોત્સવ પાંગરી પ્રભાત ! લહાણી થાશે મુજ માટ,
હરિયાળી ક્રાંતિ જોઉં આજ !! મ્હોરી મારી પ્રભાત !!!

## ગ્રીષ્મઋતુ રક્તવર્ણી ગુલમહોર

(તેના અદ્‌ભુત હાથો હેઠળ)

*(રાગ : 'આવો, આપણે સહુ ગાઈએ : ભજનસંગ્રહ નં. ૨૪ પ્રમાણે)*

દેવ દારે કેવી અદ્‌ભુત વાત ! પરાક્રમે ભરપૂર;
જળનિધિ પર પગલાં અમીટ, અસ્વાર તોફાન પર શૂર.
અગમ્ય ઊંડી ખીણોમાંય, કળા કરે વિસ્મિત !
દોરે ડીઝાઈન પ્રકાશિત, નયનો થાય આનંદિત.
ઓ, ભીરુ સંતો ધરજો હામ, મેઘગર્જનથી ગંભીર,
દેવકૃપા આશિષ વૃષ્ટિ થૈ, તૂટશે તમારે શિર
પ્રભુના ન્યાયને તોળશો મા, ઉદિત આશ, વિશ્વાસ પ્રીત
વિકરાળ નિયતિની પૂઠે રહી, ઈશ્વર સંતાડે સ્મિત !
તેનાં કાર્યો ત્વરિત પકવંત, ખૂલે છે પ્રત્યેક પળ
કુમળી કળી તો લાગે કિલષ્ટ, ફૂલ, ફળ રે બહુ સ્વાદિષ્ટ !
અંધશ્રદ્ધા ભુલકણી, ભ્રામિક, શોધે કાર્યો, ફળહીન,
ઈશ્વર સ્વયંભૂ પ્રકટ્યા છે !! કરશે સહુ સિદ્ધ યકીન.

## ખ્રિસ્તની સુંદરતા - શારોનનું ગુલાબ !

મીઠી મીઠી તે પ્રીત મેં ચાખી છે,
મારા પ્રભુ ઈસુની પ્રીત, પ્રીત મેં ચાખી છે
તેની પ્રીતિ તો છે અમૃત જેવી, મારું ઠારે કલેજું નિત
એની પ્રીતિ મધુરી છે ભારી, હું તો પ્રીતિનાં ગાઉં ગીત...પ્રીત
દેવની વાતો બી છે. (૨) બાળોમાં વાવીએ,
મંડળી બાંધીએ, ભક્તિથકી શક્તિ મળે, મંડળી બાંધીએ,
મંડળી બાંધીએ, ઐક્યના બંધનમાં રહીને, મંડળી બાંધીએ.

(૧) મેં તો જોયું ગુલાબનું ફૂલ, બાગમાં રે ખીલતુ 'તું;
એનાં સાથી સહોદર સાથ, આનંદે ડોલતું 'તું !
એની મીઠી ફોરમ મધુર, પ્રસારતું રહેતું 'તું,
એની પાંખડીએ રંગ અતુલ, ચિત્ત મારું હરતું 'તું.
એની ડાંખડીએ વાંકલડી શૂળ, કંટકમાં ઝૂલતું 'તું;
એતો નીચું નમીને શુંય ? કાનમાં કહે તું 'તું.

(૨) અમે સૃષ્ટિના સાચા શણગાર, ઈશ્વરમાં માનનારા,
ખ્રિસ્ત પ્રભુનું કરીએ સન્માન, મહિમા ગાનારા,
અમે વંદીએ ગુરુજનને જરુર, શિક્ષણ દેનારા,
અમે ધરીએ ગુલાબનાં ફૂલ, સદ્‌ગુણો ભરનારા
અમને અડશો ના સ્હેજે લગાર, કુદરતમાં ખીલનારા !
અમને લાગ્યો આઝાદીનો રંગ, આઝાદી માણનારા,

(૩) મેં તો છોડ્યું ગુબાલનું ફૂલ, એવું ના જોઈએ,
મને મળ્યું શારોનનું ગુલાબ, મસીહા તારનારનું !
હું તો ભજું ઈસુ દિનરાત, ભજવા આવોને;
મારા ખ્રિસ્તની પ્રીતનાં વખાણ, કરવા લાગો ને;
એ તો અત્તર પેરિસથી મૂલવાન, સુગંધિત થાઓને,

(૪) મેં તો જોયું શારોનનું ગુલાબ, મંડળીમાં ખીલતું 'તું.
ધર્મસેવકની સેવાનાં બોલ, વચનમાં બોલતું 'તું;
મારી મંડળીને કૈંક કૃપાદાન, મંદિરિયે જુઓને !
રૂડા ભક્તજનોની સાથ, શારોન ફૂલ લાવોને...મીઠી.

## Love Eye...Most wonderful

A night has a thousand eyes,
And the day but one;
Light of the whole world dies,
With the dying sun
Mind has a thousand eyes,
And the heart but one,
Light of the whole life dies
When Love is done
O ! Children fine ! snow white and pure
Will you love Jesus, your parents more ?
And make this earth pretty heaven ever sure ?
Halleluya we'll surely sing;
Jesus our Saviour, Lord and King !!!

## Silvery Night

Slowly Silently now the moon
Walks the night in her silver shoon,
Here and there she peeps and sees,
Silver fruits upon silver trees
I'd stroll stealthily in moonlit night
Low ! I how enjoy that wonderous sight !!
Now this poem comes to a pretty end,
Delightful news to you will surely send !!!
(-Shoon means Shoes)
Good Night, Dear Childred, Good Night !

## Jesus is gone for me....!!

(Tune as : 'Jesus my Saviour to Bethlehem came, Tune as 55,40)

Jesus is gone for me,
Not in the manger
Nor on earth shall I see,
Saviour has gone for me !
This world is so crazy
For power and prestige,
Men act like devil to kill my spirit
Where shall I find ever lasting peace ?
Jesus has gone for me !
Troubles and quarrels is in family seen
O' where shall I find comforting' scene ?
Christ has gone for me !
Jesus said 'My Father has numerous Homes,
Full of comfort in Heavenly Domes;
Will you believe till I come again ?
Jesus my Lord has gone for me !!!

## Blind but Happy

O' What a happy soul am I !
Although I cannot see
I am resolved that in this world
Contented I will be,
How many blessing I enjoy
That other people don't
To weep and sigh because I am blind
I cannot, and I won't

Fanny Crosby (8 years old)
From 'Last Day Messanger'

## Jesus is Born for me !

(Tune as : "Jesus my Saviour to Bethlehem came)
O ! Little Child of Bethlehem dreaming be,
Laid in the manger for shepherds to see;
What wonderful story of Love and Mercy
Jesus is born for me.
Herod the king-cruel, saught Jesus to kill,
But God destroyed his will;
What wonderful stroy of Love and Mercy
Jesus is Born for me.
Whole world enjoys Christmas ot Herod the king
Jesus our Lord and saviour we sing;
What wonderful story of Love and Mercy
Jesus is born for me !!!
Haleluya to the king !!!

# હાસ્યેન સમાપયેન

## સિનિયર સિટીઝન્સ...જરા મરક મરક હસો !

ત્રણ ડાહ્યા દીકરાઓ વિધવા માતુશ્રીનું ઘર છોડીને બહારગામ નોકરીએ વળગી ગયા ને આબાદ થયા. ઘરડા માજીને એમની ૮૦ મી વર્ષગાંઠે યાદગાર ભેટ આપવા અંગેની ચર્ચા કરવા એક ટેબલ પર ભેગા થયા.

પહેલા ખૂબ જ પૈસાદાર દીકરાએ કહ્યું, 'મેં આપણાં વયોવૃદ્ધ મમ્મીને માટે એક મોટું આલિશાન મકાન બંધાવ્યુ છે !'

બીજાએ કહ્યું, 'મેં મારાં વહાલસોયાં માતુશ્રી માટે એક અફલાતુન મર્સીડીઝ કાર' ડ્રાઈવરસહિત મોકલી આપી છે.' વળી ત્રીજા તરંગી દીકરાએ કહ્યું, 'તમને બરાબર યાદ હશે કે આપણાં ભક્તિશીલ મમ્મીને રાતદિવસ બાઈબલ વાંચવાનું ખૂબ જ પસંદ છે, એટલે મેં એમના પર એક ફૂટડો પોપટ મોકલી આપ્યો છે, જે આખું બાઈબલ કલમોનુસાર કડકડાટ બોલી બતાવે છે ! એ પોપટને શીખવતાં ચર્ચના વડીલ સાહેબોને બાર (૧૨) વર્ષ લાગ્યાં હતાં !! માજીએ ફક્ત બાઈબલમાંથી અધ્યાય અને કલમ પોપટને સંભળાવવાની રહેશે ! ચતુર પોપટ રેકર્ડ/ડીસ્ક/કેસેટની માફક ચોક્કસ બોલી બતાવશે !!

તરત જ, ત્યાર પછી માતુશ્રીએ ત્રણેય દીકરાઓ પર આભારપત્રો લખી દીધા. "દીકરા મિલ્ટન !" એમણે લખ્યું," તારું બંધાયેલું આલિશાન મકાન ખરેખર મારે માટે તો બહુ જ મોટું કહેવાય. હું તો એમાંની એક જ રૂમ વાપરું છું, પણ આખું ઘર મારે જ સાફ કરવાનું હોય છે !" મમ્મીએ વળી આગળ ચલાવ્યુ, "દીકરા જિરાલ્ડ ! હવે હું એટલી ઘરડી થઈ ગઈ છું કે મારાથી દૂર સુધી મુસાફરી થઈ શકતી નથી. મોટે ભાગે હું ઘરમાં જ રહું છું. તારી મોકલેલી મોંઘી મર્સીડીઝ પ્રેમભેટ ભાગ્યે જ વાપરું છું. અને પેલો ડ્રાઈવર સાવ ઉદ્ધત છે, બિલકુલ માથાનો દુઃખાવો છે !" કિન્તુ દીકરા ડોનાલ્ડ !" માતાએ આવેશમાં આવી જઈને કહ્યું," તારું મોકલેલ નાનું ડ્રાય કરેલું ચિકન મને ખૂબ જ સ્વાદિષ્ટ (Delicious) લાગ્યું ! હજીયે બોખા મોમાં મમળાવ્યા કરું છું. Thank you so much !!!"

## આશ્ચર્યકારક ચિઠ્ઠી !!

શ્વાસની તકલીફથી પીડાતો બિચારો રોબર્ટ હૉસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો હતો. એની મુખમુદ્રા સૌ કોઈને દયાની લાગણીશીલતા ઉપજાવી રહી હતી. કુટુંબીજનોએ એની મુંઝવણ બરાબર પારખી લીધી અને તાત્કાલિક પોતાની મંડળીના પાળકને ઝટ બોલાવ્યા.

પાળક સાહેબ જલદી જલદી આવ્યા; રોબર્ટની પથારી નજીક ગયા ત્યારે એ માણસની સ્થિતિ વધુ ને વધુ બગડતી જતી જણાઈ. તેણે પોતાનો હાથ હલાવતાં એવો સંકેત કર્યો કે એને લખવા માટે કાંઈક જોઈએ છે એટલે પાળક સાહેબે એને કાગળનો ટુકડો અને પેન્સિલ

આપ્યાં. રોબર્ટે પોતાની આખરી માનસિક શક્તિનો ભારે પ્રયાસ-ઉપયોગ કરીને કાંઈક સંદેશો લખ્યો. ત્યાર પછી એનું પ્રાણ પંખેરું ઊડી ગયું. કિન્તુ પાળક સાહેબ એ પાછળથી વાંચવાનું વિચારી ચિઠ્ઠી ખિસ્સામાં મૂકી દીધી.

બીજે દિવસે, પાળક સાહેબે રોબર્ટનાં કુટુંબીજનો પાસે જઈને ચિઠ્ઠી ઉઘાડતાં કહ્યું, "ખચીત તમારા સ્નેહી રોબર્ટે તમ સહુને દિલાસો મળે માટે આ ચિઠ્ઠી લખેલી છે. સહૃદયી ધર્મગુરુએ વાંચ્યુ. ખસી જાઓ અહીંથી !" તમે મારા ઑક્સિજનની ટ્યૂબ પર ઊભા રહ્યા છો !"

## જરા હસો !

કોઈક સારા ગણાતા ખ્રિસ્તી પરાની મોટી મંડળીમાં એક વખત...રવિવાર સવારની ભજનસેવા ચલાવવા માટે પૂરી તૈયારી સહિત પાળક સાહેબ દેવળમાં આવ્યા. જોયું તો બાંકડા પર એક જ સભ્ય બેઠેલો દીઠો !

પાદરી સાહેબે તેને કહ્યું, 'મને એમ લાગે છે કે બીજા લોકો હજી ઘરમાં ઊંઘી રહ્યા હશે ! શું તમે પણ ઘેર જવા માંગો છો કે પછી હું મારું બોધભાષણ શરુ કરું ?!"

હાજર રહેલા સભ્યે જવાબ આપ્યો કે "જ્યારે હું ફાર્મમાં નાનાં બચ્ચાંને (ચિકનને) દાણા ખવડાવું છું ત્યારે, એક જ ચિકન ખાવા માટે આગળ આવે છે !"

ધર્મોપદેશકે સ્મિત સહિત : 'બહુ સારું એમ કહીને પુલપીટ પર ચઢી ગયા. અને ખાસ્સું એક કલાક સુધી ભાષણ ઠોક્યે રાખ્યું ! છેલ્લે સંતોષ વ્યક્ત કરતાં પાળક સાહેબે પેલા ધીરગંભીર સભ્યને પૂછી જોયું, 'કેમ ? તમને મારું આજનું ભાષણ કેવું લાગ્યું ? સભ્યનો જવાબ હતો : 'જ્યારે હું ચિકનોને ખવડાવવા ફાર્મમાં અંદર પેસું છું ત્યારે, એક જ મારી પાસે આવે છે અને હું એને ખવડાવું છું. એની આગળ દાણા ભરેલી આખી ડોલ ધરી દેતો નથી !!!

# ટૂંકી વાર્તાઓ

# તેના સલામત હાથોમાં...!!!

*ઈસુને હાથ સલામત, તેના રાંક ઉરે શાંત*
*ત્યાં તેના પ્રેમની છાંયે, હું પામું મિષ્ટ વિશ્રાંત*
*સુણ ! દૂતનો સૂર પણ એ છે, પ્રકાશિત સાગરથી*
*મહિમાના ક્ષેત્ર પરથી મુજને સંભળાય વાણી*
*(ભજનસંગ્રહ : ૪૨૦)*

મેરી આજે ખૂબ ખુશ મિજાજમાં દેખાતી હતી કારણ કે, એનાં માતાપિતા લંડન જતાં રહ્યાં હતાં, પાંચ (૫) વર્ષો વીતી ગયાં બાદ એને મળવાનાં હતાં, તો પણ મેરીને મનદુઃખ થયા કરતું હતું. એટલા માટે, કે દાદીમાં એને દરરોજનું કામ શરૂ કરતાં પહેલાં બાઈબલ વાંચવાનું અને પ્રાર્થના કરવાનું સતત કહ્યા કરતાં હતાં. કેટલીક વાર તો દાદીમા એના પર ગુસ્સે પણ થતાં. મેરી મનોમન વિચાર કર્યા કરતી કે જ્યાં સુધી પોતે દાદીમા સાથે રહેશે ત્યાં સુધી એમના કહ્યા પ્રમાણે ચાલવું પડશે અને નીતિનિયમો પાળવા પડશે. કિન્તુ હવે પછી એમ બનવાનું નથી. કારણ કે પપ્પા-મમ્મી લંડનથી પાછાં ફરશે ત્યારે પોતાને બધી જ જાતની સ્વતંત્રતા મળશે. આવતી કાલે મેરી માતપિતાની સાથે લંડન પાછી જતી રહેવાની છે એવી કલ્પનામાં ને કલ્પનામાં આખી રાત તેણીએ સોનેરી સ્વપ્નમાં ગાળી. કારણ કે હવે પછી એને નિયમો પાળવા પડશે નહિ !

પ્રત્યેક જણ સવારની ૭:૩૦ ની ફલાઈટ પકડવાની ધૂનમાં બરાબર તૈયાર થઈ ગયાં હતાં. મેરી મોટર કારમાં સામાન સાથે અંદર બેસી ગઈ. અને જ્યારે પપ્પા-મમ્મી ગાડીમાં બેસવાની તૈયારીમાં હતાં તેવામાં જ મંડળીના પાળક સાહેબ પ્રાર્થના કરાવવા સારુ આવી પહોંચ્યા. પ્રાર્થના થતી હતી એટલામાં તો ૮:૦૫ થઈ ચૂકી હતી. મેરી અને તેના પપ્પા મમ્મી ભારે ચિંતામાં આવી પડ્યાં. હવે પ્રથમ ફલાઈટ ક્યારે પકડાશે ? રખેને જેટ વિમાન એમને લીધા વિના ઉપડી જાય ! મેરી તો દાદીમા પર ગુસ્સે થઈ ગઈ. એણે દાદીમાને ન કહેવાનું કહેવા માટે તૈયાર જ હતી.

તે જ વખતે, તેઓએ આંચકો આવે એવા સમચાર એરોડ્રોમ પરથી સાંભળ્યા ! જેથી આંખોમાં આંસુ આવી ગયાં. સમાચાર એવા હતા કે જે જેટ વિમાનમાં તેઓ પ્રવાસ કરવાના હતા એનું ત્રાસવાદીઓએ અપહરણ કર્યું છે ! જો તેઓને એ જ ફલાઈટમાં બેસવાનું હોત તો શી વલે થાત ? મેરીએ મનોમન ઈશ્વરનો આભાર માન્યો અને દાદીમાને વળગી પડી. હવે તેણીએ દાદીમાને એવું વચન આપ્યું કે બાઈબલ વાંચ્યા વગર અને પ્રાર્થના કર્યા વિના પોતાનું દૈનિક કાર્ય કદી પણ શરૂ કરશે નહિ. બરાબર એ જ સમયે તેઓએ નજીકના 'પ્રભુ મંદિરમાંથી તેના સલામત હાથો' નું મધુર ગીત હર્ષોલ્લાસ સહિત સાંભળ્યું.

"પણ યહોવાના નિયમશાસ્ત્રથી તે હર્ષ પામે છે અને રાત દિવસ તે તેના નિયમશાસ્ત્રનું મનન કરે છે. (ગીતશાસ્ત્ર ૧:૨)

# જીવ સુદ્ધાં...અર્પી દેનાર અવિચળ પ્રેમ !!

*કેવાં સુંદર દીસતાં, નાનાં નાનાં બાળ !*
*મોટાં થૈ થાશે ભલાં વિપુલ વૃક્ષ વિશાળ !*
*ઈસુની વાડીમાં વધતા મહેકતા છોડ !*
*રાતરાણી સુગંધે લેતાં મધુર મોડ !!*

સુમિત્રાબહેન રસોઈ કરતાં કરતાં રસોડામાંથી દોડી આવ્યાં અને કહ્યું, 'ડેની, મેં તને કેટલી વાર શિખામણ આપી છે કે તારે 'નજીવી બાબતમાં મોટા અવાજે બોલવું નહિ.' મમ્મીએ પણ મોટા અવાજે ડેનીને ટકોર કરી.

'મમ્મી, તમે હવે છાનાં રહો તો સારુ. તમે કાંઈ જાણતાં નથી ને સમજતાં નથી. પ્રવિણ મારી જાણ બહાર મારી જ પેન્સિલ લઈને ઉપાડી જાય છે. જ્યારે ક્લાસમાં શોધું છું ત્યારે પેન્સિલ ગુમ ? મમ્મી, પ્લીઝ એને જરા કહોને કે મારી પેન્સિલને હાથ સુદ્ધાં લગાડે નહિ.' ડેનીએ દલીલ વધુ જોરદાર બનાવી, મમ્મીને એ યોગ્ય લાગ્યું; 'પ્રવિણ, તું એની પેન્સિલ શા માટે લઈ જાય છે ?... તારી ક્યાં ગઈ ? ડેનીએ વળી રમૂજી મુડમાં કહી નાખ્યું, 'એણે કોઈકને ભેટમાં આપી દીધી હશે !

મમ્મી ડેનીનું મોં, બંધ કરવાનું કહે છે ત્યારે પ્રવિણે જવાબ આપ્યો, ' ગઈ કાલે મારા એક મિત્રે મારી પેન્સિલ લઈ લીધી અને એ પાછી આપવાનું ભૂલી ગયો. એટલે જ મેં ડેનીની પેન્સિલ ઉપાડી લીધેલી. એમાં એને એવું તો શું થઈ ગયુ !' મમ્મી પરિસ્થિતિ બરાબર સમજી ગયાં.

મમ્મીએ હવે સિફતથી કામ લીધું, ને સમજાવવા લાગ્યાં. 'પ્રવિણ તેં જે કર્યું છે તે ખોટું કર્યું છે. જો તારી પાસે પેન્સિલ ન હોય તો મને પૂછવું જોઈતું હતું. ચાલ, હવે વધુ અકળાતો નહિ. હું તને એક સુંદર નવી નક્કોર પેન્સિલ આપીશ.'

'મમ્મી તમે હમેશાં ડેનીનું જ ઉપરાણું લો છો અને મારો જ વાંક શોધો છો.' ગુસ્સામાં ને ગુસ્સામાં પ્રવિણ પોતાની બેગ બંધ કરીને સ્કૂલે જવા તૈયાર થઈ ગયો. સુમિત્રાબહેને બન્ને દીકરાઓને લંચબોક્સ અને વૉટરબેગ તૈયાર કરી આપીને સ્કૂલે રવાના કર્યા. એમને મૂકીને પાછાં ફર્યાં ત્યારે તો ઘણાં જ થાકેલાં જણાયા. તરત જ આરામ ચેરમાં બેસી પડ્યાં.

પ્રવિણ દસમાં ધોરણમાં હતો. કુટુંબમાંનો બીજો બાળક ડેની નવમાં ધોરણમાં હતો. એમના પિતાશ્રી સેમ્યુઅલ સિંગાપુરમાં સોફ્ટવેર કોમ્પ્યુટર એન્જિનિયર હતા ! પ્રત્યેક મહિને તેઓ પોતાના કુટુંબ પર નિયમિત રીતે પૈસા મોકલ્યાં કરે. વર્ષમાં એકાદ વાર (મહિનો) રજા પર આવે એટલે સુમિત્રાબહેનને ઘરમાં નાણાંની જરાયે મુશ્કેલી નહોતી. પરંતુ દુઃખ એક જ વાતનું હતું કે બન્ને ભાઈઓ વચ્ચે ઝઘડા થતા. ખાસ તો ડેની વારંવાર બૂમ બરાડા પાડતો અને ઘર ગજવી મૂક્તો ! આને લીધે સુમિત્રાબહેન દુઃખી રહેતાં.

મોટો દીકરો પ્રવિણ નરમ સ્વભાવનો હતો અને સમજુ પણ ખરો. કિન્તુ ડેની એનાથી વિરોધી પ્રકૃતિનો હતો. તો પણ એ મમ્મીને બહુ વહાલો હતો. મમ્મીને ચોકલેટ આપ્યા

સિવાય કદી એકલો ખાતો નહિ, તેમ છતાં, બાઈબલ વાંચવામાં, પ્રાર્થના સભામાં કે સન્ડેસ્કૂલમાં હાજરી આપવામાં બેદરકાર રહેતો હોવાથી માતુશ્રી દિલગીર રહેતાં, તેઓ દરરોજ આગ્રહથી પ્રાર્થના કરતાં કે ડેની ઈશ્વરના શુદ્ધ પ્રેમને બરાબર ઓળખે.

એક દિવસે ઘરકામ પૂરું કરી સુમિત્રાબહેને ઈશ્વર આગળ દિલ રેડીને વિનંતી કરી અને આરામ મળે માટે આંખો બંધ કરી દીધી. સાંજના પાંચ વાગ્યા હતા. એવામાં ડેની અને પ્રવિણ ખુશખુશાલ ઘરમાં દાખલ થયા. જાણે સવારની બીના તદ્દન ભૂલી ગયા હોય તેમ. એવામાં ડેનીની નજર ટેબલ પર બરાબર ગોઠવેલી પેન્સિલોના નવા બોક્સ પર ગઈ. મમ્મીએ આજે જ બજારમાંથી ખરીદેલી હતી. એ તો આનંદમાં આવી જઈને કૂદ્યો અને મમ્મીને પૂછ્યું, 'ઓહ, પેન્સિલની નવી બૉક્સ !' ખોલીને જોયું તો એમાં બાર (૧૨) રંગબેરંગી પેન્સિલ હતી !

'દીકરા, આ બધી જ પેન્સિલો તારે જ માટે છે હવે પેન્સિલો માટે ઝઘડો નહિ. જ્યારે જ્યારે તેની જરૂર પડે ત્યારે તેમાંથી એકાદ ઉપાડી લે જે' ડેની તો રાજીનો રેડ થઈ ગયો.

સંધ્યા પછીના ટી ટાઈમે બન્ને ભાઈઓ લેસન કરવા બેસી ગયા. ડેનીએ મમ્મી પાસે ઉતાવળે આવીને કહ્યું, 'પ્લીઝ મમ્મી, આ પેન્સિલની અણી કાઢી આપોને' સુમિત્રાબહેને ...ન્સિલ લઈને છોલવાનું શરુ કર્યું.

પેન્સિલ છોલતાં છોલતાં સુમિત્રાબહેનની નરમ આંગળીએ બ્લેડનો જરા ઊંડો લસરકો પડ્યો. એમાંથી દડ દડ લોહી નીકળવા લાગ્યું. ડેનીને ભારે આઘાત લાગ્યો. સાચે જ પોતે દોષિત છે એનું એને ભાન થયું. 'અરે, મમ્મી, ઓ મમ્મી. તમારી આંગળીમાંથી તો લોહી વહે છે !' એ તો રડવા લાગ્યો, કિન્તુ સુમિત્રાબહેને સ્વસ્થ થઈ કપાયેલી આંગળી મોંમાં મૂકી અને બીજા હાથે ડેનીને બાથમાં લીધો. તરત જ ડેની બોલી ઊઠ્યો, 'જ્યારે તમે કપાયેલી આંગળીને લીધે ચીસ પાડી ત્યારે મને ભારે દુઃખ લાગ્યું !' અરે, એવું દુઃખ મને અગાઉ કદીયે થયું નથી.

સુમિત્રાબહેને તરત જ ડેનીની નાદાનિયત ભરી વાતને દબાવી દેતાં કહ્યું. વહાલા દીકરા ડેની, જ્યારે મારી આંગળી બ્લેડથી કપાઈ ગઈ અને મેં તારે માટે લોહીનાં ટીપાં વહેવડાવ્યાં ત્યારે તું રડી પડ્યો. ત્યારે મારી સહનશીલતાનો તને ખ્યાલ આવ્યો. તને યાદ રહે કે દયાસાગર ઈસુએ વધસ્તંભ પર પોતાનું બધું લોહી વહેવડાવી દીધું. એટલું જ નહિ પણ પોતાનો પ્રાણ પણ આપી દીધો. ત્યારે, એટલે તારે ઈસુના ભયંકર દુઃખને સમજવું જોઈએ. તારે ઈસુ પર પ્રેમ કરવો જોઈએ. હવે તું બરાબર જાણજે, સમજજે કે જ્યારે તું બાઈબલ નિયમિત રીતે વાંચતો નથી ત્યારે ઈસુને કેટલું દુઃખ થતું હશે ?!" આમ સુમિત્રાબહેને દર્દભરી આંગળીના સંદર્ભમાં ડેનીને નાનો સરખો બોધપાઠ અને ઉપદેશ પણ આપ્યો. એટલું જ નહિ પણ દોષિત ડેનીને ઈશ્વરના મહાન પ્રેમ વિશે સુપેરે કહેવામાં સફળતા મેળવી ! હવે ડેની પોતાનો ગુનો કબૂલ કરવા લાગ્યો !!

"મમ્મી, હવે પછી હું સારી રીતે વર્તીશ. હું દરરોજ નિયમિત રીતે બાઈબલ વાંચીશ. હું સ્વામી ઈસુનું ભજન વિશ્વાસુપણે કરીશ." આ શબ્દો ડેનીના હૃદયના ઊંડાણમાંથી નીકળ્યા હતા. જેનાથી એનાં મમ્મી તેમજ એનો ભાઈ પ્રવિણ આનંદથી ઝૂમી ઊઠ્યા !!!

"એથી આપણે પ્રેમ શું છે તે જાણીએ છીએ કેમ કે, તેણે પોતાનો પ્રાણ આપણા વતી આપ્યો, અને આપણે પણ ભાઈઓને સારુ આપણા પ્રાણો આપવા જોઈએ'

*(૧ યોહાના ૩:૧૬)*

## મમ્મીને અંધારામાં રાખ્યા !

*માગું ઈશ્વર આટલું બહુ રાખીને ખંત,*
*શક્તિ આપી દોરજો સઘળે સારે પંથ,*
*વાસ કરી રૂદિયે રહો, ફાવે નહિ શેતાન*
*સંત બનાવી મુજને પામો મહિમા માન*

*(ભજનસંગ્રહ નં. ૫૦૧)*

માર્ટીન ખુશ થતો નાચતો અને કૂદતો મમ્મી પાસે આવ્યો અને બોલ્યો : "મમ્મી, આવતી કાલે હું મારા મિત્રમંડળ સાથે બહાર જવાનો છું.

"ના ! ના ! તારે પપ્પા કે મમ્મીને સાથે લીધા વગર ક્યાંયે જવાનું નથી."

"મમ્મી, પ્લીઝ : આપણો દીનેશ છે ને તેય અમારી સાથે આવવાનો છે. ચાર્લ્સ અને સતીષ પણ અમને સંગત આપશે; એટલે કોઈ પણ રીતે મારે જવું જ પડશે."

"જરા મમ્મીનું બરાબર સાંભળી લે હું તારા પપ્પાને કહીશ કે એકાદ દિવસ તને બહાર ફરવા લઈ જાય."

"મમ્મી, હું તમારી સાથે તો આવીશ. કિન્તુ હમણાં તો મારા મિત્રો સાથે જવા દો...પ્લીઝ." તારે મમ્મીની આજ્ઞા માનવાની છે, જા અને ત્યાં લેસન કરવા બેસી જા." વધુમાં કહ્યું, "આવતી કાલે તો તારા અંકલ આપણા ગામથી અહીં આવવાના છે. માટે તારે હવે એકલા જવાની જરૂર નથી, સમજ્યો ?"

હવે માર્ટીનને શું કરવું તેની સમજ પડી નહિ, પણ આ અગાઉ મિત્રોને જણાવી દીધું હતું કે એ જરૂર બાલવાટિકામાં ફરવા માટે એમની સાથે જોડાઈ જશે. ગમે તેમ થાય હું તો જઈશ જ. એનું મગજ ચકરાવા લાગ્યુ. યોજના પાર પાડવા હવે શું કરવું ?

માર્ટીને બારીમાંથી જોયું : ભૂરા આસમાની આકાશમાંથી સૂરજદાદા બરાબર પ્રકાશી રહ્યા હતા. વાદળો માર્ટીનના મગજની જેમ આમતેમ ઘસડાઈ રહ્યાં હતાં.

થોડી વાર વિચાર કર્યો અને પછી જવાનું નક્કી કર્યું. "જો હું મમ્મીની પરવાનગી વગર જઈશ તો એ બીજું શું કરી લેવાનાં છે ?! વધુમાં મને મારશે, મને ધમકાવશે, બસ, એટલું જ

ને ? અને મારા બહાર જવાથી ઘરમાં શું થઈ જવાનું છે ? કિન્તુ હમણાં તો મમ્મીની પરવાનગી સિવાય નીકળી જવા દે ને' 'એનો બદલો જે મળવાનો હોય તે મળે" તરત તેણે મિત્રો સાથે જવાનો નિર્ધાર કરી લીધો, મમ્મીની નારાજગી વહોરીને.

પછી એ નજીકના સોફા પાસે જઈને ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરવા લાગ્યો : "હે ઈસુ, મેં આવતી કાલે મમ્મીની રજા લીધા સિવાય બાગમાં જવાનો ચોક્કસ વિચાર કર્યો છે. મારા અનાજ્ઞાંકિતપણાને માટે મને માફ કરજો અને મને શિક્ષાથી બચાવી લેજો. તમે તો મારાં મમ્મી કરતાં મહાન છો. તેથી જ હું આ પ્રાર્થના કરી રહ્યો છું. આવતી કાલે ઘરે મોડો મોડોય પાછો ફરું ત્યારે મમ્મી મને મારે નહિ એનાથી મને બચાવી લેજો, આમેન." માર્ટીને (આવી સ્વાર્થી) પ્રાર્થના પૂરી કરી અને ત્યાંથી ઊઠી ગયો. એ મનોમન સંતોષ પામતાં વિચારવા લાગ્યો, "મેં ઈસુને બધી વાત કરી છે. તેઓ જરૂર મને વિપરીત પરિસ્થિતિથી બચાવી લેશે !"

બીજે દિવસે નાસ્તો કર્યો પછી એણે મમ્મીને કહી દીધું કે, "ટ્યૂશન લેવા માટે ઘરની બહાર નીકળીને જવાનો છું." અને સાચે જ એણે ઘર છોડી દીધું. અગાઉ નક્કી કર્યા મુજબ એના મિત્રો એક જગાએ એકઠા મળ્યા. રસ્તામાં ખૂબજ હસી મજાક ગપસપ કરી. માર્ટીન તો પૂરા ઉત્સાહમાં આવી ગયો પણ સાથો સાથ મનમાં બીકથી મુંઝાવા લાગ્યો. આવા મિશ્રિત ભાવોથી મુસાફરી ચાલુ રાખી.

થોડી જ વારમાં આકાશમાં શ્યામળાં વાદળો ઘેરાવા લાગ્યાં, જાણે કે સૂરજદાદાને હડસેલી કાઢવા માગતાં ન હોય ?! ધીરે ધીરે ઘોર અંધકાર છવાઈ ગયો. રસ્તા પર વરસાદનાં પાણી ફરી વળ્યાં. વૃક્ષોએ પોતાના પર ઉગેલાં રંગબેરંગી ફૂલો ખેરવી નાખ્યાં. ખાસ્સો સમય વીત્યો પણ વરસાદનું જોર નરમ પડ્યું નહિ. તોફાની પવને અહીં તહીં ઊભા રહેલા લોકોને વરસાદે તરબતર કરી નાખ્યા. માર્ટીન અને તેના મિત્રો બગીચા સુધી જઈ શક્યા નહિ. બધા પૂરેપૂરા ભીંજાઈને ઘરે પાછા ફર્યા.

ભારે નિરાશા સાથે માર્ટીન મનોમન કહેવા લાગ્યો : "આમ કેમ બન્યું ? હું તો ઈસુની પ્રાર્થના કરીને ઘરેથી બહાર નીકળ્યો હતો ! ત્યારે આવું અપશુકન કેમ બન્યુ ?!! શું એમાં ઈશ્વરની ઇચ્છા નહિ હોય ?" ઘોર નિરાશાથી માર્ટીન ઘેર પાછો ફર્યો. કેટલાક પ્રશ્નો મનમાં પૂછીને ઘેર આવતાંની સાથે ટુવાલ વડે પાણી નીતરતું માથું લૂછી નાખ્યું. એકાએક સામેની ભીંત પર નજર કરતાં એણે નીચેનું શાસ્ત્રવચન વાંચ્યું. જે તેના હૃદયને ખૂબ સ્પર્શી ગયું. અરે, ગુંદરસમું ચીટકી રહ્યું !

"છોકરાં, પ્રભુમાં તમારાં માબાપની આજ્ઞા માનો કેમ કે એ યોગ્ય છે" (એફેસી ૬:૧).

હવે માર્ટીનને ભાન થયું કે, મમ્મીની પરવાનગી સિવાય બગીચામાં ફરવા જવું યથાયોગ્ય નથી. ઈશ્વરની દૃષ્ટિમાં તો નહિ જ. માર્ટીન મમ્મી પાસે માફી માગવા તૈયાર થઈ ગયો !!!

# રોબર્ટનું હૃદય પરિવર્તન

રોબર્ટ પોતાના વૈભવી બંગલાની વિશાળ અગાસી પર આટાંફેરા મારી રહ્યો હતો. પક્ષીઓ હવામાં ઊંડી રહ્યાં હતા. દૂર સુદૂર રૂના ગાદલાના પોટલાં જેવાં દીસતાં વાદળો એકબીજા પર અંધાધુધ ગબડી રહ્યા હતાં. ઊંચે ઊંચે હમણાં જ એક જેટ વિમાન તેજ રેખા છોડતું તેજ ગતિએ પસાર થઈ રહ્યું હતું. કિન્તુ કોણ આહલાદ્દક પ્રાકૃતિક દેખાવ રોબર્ટને કેમેય પુલકિત કરી શક્યો નહોતો.

રોબર્ટને ધોરણ ૧૨માંની બોર્ડની પરીક્ષાના ભાગ્યે જ ચાર કે પાંચ દિવસો બાકી રહ્યા હશે. રોબર્ટ તો એક ખૂબજ પૈસાદાર વેપારીનો એકનો એક પુત્ર હતો. એના પિતા રોબર્ટને માટે મોટી મોટી મહત્વાકાંક્ષા સેવતા હતા.

એક દિવસ એ ધનાઢ્ય પિતાએ રોબર્ટની મમ્મીને બોલાવીને કહ્યું, "ડિયર પર્લી ! આપણો દીકરો ભણવામાં બહુ હોશિયાર છે ને ઈચ્છું છું કે એ આગામી પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થાય, કારણ કે તે પહેલાં હું તો થોડા જ દિવસોમાં વેપાર અંગે મારે પરદેશ જવાનું છે. ત્યાં રહીને હું ખબર કાઢતો રહીશ કે રોબર્ટ પરીક્ષાના પેપરો સુંદર રીતે લખી રહ્યો છે. 'વહાલી પર્લી, તું એના તરફ ખાસ ધ્યાન આપજે.

પરંતુ પિતાજી જ્યારે પાછા ફર્યા ત્યારે એમણે રોબર્ટને નિરાશ વદને પાછાં ફરતો જોયો. જો કે રોબર્ટ અભ્યાસ કરવાની વૃત્તિવાળો હતો, પણ એ પોતાના પડોશી મિત્ર વિજયના જેવી જવલંત સફળતા મેળવી શક્યો નહિ. તેથી રોબર્ટ મનમાં ઉદાસ રહેવા લાગ્યો. એને એવી ચોક્કસ ખાતરી થઈ કે મિત્ર વિજય જરૂર ફરીથી અગાઉની ૧૦મા ધોરણની પરીક્ષાની માફક પ્રથમ વર્ગમાં આવશે !

રોબર્ટ હવે ભારે વિચારમાં પડી ગયો. થોડોક સમય ઈશ્વરને પ્રાર્થના કરવા લાગ્યો કે, જો વિજય પરીક્ષા વખતે માંદો પડી જાય તો કેવું સારું ! પરંતુ ઈશ્વર એવી રોબર્ટની સ્વાર્થી પ્રાર્થના કદીયે સાંભળે નહિ. બીજી તરફ વિજય દરરોજ નિયમિત રીતે ઈશ્વરની આગળ નિખાલસપણે પ્રાર્થનામાં લાગુ રહેતો. આવાં જ કારણોને લીધે વિજય ફર્સ્ટ ક્લાસમાં આવી જતો.

રોબર્ટે આખી રાત બેચેનીમાં પસાર કરી. બીજી સવારે જ્યારે એ પથારીમાંથી ઊઠ્યો ત્યારે એના મનમાં પેલો વિજય પ્રત્યેનો વિચિત્ર અરે, બેહૂદો વિચાર સાપોલિયાની જેમ સળવળી ઊઠયો ! એ જ્યારે બગીચામાં ફરવા લાગ્યો ત્યારે એણે શું જોયું ? વિજય તો પહેલાંની જેમ ખંતથી અભ્યાસ કરતો માલૂમ પડ્યો. વિજયે રોબર્ટને પાસે બોલાવીને પૂછ્યું "કેમ ? તારુ પરીક્ષાનું કામ કેવું ચાલે છે ? હવે તો ફક્ત બે જ દિવસ બાકી રહ્યા છે."

રોબર્ટે જવાબ આપતા કહ્યું કે, મારો અભ્યાસ ઠીકાઠીક ચાલે છે, પણ તૈયારીની દૃષ્ટિએ વધુ મહેનત કરવાની ઈચ્છા રાખું છું." આમ જ્યારે બે મિત્રો વાડીમાં ફરી રહ્યા હતા અને વાતચીતમાં મશગૂલ હતા ત્યારે રોબર્ટની ચકળવકળ આંખો કાંઈક પડાવી લેવા તલપાપડ થઈ રહી હતી. એ તો હતી વિજયનાં પુસ્તકોમાં દેખાઈ આવતી પરીક્ષા હોલમાં બતાવવાની પાસ કે રસીદ !

વિજયનું ધ્યાન બીજી તરફ ગયું કે તરત જ રોબર્ટે પાસ-રસીદ એની ચોપડીમાંથી ઉપાડી લીધી અને પોતાના ખિસ્સામાં સેરવી દીધી. અને કચરા પેટીમાં ફેંકી દીધી. હવે, ખુશીના માહોલમા રોબર્ટ વિચારવા લાગ્યો કે, વિજય હવે પરીક્ષામાં બેસી શકશે નહિ, અને હું પેપરો આપીને પ્રથમ વર્ગ પ્રાપ્ત કરીશ. મારા પિતાજી અત્યંત ખુશ થઈને મારે માટે ઢગલાબંધ બક્ષિસો ખરીદશે. મને ન્યાલ કરી દેશે, વગેરે, વગેરે...!

જ્યારે પરીક્ષાનો દિવસ નજીક આવ્યો ત્યારે વિજય ઈશ્વરને આગ્રહથી પ્રાર્થના કરી રહ્યો હતો. ત્યારે શું બન્યું ? એણે પોતાના સ્કૂલના પટાવાળાને ઘર તરફ દોડી આવતો દીઠો ! એણે હાંફતા હાંફતાં કહ્યું, "વિજય તું ક્યાં છે ?" વિજયને બદલે માતાએ કહ્યું,

"ચીમન, તારે વિજયનું શું કામ છે ?"

"બાઈ સાહેબ, આ રહી વિજયની પરીક્ષા હૉલની પાસ ! મને તે અમારા કચરાપેટીના ભંડારમાંથી મળી આવી છે ! અમારા આચાર્ય સાહેબે વિજયને આ પાસ આપી દેવા માટે મને મોકલ્યો છે."

વિજય અને તેની માતા ગૂમ થઈ ગયેલી પાસ-સ્સીદ મળી જતાં આશ્ચર્યમાં ડૂબી ગયાં એમની ખુશીનો પાર રહ્યો નહિ. "ઈશ્વર પિતા આપણી સાથે છે !" ઈશ્વરની કૃપા મહાન છે. એ આજે પુરવાર થયું છે !" વિજયની માતાએ હર્ષના આંસુ સહિત કહ્યું,

રોબર્ટને તો એમ જ લાગ્યું કે વિજય હવે પરીક્ષામાં બેસી શકવાનો નથી. પણ જ્યારે એણે વિજયને પરીક્ષાના હોલમાં જતો જોયો ત્યારે ધુંઆપુંઆ થઈ ગયો ! વિજયનું બુરૂં કરવાની તદબીર નિષ્ફળ ગઈ છે એ જાણીને ભારે દુ:ખ થયું. એટલા જ માટે કે રોબર્ટે ઈશ્વર તેમ જ પોતાના મિત્રને દગો દીધો હતો. રોબર્ટને આથી સાચુકલો પસ્તાવો થયો અને એણે વિજય આગળ પોતાના અપકૃત્યની માફી પણ માગી !

ધોરણ-૧૨ની પરીક્ષાનું પરિણામ આવ્યું ત્યારે વિજય પહેલાંની માફક પ્રથમ ગ્રેડમાં પાસ થયેલ જણાયો ! રોબર્ટને હવે ખાતરી થઈ ચૂકી કે ઈશ્વર હમેશાં ન્યાયીપણાથી વર્તનારના પક્ષમાં રહે છે, રોબર્ટે વિજયને શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા.

"પણ યહોવા ન્યાયીનું તારણ કરે છે, સંકટની વેળાએ તે તેનો કિલ્લો છે. (ગીતશાસ્ત્ર ૩૭:૩૯).

## કાંઈક સારુ કરવામાં લાગુ રહો

દરિયાઈ તોફાનની રાત્રિ વીત્યા બાદ આશા ચોપાટી પર ફરવા ગઈ, કાંઈક નુકસાન તો નથી થયું ને તે જોવા માટે સદ્‌ભાગ્યે એનું લાકડાનું બનાવેલું ઘર સલામત રહ્યુ હતું. આથી આશાએ રાહતનો દમ ખેંચ્યો. એકાએક તેણીની નજર ચોપાટી પર તોફાનથી કિનારે ધોવાઈ આવેલી તારા-માછલીઓ તરફ ગઈ. કિન્તુ જેમ જેમ સવારના સૂર્યનો તાપ વાદળો મધ્યે વધવા લાગ્યો તેમ તેમ એ બધી માછલીઓ સુકાઈ જશે અને મરી જશે એવો તેણીને અહેસાસ થયો. બિચારી તારા-માછલીઓ ! એમની કોણ દયા ખાય ?!

એક જુવાન છોકરી આ બધું જોયા કરતી હતી. એણે સમયસૂચકતા વાપરી માછલીઓને એક પછી એક ઉપાડીને દરિયામાં ફેંકવાનું શરૂ કર્યું.

"અરે છોકરી ! તું શું કરી રહી છે ?" આશાએ યુવતીને પૂછ્યું. છોકરીએ જવાબ આપ્યો, "હું આ બધી માછલીઓને દરિયામાં પાછી ધકેલી દેવા માગું છું. એ માટે કે તેઓ મરણશરણ સ્થિતિમાંથી બચી જાય અને તેમનું જીવન પહેલાંની જેમ આનંદમય બને." આ છોકરીનું ધ્યાન ફરીથી પેલી બહાર તરફડતી માછલીઓ તરફ ગયું અને તેમને દરિયાના પાણીમાં ફેંકવાનું શરૂ કર્યું. કહોને કે ચાલુ રાખ્યું.

"અરે, બહેન ! તું કેમ સમજતી નથી તારા જેવી એકલી વ્યક્તિ એ બધી તારા માછલીઓને કદી પણ પાણીમાં પાછી નાખી દઈ શકવાની નથી. જો તો ખરી એ કેવી તરફડિયા મારી રહી છે ?!" આશાએ નકારાત્મક ટકોર કરી. "હા તારી વાત બરાબર છે" યુવતીએ નિસાસો નાખતા કહ્યું, અને વળી નીચે નમીને એક માછલી ઉપાડીને પાણીમાં ફેંકી દીધી. ત્યારે એ માછલી દરિયામાં ડૂબી જતાં જઈને હસતાં હસતાં કહેવા લાગી, "ભલે ઘણી બધી માછલી બહાર રહી ગઈ છે પણ પેલી મેં ઉપાડેલી એક એક મચ્છીને જીવનદાન મળ્યું છે." આમ આશાના નિરૂત્સાહીભર્યા વચનને વિસરી જઈ યુવતીએ સારું કામ કરવાનુ ચાલુ રાખ્યું.

એકાએક યુવતીએ જોયું કે આશા પણ માછલીઓને ઉપાડી લઈને દરિયામાં ફેંકી દેતાં જણાઈ અને તેની પાછળ તો યુવાન છોકરીઓનો આખો સમૂહ ઘણી બધી માછલીઓને ઉછાળીને દરિયામાં ફેંકવા લાગી. જો કે તેઓ ચોપાટી પરની બધી જ મચ્છીઓને દરિયામાં નાખી શકી નહિ, કારણ કે, હવે સૂરજે પોતાની તપવાની ફરજ શરૂ કરી દીધી હતી. કિન્તુ એક મહામોટું કાર્ય પૂરું થયું હતું. સાચે જ પેલી યુવાન છોકરીએ માછલીઓને જીવનદાન આપવાનું કાર્ય શરૂ કરી બધી છોકરીઓમાં આશા સંઘાતે સુંદર ભાત પાડી હતી !

વહાલાં બાળકો, તમે પણ પેલી યુવતીની જેમ બધાં માણસોમાં સારી ભાત પાડી શકો છો અને તમારા આગવા કામની કદર થઈ છે તે જાણી શકો છો. બસ બીજાંઓનું કાંઈ સારું ને ભલું કરવુ એ જ મોટી બાબત છે. તમે કદી પણ એમ ન કહો કે, પાપમય દુનિયા માટે કાંઈ આશા નથી. તમે જ દુનિયાને સારી રીતે ફરતી કરી શકો છો અને સુંદર બનાવી શકો છો !!!

"તો સારું કરતાં આપણે થાકવું નહિ; કેમ કે જો કાયર ન થઈએ, તો યોગ્ય સમયે લણીશું" (ગલાતીઓને પત્ર ૬:૯)

## અણગમતો મિત્ર

મારાં મમ્મીએ મને એક મિત્રની ઓળખાણ કરાવી હા ! બહુ સારી રીતે. તમે જાણો છો મમ્મીએ મને શું કહ્યું ? એમણે એમ પણ કહ્યું કે એ મારો સદાનો સારો મિત્ર છે, જેના પર મને ભરોસો છે.

મેં જ્યારે અંતે એને જોયો ત્યારે પ્રભાવશાળી દેખાયો નહિ. પણ મને એનામાં કંઈ અધૂરપ જણાઈ. મારા મનને એ ખટક્યું. હા જોતાં ગમી જાય એવો સોહામણો પણ આનંદ

પ્રમોદમાં એને જરાયે રસ નહિ એવો ! બલ્કે મુંઝી !! એવો મારો એના વિશેનો અભિપ્રાય બંધાયો, તો પણ મમ્મી તો હંમેશા એમ કહેતાં જ રહ્યાં કે એણે મારા ખાનગી જીવનમાં કદી પણ ડખલગીરી કરી નથી. જ્યારે હું બોલાવું ત્યારે જ એ મારી પાસે આવે !

વહેલી સવારના પાંચ (૫) વાગ્યાનો સમય હતો. હું ખિજાઈ.

'કેમ શું કામ છે મારું' ? મારાથી બોલી જવાયું. પણ એની નમ્ર વાણીમાં મને લાગ્યું કે એ મારી સાથે વાત કરવા માગે છે. એ શું કરે છે એની રાહ જોયા વિના મેં રેશમી રજાઈ ઓઢી લીધી ને ઊંઘી ગઈ.

હવે આઠ વાગ્યા. મારો કૉલેજમાં જવાનો વખત થઈ ગયો. 'આજે શું પહેરીશ એની પડોજણમાં પડી. મગજ ચકરાવે ચડ્યું. કોઈકે બારણું ઠોક્યું ને મેં બહાર ડોકિયું કર્યું. ત્યાં પાછો એ ઊભો રહીને મારી સાથે વાત કરવા માગતો હોય એમ મને લાગ્યું, પણ મેં મચક ન આપી. જ્યારે મારે સારો ડ્રેસ પહેરીને બહાર જવાનું હોય ત્યારે એની સાથે કોણ વાત કરે ? મેં ધીમેથી પણ બરાબર બારણું બંધ કરી દીધું અને કબાટ તરફ વળી ગઈ.

'કેટલી મોડી ? મમ્મીએ મને ગુસ્સાભર્યા અવાજે કહ્યું. તમે જાણો છો કે આવા પ્રશ્નો મારા ખાનગી જીવનને અસર કરે છે. 'હા...હા...સમય વિશે વિચાર કર્યો, આશરે દશેક વાગ્યે 'દસ ? ના, એમ નહિ, તારે આઠ (બરાબર) વાગે એને સાથે લઈને ઘેર આવી જવું જોઈએ.

"એની સાથે ?!" "બીજા ઘણાં બધાં મારાં મિત્રો છે. એમને છોડીને એવી અણગમતી વ્યક્તિની સાથે કોઈ આવે ? મારી બહેનપણીઓને એ ગમતો નથી અને હું પણ મારી મજા બગાડવા માગતી નથી. કિન્તુ શું કરવું ? તોય મમ્મી એવું ઇચ્છે છે કે હું એને પાર્ટીમાં મારી સાથે લઈ જાઉં. મમ્મીનો મિજાજ હું બરાબર જાણું છું. મારાથી એમની સાથે દલીલ કરી શકાય નહિ અને બહાનું પણ કાઢી શકાય નહિ એટલે, કચવાતા મને મેં એને પાર્ટીમાં મારી સાથે લીધો. મને પણ એમ લાગ્યુ કે એને મારો સંગાથ ગમતો નથી. તેથી મુસાફરી દરમિયાન એ શાંત જ રહ્યો. એનું મૌન મને ડંખી રહ્યું, અને મને મુંઝવણનો અહેસાસ થયો.

પરંતુ મારી બહેનપણી દીપ્તિનો બર્થ ડે ડ્રેસ જોતાં મારી મુંઝવણ જતી રહી અને હું એને ભેટવા અરે, મીઠું ચુંબન કરવા એની તરફ દોડી ગઈ. વાહ ! કેટલો સુંદર ડ્રેસ એણે પહેર્યો હતો ! મને પણ કદાચ મારી બર્થ ડે વખતે એવો ડ્રેસ મળશે. આમ બહેનપણીઓ અને મિત્રો સાથે ગોષ્ઠિ કરવામાં કેવી મજા આવે ? હાશ ! હવે આઠ થવા આવ્યા હતા અને મારે સમયસર ઘરે પહોંચવાનું હતુ. મારે કોઈ પણ રીતે મારાં મમ્મીના ગુસ્સાનો ભોગ નહોતું બનવું. પણ મમ્મીના કહ્યા મુજબ મારે એ અણગમતા મિત્રને સાથે લઈ જયા વિના છૂટકો નહોતો. આથી દુઃખ થયું.

'કેમ હીના ? આને તારી સાથે એને લઈ જવાની શી જરૂર છે ? દીપ્તિએ મને પૂછ્યું.

'હા હું સમજું છું કે તું તારાં મમ્મીના દબાણમાં આવી ગઈ છે. એને છોડી દે. તે આપણને

કશા કામનો નથી.' બીજી બહેનપણી નિશા તરફથી પણ એવો જ પ્રતિભાવ મળ્યો. હું આમ બબડી રહી હતી ને જોયું તો એ અણગમતો મિત્ર દૂર ઝાડ નીચે ઊભાં ઊભાં મારી પ્રતીક્ષા કરી રહ્યો હતો ! મને ગુસ્સો આવ્યો. 'એ એના મનમાં શું સમજે છે ? મારે એને શાંતિથી કહેવું જોઈએ કે એ હવે મને છોડીને જતો રહે તો સારું.

વહાલી બહેનપણીઓને અલવિદા કરીને હું મારી કારમાં ઝડપથી બેસી ગઈ.

'જુઓ મિસ્ટર ! મને હવે તમારી સંગત પૂરી મળી ગઈ છે. તમારાથી કંટાળી છું. તમારો સંગાથ મને બિલકુલ ફાવે તેમ નથી. મારે મારી મરજી પ્રમાણે જીવવું છે. મારી જાતને હું મારી મેળે સંભાળી લઈશ,' મેં જરા કડક થઈને કહ્યું. મારો મિજાજ આસમાને ચઢી ગયો હતો. તેમ છતાં મેં મારું મોં ઉઘાડ્યું નહિ પણ મંદહાસ્ય કરતી રહી. 'તમારે હવે મને છોડીને જતા રહેવું જોઈએ.' હું મોટેથી બોલી : જ્યાં હું તમને મારા જીવનમાંથી ખસી જવાનું કહું છું ત્યારે તમે મૂર્ખાની જેમ હસી રહ્યા છો ? મને એકલી રહેવા દો. હું તો શું પણ મારી બધી બહેનપણીઓ પણ કંટાળી ગઈ છે. હું એમને વધુ નાખુશ કરવા માગતી નથી. આખી દુનિયામાં હું એમને વધુ ચાહું છું. અને તેઓ મારી સાથે હમેશાં રહેશે તો મહેરબાની કરીને મને છોડી દો તો સારું.'

પછી એ શાંતિથી કારમાંથી નીચે ઊતરી ગયો, ને જતો રહ્યો...પરંતુ એના જવાથી મારી ગમગીની જરાયે ઓછી થઈ નહિ. ઊલટાનુ એની ગેરહાજરીથી મારી બેચેની ઓર વધી ગઈ. મેં ભારે ગુનાની લાગણી સહિત કાર ઘર તરફ હંકારી મૂકી.

આખરે હું ઘેર આવી ગઈ ! પણ મેં શું જોયું ? મારી મમ્મીની આંખોમાંથી દડ દડ આંસુ વહી જતાં હતાં. જ્યારે એમણે જાણ્યું કે મિત્ર તો જતો રહ્યો છે, ત્યારે તો રૂદન કરૂણાંતિક બન્યું, મને પણ ભારે પીડા થવા લાગી. હું ઊંઘી ગઈ. મારું છેલ્લું સ્મરણ તો એ કારમાંથી ઊતરી ગયો એનું મને ભારોભાર દુ:ખ થતું હતું.

સોમવારની સવાર...ગમગીનીના મિજાજમાં હું કૉલેજના રસ્તા પર ચાલતી જઈ રહી હતી. મારી સાથે કાંઈક અથડાયું એવો અહેસાસ થતાંની સાથે હું નીચે પડી ગઈ...મને શું થઈ ગયું છે એનું ભાન રહ્યું નહિ.

જ્યારે મેં મારી આંખો ખોલી ત્યારે મેં મારા મમ્મીને કરુણ રુદન કરતાં ઊભાં રહેલાં જોયાં. ટીના, મારી દીકરી તને હવે સારું લાગે છે ? એમના કોમળ સ્પર્શથી મને શાંત્વન મળ્યું.

'મમ્મી, મને શું થઈ ગયું છે ? એટલામાં તો મેં ડૉક્ટરોને એમ કહેતાં સાભળ્યા કે કોઈ મારે માટે વ્હીલચેર લઈ આવે. મને લાગ્યું કે હવે મારે માટે ભયંકર દિવસો આવી રહ્યા છે. પાર્ટીના એ મજાના દિવસો ગયા. અરે, જીવન જીવવાની મઝા જતી રહી. ઓહ, મારી પાસે રહેનાર સહૃદયી મિત્રો હોત તો કેવું સારું ? અલબત્ત, તેઓ મારી પથારી પાસે આવ્યા. સુંદર સુંદર તાજાં સુંગધિત ફૂલોના બુકે મારા ધ્રૂજતા હાથમાં મૂક્યા વગેરે વગેરે. જો કે હું તેથી આનંદિત થઈ. પણ મારી યૌવનભરી તંદુરસ્તીમાં કાંઈ ફેરફાર થયો નહિ. માત્ર હતાશા

મારી આસપાસ ફરી વળી. 'ક્યા સુધી ? ક્યાં સુધી ? મારા કાનોમાં આ પ્રશ્નો ગુંજતા રહ્યા મને શાંત્વન પમાડી શકે એવો પ્રત્યુત્તર મળ્યો નહિ અને જુઓ તો ખરા, ધીમે ધીમે મારું મિત્રવર્તુળ નાનું થવા લાગ્યું. જેથી મારી સ્થિતિ વધુ કફોડી બની. હું ઘણી જ થાકી ગઈ. કોઈ મારા પ્રત્યે સમભાવની દૃષ્ટિથી જુએ એની રાહ જોવા લાગી. જો કે મારાં વહાલસોયાં મમ્મી મોટે ભાગે મારી પાસે જ બેસી રહેતાં, પણ એમને સમયસર ઓફિસે જવાનું હોય અને મારા નાના ભાઈની સંભાળ રાખવાની હોય, ઘર ચલાવવાનું હોય, તેનું શું ? જ્યાં હું વ્હીલચેરની કેદી બની છું અને બધું મારી આસપાસ સ્પીડ ફાસ્ટ ફરતું હોય એવો અહેસાસ થાય છે.

એકાએક, મને તજી દીધેલ એ મિત્રનો વિચાર ઝબક્યો ! હા, એ મારો સારો ભલો, જૂનો સાથી હતો. ખાસ પ્રકારના મંદ ને મધુર સ્મિતવાળો એ માણસ...હું પૂરા હૃદયથી એની હાજરીની પ્રતીક્ષા કરવા લાગી. મમ્મી પણ આશ્ચર્ય ને આનંદથી ઝૂમી ઊઠ્યાં ! કારણ કે હું એને મારા જીવનમાં ફેર પ્રવેશવા માગતી હતી.

"વહાલી દીકરી ! તું એને બોલાવ એટલે એ તારી પાસે આવશે," મમ્મીએ કહ્યું.

અને જુઓ ! એ ત્યાં દરવાજા પાસે આવી રહ્યો હતો. મારા તરફ મીઠું હાસ્ય કરતો. અહા ! કેવી મધુર એની હાજરી. બસ શાંતિ, શાંતિ અનિર્વાચ્ય શાંતિ મારા હૃદયમાં ફરી વળી એની મહિમાવંત હાજરીથી મારું મન પ્રફુલ્લિત થયું. હતાશા અને નિરાશાને બદલે જીવન પ્રકાશ ઝબૂક્યો ! પછી જ મને સાચો પ્રેમ જે કોઈ આપી શકતું નથી એનો મર્મ સમજાયો. હર્ષના આંસુ શિથિલ ગાલો પરથી સરી પડ્યાં. મારે સાચો સાથી મિત્ર સિવાય બીજું કશું જોઈતું નથી. હા મારા મિષ્ટ ઈસુ મારા સ્વામી અને મારા તારનાર એ જ મારું સર્વસ્વ છે.

## ખ્રિસ્તનો વધસ્તંભ દુશ્મનાવટ દૂર કરે છે !!!

"દ્વેષથી ટંટા ઊભા થાય છે. પણ પ્રીતિ સર્વ અપરાધોને ઢાંકી દે છે." (નીતિવચનો ૧૦:૧૨)

"વિશેષે કરીને તમે એકબીજા માટે આગ્રહથી પ્રાર્થના કરો; કેમ કે પ્રીતિ પાપના પુંજને ઢાંકે છે." (૧ પીતર ૪:૮)

ઉપરોક્ત શાસ્ત્રવચનો અનુસાર : કેમ કે ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ દ્વારા જગતનાં સઘળાં ભૂંડા તત્વો પર વિજય મેળવ્યો છે. ત્યારે તેણે સર્વ પ્રકારની દુશ્મનાવટ સદાકાળને માટે દૂર કરી છે.

ઘણાં વર્ષો પહેલાં એક વિદ્યાર્થી કૉલેજમાં ભારે હરકતો ઊભી કરતો હતો. તેથી પ્રિન્સિપાલ સાહેબે એને કૉલેજમાંથી બરતરફ કર્યો. એટલે એ બીજી કૉલેજમાં જોડાયો. કિન્તુ એણે પોતાના દુષ્ટ સ્વભાવ ને તોફાનો છોડ્યાં નહિ. એ કૉલેજમાંથી પણ તેણે પોતાના જેવા જ બીજા કૉલેજીયનોનું જૂથ ઊભું કર્યું. એટલું જ નહિ પણ જૂની કૉલેજ સામે મોરચો માંડ્યો. પોલીસ આવી અને એને તથા બીજા યુવાનોને જેલ ભેગા કર્યા.

આવી ધૂંધળી પરિસ્થિતિમાં કૉલેજના અધ્યાપકો અને વડીલ આગેવાનોએ પત્રકારને પૂછ્યું કે હવે શું કરવું ? પરંતુ અતિ પ્રેમાળ પત્રકારે તેઓને કહ્યું, 'એ બધા યુવાનોને સ્વાદિષ્ટ તાજી બિરયાની ખવડાવો ! કારણ, તેઓ અત્યાર સુધી લડી લડીને બહુ થાકી ગયા છે; અમે તેઓના વાલી/રક્ષકો બનીશું...હવે પછી તેઓ આપણી કૉલેજને પરેશાન કરશે નહિ, પોલીસ મિત્રોને કહો કે તેઓ બધાને તાત્કાલિક જેલમાંથી છોડી દે.' પોલીસોએ જુવાન છોકરાઓને છોડી દીધા !

એક કલાક પસાર થયો. જે છોકરાએ અગાઉ હંગામો મચાવેલો તે તો ભાગીને બળજબરીથી પત્રકારના ઘરમાં ઘૂસી ગયો. દરેકને બીક લાગી. તેઓ એ જાણવા ખૂબ જ આતુર હતા કે એ જંગલી છોકરો પત્રકારના ઘરમાં શું કરશે ? કિન્તુ ઊલટાનું એ તો પત્રકારના ચરણોમાં પડી ગયો અને એમને કહ્યું, સાહેબ, હું આજ લગી ગુંડાની જેમ જીવ્યો છું. પરંતુ આપના પ્રેમે મારું જીવન બદલી નાખ્યું છે ! આપ એટલા બધા પ્રેમાંળ હશો એવો મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. ફરીથી કહું છું સાહેબ, મને માફ કરો. આજે પ્રભુએ મારું જીવન બદલી નાખ્યું છે, હવે પછી એવી રીતે વર્તીશ નહિ. હું મારી બધી જ કુટેવો તથા પાપિષ્ટ દુર્ગુણો તજી દઈશ. સાહેબ, હવે મને મહેરબાની કરીને કહેશો કે આપે મને માફી બક્ષી છે ! પત્રકારની આંખોમાંથી આંસુ સરી પડ્યાં. તેઓ એને ભેટી પડ્યા અને વહાલભર્યું ચુંબન કર્યું ! આજે એ જુવાન માણસ ઈશ્વર પર ખૂબજ પ્રેમ કરે છે. અરે એ તો એક સારો ને સફળ ધંધાદારી (Businessman) બની ગયો છે. બધા લોકો એને માનની દૃષ્ટિએ જોતા થઈ ગયા છે !!!

પ્રિય વાચક મિત્રો, પ્રભુ ઈસુ આ પૃથ્વી પર ચમત્કારો કરવા માટે આવ્યા. એમણે પોતાનું જીવન પ્રભુપિતાને પસંદ પડે એવું ગુજાર્યું અને આજે તેઓ પાપ તેમ જ દુશ્મનાવટથી બચાવી લેવા સ્વર્ગમાં જીવતા રહ્યા છે !!! ભલે ભૂંડા માણસો આપણી સામે થવા માટે પોકાર કરે. કિન્તુ તમે કહેશો કે, 'હે બાપ ! તમે તેઓને માફ કરો.''પછી તમારો કોઈ દુશ્મન રહેશે નહિ. ઈશ્વરનું વિજયવંત પરાક્રમ તેમ જ ખ્રિસ્તનો દૈવી પ્રેમ તમારાં હૃદયોને શાંતિ તથા આનંદથી ભરી દેશે.

## ટાઈફૂનની ભયસૂચક આકાશવાણી !!!

ટાઈફૂન Typhoon અંગ્રેજી શબ્દ છે. એનો અર્થ થાય છે; દરિયાઈ ચક્રવાતી વંટોળિયો. જો કે સુનામીની જેમ ટાઈફૂન દરિયાનાં પ્રચંડ મોજાંની માફક ઉછળતો નથી; પણ સાગર કે મહાસાગરની સપાટી પરથી ફૂંકાતા (ચક્રવામાં) જોરદાર પવન છે. ટાઈફૂન પણ સર્વનાશ સર્જી શકે છે. ધોરણ-૧૦,૧૧ અને ૧૨નાં બાળકો-વિદ્યાર્થીઓને ભૂગોળના વિષયમાં આ વિશે જાણવા-શીખવાનું મળે છે. તો ચાલો, આપણે એક સાચુકલી સાહસકથાની બારીમાંથી જરા ડોકિયું કરી લઈએ.

જ્યારે વૉલી હોલિસ ૧૬ ડિસેમ્બર, ૧૯૯૭ના યાદગાર દિને પોતાના ક્રિશ્ચિયન રેડિયો સ્ટેશન પર આવ્યા, ત્યારે પેસિફિક મહાસાગરમાંના ગુઆમ ટાપુ મધ્યે દરિયાઈ તોફાન

એટલે કે ટાઈફૂનની આગાહી થઈ. તો પણ આ સાહસવીર પાયલોટને તેની કાંઈ પણ ચિંતા કે બીક નહતી. કારણ કે, આવાં તોફાનો આ ટાપુ પર સામાન્ય હતાં. કિન્તુ નવાઈની વાત તો એ હતી કે આ એકતાલીસ વયના હોલિસ પોતાની ઉડ્ડયન શીફ્ટ દરમિયાન પોતાની પત્ની માર્થા અને બે નાની દીકરીઓ સાથે (ફરજ પર) આકાશવાણી મથક પર ધીરગંભીર સ્થિતિમાં અડગ બેસી રહ્યો હતો !

ત્યારે, સવારના સાતેક વાગે જોરદાર પવન ફૂંકાવા લાગ્યો; ચેતવણીની ઘંટડી રણકવા લાગી. હોલિસને એમ લાગ્યું કે વીજળી ડૂલ થઈ જવાના કારણે રેડિયો તેમ જ ટી.વી. સમાચાર આપતા બંધ થઈ ગયા છે અથવા તો સંદેશા વ્યવહાર અટકી ગયા છે. આશરે આઠ વાગે એના સહાયક મિત્ર વૉલી હોલિસને ફોન કરીને કહ્યું, 'તમે એકલા જ હવામાં ઊડી રહ્યા છો !

ગુઆમ રેડિયો મથક અગિયાર વાગે સંદેશા મોકલતું બંધ થયું પણ ત્યાંના લોકોને હોલિસે કહ્યું, "અમે આખી રાત કાર્યરત રહીશું." આમ એણે તોફાનમાં ગુમ થઈ ગયેલા લોકો વિષે ખબર આપવાનું ચાલુ રાખ્યું. એણે વિમાનમાં ઊડતા રહીને પ્રાર્થના કરી કે ગભરાયેલા લોકો સ્તુતિ ગીત ગાઈને બીજાઓનાં હૃદયોને શાંતિ પમાડે !

આવા કટોકટીના ભયગ્રસ્ત સમયે ટાઈફૂનનું તોફાન ત્રણસો કિલોમીટરની ઝડપે વિદ્યુતગતિથી આગળ ને આગળ વધતું જતું હતું. વૉલી હોલિસનો સંદેશો સાંભળનારા તેમની આસપાસના લોકોનાં ઘરો તૂટી પડતાં નિહાળ્યા હતા. એક બાઈને એમ કહેતાં સાંભળવામાં આવી કે તેણીના મકાનની બારીઓ ધમાકાભેર ખુલી ગઈ હતી અને પોતે બે નાનાં બાળકો સાથે બાથરૂમમાં સંતાઈ ગઈ હતી. એની પાસે રેડિયો અને ટેલિફોન પણ હતા. છેલ્લે અમને સંગત આપી માટે આભાર. એમ પણ તેણીએ કહ્યું.

મધ્યરાત્રિએ ટાઈફૂન નૌકાદળના જોઈન્ટ ડાયરેક્ટરે હોલિસને એવી ચેતવણી આપી હતી કે ટાઈફૂનની આંખ હવે આખા ટાપુ પર ફરી વળી છે. વચમાં વચમાં તોફાન થોડો વખત શાંત થશે અને ત્યાર પછી તમે કાચના ટુકડા, કરચો અને ભંગારનો સામાન હવામાં ઊડી જતા નિહાળશો. આ તો ફક્ત પળભરની શાંતિ છે, માટે મહેરબાની કરીને બહાર જશો નહિ. એમ કહેતા લોકો અને જેઓ માનતા હતા કે હવે તોફાન શમી ગયું છે, વગેરે વગેરે.

બીજી જ સવારે સુપર ટાઈફૂન પાછો દરિયાઈ માર્ગે આગળ વધતો ચાલ્યો, જેના કારણે ગુઆમ ટાપુને બસો પચાસ (૨૫૦) કરોડ ડોલરનું નુકસાન થયું; ૩૦૦૦ કુટુંબો ઘરબાર વિનાનાં થયાં ! તોપણ કોઈનીય જાનહાનિ થઈ નહોતી ! જ્યારે ગુઆમ ટાપુના ગવર્નર કાર્લ કુટીરીઝે વૉલિ હોલિસને પ્રાચીન ઑર્ડર ઑફ ધ કેમોરીનના ઈલ્કાબથી નવાજ્યો ત્યારે ગવર્નરે બહુમાન આપતા કહ્યું, 'હૉલિસે પોતાના રેડિયો મથક પરની ફરજ દૃઢ વિશ્વાસ અને બહાદુરીથી બજાવી છે. એટલું જ નહિ પણ ટાઈફૂનની તોફાની પડકારયુક્ત પરિસ્થિતિનો સામનો કર્યો છે. તેથી જ એમને (વૉલી હોલિસને) ગુઆમ ટાપુના સર્વ શ્રેષ્ઠ નાગરિક સિનિટર સિટીઝન તરીકે સન્માનિત કરવામાં આવ્યા છે !!!'

ટાઈફૂનનું તોફાન શમી ગયા બાદ ટાપુ પરના લોકો હોલિસને મળતા રહ્યા અને એ યાદગાર રાત્રિએ તેઓએ તેમનો મનભર આભાર માન્યો ! જ્યારે એમને પૂછવામાં આવ્યુ કે, 'તમે એવી ભયંકર પરિસ્થિતિમાંથી આકાશવાણી પરથી સતત સંદેશા, ચેતવણી કેવી રીતે મોકલતા રહ્યા ? ત્યારે હોલિસ ફક્ત આટલું જ બોલ્યા : "એ તો એક ચમત્કાર જ હતો !!"

## ઈશ્વરના ઘરની શોધ !!!

એક જ કુટુંબના બે ભાઈઓ ઘણા લાંબા સમયથી એકબીજાને મળ્યા નહોતા, અને જ્યારે મળ્યા ત્યારે આનંદનો પાર રહ્યો નહિ !

ઘરમાં આવતાંની સાથે જ મોટાભાઈએ ઉલ્લાસથી પૂછ્યું, "વહાલા ભાઈ, તું અત્યાર સુધી ક્યાં હતો ?... "સુખી ને ક્ષેમકુશળ તો છો ને ? પણ તું અને નાનાં ભાભી, બાળકો કેમ તંદુરસ્ત દેખાતાં નથી ?"

"જે મુખ્ય કાર્ય સાથે હું સંકળાયેલો છું. તેને કારણે ઘણી બધી દુન્યવી બાબતોનો ભોગ આપવો પડે છે. તેથી ઘરકુટુંબ તરફ બહુ ઓછું ધ્યાન અપાય છે." નાના ભાઈએ જાણે જીવનની ફિલસૂફી સમજાવતો હોય એમ ગંભીરતાથી કહ્યું.

"કિન્તુ, એવા તે ક્યા મહાન કાર્યમાં તું રોકાયેલો છે કે તારું કુટુંબ ભૂખે મરે છે ?!" મોટા ભાઈએ દયાભાવથી અને આશ્ચર્યથી નાના ભાઈને પૂછી જોયું.

"મારે ઈશ્વરના ઘરની સતત સંભાળ રાખવાની જરૂર રહે છે." નાના ભાઈએ કહ્યું, "હું એ માટે ખ્રિસ્તી લોકો મધ્યે લડત ચલાવું છું. ઈશ્વરના ઘરને કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય એ મારે જોવાનુ રહે છે. પછી મને મારા કુટુંબનો ખ્યાલ સરખોય ક્યાંથી આવે ? પણ તમે ઓ મારા મોટાભાઈ શું કરો છો ? એ તો કહોને ?"

"વારુ," મોટાભાઈએ સ્વસ્થતાથી કહ્યું, "હું મારા મોટાભાગનો સમય ખેતીકામમાં ગાળું છું...ખેતરમાં અનાજનાં સારાં બી રોપવા, સમયસર પાણી પાવું જેથી મબલખ પાક ઊતરે...એની મને ચિંતા તથા કાળજી છે.

ધીમે ધીમે જેમ વર્ષો વીતતાં ગયાં તેમ તેમ મેં ખેતીકામ માટે ઘણી બધી જમીનો ખરીદી લીધી. આજે એ જમીનોમાં વિશાળ (એકરોના એકરો) પાયા પર ખંતથી ખેતીકામ કરીને હું સમૃદ્ધ ને પ્રતિષ્ઠિત ખેડૂત બન્યો છું. પણ, મારા નાનાભાઈ, તને આપણા પિતાશ્રી તરફથી જે ખેતર મળ્યું હતું તેનું શું થયું એ તો કહેને ?"

"મેં એક બાપીકુ ખેતર વેચી માર્યું અને જ્યાં જ્યાં ઈશ્વરનાં ઘરની સંભાળ રાખવાની હતી કે નવું બંધાવાનું હતું ત્યા પોતાના ખર્ચે લાંબી, લાંબી મુસાફરી કરી. જ્યારે તમે તો મોટાભાઈ, એટલા બધા સ્વાર્થી નીકળ્યા કે ઈશ્વરનાં કાર્ય માટે તમને મળેલ કિંમતી સમયનો ભોગ પણ આપ્યો નહિ."

મોટાભાઈ કાંઈ બોલ્યા નહિ પણ પોતાના ઘરમાં ઘણા વખત પછી આવેલ અંકલ ટોમને ભાવભીનો આવકાર આપતાં એમને કહ્યુ, "અંકલ તમારા મકાનમાં ઘણા રૂમો છે. અને અમારા પિત્રાઈ ભાઈઓ અમારી સાથે રહેશે તો અમને બહુ ગમશે !"

"હા, અંકલ તમે બધા અમારી સાથે ખુશીથી રહો," મોટાભાઈની પત્નીએ કહ્યું, "હું તમારાં પત્નીની સંભાળ રાખીશ. જુઓને બધાં કેવાં નબળા થઈ ગયાં છે ? એમાં નાનાં ભાભીની તો બહુ દયા આવે છે !"

સાંજ પડી એટલે મોટાભાઈ નાનાભાઈને લઈને એમને ખેતરોમાં ફરવા લઈ ગયા. રસ્તામાં ચાલતાં ચાલતાં મોટાભાઈના ચહેરા પર પ્રકાશ ઝબૂક્યો ! એમણે જે ખેતરોમાં પરસેવો પાડીને પાણી પાયું હતું. અરે, લોહીનું પાણી થતાં સુધી ભારે પરિશ્રમથી ખેડયું હતું એ તરફ નાના ભાઈનું તેમજ સાથે હતાં તે બધાંનું ધ્યાન ખેંચ્યુ. કેવી રીતે મબલખ પાક ઉતારીને અનાજના ભંડારો ભર્યા હતા ને તિજોરી છલકાવી દીધી હતી. વળી ઉદાર હાથે કુટુંબની પ્રત્યેક વ્યક્તિએ ભરપૂર દાનો ઈશ્વરના કામ માટે પૂરા પાડ્યાં હતાં તેની સમજ પણ આપી.

"ધન્યવાદ, પણ મારા મોટાભાઈ, તમારાં ખેતરો મધ્યે જે સારાં ઘરો દેખાય છે તે કોના છે ? જયારે તેઓ ખેતરના છેડે આવી પહોંચ્યા ત્યારે નાના ભાઈએ પૂછ્યું.

"એ ઘરો તો મારા સઘળા ખેતમજૂરોના છે, " મોટાભાઈએ હળવાશથી કહ્યુ. "આવો, આપણે એમને મળીએ."

નાનો ભાઈ તો ખેતમજૂરોને તેમજ એમનાં બાળકોને જોઈને સ્તબ્ધ થઈ ગયો. પોતાના મોટાભાઈનો મજૂરો સાથેનો આવો સુંદર વ્યવહાર જોઈને મનમાં દુઃખી થવા લાગ્યો અને ક્રોધ પણ ચઢ્યો, "ભાઈ, તને આ બધું જોઈને કેમ નારાજી થાય છે ?" મોટાભાઈએ ટકોર કરી.

"ગમે તેમ હોય," નાનાભાઈએ વળતો જવાબ આપ્યો, "પણ તમારાં વિશાળ ખેતરોમાં જમીનો પર ક્યાંય ઈશ્વરના ઘર માટે સ્થાન રાખ્યું છે ?" નાના ભાઈએ ગુસ્સાથી કહ્યું, "તમારી પાસે આટલા બધા પૈસા છે તોય તમે ઈશ્વરનું ઘર બંધાવી શક્યા નથી ??"

પછી ખેતરો મધ્યે શાંતિ છવાઈ ગઈ, ત્યારે મોટાભાઈએ સ્મિત વદને કહ્યું, "મારા ભાઈ, ઈશ્વરના (ઘર કુટુંબની) સંભાળ હ્યાં સારી રીતે રાખવામાં આવે છે. ઈશ્વર તો નાનાં બાળકોના હાસ્યમાં, ખેતમજૂરોની સુખશાંતિમાં અને મારી પત્ની, તારી મોટી ભાભીના ઉદાર દિલમાં દેખાઈ આવે છે ! એથી જ મારા ખેતરોમાં મબલખ પાક થાય છે ને તિજોરી છલકાઈ જાય છે !!!

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| | **જીવન ચરિત્રો** | |
| ૧ | વધસ્તંભ એજ સ્વર્ગ | ૨૦-૦૦ |
| ૨ | ગુરુને ચરણે | ૧૦-૦૦ |
| ૩ | સાચુ મોતી | ૧૦-૦૦ |
| ૪ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૫ | ડી.એલ.મૂડી | ૧૦-૦૦ |
| ૬ | ડેવિડ બાઉમન | ૨૦-૦૦ |
| ૭ | વિલ્યમ કેરી | ૧૫-૦૦ |
| ૮ | જેમ્સ હડસન ટેલર | ૧૫-૦૦ |
| ૯ | પંડિતા રમાબાઈની સાક્ષી | ૨૦-૦૦ |
| ૧૦ | ડૉ.ઈ.સ્ટેન્લી જોન્સ | ૩૦-૦૦ |
| ૧૧ | ચાર્લ્સ સ્પર્જન | ૫૦-૦૦ |
| ૧૨ | સાધુ સુંદરસિંગ(ગ્રંથ) | ૧૨૫-૦૦ |
| ૧૩ | ડેવિડ બ્રેઇનર્ડ | ૨૦-૦૦ |
| | **મનન** | |
| ૧ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨ | જીવન સાફલ્ય ને મનન | ૬૦-૦૦ |
| ૩ | ટેકરીઓનો સાદ | ૧૨૫-૦૦ |
| ૪ | દૈનિક પ્રકાશ | ૭૫-૦૦ |
| ૫ | ઉપલીમેડી દૈનિક પ્રકાશ | ૩૦-૦૦ |
| ૬ | ઉપલીમેડી દૈનિક મનન | ૬૦-૦૦ |
| | **બાળકો** | |
| ૧ | બાલબલની સરળ વાર્તા | ૧૦-૦૦ |
| ૨ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૩ | ઝેરાહ | ૧૫-૦૦ |
| ૪ | સપના ઉકેલનાર યોસેફ | ૧૫-૦૦ |
| ૫ | વ્હાલા પંખીડા | ૧૫-૦૦ |
| ૬ | આઝાદીનો લડવૈયો | ૧૨-૦૦ |
| ૭ | વાટને વિસામે | ૪૦-૦૦ |
| ૮ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૯ | રાજાનો કેદી દાનીએલ | ૧૫-૦૦ |
| ૧૦ | કલરવ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૧ | કલશોર | ૨૦-૦૦ |
| ૧૨ | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૧૩ | સાચો મિત્ર | ૨૫-૦૦ |
| ૧૪ | બાઈબલ ક્વીઝ | ૩૦-૦૦ |
| ૧૫ | કલરવ | ૨૫-૦૦ |
| ૧૬ | બહાદુર ગોવાળિયો | ૩૦-૦૦ |
| ૧૭ | આવો ભૂલકા | ૫૦-૦૦ |
| ૧૮ | પતંગિયા | ૩૫-૦૦ |
| ૧૯ | ફૂલડાની ફોરમ | ૨૦-૦૦ |
| ૨૦ | સોનેરી કિરણો | ૪૦-૦૦ |
| | **બાઇબલ સેમીનરી** | |
| ૧ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૨ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૩ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૩ | ૩૫-૦૦ |
| ૪ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૪ | ૩૦-૦૦ |
| ૫ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૫ | ૪૦-૦૦ |
| ૬ | ધર્મનું તત્વજ્ઞાન | ૪૦-૦૦ |
| ૭ | પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી | ૭૫-૦૦ |
| ૮ | પિતૃઓના કૂવા | ૩૫-૦૦ |
| ૯ | રેલો અને ગીતો | ૩૫-૦૦ |
| ૧૦ | વધસ્તંભના સાત વચન | ૧૫-૦૦ |
| ૧૧ | ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૫૦-૦૦ |
| ૧૨ | ક્રોસ કથાના પાત્રો | ૧૦-૦૦ |
| ૧૩ | આત્મામાં સ્વપ્નો તથા સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૪ | ખ્રિસ્તી ઈશ્વર વિદ્યાના તત્વો | ૩૫-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેમના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | જૂનો કરાર તેની રચના તથા સંદેશા | ૬૫-૦૦ |
| ૧૭ | એ શી તરેહનું માણસ | ૩૦-૦૦ |
| ૧૮ | જન સામન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦-૦૦ |
| ૧૯ | દાઉદ ભકતના પસંદિત ગીતો આધારિત મનન | ૪૦-૦૦ |
| ૨૦ | પવિત્ર આત્મા વિષે સમજ | ૫૦-૦૦ |
| ૨૧ | નાઝરેથનો ઈસુ | ૧૫-૦૦ |
| ૨૨ | પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી | ૭૫-૦૦ |

**નવલિકા**

| | | |
|---|---|---|
| ૧ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૦-૦૦ |
| ૨ | સમૃધ્ધ ખ્રિસ્તી જીવન | ૩૦-૦૦ |
| ૩ | ચિરાયેલો પડદો | ૩૦-૦૦ |
| ૪ | સ્ત્રી રત્નો | ૨૦-૦૦ |
| ૫ | ક્વો-વાડીસ | ૩૦-૦૦ |
| ૬ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૭ | ધી-રોબ | ૩૫-૦૦ |
| ૮ | કલ્યાણી | ૧૦-૦૦ |
| ૯ | ટૈટસ | ૩૫-૦૦ |
| ૧૦ | માણસ એ કોણ છે | ૧૦-૦૦ |
| ૧૧ | અરમાન નાટય સંગ્રહ | ૪૦-૦૦ |
| ૧૨ | પડદાની પેલે પાર | ૪૦-૦૦ |
| ૧૩ | યાત્રાકારી ભાગ-૧ | ૨૦-૦૦ |
| ૧૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૧૫ | નિર્મળા | ૧૦-૦૦ |
| ૧૬ | યોનેકો | ૧૫-૦૦ |
| ૧૭ | યાત્રાકારી ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૮ | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯ | હૃદય પલટો વિશ્વપલટો | ૧૦-૦૦ |
| ૨૦ | જખમ અને જીવન | ૩૦-૦૦ |
| ૨૧ | શરણાગતિ | ૨૦-૦૦ |

**અન્ય**

| | | |
|---|---|---|
| ૧ | યુવાવસ્થા સોનાની ખાણ | ૧૫-૦૦ |
| ૨ | પરિશ્રમની કેડીએ ભાગ-૧ | ૧૫-૦૦ |
| ૩ | પરિશ્રમની કેડીએ ભાગ-૨ | ૧૫-૦૦ |
| ૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૫ | વેસ્લીયન પ્રણાલી મુજબનું ભક્તિયુક્ત જીવન | ૧૫-૦૦ |
| ૬ | સ્ત્રી-પુરૂષ સંબંધ | ૨૦-૦૦ |
| ૭ | પ્રભુ જીવન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય | ૧૦-૦૦ |
| ૮ | પરિવર્તન પામેલા પાત્રો | ૧૫-૦૦ |
| ૯ | ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીનો ૧૫૦ વર્ષનો ઈતિહાસ | ૩૦-૦૦ |
| ૧૦ | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |
| ૧૧ | સ્વર્ગ યાત્રા | ૨૦-૦૦ |
| ૧૨ | ઈશ્વરનો સાક્ષાત્કાર | ૨૦-૦૦ |
| ૧૩ | ખ્રિસ્તી કુટુંબ અને ઘર | ૨૦-૦૦ |
| ૧૪ | ઇશ્વર મારા ધંધાના માલિક છે | ૧૫-૦૦ |

**કોમેન્ટરી**

| | | |
|---|---|---|
| ૧ | કાળવૃતાંતનો સંદેશ | ૧૨૫-૦૦ |
| ૨ | પ્રેષિતોના કાર્ય ધ્વારા મળતો ઈશ્વરીય સંદેશ | ૮૦-૦૦ |
| ૩ | ફિલિપ્પીનો પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | ગિરિપ્રવચન | ૪૦-૦૦ |
| ૫ | કરંથિઓનો પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૬ | કરંથિઓનો બીજા પત્રનો સંદેશ | ૩૦-૦૦ |
| ૭ | ઉત્પત્તિનો સંદેશ ૧૨ થી ૫૦ | ૪૦-૦૦ |
| ૮ | હિબ્રૂઓના પત્રનો સંદેશ | ૫૦-૦૦ |
| ૯ | અયૂબ | ૬૦-૦૦ |
| ૧૦ | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૧ | ગીતોનું ગીત | ૬૦-૦૦ |
| ૧૩ | વૈદિક ખોજની પરિપૂર્ણતા ઇસુખ્રિસ્ત | ૨૫-૦૦ |
| ૧૪ | પિતરનો પહેલો પત્ર | ૧૨૫-૦૦ |

**અન્ય**

| | | |
|---|---|---|
| ૧ | દુ:ખ દ્વારા શિક્ષણ | ૧૦-૦૦ |
| ૨ | મને પ્રાર્થના કરતાં શીખવો | ૨૫-૦૦ |
| ૩ | પવિત્ર યુદ્ધ | ૧૦૦-૦૦ |
| ૪ | રશિયા ઇઝરાયેલ અને બાઇબલ | ૪૦-૦૦ |
| ૫ | ક્રોસ કથાના પાત્રો | ૨૦-૦૦ |
| ૬ | તમારા પ્રશ્નોના ઉત્તર | ૨૦-૦૦ |
| ૭ | સૂર-સંદેશ | ૨૦-૦૦ |
| ૮ | મિલેનિયમનો સ્વામી | ૨૫-૦૦ |
| ૯ | એસ્તર | ૨૦-૦૦ |
| ૧૦ | અનેક માની આસુંભરી પ્રાર્થનાના પરિણામ | ૩૦-૦૦ |
| ૧૧ | અંતરના અજવાળા | ૨૫-૦૦ |
| ૧૨ | ભલો ભરવાડ | ૨૦-૦૦ |

5BGR2

# લેખકનો પરિચય



શ્રી ગાયસ કે. પરમાર સાહેબનો જન્મ પાળક પરિવારમાં થયો હતો. તેથી જન્મની સાથે જ ધાર્મિક વાતાવરણ તેમને મળ્યુ હતું. સ્વભાવે શાંત એવા ગાયસ સાહેબનું જીવન સુરત વિભાગમાં, મુંબઈમાં, અમદાવાદમાં, અંકલેશ્વરમાં, વડોદરામાં, બોરસદ વગેરેમાં પસાર થયું હતું. તેઓનો અભ્યાસ સુરત, મુંબઈ વગેરેમાં મુખ્યત્વે થયો હતો.

૧૯૪૪-૪૫માં વિલ્સન કોલેજ મુંબઈમાંથી B.A.ની ડિગ્રી મેળવી હતી. ૧૯૪૬-૬૨માં અંકલેશ્વરની વોકેશનલ ટ્રેનિંગ કોલેજમાં ૧૬ વર્ષ નોકરી કરી હતી. તે દરમિયાન વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાંથી B.T. ની ડીગ્રી પ્રાપ્ત કરી હતી.

સેવાગામ વિશ્વ વિદ્યાલયમાંથી બેઈઝીક B.Ed.,નો સર્ટીફાઈડ કોર્ષ કર્યો હતો.

૧૯૬૩-૭૮ દરમિયાન બોરસદ ટ્રેનિંગ કોલેજમાં અધ્યાપક તેમજ પ્રિન્સિપાલ તરીકે ૧૬ વર્ષની સર્વિસ આપેલ હતી.

શ્રી ગાયસ કે. પરમાર સાહેબ બાઇબલના અભ્યાસી, મંડળી સાથેના જીવાળ સંબંધવાળા, પુસ્તકોના અભ્યાસી, સમાજની સાથે સતત ચાલનાર એવા પ્રભુના સેવકને માટે પ્રભુનો આભાર માનીએ છીએ. પ્રભુના સેવકનું હવે પછીનું જીવન તંદુરસ્તીભર્યું બની રહે એ જ શુભેચ્છા.

પ્રેમભાવથી,
રેવ. હેમંતકુમાર જે. પરમાર
(સેક્રેટરી)

Published and Distributed by:
**GUJARAT TRACT AND BOOK SOCIETY**
Sahitya Seva Sadan, Near Gujarat College,
Ellisbridge, Ahmedabad - 380006. INDIA
Phone : 26445281 E-mail : gtbs_1852@yahoo.co.in